શ્રી

લોહાણા જ્ઞાતિની ઉત્પત્તિ

અને

તેનો ઈતિહાસ.

We alone have succeeded in making a permanent caste, other nations tried but have not succeeded. (*Swami Vivekanand.*)

યોજક,

ઠક્કુર ઉદ્ધવજી તુલસીદાસ તન્ના.

'પાપ અને પશ્ચાતાપ' (બે ભાગ), 'કથા વિનોદ.'
'ચારૂ શીક્ષા,' વસન્ત કુમારી,' ઇત્યાદિના કર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બાપુભાઇ કહાનજી પરિખ.

અધિપતિ અને માલેક, "લુહાણા સમાચાર."
અમદાવાદ.

પ્રથમાવૃત્તિ ૨૦૦૦) (સંવત ૧૯૬૯
કિં. પાકી બાઇન્ડીંગ રૂા ૧।। કાચી બાઇન્ડીંગ રૂા. ।।

****
અમદાવાદમાં પાનકોરના નાકે આવેલા "ધી મનહર પ્રિન્ટીંગ
પ્રેસ"માં મોતીલાલ ગણપતરામે છાપ્યું.
****

લેખકની પ્રસ્તાવના.

લોહાણા જ્ઞાતિને આવા એક ઇતિહાસની આવશ્યકતા છે કે કેમ? વાસ્તવિક ઇતિહાસની શૃંખલા આ પુસ્તકમાં યથાર્થ સધાઇ છે કે કેમ? તેમજ ઇતિહાસ અને જનસ્વભાવનો કેટલો અને કેવો સંબંધ છે વિગેરે પ્રસ્તાવનાને અંગે મહત્વના પ્રશ્નનો સવિસ્તર વિચાર રાજેશ્રી દેવજીભાઇ ત્રિકમદાસના ઉપોદ્ઘાતમાં થયેલ હોવાથી અમારે ભાગે તો લેખક તરીકે સુચનાના બે શબ્દોજ લખવાનું પ્રાપ્ત થાય છે.

ઉપોદ્ઘાતમાં જણાવ્યા પ્રમાણે સાધનોનો મુખ્ય ભાગ ભાઇઓ હરજીવનદાસ તેમજ દેવજીભાઇ ત્રિકમદાસ એમના તરફથીજ થયો છે અને એ સાધનોની વ્યવસ્થા (યોજના)નું કામ અમારૂં છે. આ યોજના સર્વથા સફળ કિંવા સિધ્ધ છે એમ કહેવાનો ઉદ્દેશ નથી, તેમજ જ્યાં વિશેષતઃ આનુમાનિક તેમજ વિજાતિય પ્રમાણો પર આધાર રાખવાનો હોય ત્યાં શૃંખલા (વ્યવસ્થા) સર્વાંગમાં સબળ હોય એ ક્વચિદ્જ શક્ય હોઇ શકે. લોહાણા જ્ઞાતિના ઇતિહાસને માટે વિશેષ શોધખોળ અનાવશક્ય છે એમ પણ અમે કહેતા નથી. અમે તો એમ કહીએ છીએ કે એ ક્ષેત્રમાં અનેકવિધ પ્રયત્નોની આવશ્યકતા છે.

પ્રસ્તુત ગ્રન્થ માત્ર ઇતિહાસનો વિચાર છે. આપણી દરેકે દરેક અટક (નુખ) કેવા સંજોગોમાં યોજાઇ, તેના ઐતિહાસિક પ્રમાણો, આરસો કે પાંચસો વર્ષ પહેલાંના ચોપડા, ખતપત્રો, દસ્તાવેજો, અને એવાજ પ્રકારના કાગળીઆ, આપણા જ્ઞાતિ બન્ધુઓએ બંધાવ્યાં હોય એવાં મંદિરો, કુવા, તળાવ ઈત્યાદિ પરના શિલાલેખો કે તામ્રપત્રો, પ્રાચીન શિક્કાઓમાં આપણી પ્રજાના (જ્ઞાતિના) રાજ્યકર્ત્તાઓના શિક્કા, તેમજ વૈદિક ન હોય એવી લૌકિક રૂઢીઓ ઉત્પન્ન થવાના સંજોગો

વિગેરે સર્વ ઐતિહાસિક પ્રમાણો છે અને એ સંબંધમાં જેટલી શોધખોળ થાય તેટલા પ્રમાણમાં આપણી જ્ઞાતિના ઇતિહાસપર પ્રકાશ પડવા સંભવ છે. એ પ્રમાણો મેળવવામાં કાશ્મીર, પંજાબ, અફગાનિસ્તાન, ઇત્યાદિ પ્રદેશોમાં પ્રવાસ કરવાની અને આપણા સજાતિય બંધુઓના સહવાસમાં આવી તેમની રહેણીકરણીનો અભ્યાસ કરવાની જરૂર છે અને આટલું થઇ શકે તે માટે ધનની અને ઉદાર ધનવાનોના ઉત્તેજનની જરૂર છે. અમે આશા રાખીએ છીએ કે સમય આપણા જ્ઞાતિબંધુઓમાં એવા સંપૂર્ણ ઇતિહાસની જીજ્ઞાસા ઉત્પન્ન કરશે. અસ્તુ.

ઉપર જણાવ્યું છે તેમ આ ઇતિહાસમાં અનેક સ્થળે અસંપૂર્ણતા હોવાનો સંભવ છે; તેમજ અનેક પ્રસંગોમાં જ્યાં અનુમાનનો આશ્રય લેવામાં આવ્યો છે ત્યાં અન્યથા હોવાનો પણ સંભવ છે. તો અમારા વિદ્વાન બંધુઓને એજ વિનંતી છે કે તેમને જ્યાં જ્યાં દોષ જણાય અગર શૃંખલાની સાંકળ સહજ પણ તુટતી જણાય તો ખુલ્લા અંતઃકરણથી અમને જણાવવું એટલે ભવિષ્યમાં અમારી ભૂલ અમે ખુશીની સાથે સુધારી લઇશું.

રા. હરજીવનભાઇ તરફથી કેટલાક ઉપયોગી સાધનો પ્રાપ્ત થયા છે. રા. દેવજીભાઇ તરફથી સાધનો અને વખતો વખતની કિંમતી સલાહનો લાભ મળ્યો છે. લોહાણા જ્ઞાતિના ઈતિહાસને માટે એમણે જે ખંત અને ઉત્સાહ દર્શાવ્યા છે તેનેજ બહુધા આ પુસ્તક આભારી છે એમ અમારે પ્રમાણિકપણે કબુલ કરવું જોઇએ. એ સિવાય લીંબડીવાળા રા. ગણેશજી જેઠાભાઇએ પોતાનું "ક્ષત્રિય પ્રકાશ" નામનું કિંમતી પુસ્તક લાંબો વખત અમારી પાસે રહેવા દીધું હતું. તેમજ અંજારવાળા ડો. આત્મારામ કેશવજીએ "પૃથ્વીરાજ રાસા"ની મૂળ હિન્દી નકલ અમને મોકલી આપી હતી. સિન્ધ-હૈદ્રાબાદના

આમિલ જ્ઞાતિબંધુ મી. રાજુમલ ઇશરદાસે પોતાની પ્રકૃતિ અસ્વસ્થ છતાં અમારી સાથે કેટલોક પત્રવ્યવહાર કર્યો હતો. તે સિવાય પણ જે જે જ્ઞાતિ બંધુઓએ તેમજ અન્ય સજ્જનોએ અમને આ કાર્યમાં પરોક્ષ તેમજ અપરોક્ષ સહાયતા આપી છે, તેને માટે તે સર્વ મુરબ્બીઓનો અત્રે અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

"લોહાણા સમાચાર" ના તંત્રી રા. બાપુભાઇ કલ્યાણજી પરીખ એમણે કેવળ જ્ઞાતિહિતના વિચારથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું જે સાહસ કર્યું છે તેને માટે એમને પણ આ પ્રસંગે ધન્યવાદ આપીએ તો તે અપ્રાસાંગિક નહિ કહેવાય. અંતે જગત્નિયંતા પ્રત્યે અમારી એજ પ્રાર્થના છે કે આ ઇતિહાસ વાંચનારાઓમાં તેમની જ્ઞાતિની મહત્તા માટે અને તેના પ્રાચીન ગૌરવ માટે પૂજ્યભાવ ઉત્પન્ન કરો તથા લોહાણા જ્ઞાતિ વીરમાતા થાઓ!

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

કાંદાવાડી
ગણેશચતુર્થી
તા. ૪-૯-૧૩

ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કર.

ઉપોદ્‌ઘાત.

લોર્ડ મેકોલે "લોર્ડ ક્લાઇવ" સંબંધી નિબંધ લખતાં પોતાના દેશીઓને ઉપાલંભ આપે છે કેઃ—

"We have always thought it strange, that while the history of the Spanish Empire in America is familiarly known to all the nations of Europe, the great actions of our countrymen in the East should even among ourselves excite little interest. Every schoolboy knows who imprisoned Montezuma and who strangled Atahaulpa. But we doubt whether one in ten, even among English gentlemen of highly cultivated minds, can tell who won the battle of Buxar, who perpetrated the massacre of Patna, whether Suraj Dowla ruled in Oude or Travancore or whether Holkar was a Hindu or Mussalman.

અર્થાત્, અમને એ આશ્ચર્યકર લાગે છે કે જ્યારે અમેરિકામાં સ્પેન રાજ્યનો ઇતિહાસ યુરોપની સર્વે પ્રજાઓને સારી પેઠે પરિચિત છે, ત્યારે આપણા પોતાના દેશીજનોનાં પૂર્વમાં કરેલાં કૃત્યો જાણવા આપણને કાંઇ પણ જીજ્ઞાસા ઉત્પન્ન થતી નથી. મોન્ટીઝુમાને કારાગારમાં કોણે નાંખ્યો અને અટાહલ્પાની ગરદન કોણે દબાવી, તે દરેક વિદ્યાર્થી જાણે છે, પરંતુ જે અંગ્રેજોએ ઉત્તમ પ્રતિનું શિક્ષણ મેળવ્યું હશે તેઓમાંના દશમાંથી એક પણ બક્ષરના સંગ્રામમાં જય કોણે મેળવ્યો, પટણાની કતલ કોણે કરી, સુરાજદોલા અયોધ્યાનો નવાબ હતો કે

ટ્રાવન્કોરનો નવાબ હતો, હોલ્કર હિંદુ હતો કે મુસલમાન, તે કહી શકે એને માટે અમોને શંકા છે.

આ આક્ષેપ આપણા જ્ઞાતિજનોને અક્ષરસઃ લાગુ પાડી શકાય. ટ્રાન્સવાલના બોઅર આંગ્લ યુદ્ધના સમાચાર આપણે વર્તમાનપત્રોમાં આનંદથી વાંચતા, તેજ પ્રમાણે ચીન જાપાન વિગ્રહના વર્તમાન પણ આપણને એટલોજ આનંદ આપતા; રુસો જાપાની યુદ્ધ વિષે પણ આપણે સારૂં વાંચ્યું હશે, આપણો વિદ્યાર્થીવર્ગ ભારત દેશના પ્રાચીન ઇતિહાસ કરતાં ઈંગ્લાંડ દેશના ઇતિહાસથી વધુ પરિચિત હશે, પરંતુ આપણા પોતાના ઇતિહાસ સંબંધી કાંઈ પણ જાણવા આપણામાંથી કેટલા જીજ્ઞાસા ધરાવે છે? આપણે ક્ષત્રિય કે વૈસ્ય કે શુદ્ર, આપણે આર્ય કે અનાર્ય, આપણે રાઠોડ કે પરમાર કે સિસોદિયા રાજપૂત, વગેરે આપણનેજ લગતી શોધ કરવા કોઇ વખત આપણી પ્રવૃત્તિ થઇ છે? આપણા પૂર્વજોએ આ સંસારરૂપી નાટકમાં શો ભાગ ભજવ્યો છે તે જાણવાની કદી ઉત્કંઠા થઈ છે?

એક પ્રજાનું જીવન તે પ્રજાનો ઇતિહાસ છે. આ સંસારનાટકમાં ભૂતપૂર્વ પાત્રોએ પોતાનો ભાગ ભજવતાં જે ભૂલો કરી હોય અથવા તેઓએ પોતાનો અનુકરણીય ભાગ ભજવ્યો હોય, તેની યથાસ્થિત નોંધ આપણી સમક્ષ હાજર કરવી એ ઇતિહાસનું કાર્ય છે. આ સંસારનાટકમાં આપણે આપણો ભાગ કેમ ભજવવો તેનું શિક્ષણ ઇતિહાસદ્વારા પ્રાપ્ત કરી શકાય છે. History is philosophy teaching by example (Bollingbroke).

અર્થાત્ બોલિંગબ્રોક જણાવે છે તેમ ઇતિહાસ એક દર્શન–શાસ્ત્ર છે, જે દૃષ્ટાંતોથી આપણને શિક્ષણ આપે છે. તે આપણને મહાન્ પુરૂષોનો સત્સંગ કરાવે છે અને દુર્જનોનાં દુષ્કાર્યોનો તિરસ્કાર કરતાં શીખવે છે. જ્ઞાતિનો ઇતિહાસ આટલું કાર્ય બજાવવા ઉપરાંત આપણા પૂર્વજો

સાથે આપણો પરિચય કરાવી આપણને આપણું પોતાનું ભાન કરાવે છે.

આપણો આ આર્ય પ્રદેશ પુણ્યભૂમિ છે. તે સાહિત્ય અને તત્વ જ્ઞાનની જન્મભૂમિ છે. સંસારમાં તે આદર્શરૂપ છે. તેનાં સૌભાગ્ય અને દુર્ભાગ્ય અલૌકિકજ છે. અતિ પ્રાચીન કાળમાં જે વખતે આ પૃથ્વીપરની બીજી પ્રજાઓ જંગલીમાં જંગલી સ્થિતિ ભોગવતી હતી, ત્યારે ભરતખંડ આચારવિચારમાં સર્વોપરી હતો, વર્ણાશ્રમનું એક આશ્રમ સ્થાન હતો, સાહિત્યનો સાગર હતો, અને અનેક પારલૌકિક સાધનોનો તે રત્નાકર હતો. મનુભગવાન મનુસ્મૃતિમાં જણાવે છે કે,-

एतद् देशप्रसुतस्य सकाशादग्र जन्मनः
स्वंस्वंचरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥ २ ॥ २०॥

અર્થાત્, આ દેશના વિદ્વાનો પાસેથી પૃથ્વીપરના સર્વ મનુષ્યોએ પોતપોતાના કાર્યોની શિક્ષા લેવી. (મનુ૦ ૨, ૨૦.) બીજા શબ્દોમાં કહીએ તો આ ભારતવર્ષ પ્રાચીન કાળમાં સર્વે વિદ્યાઓનો ભંડાર હતો, અને પૃથ્વીપરના માણસો કળાકૌશલ્યાદિ વિદ્યોપાર્જન કરવા ભારતવર્ષમાં આવતા. આર્યદેશની ઉચ્ચતા સર્વ દેશીય અને દૃઢ અનુભવપર સ્થપાયેલી અને મુસલમાનોના, ઇરાનના યુનાનના અને પરદેશીઓના હુમલા સામે આર્યોની રક્ષા કરનાર આ આર્ય ઋષિઓની ઉચ્ચભાવના જ હતી.

પરંતુ સાંપ્રતકાળના પ્રાચીન શોધખોળ કરનારા યુરોપિયન વિદ્વાનો જ્યારે જુએ છે કે નવી દુનિયા અને જુની દુનિયાના બીજા ભાગોના ઘણા લાંબા કાળના ઈતિહાસો સપ્રમાણ મળી આવે છે, કિંતુ આ ભરતખંડનો સપ્રમાણ શૃંખલાબદ્ધ ઇતિહાસ મહાભારતના યુદ્ધથી મહાન્ સિકન્દરની ચઢાઇ સુધી અને ત્યારથી મહમદ ગીઝનીની ચઢાઇઓ સુધી મળવો દુર્લભ થઇ પડયો છે ત્યારે તેઓ

આશ્ચર્ય ચકિત બને છે. આ પ્રશ્નનો "રાજસ્થાનકાર" કર્નલ ટોડ પોતાના રાજસ્થાનની પ્રસ્તાવનામાં યથાર્થ ખુલાસો કરે છે. તે જણાવે છે કે આર્ય પ્રજા જેવી સર્વાંગમાં ઉન્નત પ્રજાનો ઇતિહાસ ન હોય અથવા તેના વિદ્વાનોને ઇતિહાસ લખવા તરફ અરૂચી હોય એ વાત એકાએક માની શકાય તેવી નથી. કલ્હણ પંડિત પોતાની રાજતરંગિણીમાં જણાવે છે કે એના પૂર્વે સુવ્રત, ક્ષેમેન્દ્ર, હેલારાજ, નીલમુનિ, પદ્મમિહિર, તથા શ્રીચ્છવિલાકરે ઐતિહાસિક પ્રબન્ધો રચ્યા હતા. પૃથુરાજ રાસાપરથી પણ મહમદ ગીઝનીની અને શહાબુદ્દીન ઘોરીની ભારતપર ચડાઇઓના કાળની વચ્ચે (ઇ. સ. ૧૦૦૦ થી ૧૧૯૩) ઘણા ઇતિહાસ પ્રબન્ધો લખાયા હતા એમ જણાય છે; આપણા દુર્ભાગ્યવશાત્ દૈવગત બનાવોમાં કરાળ કાળના ગારમાં આ સર્વે ઇતિહાસ પ્રબન્ધો સમાઇ ગયા છે. જો આપણે મહમદ ગીઝનીની ચઢાઇથી આરંભી તે પછીના કાળમાં ભારતવર્ષમાં થયેલાં પરિવર્તનો અને ઘટનાઓનો વિચાર કરીએ, અને મહમદના અનુયાયીઓમાંથી ઘણાઓની ધર્માંધતા અને તેમના શત્રુભાવપર લક્ષ આપીએ, તો આપણને આ દેશની ઐતિહાસિક ગ્રન્થોની ન્યુનતાનું કારણ જણાઇ જશે. ભારતવાસીઓએ પોતાની પ્રાચીન ભાષાથી તદ્દન અજ્ઞાત એવી વિજયી રાજાઓની આઠ શતકો સુધી પરાધીનતાની ધુસરી ભોગવી છે; આ અસભ્ય, ધર્માંધ, અને ક્રોધી વિજેતા શત્રુઓ તેમનાં દરેક રાજધાની શહેરોને ઘેરતા અને તેમની પાયમાલી કરી નાંખતા; તેમને એક ઠેકાણેથી બીજે ઠેકાણે નાશભાગ કરવી પડતી હતી; તેમની મોટી મોટી પુસ્તકશાળા અગ્નિને હવાલે કરતા. આવા અસહ્ય સંકટોના વખતમાં આપણા ઐતિહાસિક વૃત્તાંતો જળવાઇ રહે એ સંભવિત નહતું. કર્નલ ટોડ પોતાના રાજસ્થાનની પ્રસ્તાવનામાં વધુ જણાવે

છે કે મેં પોતે રાજવારના ઇતિહાસની આવી અપૂર્ણ સ્થિતિ માટે આક્ષેપ કર્યા હતા. તેના પ્રત્યુત્તરમાં મને જે ખુલાસો આપવામાં આવ્યો હતો તે યોગ્યજ હતો. મને જણાવવામાં આવ્યું કે, "જ્યારે અમારા રાજાઓ અને રાજકુમારોને તેમના રાજધાની શહેરોમાંથી નીકળી જવું પડતું હતું, તેઓ જ્યારે દેશવટો ભોગવતા હતા, અને એક સ્થળેથી બીજે સ્થળે નાશભાગ કરતા હતા, અને તેમને ડુંગરોની ગુફાઓમાં પડી રહેવું પડતું હતું અને ઘણી વખત જમવા માટે પીરસેલી થાળી પણ મૂકી દેવી પડતી હતી, તેવા વખતમાં સ્વપ્નમાં પણ ઐતિહાસિક વૃત્તાંતો લખવાનો વિચાર પણ આવે?

ભારતવર્ષમાં આ સર્વે ઉત્પાતની કાળી ઘટાથી ભારતના કીર્તિચંદ્રનો પ્રકાશજ આચ્છાદિત થઇ ગયો. હરિશ્ચંદ્ર, રામ, યુધિષ્ઠિર, કૃષ્ણાદિ મહાનુભાવોનો કીર્તિ પ્રકાશ અતિ ઉત્કટ હોવાથી અને જુદા જુદા કારણોને લીધે વંશપરંપરા તેઓની કથા જળવાઇ રહેવાથી ઘનપટલને વેધીને આટલા અંધારામાં પણ પ્રકાશી રહ્યો છે, તો પણ તે શૃંખલાબદ્ધ તો નહીજ.

આ ભારત દેશના શૃંખલાબદ્ધ પ્રાચીન ઇતિહાસની આ સ્થિતિ છે, છતાં પણ છૂટા છવાયાં જે સાધનો, જેવાં કે લોકમાન્યતા, દંતકથા, પુરાણોની કોઇક કથાઓ, રાજકુળોની વંશાવળીઓ, પ્રાચીન સિક્કાપરના લેખો, જુના ખંડિયેરો, મંદિરો, મઠો, કે વિહારપરના શિલાલેખો, ભારતના પ્રવાસ વૃત્તાંતો, વગેરે પ્રાપ્ત થઇ શક્યા છે, તેમની પ્રાચીન શોધખોળ કરનારાઓએ યુક્તિપુરઃસર સંકલના કરી પ્રાચીન ભારતના શૃંખલાબદ્ધ ઇતિહાસ લખવા માંડયા છે.

આપણી જ્ઞાતિ જો ઇતિહાસપ્રસિદ્ધ હોત તો જરૂર ઇતિહાસના શોધક સમર્થ વિદ્વાનોનું ધ્યાન આપણા તરફ ખેંચાયું હોત. પરંતુ આપણી જ્ઞાતિનો રાજ્યકાળ સાત કે આઠ શતક સુધીજ હશે એમ

ચચનામા વગેરે ગ્રંથપરથી જાણી શકાય છે, અને ત્યાર પછી આપણી જ્ઞાતિએ તરતજ વૈશ્યવૃત્તિનો અંગીકાર કર્યો હોય એમ જણાય છે. તેથી જેને પ્રમાણિક ઇતિહાસ માની શકાય તેવા ઇતિહાસમાં આપણા સમુહનું નામ કોઇક સ્થળેજ નજરે પડે છે, અને તે પણ ઇતિહાસની દૃષ્ટિએ બહુ ઉપયોગી નહિ. અલબત આપણા માટે તેટલું પણ બહુ ઉપયોગીછે.

ઇતિહાસ લખવાને માટે જે સાધનો આપણને લભ્ય છે તેમાં આપણી જ્ઞાતિના ઇતિહાસ માટે તો આપણી પાસે મુખ્ય બેજ સાધનો છે,—(૧) લોકમાન્યતા, (૨) ભાટોના ચોપડા. લોકમાન્યતા કદાચિત એક વખત સત્ય પણ હશે તથાપિ આપણા પૂર્વજોની સંકુચિત દૃષ્ટિએ અને સ્વાભિમાને તેમાં એટલી બધી અસત્યતા ઉમેરી દીધી છે કે તેમાંથી સત્ય શોધવાનું કામ મુશ્કેલ થઇ પડયું છે. રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે એમની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની ઉત્પત્તિ સંબંધમાં એક લેખ બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક નામના જ્ઞાતિપત્રમાં લખ્યો છે, ને તેમાં પોતે જણાવે છે કે તેમના વડીલ એ જ્ઞાતિની ઉત્પત્તિ સંબંધમાં વાત કહેતા, પણ આ વાત પોતાને વાર્તા જેવી લાગતી, અને બીજી વાર એમના એ વડીલને જ્યારે એજ વાત પૂછતા ત્યારે તેમાં કાંઇ ઉમેરો થતો.+ આમ ઉમેરો થવો એ જનસ્વભાવ છે, અને એ સ્વભાવથી આપણી લોકમાન્યતા પણ મુક્ત નથી, અર્થાત ઘણા કાળ પૂર્વની આપણી લોકમાન્યતામાં ઉમેરો થતાં થતાં તેમાં આજે કેટલુંક અસત્ય તત્વનું મિશ્રણ થઇ ગયું હશે અને તે મિશ્રણ તારવી કાઢવું એ બહુ મુશ્કેલ છે. આ કારણથી લોકમાન્યતાને પ્રમાણ માની તે ઉપરથી આપણી જ્ઞાતિનો ઇતિહાસ લખવો એ જોખમનું કામ છે.

હવે બીજું સાધન જે ભાટોના ચોપડા તે પણ જેમ વિશ્વસનીય આપણને મળતા નથી, તેમ તેઓ આપણને ત્રણસોથી ચારસો વરસથી

+ જુઓ બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિકપત્ર વર્ષ ૫, અંક ૧ પાનું ૩૧.

આગળ લઈ જતા નથી. તેમના ચોપડા આપણા પૂર્વજ સિંધમાં હતા એટલુંજ બતાવી શકે છે. અલબત આ વાતની ના પાડી શકાતી નથી કે ભાટોએ આપણી ઉત્પતિની સાંકળ બ્રહ્મા ઇક્ષ્વાકુ અને મનુ સુધી જોડી દીધી છે, પરંતુ તે માત્ર એક કલ્પનાજ છે. આજનો જમાનો આ વાતનો સ્વીકાર કરી શકે તેમ નથી. આ વાત ખરી છે કે History is a distillation of remour, § અર્થાત્ સપ્રમાણ ઇતિહાસ દંતકથામાંથીજ તારવી કઢાય છે. તેમ કરવા માટે આપણી માન્યતાઓ અને દંતકથાઓને લભ્ય સમકાલીન ઇતિહાસની કસોટી પર ચડાવવી જોઇએ. આપણને જે ઇતિહાસો, ભારતમાં આવેલા પ્રવાસીઓના પ્રવાસવૃત્તાંતો વિગેરે મળે એવાં હોય તેમાંથી, તેમજ શોધખોળ કરનારાઓ તરફથી જ્ઞાતિઓની ઉત્પત્તિ સંબંધી જે પુસ્તકો લખાયાં હોય તેમાંથી આપણને લગતી હકીકતોનો સંગ્રહ કરી તે સંગ્રહને યુક્તિપુરઃસર ગોઠવી તેને શૃંખલા બનાવવી જોઇએ. આ શૃંખલા તેજ આપણી જ્ઞાતિનો ઇતિહાસ. હવે અત્રે પ્રસ્તુત ઇતિહાસલખવાનું, ત્હેને માટે સાધનો મેળવવાનું, કામ કેવા સંજોગોમાં થયું ત્હેનો પણ સંક્ષિપ્ત ઉલ્લેખ કરવામાં આવે તો તે અપ્રાસાંગિક નહિ થાય.

ઈ. સ. ૧૯૦૫ ના જુલાઇ કે આગષ્ટ માસમાં આપણા જ્ઞાતિબંધુ ભરૂચ નિવાસી રા. હરજીવન જગજીવન વર્મા સાથે મારી મિત્રતા થઇ. "મકીરેવા લુહાણા જ્ઞાતિ હિતવર્ધક સભા"ના તેઓ તે વખતે મંત્રી હતા, અને હજી સુધી તેઓ તે પદપરજ છે. આ સભા તરફથી આપણી જ્ઞાતિના ઇતિહાસની શોધખોળ કરવા માટે નિમેલ ઉપમંડળીના તેમને મંત્રી નિમવામાં આવ્યા હતા. રા. હરજીવનભાઇએ તે વખતે જુદા જુદા ઐતિહાસિક ગ્રન્થો અને આપણી રાજકર્તા કોમ તરફથી જે "Antiquarian Researches"

§ કાર્લાઇલ, ફ્રેંચ રેવોલ્યુશન ભાગ ૧, પુસ્તક ૭, પ્રકરણ ૫.

અર્થાત્ આ દેશ સંબંધી જે પ્રાચીન શોધખોળ કરવામાં આવેલ છે, અને તેના જે ગ્રન્થો રચાયા છે તેમાંથી પોતાની નોંધ પોથીમાં સારો જેવા ઉતારાઓનો સંગ્રહ કર્યો હતો. આ વિષય પર પ્રકાશ પાડી શકે એવા ગૃહસ્થોને તે ભાઇ મળતા હતા, અથવા તેમની સાથે પત્રવ્યવહાર કરતા હતા. તે ભાઇનો મારી સાથેનો પ્રથમ મેળાપ આ વિષય પરત્વેજ હતો. મારા પ્રથમ મેળાપની વખતે મેં તેમની પાસે મારી આ વિષયમાં તદ્દન અજ્ઞાનતા દર્શાવી, પરંતુ તે વખતથી મને આ વિષયનો સારો શોખ લાગ્યો, અને હું પોતે પણ ભાઇ હરજીવનની માફક જુદા જુદા ગ્રન્થોમાંથી નોંધો કરવા લાગ્યો. આપણી જ્ઞાતિના મૂળ સંબંધે અમુક ગ્રન્થમાં લખાણ છે એવી કાંઇ પણ ખબર મને મળતી કે તરત તે ગ્રન્થ મેળવવા હું તજવીજ કરતો, અને જ્યાંથી જ્યાંથી મને જેટલી જેટલી શોધ હાથ આવી તેનો સર્વે સંગ્રહ મેં મારી નોંધપોથીમાં કર્યો. મારો આ પ્રયાસ ચાલુ હતો તે વખતમાં "લુહાણા સમાચાર"ના તંત્રીએ "આપણી જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો ઇતિહાસ" પોતાના ગ્રાહકોને ભેટ આપવાની જાહેર ખબર આપવાની શરૂઆત કરી, અને મારી પાસે જે સંગ્રહ હોય તે પોતાને આપી દેવા મને લખ્યું. મારા સંગ્રહનો આવો ઇષ્ટ સદુપયોગ થવાનો અને મારા શ્રમની સાર્થકતા થવાનો પ્રસંગ આવ્યો જાણી મને હર્ષ થયો અને આનંદના આવશમાં મારો સર્વ સંગ્રહ "લુહાણા સમાચાર" ના અધિપતિને એકદમ મોકલી આપ્યો. સને ૧૯૧૨ ના એપ્રીલ માસમાં પ્રથમ આર્યપરિષદમાં અમદાવાદ જવાનું થતાં ત્યાં "લુહાણા સમાચાર" ના તંત્રીને હું મળ્યો, અને મારી ભલામણથી આપણી જ્ઞાતિનો ઇતિહાસ અને તેની ઉત્પત્તિ લખવાનું કામ રા. ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કરને સોંપાયું. "લુહાણા સમાચાર"ના તંત્રી જ્યારે મુંબઇ આવ્યા ત્યારે રા. હરજીવન

જગજીવન વર્માએ પોતાની નોંધ પોથીઓનો સંગ્રહ પણ રા. ઉદ્ધ-વજીભાઇને હસ્તગત કર્યો. રા. હરજીવનભાઇ તેમજ મારા તરફથી થયેલા સંગ્રહ ઉપરાંત પણ વધુ શોધખોળ કરી વિશેષ પ્રમાણો મે-ળવવાની સંપૂર્ણ આવશ્યકતા હતી, અને તે કામ રા. ઉધ્ધવજીને સોંપવામાં આવ્યું હતું. તેમાં પણ મેં મારાથી બને તેટલા લભ્ય સાધનો એકત્ર કરી આપવા, અને તેમને તેમના કાર્યમાં મારાથી બનતી સહાય્ય આપવા મેં માથે લીધું.

આ પુસ્તક લખવાને માટે રા. રા. ઉદ્ધવજી તુલસીદાસ સંપુર્ણ રીતે યોગ્યજ હતા. લેંગ્લોઇસ અને સીનોબોસ પોતાના "ઐતિહાસિક અભ્યાસ" સંજ્ઞક પુસ્તકના બેરીકૃત અંગ્રેજી ભાષાંતરના ૪૩-૪૪ પાનામાં જણાવે છે કે:-

He further recommends the reading of novels; they will teach the method of giving an artistic pose to persons and events, of distributing details, of skilfully carrying on the thread of the narrative, of interrupting it, of resuming it, of sustaining the attention and provoking the curiosity of the reader.

એક બુદ્ધિશાળી દુનો ઇતિહાસકળાનું જ્ઞાન સંપાદન કરવા માટે ત્રણ વિષયોનું જ્ઞાન આવશ્યક માને છેઃ સાહિત્ય, તત્ત્વજ્ઞાન, અને ઐતિહાસિક જ્ઞાન. આમાં સાહિત્યજ્ઞાન સંબંધી તે બહુ વિસ્તારથી વર્ણન કરે છે. એ જણાવે છે કે ઇતિહાસ લખનારે પહેલાં વીરરસ કાવ્યનો સારો અભ્યાસ કરવો જોઇએ અને ત્યાર પછી નવલકથા અથવા કાદમ્બરીઓનો અભ્યાસ કરવાની ભલામણ કરે છે. તે જણાવે છે કે "કાદમ્બરીનો અભ્યાસ, પાત્રો અને કાર્યોની સંકલના ખુબીથી

કરતાં, કથાના વસ્તુના વિભાગો કરતાં, વર્ણન કરવામાં અત્રોટક વર્ણન લંબાવવાની, અધવચમાં અટકી પડવાની, ફરી આરંભ કરવાની અને વાંચનારનું લક્ષ તેમાં ચોંટયુંજ રહે અને જીજ્ઞાસા વૃદ્ધિ પામતી જાય એ વગેરે ખુબીઓ તે શીખવે છે." રા. ઉદ્ધવજીએ નવલકથાઓ અને કાદમ્બરીનો અભ્યાસ કર્યો છે, એટલુંજ નહિ પરંતુ લોકોમાં પ્રતિષ્ઠા પામેલી ઘણી નવલકથાઓના તેઓ લેખક છે. થોડાજ વખતપર બહાર પડેલી "લુહાણા સમાચાર" માં "બાપ કમાઇની બલીહારી," બે ભાગમાં "પાપ અને પશ્ચાતાપ," "વસંત કુમારી," વિગેરે વિગેરે એમનીજ કૃતિ છે.

આવું એક ઉપયોગી પુસ્તક ભેટ આપવાનો "લુહાણા સમાચાર" ના અધિપતિએ નિશ્ચય કર્યો છે તે માટે તેમને સહસ્ત્ર ધન્યવાદ છે. "લુહાણા સમાચાર"ની આર્થિક સ્થિતિ કાંઇ એટલી બધી સારી પણ નથી, અને હું જો ભુલતો ન હોઉં તો તે ખોટમાંજ હશે, છતાં પણ સાહસ કરી, બહુ પૈસાનો વ્યય કરી, આપણી જ્ઞાતિની તેઓએ જે કિંમતી સેવા બજાવી છે, તે માટે આપણી જ્ઞાતિ તેઓની સદાને માટે ઋણી રહેશે.

છેવટે જગન્નિયંતા પરમાત્મા આપણી જ્ઞાતિને યશસ્વી અને રત્નગર્ભા કરે, કર્તવ્યભાન દરેક અંગમાં જાગૃત થાય, અને તે દ્વારા અનેક કીર્તિવંત કાર્યો કરવાને ભાગ્યશાળી થાય એજ પ્રાર્થનાથી આ ઉપોદ્ઘાત સમાપ્ત કરૂં છું.

પ્રીન્સેસ સ્ટ્રીટ, પીરભાઈ
બિલ્ડીંગ નં. ૨—મુંબઇ.
સંવત ૧૯૬૯ ભાદ્રપદની
ગણેશ ચતુર્થી.

દેવજી ત્રીકમદાસ ઠક્કર.
બી. એ., એલ એલ. બી.,
વકીલ, હાઇકોર્ટ.

અનુક્રમણિકા.

॥ ॐ श्री हरि ॥

લોહાણા જ્ઞાતિની ઉત્પત્તિ
અને
તેનો ઇતિહાસ.

પ્રકરણ ૧ લું.

જ્ઞાતિ—એ સંસ્થાનો ઉદ્ભવ, ત્હેનું પ્રગતિક્રમ અને લોહાણા જ્ઞાતિનું સ્થાન.

જે જ્ઞાતિ બંધારણ અને વ્યવસ્થા આપણું લક્ષ ખેંચી રહ્યાં છે, જે અનેક રાફડાઓ, અનેક બંધન સ્થાનો રચી આજના સુધારકો અને વિચારકોના અનેકવિધ પ્રયત્નો થતા છતાં અડગ—અડગ નહિ તો પ્રસંગે પણ અડગ દેખાય છે તે રાફડાઓ જ્ઞાતિઓનો ઉદ્ભવ અને સાંપ્રત ત્હેમની સ્થિતિનો વિચાર ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વનો છે, અને લોહાણા જ્ઞાતિની ઐતિહાસિક સ્થિતિનો વિચાર કરીએ તે પહેલાં જ્ઞાતિ એ સંસ્થાનું મૂળ શું છે, કેવા સંજોગોમાં તેનો ઉદ્ભવ થયો છે એ વિચાર આવશ્યકીય તેમજ પ્રાસાંગિક છે.

હિન્દુસ્તાનના ઇતિહાસના ત્રણ મહાયુગો મનાય છે, અને જ્ઞાતિના ઇતિહાસમાં પણ એ ત્રણ મહાયુગોનો વિચાર કરવાનું પ્રાપ્ત

થશે. (૧). વેદકાળ તેને આપણી પરિભાષામાં વર્ણવ્યવસ્થયુગ કહીશું. ઈ. સ. પૂ. ૬૦૦ સુધી. (૨). બુદ્ધકાળ જેને આપણે અ-વ્યવસ્થાનો યુગ કહીશું. ઈ. સ. ૮૦૦ સુધી. (૩). પરતંત્રતા અને પૌરાણિક કિંવા મુસલમાની કાળ, જેને આપણે અજ્ઞાનતાનો યુગ માનીશું.

(૧) વેદકાળ કિંવા વર્ણવ્યવસ્થા યુગ.

વર્ણ એટલે રંગ અને કાળા અનાર્યો તથા ગોરા આર્યોમાં ભેદ દર્શાવવા વર્ણ શબ્દ જાતિવાચક થયો હોય એમ જણાય છે. વર્ણવ્યવસ્થા અનાદિ છે કે કેમ ? આર્યો હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે એ જાતિવ્યવસ્થા હતી કે કેમ ? એ પ્રશ્નો વિવાદગ્રસ્ત છે, યદ્યપિ સંસ્કાર અને બુદ્ધિબળ અનુસાર જાતિઓ ચારજ હોવી ઘટે છે, અને તે ઘણાજ પ્રાચીન કાળમાં હશે તેમજ હમણા જે પ્રજાઓમાં કોઈ પણ વર્ણ નથી તેમાં પણ કર્માનુસાર એ ચાર જાતિઓ છે, તથાપિ અમુક કર્મ કરે, અમુક સંસ્કારોથી સંસ્કૃત હોય તે અમુક જાતિમાં ગણાય એ વ્યવસ્થા–કર્મ અને સંસ્કારનું રક્ષણ કરવાની વ્યવસ્થાનો તો પ્રારંભ હશે એમજ ધારી શકાય છે, અન્યથા હોત તો **ब्राह्मणोऽस्य मुखमासीत्** ઇત્યાદિ કથા–જાતિઓની ઉત્પત્તિની કથાને અવકાશ ન મળત.

કર્માનુસાર જાતિવ્યવસ્થા કરવાની અને તે દ્વારા રજ અને વીર્યને સુરક્ષિત રાખવા જેટલી સૂક્ષ્મ બુદ્ધિ જે પ્રજાએ પ્રાપ્ત કરી હોય તે પ્રજાની મહત્તાને માટે બે મત હોયજ નહિ, તેમજ જે કાળમાં એક વ્યક્તિનાં કર્મોનું નિરીક્ષણ થતું હોય અને તદનુસાર સમાજમાં તેને ઉન્નત કિંવા અવનત સ્થાન મળતું હોય તે કાળની સંસ્કૃતિ, પ્રમાણિકતા અને ન્યાયબુદ્ધિનો આ કૃત્રિમતાના જમાનામાં આપણને ખ્યાલ આવી શકે તેમ નથી. અનાર્ય શુદ્રોને પણ ઋષિઓના અધિ-

કાર પ્રાપ્ત થવાનાં દૃષ્ટાંતો ઇતિહાસમાં મળે છે. વાલ્મિક અને વિશ્વામિત્રનાં ચરિત્રો સુપ્રસિદ્ધ છે. છાંદોગ્ય ઉપનિષદ્માં સત્યકામ જાબાલની કથા છે જે દાસીપુત્ર હતો. ઐતરેય બ્રાહ્મણમાં કવળ નામનો શુદ્ર બ્રાહ્મણ થયાનું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. જ્યારે શુદ્રો પણ બ્રાહ્મણનો અધિકાર પ્રાપ્ત કરી શકતા હતા ત્યારે વૈશ્યો અને ક્ષત્રિઓ માટે તો પ્રશ્નજ ક્યાં રહે છે? આવાં દૃષ્ટાંતો સિવાય પ્રાચીન ગ્રંથોમાં કર્મ અને સંસ્કાર અનુસાર જાતિ હોવાનાં પ્રમાણો પણ જોઇએ તેટલાં મળે છે.

न जात्या ब्राह्मणश्च न क्षत्रयो वैश्य एव च ।
न शुद्रो न च वै म्लेच्छो भेदिता गुण कर्मभिः ॥

જન્મથી કોઈ (માણસ) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર કે મ્લેચ્છ થઈ શકતો નથી. સઘળાના વર્ગ તેમના ગુણ કર્મથી પડેલા છે.

(નીતિ.)

शुद्रो ब्राह्मणतामेति ब्राह्मग श्चैति शुद्रताम् ।

શુદ્ર બ્રાહ્મણ થઈ શકે અને બ્રાહ્મણ શુદ્ર થઈ શકે છે.

(મનુ. ૧૦–૬૫)

न जातिर्द्दश्यति राजन् गुणाः कल्याणकारकः ।
जीवितं यस्य धर्मार्थे परार्थे यस्य जीवितम् ।
अहोरात्रं चरेत्कान्तं तं देवा ब्राह्मणं विदुः ॥

" હે રાજા ! જન્મનો ભેદ કોઈ જગ્યાયે જોવાનો નથી. સદ્ગુણ અને સત્કર્મથી આબાદી થાય છે. જે માણસ ધાર્મિક અને ભક્તિભાવથી જીંદગી ગુજારે છે, રાત અને દિવસ આનંદદાયક કર્મો

ફરે છે, જે બીજાના સારાં માટે જીવે છે ત્હેને વિદ્વાન માણસો બ્રાહ્મણ કહે છે. ” (મહાભારત.)

પ્રાચીન શાસ્ત્રોમાં સ્થળે સ્થળે આ પ્રકારનાં વચનો મળી આવે છે. ત્રણે દ્વિજ વર્ણોમાં ભોજનવ્યવહાર તેમજ યથાક્રમ કન્યાવ્યવહાર પણ થતો, પરદેશગમનની સર્વથા છુટ હતી, એટલુંજ નહિ પણ પરદેશના લોકોમાંથી કન્યા લાવવામાં પણ લજ્જાનું કે હીણપતનું કારણ રહેતું નહિ. મહાભારતમાં જૂદા જૂદા પ્રસંગો ઉપરથી આર્યોને વિદેશ અને વિદેશીઓનું સારૂં જ્ઞાન હતું એમ સ્પષ્ટ સમજાઈ આવે છે. ભીમનું પાતાળ જવું તથા નાગકન્યા સાથેનું લગ્ન, પાંડવો અને રાક્ષસોની યુદ્ધકથાઓ એ સર્વ ઉપરોક્ત કથનના પૂરાવારૂપ છે. એકજ કુટુંબનાં મનુષ્યો જૂદો જૂદો વ્યવહાર કરી શકતા, જૂદા જૂદા ઉદ્યોગ કરતા અને એ ત્હેમના દરજ્જા પ્રમાણે સમાજમાં ત્હેમને માન મળતું તથા ન્યાયાલયમાં પણ એજ ક્રમાનુસાર ત્હેમને ન્યાય મળતો હતો.

कारुरहं ततोभिष गुल प्रक्षिणी नना ।

ભાવાર્થઃ—મારી માતા અન્ન દળે છે, પિતા વૈદ્ય છે અને હું કવિ છું. (ૠગ્વેદ, ૯–૧૧૨–૩.)

સંક્ષિપ્તમાં કહીયે તો આ આર્યોના ઉદય સમયમાં–જીવનના સમયમાં ત્હેમની ખરી ઉન્નતિના સમયમાં જ્ઞાતિ જેવી સંસ્થા નહોતી.

न विशेषोऽस्ति वर्णानां सर्व ब्रह्ममिदं जगत् ।
ब्रह्मणा पूर्व सृष्टं हि कर्मणा वर्णतां गतम् ॥

ભાવાર્થ—વર્ણોમાં કાંઈ ભેદ નથી. સઘળા મનુષ્યોને ઈશ્વરે પેદા કર્યા છે. ઈશ્વરે પેદા કર્યા પછી ત્હેમનાં જૂદાં જૂદાં કર્મો પ્રમાણે ત્હેમના જૂદા જૂદા વર્ણ બંધાયા.

(મહાભારત, શાન્તિપર્વ, અ. ૧૭૮–૧૦.)

જ્ઞાતિ ઉદ્‍ભવનું મુળ.

પાશ્ચિમના અન્યદેશીય ઇતિહાસના અભ્યાસી સમર્થ પંડિતો પણ માને છે કે હિન્દુસ્તાનના મૂળ અનાર્ય વતનીઓને જીતનારા આર્યો સંસ્કારી, ચપળ બુદ્ધિવાળા, શરીરે ઉંચા અને કદાવર તેમજ સુંદર હતા. ત્હેમની સંસ્કૃતિ (civilization) આધ્યાત્મિક નિયમોપર યોજાયેલી હતી, જ્યારે ત્હેમની સ્હામે થનારા અનાર્યો જંગલી, અસંસ્કારી, લૂંટ અને ચોરીપર ગુજરાન ચલાવનારા હતા. આવા અસંસ્કારી જીવાત્માઓની સાથે સામાજિક સંસર્ગમાં આવતાં આર્યોને ઘૃણા થાય એ અસ્વાભાવિક નથી અને આવી સ્વાભાવિકતામાંથીજ જ્ઞાતિબંધનનો ઉદ્‍ભવ થયો હોય એમ વિદ્વાનોનું માનવું છે. વેદમાં જે દસ્યુ કે દાસજાતિનું વર્ણન છે તે એજ જીતાયલી જાતિ હતી. આર્યો એમના સંસર્ગમાં આવતા નહોતા. એ દાસજાતિમાંથી આર્ય સંસ્કૃતિનો સ્વીકાર કરવાને જીજ્ઞાસુ હોય તેવાઓનો શુદ્ર તરીકે સ્વીકાર થતો અને આપણે ઉપર કહી ગયા છીએ કે શુદ્રોને આર્ય રૂષિઓ થવા પર્યન્તનો અધિકાર કર્માનુસાર મળી શકતો. આટલા પ્રમાણમાં જ્ઞાતિ કે વર્ણનું બંધારણ બંધનરૂપ હતું. આટલા બંધનમાંથી વિશેષ જ્ઞાતિઓનાં ઉદ્‍ભવનાં કારણો મળ્યાં છે.

(क)- આર્યો પ્રાણથી પણ ધર્મને અધિક માનતા હતા. ધર્મભ્રષ્ટ માણસના સંસર્ગથી સમાજને હાનિ થતી જોતા હતા અને તેવાઓને વ્રાત્ય કિંવા પતિત કહેતા હતા. વખત જતાં આ પતિતો તરફની પ્રમાદબુદ્ધિ દ્રઢતર થતી હતી અને પતિતોની જૂદી જૂદી જ્ઞાતિઓ રચાતી હતી.

(ख). લગ્નમાં પણ વિશેષ છુટ હતી. પ્રેમ અને સાંસારિક દરજ્જા અનુસાર ઉત્પત્તિની યોજના થતી, તથાપિ એ પ્રીતિ ઉચ્છૃંખલતાનું રૂપ ધારણ કરતાં તેમાંથી પણ અનિષ્ટ પરિણામો આવવ-

થી અનુલોમ પ્રતિલોમ લગ્નપ્રણાલિ પ્રવૃત્ત થઇ હતી અને તેમાંથી પણ નવીન જ્ઞાતિઓનો ઉદ્ભવ થયો છે.

आषोडशाद्ब्राह्मणस्य सावित्री नाति वर्तते ।
आद्वाविंशात्क्षत्रबन्धोराचतुर्विंशतेर्विशः ॥

ભાવાર્થ—સોળ વર્ષની ઉમ્મર પર્યન્ત બ્રાહ્મણ, બાવીશ વર્ષની ઉમ્મર સુધી ક્ષત્રિય અને ચોવીશ વર્ષની ઉમ્મર સુધી વૈશ્યકુમારને માટે સાવિત્રીધારણ અર્થાત વેદારંભ સંસ્કારનો સમય લંબાવી શકાશે. તેટલા સુધી પણ અધર્મ અને અનાચારને વશ થઈ જે ધર્માભ્યાસમાં પ્રમાદ સેવતા હેમને વ્રાત્યત્વ પ્રાપ્ત થતું. (મનુ, ૨–૩૮.)

नैतैर पूतैर्विधि वदा पद्यपि हिकर्हिंचित् ।
ब्राह्मान्यौनंश्च सबन्धानाचरे द्ब्राह्मणः सट ॥

આવા પવિત્રતા રહિત વ્રાત્યોની સાથે (શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત ન કરે ત્યાંસુધી) આપત્તિ કાળમાં પણ બ્રાહ્મણાદિવર્ણના લોકોએ વિદ્યા કિંવા વિવાહ સંબંધ કરવો નહિ. (મનુ. ૨–૪૦.)

આ વ્રાત્યોમાંથી ઉત્પન્ન થયેલી કેટલીક જાતિયોનાં નામ પણ મનુ સ્મૃતિમાં આપેલાં છે.

व्रात्यात्तु जायते विप्रात्पापात्मा भूर्ज कंटकः ।
आवन्त्य वाटधानौ च पुष्पधः शैख एव च ॥ १०–२१
झल्लो मल्लश्च राजन्याद् व्रात्यान्निच्छविरेव च ।
नटश्च करणेश्चैव खसो द्रविड एवच ॥ १०–२२
वैश्या तु जायते व्रात्यात्सुधन्वाचार्य एव च ।
कारुपश्च विजन्मा च मैत्रः सात्वत एव च ॥ १०–२३

બ્રાહ્મણ કુલોત્પન્ન વ્રાત્યોથી દૂષિત સંતતિ થાય છે. ત્હેમની સંજ્ઞા ભૂર્જ, કંટક, આવાન્ત્ય, વાટધાન, પુષ્પધ શૈખ છે. ક્ષત્રિય કુલોત્પન્ન વ્રાત્યોની સંતતિની સંજ્ઞા જલ્લ, મલ્લ, નિચ્છાવિ, નટ, કરણ, ખસ, દ્રવિડ છે. વૈશ્ય કુલોત્પન્ન વ્રાત્યોની સંતતિ સુધન્વા, ચાર્ય, કારૂષ, વિજન્મા, મૈત્ર, સાત્વત છે.

આવા વ્રાત્યો હમ્મેશને માટે પતિતજ રહેતા કિંવા જેમ હમણાના શુદ્રોને માટે ઉન્નતિનો માર્ગજ બંધ છે તેમ થતું એમ નથી. પતિતોને ઉન્નતિ કરવાનો દરેક અવકાશ મળતો. અનેક શાસ્ત્રોમાં ત્હેમના પ્રાયશ્ચિતનો વિધિ દર્શાવવામાં આવ્યો છે. અને પિતા કિંવા પિતામહ વ્રાત્ય હોય તોપણ, એ ત્રણ પ્હેડી પછી પણ, પૌત્રની ઇચ્છા થતાં અમુક સંસ્કારો અને ક્રિયાઓ અને વેદાધ્યયનથી તે પવિત્ર દ્વિજ પદ્વીને પ્રાપ્ત કરી શકતો હતો. આને માટે અનેક પ્રમાણો આપી શકાય તેમ છે, અને સંસ્કૃતમાં **श्री व्रात्य धर्म मीमांसा** નામનો એક ખાસ ગ્રંથ પણ છે. આ ઉપરથી એ સમયમાં ભોજન વ્યવહાર કેવો સરળ હશે એ પણ સહજ સમજી શકાય છે.

વિદેશની લડાયક જાતિઓની પણ ક્ષત્રિઓ તરીકે ગણના થતી. માત્ર વેદાધ્યયન સંસ્કાર રહિત હોવાથી ત્હેમને વ્રાત્ય ગણવામાં આવતા.

शनकैस्तु क्रियालोपादिमाः क्षत्रिय जातयः ।
वृषलत्वं गतालोके ब्राह्मणा दर्शनेन च ॥
पौण्ड्काश्चौड्र द्रविडाः काम्बोजा यवनाः शकाः ।
पारदा पहलवाश्चीनाः कीराता दरदाः खशाः ॥

मनु. १०, ४३, ४४.

પુંડ્ર, ઔંડ્ર, દ્રવિડ, કમ્બોજ, યવન, શક, પારદ, પહ્લવ, ચીન કિરાત, દરદ અને ખસ દેશના ક્ષત્રિઓ ધીરે ધીરે ધર્મની ક્રિયાઓ ત્યજી દેવાથી તથા શાસ્ત્રોનો ઉપદેશ કરનારા બ્રાહ્મણોનો સમાગમ નહિ થવાથી વૃષલપણા (મ્લેચ્છપણા) ને પામ્યા હતા.

અનુલોમ પ્રતિલોમ લગ્ન.

એ જ્ઞાતિ ઉદ્‌ભવનું બીજું કારણ છે. મનુ. ૩–૧૨ પ્રમાણે દરેક વર્ણ પોતાનાજ વર્ણની કન્યા લે અર્થાત લગ્નસંબંધ જાતિઓમાંજ જળવાઈ રહે એ ઉત્તમ મનાતું હતું, તથાપિ પ્રસંગે ઉચ્ચ વર્ણનો પુરૂષ નીચ વર્ણની કન્યા લે તો તેમાં અધમના મનાતી નહોતી. (૩–૧૩.) આવાં પ્રકારનાં લગ્નો અનુલોમ લગ્નો કહેવાતાં. (મનુ. ૧૦–૫.) હલકી વર્ણનો પુરૂષ પોતાનાથી ઉચ્ચ વર્ણની કન્યા પરણે તો એ પ્રતિલોમ લગ્ન કહેવાતાં. (મનુ. ૧૦–૧૩.) ક્ષેત્રનું રક્ષણ આવસ્યકીય તેમજ ધર્મ્ય મનાતું અને પ્રતિલોમ લગ્નમાંથી જે સંતતિ ઉત્પન્ન થતી તે વર્ણસંકર મનાતી. (મનુ. ૧૦–૧૨.)

આ પ્રમાણે વિવિધ નવીન નામધારી તેમજ નામને અંગે વિવિધ કર્મોમાં પ્રવૃત્ત થતી જ્ઞાતિઓ ઉદ્‌ભવતી હતી. એક વર્ણસંકર કિંવા વ્રાત્ય જાતિનો પુરૂષ અન્ય વર્ણસંકર કે વ્રાત્ય જાતિની સ્ત્રી સાથે જોડાતાં તેમની જે સંતતિ થતી તેને કોઇ નવીન નામ પ્રાપ્ત થતું. આ પ્રમાણે પેટાજાતિઓની સંખ્યા એટલી બધી વધી ગઈ હતી કે, એજ પ્રમાણે જો પરંપરા ચાલત તો જ્ઞાતિજ જ્ઞાતિનો નાશ કરત, અર્થાત એટલી બધી જ્ઞાતિઓ થઈ જાત કે જેના પરિણામે એક પ્રજા પ્રજા તરીકેજ રહેત નહિ.

Had the creation of new castes continued to be made in succeeding ages with the same ease and rapidity as they were in these early times,

it is plain that the caste system would have destroyed itself in two ways. (1) Multiplications of new castes and (2) Intermarriage of all the castes. The increased strictness imposed upon the castes especially upon the primary ones and the prohibitions of the irregular marriages, i. e. marriage of one caste with the members of another, gave in later years strength and vitality to new system which must soon have extinguished, (*Sherring on Castes.*)

નવીન જ્ઞાતિઓનો ઉદ્ભવ પાછલા સમયમાં જો એવીજ સરળતા અને શીઘ્રતાથી થયા કરત તો જ્ઞાતિ સંસ્થાએ સ્વયં પોતાનો નાશ કર્યો હોત એ સ્પષ્ટ છે. તેનાં કારણો બે છે. (૧) નવીન જ્ઞાતિઓનો વધારો અને (૨) જૂદી જૂદી જ્ઞાતિઓમાં અન્યોન્ય લગ્નવ્યવહારનો અપ્રતિબંધ. પાછળથી જ્ઞાતિઓ ઉપર, તેમાં પણ મૂખ્યત્વે મૂળ જ્ઞાતિઓ ઉપર સખ્ત અંકુશો મૂકાવાથીજ જે સંસ્થા નાશની સમીપ હતી તેને બળ અને આરોગ્ય પ્રાપ્ત થયાં અને આ રીતે જ્ઞાતિ ટકી રહી. (શેરીંગકૃત હિંદુ જ્ઞાતિઓ.)

વૈદિક કાળ જેને આપણે વ્યવસ્થા કે જીવનનો યુગ માનીએ છીએ ત્હેના અંતમાંજ ઉપરોક્ત ઉભય રીતોથી જ્ઞાતિ એ નામની બંધનમૂલક સંસ્થાનો જન્મ થયો હોય એમ સ્હમજાય છે. મનુસ્મૃતિના દશમા અધ્યાયમાં એ પતિત જ્ઞાતિઓનાં નામ તથા ત્હેમનાં કર્મોનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ કરવામાં આવેલો છે. “ ગુજરાતી ” પ્રેસના ભાષાન્તરમાં પણ પાદટિપ્પણમાં એ નામાવલી આપવામાં આવી છે. સ્વ. કવીશ્વર દલપતરામે જ્ઞાતિનિબંધ નામના લેખમાં એ

નામાવલી વિસ્તારપૂર્વક આપેલી છે. ઉદાહરણ માટે અત્રે થોડાંજ દૃષ્ટાન્તો ટાંકીએ છીએ.

બાપ.	મા.	છોકરાની જાત.	કર્મ.
બ્રાહ્મણ	ક્ષત્રિય	મુર્દ્ધાવસિ કેસ	ક્ષાત્રકર્મ
,,	વૈશ્ય	અંબષ્ઠ	શરીર છેદનનું
,,	શુદ્ર	મચ્છીમાર	વૈદકનું
ક્ષત્રિય	વૈશ્ય	મહિષ્ય	શુકન જોવાનું
વૈશ્ય	શુદ્ર	કરણ	શુદ્ર કૃત્ય
વૈશ્ય	બ્રાહ્મણ	ગોલા }	હાથી ઘોડાની
શુદ્ર	બ્રાહ્મણ	ચાંડાલ }	ચાકરી કરે
,,	ક્ષત્રિય	ભીલ	જનાનખાનાનું
માહિષ્ય	કરણ	સુતાર	...
વ્રાત્ય બ્રાહ્મણ	વ્રા. બ્રાહ્મણી.	ભવાયા	...

આ પ્રમાણે સેંકડો જાતિઓ થઇ હતી, જહેમના કર્મ ઉપરથી ત્હેમને પતિત ગણનારા આર્યો સહજ પણ તેમની ઘૃણા કરતા હોય તો તે સર્વથા અસ્વભાવિક નથી. આ મહા પરિવર્તન ક્યારે થયો એનો કંઇપણ નિશ્ચય કરી શકાતો નથી, તથાપિ પરિવર્તનની મહત્તા-ના પ્રમાણમાં સમયમાં અંતર પણ મહાન હશે એમ અનુમાની શકાય છે.

(૨) બુદ્ધ કિંવા અવ્યવસ્થાનો યુગ.

જ્ઞાતિઓ અનેકધા વૃદ્ધિ પામતી હતી ત્હેની સાથેજ ત્હેની અ-સરથી બ્રાહ્મણોના વ્રાત્ય અને વર્ણસંકર તરફના પ્રમાદને પરિણામે કિંવા પ્રાચીન યજ્ઞવિધિને પરિણામે આ અવ્યવસ્થાના યુગના પ્રારં-

ભમાં ભગવાન ગૌતમ બુદ્ધનો જન્મ થયો, જેમણે એક મહાન અને સમર્થ પરિવર્તન કરી હિન્દુ સમાજ ઉપર અનેક રીતે અસર કરી.

બ્રાહ્મણોની સત્તા વૃદ્ધિ પામતી હતી અને પતિત જાતિઓ ચગદાતી હતી કિંવા વધારે પતિત થતી હતી. તેમણે આનંદથી બુદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. બુદ્ધનો મિત્ર અને એક ઉત્તમાધિકારી શિષ્ય ઉપાલિ હજામ જાતિનો હતો. કેટલાક ચાંડાલો પણ બુદ્ધના માન્ય શિષ્યો થઇ શક્યા હતા............

Buddhism came like a salvation to the humble and lowly in India and they eagerly embraced it as a refuge from caste injustice.

હિન્દુસ્તાનમાં રંક અને હલકી જાતિઓ માટે બુદ્ધ ધર્મ આશિર્વાદ રૂપ હતો અને જ્ઞાતિઓના અન્યાયથી બચવા ત્હેણે સોત્કન્ઠ તેનો સ્વીકાર કર્યો.

(*Civilization in the Buddhist age by the late Mr. R. C. Dutt, pp. 49*)

બીજી દિશામાં જોઇએ તો એજ વખતથી બુદ્ધ ધર્મના પ્રભાવને લઇ કે હિન્દુસ્તાનના બૌદ્ધ ઉપદેશકોદ્વારા મળેલા જ્ઞાનને પરિણામે અનેક વિદેશી ક્ષત્રિય કે વૈશ્ય પ્રજાઓ આ દેશમાં આકર્ષાઇ આવી હતી. ત્હેમનાં આવવાનાં કારણો નિશ્ચીત માલુમ પડયાં નથી, તથાપિ આપણે ઉપર જોઇ ગયા છીએ તેમ તે વખતની દુનિયાને ટેલીગ્રામ અને ટેલીફોન, સ્ટીમ બોટો કે રેલરસ્તાનો અભાવ હોવા છતાં અનેક દેશોનું જ્ઞાન હતું અને પ્રજાઓ એક બીજાના સંસર્ગમાં આવતી તેમજ હમણાંની દક્ષિણ આફ્રિકા જેવી સરકાર એ વખતે નહોતી; એટલે કોઇ પણ દેશમાં પ્રતિબંધના કાયદા નહોતા. આ સામાન્ય કારણને લીધે એ પ્રજાઓ પૈકી કેટલીક પોતાનું રાજ્ય

સ્થાપવા અને કેટલીક વિજય મેળવી ધનવાન આર્ય પ્રજાને લૂંટવા માટે આવી હોય એમ જણાય છે. આવેલી પ્રજાઓ પૈકી મુખ્યનાં નામ તથા સમય આ પ્રમાણે છેઃ—

શક—સિથિયન જાતિના વિવિધ વિભાગો. ઈ. સ. પૂ. ૫૦૦ થી ઈ. સ. ના ત્રીજા સૈકા સુધી.

યવન—ગ્રીક ઈ. સ. પૂ. ૩૨૭ થી ઇ. સ. ૫૦૦ સુધી.

બાકટ્રીયન અને પાર્થીયન—ઇ. સ. પૂ. ૩૦૦ થી ઇ.સ. ૧૦૦ સુધી.

હુણ (Huns)—ઇ. સ. પૂ. ૨૦૦ થી ઈ. સ. ૫૦૦ સુધી.

ગુજ્જર—ઈ. સ. ૪૦૦ થી ૬૦૦ સુધી.

અભીર, કાઠી વિગેરે—ઈ. સ. ૪૦૦ થી ૯૦૦ સુધી.

જીટ, યુટ અને ક્ષત્રપ (આ જાતિઓને કેટલાક શક લોકોની પેટા જાતિઓ તરીકે માને છે.) ઇ. સ. પૂ. ૩૦૦ થી ઇ. સ. ૧૦૦ સુધી.

આંધ્ર—ઈ. સ. ૧૦૦ લગભગ.

પહલ્લવ—ઈ. સ. ૫૦ થી ૨૦૦ સુધી.

આ પૈકી યવન, બાકટ્રીયન અને પાર્થીયન લોકો પૈકી થોડાજ પુનઃ સ્વદેશમાં ગયા હતા, બાકીના જૂદે જૂદે સ્થળે પોતાના મથકો કરી આ દેશના નિવાસી થઇ રહ્યા હતા.

આ જાતિઓ અસંસ્કારી તેમજ અજ્ઞાન હતી. હિન્દુસ્તાનમાં આગળ વધવાની અને નિવાસસ્થાન મેળવવાની આવશ્યક્તા હતી. બુદ્ધ ધર્મ, પ્રતાપી મહામુનિ શાકયસિંહનો ધર્મ એ વખતે સમસ્ત એશિયામાં ઉપદેશાતો હતો અને અજ્ઞાનમાં અજ્ઞાન દેશોના લોકોના ઉંડા મર્મો સુધી પહોંચી ત્હેમને પ્રેમનો પવિત્ર માર્ગ દર્શાવવા સમર્થ

થતો હતો તે ધર્મમાર્ગનો કેટલીક જાતિઓએ આશ્રય કર્યો હતો.×
સિન્ધ અને પંજાબમાં બુદ્ધ ધર્મનું બળ વિશેષ હતું.+ ત્હેનું પણ
એજ કારણ છે કે ત્યાંથીજ એ સર્વ વિદેશી પ્રજાઓ આ દેશમાં
પ્રવેશ કરતી હતી.

બુદ્ધ ધર્મ જ્ઞાતિબંધનની વિરૂદ્ધ હતો એમ આપણે ઉપર કહી ગયા છીએ અને તેથી આ જાતિઓનો એ ધર્મે સત્કાર પણ કર્યો હતો. બુદ્ધ ધર્મમાં–સમાજમાં આ જાતિઓને કેવું સ્થાન મળ્યું હશે એ કહેવું જરા મુશ્કેલ છે. યદ્યપિ એ ધર્મે જ્ઞાતિનો સ્વીકાર કર્યો નથી, તથાપિ બૌદ્ધ થયેલા પવિત્ર બ્રાહ્મણ કે પ્રતાપી ક્ષત્રિયનો મોભો વિશેષ સચવાતો અને સમાજમાં ત્હેમને માન મળતું હતું. આટલા પ્રમાણમાં બુદ્ધ ધર્મે પણ જ્ઞાતિનો સ્વીકાર કર્યો જણાય છે. અન્ય જાતિ કે ધર્મના, કિંવા હિન્દુ સમાજમાં તિરસ્કાર્ય જાતિઓના લોકોને પણ બુદ્ધ ધર્મમાં શ્રમણને ઉચ્ચ પદવી મળ્યાનું, નંદ અને મૌર્ય વંશના રાજાઓએ પ્રતાપી ક્ષત્રિઓનું માન પ્રાપ્ત કર્યાનું ઇતિહાસ પ્રસિદ્ધ છે. આ પ્રમાણે આ જાતિઓને ત્હેમનાં કર્મો અને સંસ્કારો અનુસાર બુદ્ધ સમાજમાં ઉચ્ચ નીચ સ્થાન પ્રાપ્ત થયું હશે.

આ સમય જ્ઞાતિઓના ઇતિહાસમાં અવ્યવસ્થાનો હતો. એક બાજુ આર્યજાતિઓ વર્ણસાંકર્ય અને વ્રાત્ય દોષથી વૃદ્ધિ પામતી હતી, બીજી તરફ કોઇ પણ વ્યક્તિને સ્વતંત્ર રીતે પોતાની જ્ઞાતિનો

× Rajasthan by the late Col. James Todd L. E., Vol. I., pp. 70.

+ Preface of Chachnama by Mr. Dayaram Gidoomal, Gazetteer of the Presidency of Bombay, Vol. IX, pp. 434.

ત્યાગ કરી એક નવીન સમુહમાં પ્રવેશ કરવાની છૂટ મળતી—બુદ્ધ ધર્મમાં પણ અનેક તત્ત્વોનું મિશ્રણ થતું હતું. અનેક ન્હાની ન્હાની સરિતાઓ એ સાગરમાં આવી મળતી હતી. તે પોતાનો સ્વાદ—પોતાની ગતિ ઇત્યાદિ સર્વે ત્યજી દેતી હતી તથાપિ પોતાના મૂળ સ્થાન તથા પોતાના માર્ગનો ત્યાગ કરી શકતી નહોતી અને તેથી બુદ્ધ ધર્મમાં અનેક નવીન ભાવનાઓ ભરાતી હતી—અનેક નવીન પ્રકારની ક્રિયાઓ દાખલ થતી હતી.

નવીન જાતિઓ અનેક દિશાઓમાં આગળ વધતી હતી અનેક દેશોમાં પોતાનું રાજ્યબળ સ્થાપતી હતી. પાટલીપુત્રના શુદ્ર રાજાઓ સમસ્ત આર્ય દેશમાં મહારાજાઓ મનાતા હતા. આ વખતમાં ક્ષત્રિઓનો અસ્ત થતો હતો; ક્ષત્રિય રાજાઓનો પ્રતાપી સૂર્ય પશ્ચિમ ક્ષિતિજમાં ઝાંખો ઝાંખો પ્રકાશતો હતો.

આવી અવ્યવસ્થા લગભગ સાતમા સૈકા સુધી રહેવા પામી હતી અને એ વખતે અવ્યવસ્થા અવધિએ પહોંચી હતી. પાંચમા સૈકાથા એ વ્યવસ્થાએ બુદ્ધધર્મમાં પણ અનેક પ્રકારની વ્યવસ્થાઓ કરી દીધી હતી, કે જેને પરિણામે એ મહાન ધર્મને પોતાની જન્મભૂમિનો ત્યાગ કરવાની જરૂર પડી હતી.

આઠમા સૈકામાં મહાન સુધારક શંકરાચાર્યના બુદ્ધિબળથી ત્હેમના પવિત્ર ઉપદેશથી હિન્દુ ધર્મનો પુનરૂદ્ધાર થયો અને બુદ્ધ ધર્મ હમેશને માટે આ દેશમાંથી અસ્ત થયો. શંકરાચાર્ય મહા બુદ્ધિશાળી હતા, ત્હેમણે બુદ્ધ ધર્મમાં દેખાતું સત્ય પણ સ્વીકારી લીધું, બુદ્ધ ભગવાનને અવતાર તરીકે માન્યા અને બુદ્ધ ધર્મ તેમજ પ્રાચીન આર્યધર્મના ઐક્યરૂપ વેદાન્ત ધર્મનો પ્રચાર કર્યો. બુદ્ધ ધર્મ પોતેજ ગયો તેના શિષ્યો અહીંજ રહી શંકરાચાર્યના વેદાન્તધર્મથી સંસ્કૃત થયા. હિન્દુઓમાં અનેક જ્ઞાતિઓ હતી, તેમજ પ્રાચીન કાળમાં જે જ્ઞા-

તિઓ કર્મરૂપ હતી તે હમણાં બહુધા બંધનરૂપ થઇ ગઈ હતી. લગ્ન વ્યવહારનો તો પ્રતિબંધ હતો, તેમાં હવે ભોજન વ્યવહારનો પ્રતિબંધ ભળતો હતો અને આવા સંજોગોમાં નવીન જ્ઞાતિઓ રૂપે બુદ્ધ ધર્માનુયાયીઓ હિન્દુ થયા હોય એ સર્વથા બનવાજોગ છે. મ્લેચ્છના પડછાયાથી પણ સ્નાન કરવું પડે એવી માન્યતા ધરાવનારા હડહડતા આસ્તિકોને ગળે આ વાત ઉતરે તેમ નથી પણ ઇતિહાસ તો કહે છે કે હિન્દુ પ્રજા અને હિન્દુ ધર્મને માટે શસ્ત્ર ધરી પ્રાણ આપનારા પૈકી મ્હોટો ભાગ પણ એ વિદેશીય કે વિધર્મીઓનો છે.

ટોડ સાહેબ અનેક પ્રમાણો આપી સિદ્ધ કરે છે કે રજપુત પ્રજાનો મ્હોટો ભાગ શક અને અન્ય વિદેશી જાતિઓમાંથી છે. ગમે તેમ હો પણ બુદ્ધ ધર્માનુયાયી અનેક જાતિઓ હિન્દુ થઇ હતી અને બુદ્ધ ધર્મમાં ત્હેમનો જે સાંસારિક દરજ્જો હતો તેજ એમને હિન્દુ ધર્મમાં પ્રાપ્ત થયો હતો, અને આ રીતે હિન્દુ સમાજમાં અનેક નવીન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિઓની વૃદ્ધિ થઇ હતી. એ વૃદ્ધિનું મૂળ પ્રેમ અને સંસ્કૃતિમાંથી ઉદ્‌ભવ્યું નહોતું એટલે પ્રાચીન જ્ઞાતિઓ જે આત્મસંરક્ષણ-કર્ત્તવ્યસંરક્ષણના જ્ઞાનમાંથી ઉદ્‌ભવી હતી ત્હેમને સ્થાને એ જ્ઞાતિઓ અજ્ઞાન અને બંધનની ભાવનામાંથી ઉદ્‌ભવ પામી હતી; સર્વત્ર વાડા બંધાવા લાગ્યા હતા, અને જેટલા ભરાયા તેટલાનું સંરક્ષણ થશે—બાકીની દુનિયાને માટે પરવા નહિ રાખવામાં આવે, એ આ નવીન બંધનમૂલક ઉન્નતિવિરુદ્ધ જ્ઞાતિઓનો મુદ્રાલેખ હતો.

(૩) પૌરાણિક કિંવા મુસલમાની યુગ.

આ તૃતીય યુગ ભારતવર્ષની હિન્દુ પ્રજાને શાપ સમાન હતો. એ યુગમાં પ્રજાની અનેકધા અધોગતિ થતા પામી હતી. રાજ્ય અને ધર્મ એ ઉભય દિશામાં પ્રજાનું જીવન પતિત થતું જતું હતું.

આજે જે મ્હોટા જમીનદારો હોય, લક્ષાધિપતિ હોય, તેની આવતી કાલે પણ એવીજ સ્થિતિ રહેશે કે નહિ એ સંશયયુક્ત મનાતું. અનેક સંકટના વાદળ વારંવાર ચ્હડી આવતાં અને ઘડીના છઠ્ઠા ભાગમાં મહાન ગણાતી પ્રજાઓની મહત્તાનો સૂર્ય હમેશને માટે અદ્રશ્ય કરી દેતા હતા. દુશ્મનોથી બચવા એકથી બીજા અને બીજાથી ત્રીજા સ્થળનો આશ્રય કરાતો હતો. આવા સંજોગોમાં આત્મસંરક્ષણ માટે સમાજના બંધનો દ્રઢ હોવાની ખાસ જરૂર હતી.

સામાજિક અજ્ઞાનતા અને રાજદ્વારી અવ્યવસ્થાને પરિણામે ધર્મનો ઉદ્દેશ પણ પરિવર્તન પામતો જતો હતો—આત્માની સ્વતંત્રતાને સ્થાને ધર્મને પણ વિવિધ પ્રકારના બંધનમૂલક નિયમો રચી પ્રજાનું સંરક્ષણ કરવાની જરૂર પડતી. અનેક સંપ્રદાયોની સ્થાપના આ યુગમાં થઇ હતી, અનેક આચાર્યોના જન્મ આ યુગમાં થયા હતા. દશ અવતારને બદલે ચોવીસ અવતાર મનાવા લાગ્યા. સર્વ સંપ્રદાયોએ બહુધા ભોળપણ–ભક્તિ માર્ગ સ્વીકારી, અનુયાયીઓએ અમુક નિયમો પાળવા અને અન્ય સંપ્રદાયના સિદ્ધન્તોને બહિષ્કાર કરવાનું શિક્ષણ આપવાની નીતિનો અંગીકાર કર્યો. સુતાર કે લુહાર, કણબી કે એવી અન્ય જ્ઞાતિના લોકો પણ, અમુક સંપ્રદાયમાં પ્રવેશે તો તે અમુક જ્ઞાતિઓ સાથે ભોજન ન લઈ શકે–અમુક જ્ઞાતિઓને પોતાની જ્ઞાતિથી હલકી માને એવો વ્યવહાર પ્રવર્ત્યો. જ્ઞાતિઓમાં અજ્ઞાન અને વૈમનસ્ય વૃદ્ધિ પામ્યુ અને પરિણામે નવીન જ્ઞાતિઓ ઉત્પન્ન થવા લાગી.

અજ્ઞાનતામાંથી ઉત્પન્ન થયેલા નિયમોમાં વારંવાર વાંધા ઉત્પન્ન થાય એ પણ સ્વાભાવિક છે અને વાંધા ઉત્પન્ન થતાં–તડ પડતાં જ્ઞાતિઓના વિભાગ થઈ જતા. એ પણ વખતના વહન સાથે જૂદી જ્ઞાતિઓ તરીકે થઈ જતા. નામને માટે તો સવાલજ નથી.

અમુક સ્થળમાં રહેવાથી તે સ્થળને નામે જ્ઞાતિઓ થઈ. જેમકે વડનગરના વડનગરા, ઘોઘા પ્રાંતના ઘોઘારી, શ્રીમાળ નગરના શ્રીમાળી બ્રાહ્મણ તથા વાણીયા, મોઢેરા ગામના મોઢ બ્રાહ્મણ તથા વાણીયા. આવી હજારો જ્ઞાતિઓ થઈ અને રેલ કે આગબોટનો સંબંધ નહિ હોવાથી પરદેશગમનમાં પાપ મનાતું હોવાથી માર્ગો ભયંકર અને ચોરો લુંટારા અને ઠગોનો ભય હોવાથી એક સ્થાનના લોકોને અન્ય સ્થાનમાં જવાનો અવકાશ ક્વચિત પ્રાપ્ત થતો તેથી કન્યાવ્યવહાર તેમજ ભોજનવ્યવહાર પણ સંકુચિત થઈ ગયો અને બ્રાહ્મણો, ક્ષત્રિઓ, વૈશ્યોમાં હજારો જ્ઞાતિઓ થઈ ગઈ, જેમાં ભોજન અને કન્યાવ્યવહારનો પ્રતિબંધ થઇ ગયો અને જ્ઞાતિ જેમ ન્હાની તેમ સુખ એ ભાવના આખા દેશમાં પ્રવર્તી.

જ્ઞાતિના લાભાલાભ.

અલબત જ્ઞાતિ એક નિર્દોષ સંસ્થા નથી, તેમાં અનેકાનેક દોષ છે, તથાપિ તે મનુષ્યકૃત નથી. ઉપરોકત સર્વ કથનનો વિચાર કરતાં એટલું સ્હમજાશે કે જ્ઞાતિને ઉત્પન્ન કરનાર, તેનું અજ્ઞાનતામાં પોષણ કરનાર, ત્હેને બંધનનું સ્વરૂપ આપનાર, સંજોગો હતા. ભલે તેને માટે જવાબદાર અજ્ઞાનતા કે પ્રમાદવૃત્તિ હોય, તથાપિ તે અજ્ઞાનતા પણ જાણે અદશ્ય સૃષ્ટિમાંથી આવતી હોય તેમ વિવિધ સંજોગોમાંથી આવતી હતી, અને વર્ણોએ જેમ પોતાનું કર્તવ્ય પાળ્યું છે તેમ જ્ઞાતિઓએ પણ પોતાના સમયમાં પોતાપણું દેખાડયું છે. મુસલમાનોના જોહુકમીના સમયમાં જો જ્ઞાતિ ન હોત તો–જ્ઞાતિનો અંકુશ ન હોત તો આપણું આત્મસંરક્ષણ થઇ શકત–આપણે હિંદુ રહી શકત, આપણા ધર્મશાસ્ત્રો છે તેવી સ્થિતિમાં પણ રહેવા પામત–ત્હેને માટે શંકા છે. ઇંગ્લાંડમાં પુઅર લૉ (Poor Law)ના આશ્રયે ગરીબોને સરકારનો આશ્રય શોધવો પડે છે, ગરીબોની સ્થિતિ અનાથ થઇ

જાય છે, હિન્દુસ્તાનમાં આવી દુઃખદ સ્થિતિમાં પણ ગરીબોનું રક્ષણ થઇ શકે છે તેનું કારણ જ્ઞાતિ છે.

We alone have succeeded in making a permanent caste, other nations tried but have do not succeeded............... It is owing to caste that three hundred millions of people can find a piece of bread to eat yet. It is an imperfect institution no doubt, but if it had not been for caste, you would have had no Sanskrit books to study. These castes made walls around which all sorts of invasions rolled and surged but found it impossible to break through. That necessity has not gone yet and so caste remains. (*Swami Viwekanand.*)

આપણેજ ફક્ત સ્થાયી જ્ઞાતિબંધારણ બાંધવા શક્તિવાન થયા છીએ. બીજી પ્રજાઓએ પ્રયત્ન કરેલ છે પણ ફળીભૂત નથી થઇ...... એ જ્ઞાતિજ છે કે જેને પ્રતાપે આજ પર્યન્ત ત્રીશ કરોડ માણસો રોટલીનો કકડો પ્રાપ્ત કરી શકે છે. અલબત તે એક સદોષ સંસ્થા છે, તથાપિ જ્ઞાતિ ન હોત તો સંસ્કૃત ધર્મ શાસ્ત્રોની હસ્તીની પણ શંકા રહે છે. આ જ્ઞાતિના પ્રભાવે એવી મજબુત દિવાલો બંધાઈ હતી કે જેની સ્હામા અનેક હુમલા થઇ ગયા પણ તેમાં ભંગાણ કરી શક્યા નહિ. જ્ઞાતિની જરૂરીઆત હજી ગઇ નથી અને તેથી જ્ઞાતિ જીવે છે.

(સ્વામી વિવેકાનંદ.)

જ્ઞાતિને લીધે ગેરલાભો પણ અનેક થયા છેઃ—

અ. બાર ભાઇ ને તેર ચૂલાની બંધન પદ્ધતિથી લોકોની ઉદ્યોગ અને વ્યાપાર માટેની સાહસિક વૃત્તિ શિથિલ થઈ ગઈ છે. પરદેશ ગમનના પ્રતિબંધથી આપણા વ્યાપારીઓ ઘરનાં બાળક જેવા થઈ ગયા છે અને પરિણામે દેશની આર્થિક સ્થિતિ દયાજનક થઇ ગઇ છે.

આ. જ્ઞાતિઓ એટલી બધી નાની થઇ ગઇ છે કે, કેટલીક જ્ઞાતિઓમાં કન્યાની અછત તો કેટલીકમાં વરની અછત થઇ ગઈ છે. પરિણામે કન્યાવિક્રય અને વરવિક્રયની હાનિકારક બદીને ઉત્તેજન મળે છે. કન્યા કે વરની અછત હોવાથી આડકતરી રીતે બાળલગ્નને પણ ઉત્તેજન મળે છે.

ઇ. જ્ઞાતિના બંધનને લીધે કર્માનુસાર અધિકાર ઉચ્ચ કે નીચ હોય, તથાપિ ત્હેને ન્યાય મળવાનો—સમાજમાં યોગ્ય સ્થાન મળવાનો—અવકાશ મળતો નથી અને સમાજના વિદ્વાનો તેમજ ધનવાનોમાં સામાજિક સંસર્ગ ન થવાથી સમાજસુધારાના તેમજ આર્થિક ઉન્નતિનાં કાર્યો થવામાં અડચણો ઉભી થાય છે.

ઈ. અનેક અંત્યજ—એકવાર હલકી મનાયલી જ્ઞાતિઓને ઉન્નતિનો અવકાશ પણ નથી મળતો, તેમનું જીવન અકારૂં થઇ પડે છે, અને તેથી પણ હિંદુ સમાજને અનેક હાનિઓ થાય છે.

આ હાનિઓ સર્વ પ્રત્યક્ષ દેખાય છે અને તે દૂર કરવાની સ્પષ્ટ જરૂર જણાય છે.

જ્ઞાતિનું ભવિષ્ય.

જે વસ્તુ પરિવર્તન નથી પામતી તે જીવી પણ નથી શકતી. પરિવર્તન એ સૃષ્ટિનો એક મહા નિયમ છે. કોઇ પણ વસ્તુ તેનાથી બચી શકતી નથી. જ્ઞાતિમાં પણ મહાન પરિવર્તન થવાનો સમય હવે સમીપ છે. સુશિક્ષિત સમાજમાં સ્નેહની વૃદ્ધિ થતાં કેળવણીને પ્રભાવે મૈત્રિભાવ થતાં જ્ઞાતિભાવના સ્વયં તૂટી જાય છે. આપણા

વિદ્વાનો આપણી ઉન્નતિનો વિચાર કરવા મંડળ રૂપે કે સભા રૂપે મળે છે, અને જ્ઞાતિબંધન ત્હેમને નામ માત્ર હોય છે. આપણી યુનીવર્સિટીમાંથી હજારો વિદ્વાનો નીકળે છે જેઓ અન્ય જ્ઞાતિના મિત્રો સાથે છુટથી હળે મળે છે. સ્ત્રીઓમાં પણ એ ભાવના ધીમે ધીમે પ્રસરતી જાય છે. આશા રાખી શકાય છે કે થોડા વખતમાં—પાંચ પચીસ વર્ષે—જ્ઞાતિ બન્ધનરૂપ નહિ રહે. એ બન્ધનો મનુષ્યના હાથથી તૂટવાના નથી. બ્રહ્મોસમાજે અને આર્ય સમાજે જ્ઞાતિ તોડવાને પ્રયત્નો કર્યા પણ ત્હેમને નિષ્ફળતાજ મળી છે, અને છેલ્લે આર્યન બ્રધરહુડને મળેલી નિષ્ફળતાનું ઉદાહરણ સુધારાના ઇતિહાસમાં બેશક એક યાદગાર બીના માની શકાશે.

હોટેલો અને દારૂના પીઠા, વેશ્યાના ગૃહો અને નાટકસ્થાનોના સંસર્ગથી અને વિલાયતી સડેલી દવાઓથી આપણા જ્ઞાતિબંધનો તુટી જાય એ અનિષ્ટ અને ભવિષ્યને માટે ભયંકર છે. આપણે વિદ્યાના મન્દિરમાં પવિત્ર થઇ સરસ્વતિ મન્દિરમાં પ્રવેશ કરી—સરસ્વતિની ઉપાસનાથી પવિત્ર થઇ જ્ઞાતિ બન્ધનોને તોડવા નહિ, પણ ધીરજ અને અડગ શ્રદ્ધાથી-આપણા પૂર્વજો, આપણા રૂષિ મુનિઓના સુધારા તરફ લક્ષ રાખી, એ બન્ધનોને નિર્બળ કરવા પ્રયત્નવાન થવું જોઇએ. તેમાંજ સુધારાની ફત્તેહ છે અને સમસ્ત હિન્દુ સમાજનું કલ્યાણ છે.

જ્ઞાતિઓમાં લોહાણા જ્ઞાતિનું સ્થાન.

જ્ઞાતિના ઉદ્‌ભવનો વિચાર કરતાં આપણને એટલાં બધાં કારણો જણાયાં છે કે કઇ જ્ઞાતિ આર્ય અને કઇ અનાર્ય છે, કઇ વૈશ્ય અને કઇ શુદ્ર છે એનો નિર્ણય કરવો કઠીન છે. જૂદા જૂદા પંથો અને સંપ્રદાયોને લીધે ભોજનવ્યવહાર કે વિધવાવિવાહ પ્રતિબંધના નિયમ વિગેરે સાંસારિક રિવાજોથી જ્ઞાતિની મહત્તા સિદ્ધ થઇ શકતી નથી. મુમ્બાઇમાં ત્રણે જ્ઞાતિના લોહાણાની વસ્તી છે પણ લોહાણા એ

નામ પ્રસિદ્ધ પણ નથી, તેમજ બહુ પરિચિત પણ નથી. યુરોપીયન વ્યાપારીઓ પારસીઓ અને દક્ષિણીઓ કચ્છી અને હાલાઇ પાઘડી પહેરનારને બહુધા ભાટીયા તરીકે અને ભાવનગરી પાઘડી પહેરનાર ઘોઘારીઓને વાણીઆ તરીકે ઓળખે છે.દક્ષિણમાં અને મહારાષ્ટ્ર દેશમાં લોહાણાઓ ભાટિ લોહાણા તરીકે લખાય છે. બર્ટન સાહેબ સિન્ધના લોહાણાને વાણીયા માને છે અને કેમ્પબેલ સાહેબ ત્હેમની ઉત્પત્તિનું સ્થાન અફગાનિસ્થાન કહી પઠાણોની સાથે તેમનો સંબંધ હોવાનું જણાવે છે. આપણા ભાટો આપણને લવવંશી કહે છે. આપણે પણ લવના લોહાણા એમ વારંવાર કહીએ છીએ, પણ એ માન્યતાની સત્યતા સિદ્ધ કરવાને પ્રમાણો જોઇએ. પ્રમાણો વિના કોઇ પણ અભિપ્રાય ટકી શકે તેમ નથી. લોહાણાઓનો ખાસ કોઇપણ સમયનો ટુંકો પણ સપ્રમાણ હોય એવો કોઇ ગ્રન્થ નથી. આવા સંજોગોમાં પૃથક્ પૃથક્ અનુમાનો અને પ્રમાણો ઉપરથી આ પુસ્તકના સાધનો મેળવ્યાં છે અને તે ઉપરથી એમ બેધડક કહી શકાય કે હમણા લોહાણા ગમે તે સ્થિતિમાં હોય, ત્હેમની ગમે તે સામાજિક સ્થિતિ મનાતી હોય, તથાપિ લોહાણા એક પ્રાચીન અને શુદ્ધ ક્ષત્રિય પ્રજા છે. લવની સાથે બેશક લોહાણાને સંબંધ છે અને એ સંબંધ જો અમારા વિદ્વાન બન્ધુઓને માર્ગદર્શક થશે તો અમારી જ્ઞાતિનું ભવિષ્ય ઉજ્જ્વળ છે. આ ઉજ્વલ દૃષ્ટિબિન્દુ ઉપર સચોટ લક્ષ રહે એટલોજ અમારા પ્રયત્નનો હેતુ હોય અને તે કાંઇક અંશે પણ સફળ થતો હોય તો આ સર્વ પ્રયત્ન કૃતકૃત્ય છે.

પ્રકરણ ૨ જું.

આપણી લોકમાન્યતા.

રજપુતોના ઇતિહાસના જગત પ્રસિદ્ધ લખનાર સ્વ. જેમ્સ ટૉડ કહે છે કે કોઇ પણ પ્રજાનો ઇતિહાસ લખતાં તે પ્રજામાં ઇતિહાસ વિષયક લોક માન્યતાનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઇએ. લોહાણા પ્રજા એક વિશાળ અને વેરાયલી પ્રજા છે. ગુજરાત કાઠીઆવાડ અને કચ્છ, મારવાડ અને સિંધ, ઉત્તરમાં છેક પંજાબ કાશ્મીર બલુચીસ્તાન અફગાનીસ્તાન અને તુર્કસ્તાન સુધી લોહાણાઓ વસે છે. ત્હેમની ઉત્પત્તિ બાબત તેમની કેટલીક માન્યતાઓ છે અને કેટલાક અંશોમાં તે અન્યોન્યથી ભિન્ન પણ છે, તથાપિ સામાન્ય અંશ બહુધા સમાન જ છે, અને ગુજરાતી ભાષામાં તેનાં બે ત્રણ મુદ્રિત સ્વરૂપો પણ છે, એટલે પ્રથમ આપણે ત્હેનોજ વિચાર કરીશું. સ્વ. વ્યાસ શીવજી ભાગ્યચંદે "સારસ્વતોપાખ્યાન અને ક્ષત્રિયોત્પત્તિ" નામનું પુસ્તક લગભગ પંદર વર્ષ પહેલાં પ્રસિદ્ધ કર્યું હતું અને તદ્ગત માન્યતા લોહાણાઓના વિશેષ ભાગને માન્ય છે. વ્યાસજીએ એ ગ્રંથમાં ક્ષત્રિઓની ભિન્ન ભિન્ન શાખાઓની ઉત્પત્તિ લખી છે. લોહાણા ક્ષત્રિયોના ઇતિહાસની સમાપ્તિ કરતાં વ્યાસજી લખે છે કે, "સંસ્કૃત ગ્રન્થો ઉપરથી તથા કચ્છ–અંજારવાળા અયાચી લાધારામ વિશ્રામ પાસેથી જુદું ભાષાંતર મેળવી બન્ને એકજ રીતે કરી દાખલ કર્યાં છે." વ્યાસજીએ સંસ્કૃત ગ્રંથોનાં નામ આપ્યાં હોત તથા અયાચીજીનું જૂદું ભાષાંતર કરી કેવી ઐતિહાસિક યુક્તિથી તેમણે તે એકજ રીતે દાખલ કર્યાં છે એ જણાવ્યું હોત તો ઇતિહાસના અભ્યાસીઓને તેમાંથી કંઇક જાણવાનું મળી આવત. લોહાણાનું નામ કોઈ

પણ સંસ્કૃત ગ્રંથમાં હોય તો તે ફક્ત સ્કંધપુરાણાન્તર્ગત હિંગુલાદ્રિ વિભાગ છે. સ્કંધપુરાણ સમસ્ત અર્વાચીન તેમજ કલ્પિત છે. તેમાં પણ હિંગુલાદ્રિ ખંડ તો છેક અર્વાચીન છે અને ત્હેનો કેટલોક ભાગ તો ઇસ્વી સનના સત્તરમા સૈકામાં લખાયેલો હોવો જોઇએ એમ તેમાં દર્શાવેલ કેટલીક કથાઓ ઉપરથી જણાય છે, અને વળી આ ગ્રંથ રચવામાં ત્હેનો એક મુખ્ય ગુપ્ત હેતુ ભણશાળીઓની પાયરી જેમ બને તેમ ઉંચી જણાવવાનો તથા લોહાણાઓને કંઈક ઉતારી પાડવાનો હોવો જોઇએ એમ પણ કહી શકાય છે.

(બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક પત્રના જુલાઇ ૧૯૧૧ ના અંકમાં
રા. રા. બળવંતરાય કલ્યાણરાયનો લેખ.)

જો હિંગુલાદ્રિ પુરાણને સપ્રમાણ ન માનીએ તો ભાટોના ચોપડા ઉપર વિશ્વાસ રાખવાને આપણી પાસે શાં સબળ પ્રમાણો છે? પ્રમાણ વગરની માન્યતા સત્ય હોય એમ પણ આપણે નથી માની શકતા. માત્ર તર્ક કરવા આપણે તેની સંક્ષિપ્તમાંજ સમાલોચના કરીશું.

સ્વ. શીવજી વ્યાસ સુતપુરાણીદ્વારા લોહાણાઓની ઉત્પત્તિ કહેવડાવે છે અને સુમિત્રથી તેનો પ્રારંભ કરે છે. વિષ્ણુપુરાણના અભિપ્રાય પ્રમાણે લવને વંશજ નથી. કુશના વંશમાં ૧૯મા રાજા સુમિત્ર થયા અને તેના પછી ઇક્ષ્વાકુ વંશનો નાશ થયો.

इक्ष्वाकुणामयं वंशः सुमित्रान्तो भविष्यति ।

(વિષ્ણુપુરાણ, અંશ ૪–૨૨.)

શ્રીમદ્ ભાગવત પણ કુશના વંશનું વર્ણન કરી લવનો વંશ ન હોવાનું સ્વીકારે છે, અને તેમાં પણ સુમિત્ર પછી ઇક્ષ્વાકુના વંશનો અંત આવ્યો જણાવે છે, અને વિષ્ણુપુરાણનો ઉપરોક્ત શ્લોકજ ટાંકી બતાવ્યો છે. (શ્રીમદ્ ભાગવત, નવમ સ્કંધ, ૧૨–૧૬.)

આ બન્ને પુરાણોના અભિપ્રાય પ્રમાણે તો રામના વંશનો અહીંજ અંત આવે છે. વ્યાસજી મૂળ વિના શાખા ઉત્પન્ન કરવા જેવું કરે છે. જો સુમિત્રનો વંશજ લોહાણા હોય તો મૂળમાંજ લવના લોહાણા એ વાત ખોટી ઠરે છે. કેટલાક વિદ્વાનો, કેટલાક ભાટો, લવનો વંશ માને છે. (ભારત રાજ્ય મહામંડળ, ટાડ સાહેબ વગેરે.) પણ લવના પુત્ર તરીકે અતિથી, ત્હેનો નિષધ, ત્હેનો નભ, એ પ્રમાણે વંશાવળી કહે છે જે વિષ્ણુપુરાણ પ્રમાણે કુશની વંશાવળી છે. આપણે માનવુંજ પડશે કે લવનો વંશ લંબાયો નહોતો. કદાચ ભારત રાજ્ય મહામંડળના કર્ત્તાના અભિપ્રાય પ્રમાણે લવે લાહોર વસાવ્યું હશે.

શીવજી વ્યાસની માન્યતાની તુલના આટલાથીજ થઈ રહે છે, તથાપિ તેમાં સમાયલી ભાવનાનું અવલોકન કરવા આપણે આગળ વધીશું.

સુમિત્રને સંકેત નામે પુત્ર થયો. ત્હેનો અભિજીત, ત્હેનો રણજીત, ત્હેનો બાહુબલ, ત્હેનો દીર્ઘશાન્તિ, ત્હેનો કોશલ, ત્હેનો રણંજય, ત્હેનો પ્રેરક, એ સર્વ કોશલ દેશના રાજા કહેવાય છે. પ્રેરકનો પ્રતિષ્ટાય, ત્હેનો પ્રૌઢ, ત્હેનો વાત્સ, ત્હેનો વીતીહોત્ર, ત્હેનો વિશ્વાવસુ, ત્હેનો દુષ્યન્ત, ત્હેનો દીર્ઘમન્યુ, ત્હેનો તીવ્રમન્યુ, ત્હેનો અલ્પમન્યુ, ત્હેનો વસુંધર, ત્હેનો દેવાઢ્ય, ત્હેનો મહાતેજા, ત્હેનો કૃષ્ણધ્વજ, ત્હેનો શ્વેતધ્વજ, ત્હેનો સુહોત્ર, ત્હેનો યજ્ઞવર્ધન, ત્હેનો આસેન, ત્હેનો ઉદાયુધ, ત્હેનો તીક્ષણ, ત્હેનો વર્ધન, ત્હેનો ભૂમિત્ર, ત્હેનો વિશાખા, ત્હેનો નંદી, ત્હેનો નંદીવર્ધન, ત્હેનો ક્ષેમધર્મા, ત્હેનો વિદુરથ, ત્હેનો વિશાલવીર્ય, ત્હેનો વિનોદવર્ધન, ત્હેનો ભાનુજયોતિ. આ સઘળા રાજાઓને જાણે એકજ પુત્ર હોય તેમજ ઇતિહાસમાં કાળ અને ચરિત્ર જણાવવાની આવશ્યક્તાજ ન હોય તેમ વ્યાસજી યથેચ્છ આગળ વધ્યા જાય છે.

ભાનુજ્યોતિથી ચાળીશમો અશ્વજીત થયો. ત્હેના ચાર પુત્રો

હતા. મલીમાન, સુવર્ણ, માનજીત અને સૌરાષ્ટ્ર. સૌરાષ્ટ્રને નામે સોરાષ્ટ્ર (કાઠીયાવાડ) દેશ કહેવાયો. એ રાજાની મુખ્ય રાજધાની શૈલવતી નગરી હતી, જેને જીર્ણદુગ એટલે જુનાગઢ કહે છે. હવે સૌરાષ્ટ્રનો શીલીપાલ, ત્હેનો ચમૂજીત, ત્હેનો ચન્દ્રચક્ર, ત્હેનો ચક્ષુષ્મંત, ત્હેનો મંણી, ત્હેના યજ્ઞબાહુ, મંણીગ્રીવ અને રત્નસેન એમ ત્રણ પુત્રો થયા. એ અંગદ દેશના રાજા કહેવાય છે અને પટણામાં રાજ્ય કરતા હતા. રત્નસેનનો જગપાલ, ત્હેના બે પુત્ર દિપ્તિમાન અને ભાનુમાન. ભાનુમાનનો સુબાહુ, ત્હેનો ચારૂદેષ્ણ, ત્હેનો સુમતિ, ત્હેનો મેધાવિ, ત્હેનો ઇન્દ્રસેન. એ આન્દ્ર દેશના રાજા છે. એમનો રાજમહેલ "વિજય" પાટણ પ્રાન્તમાં છે. ઇન્દ્રસેનનો સુનક્ષત્ર, ત્હેનો ચન્દ્રસેન, ત્હેનો જુધામન્યુ, ત્હેનો અભિમન્યુ, ત્હેનો હેમવાન. એ કાંબોજ દેશના રાજા કહેવાય છે. હાલ ત્હેમના વંશજોના સ્વાધીનમાં બ્રહ્મદેશનો દક્ષિણ ભાગ કાંબોલીયા કરીને છે. હેમવાનનો પ્રિયવ્રત, ત્હેનો પાલક, ત્હેનો સૌમ્ય, ત્હેનો દેવવર્ધક, ત્હેનો જાતુકર્ણ. તેઓ કર્ણાટક દેશના રાજા છે, જ્યાં મહિસુર દેશ તથા શ્રીરંગપટ્ટણ અને કાવેરી નદી છે. જાતુકર્ણના દેવદત્ત અને કાનિજય નામના બે પુત્ર થયા. દેવદત્તનો પ્રસેન, ત્હેનો ચિત્રકેતુ, ત્હેનો ચિત્રવર્મા. તેઓ કાસ્મીરના રાજા હિમાલય પાસે પ્રસિદ્ધ છે. ચિત્રવર્માનો ચન્દ્રહાસ્ય, ત્હેનો યોગધર્મા, ત્હેનો સૌભગ, ત્હેનો શાંવ, ત્હેનો ચિત્રરથ, ત્હેનો મેઘવર્ણ. એઓ મગધ દેશના રાજા કહેવાય છે. મેઘવર્ણનો ધર્મવૃદ્ધ, ત્હેનો રૂપનીધિ, ત્હેનો રથીતર, ત્હેનો કેતુમાન, ત્હેનો નંદીવર્ધન, ત્હેનો પુષ્કર, ત્હેનો નાભાગ. એઓ અવંતી નગરીના રાજા કહેવાય છે. આ અવંતીને હમણાં ઉજ્જયની કહે છે.

નાભાગના વિદ્યુત અને વિજયસેન નામે બે પુત્ર થયા. વિજયસેનનો સૂરસેન, ત્હેનો જીપૂત, ત્હેનો જયસુર, ત્હેનો રણધીર, ત્હેનો

રાયકોર. એ કનોજના રાજા કહેવાય છે. રાયકોરનો દેવપાલ, જેના નરપાલ, જયપાલ, ભાગ્યપાલ, ધનપાલ, તોશપાલ, કોટપાલ, સિન્ધુરાય, શંકરાય, વત્સરાય, દીનેશરાય, પ્રતિપાલ, કુત્સપાલ, શુનકપાલ, સુરપાલ તથા વનપાલ નામે પુત્રો થયા, જેનો ક્ષત્રિય વંશ આગળ પણ કલિયુગમાં વૃદ્ધિ પામશે. આનો અર્થ શું હોઈ શકે? આગળ કર્ણાટકના રાજાઓ, સૌરાષ્ટ્રના રાજાઓ, બ્રહ્મદેશના દક્ષિણ ભાગના રાજાઓ ક્ષત્રિઓ છે એમ જણાવી વ્યાસજી માત્ર રાઠોડોમાંથીજ ક્ષત્રિય કુલ વૃદ્ધિ પામશે એમ લખે છે. તેમાં યજમાનોને પ્રસન્ન કરવા સિવાયનો પણ કોઇ અર્થ છે?

રાયકોર રાજાના પુત્રો રાઠોડ નામે પ્રસિદ્ધ થયા. એ સોળ રાજપુત્રો જૂદા જૂદા દેશોના અધિપતિ થયા. જાણે જૂદા જૂદા દેશોનાં અધિપતિઓનાં સ્થાન એમને માટે ખાલી રાખી મૂક્યાં ન હોય! કનોજના રાજા વિજયપાલના પુત્રનું નામ જયચન્દ્ર હતું. આ રાજા જયચન્દ્રનાં રૂપ, ગુણ અને કનોજના વૈભવનું વર્ણન કરી વ્યાસજી જણાવે છે કે, જયચન્દની માતા કમલાદેવીએ " પરલોકનું સાધન " મેળવવા "સવા લક્ષ બ્રાહ્મણોને એક પંક્તિમાં ભોજન કરાવી પ્રત્યેકને દક્ષિણા તથા એક ગાયનું દાન" આપવાનો સંકલ્પ કર્યો. એક વર્ષમાં ગાયોનું દાન પૂર્ણ કર્યું. પરંતુ બ્રાહ્મણભોજન કાંઇ બાકી રહ્યું અને મરણસમય આવ્યો. સંકલ્પગત વાસનાને લઇ કમલાદેવીનો જીવ ન ગયો. જયચન્દ વારંવાર આજીજી કરી તેને પૂછવા લાગ્યો. માતાએ સંકલ્પનું સ્મરણ કરાવ્યું. જયચન્દે પુનઃ સંકલ્પ કર્યો, અને બારમાને દિવસે સવા લક્ષ બ્રાહ્મણોને જમાડવા તથા ગાયોનું દાન ફરી આપવાનું પણ લીધું.

સંકલ્પજળ મુખમાં મૂકાયું કે કમલાદેવી દેહમુક્ત થયાં. પછી જયચન્દે તાબે રહેલા ચોર્યાસી રાજાઓને બ્રાહ્મણો સહીત અગીયાર-

માને દિવસે આવે એ પ્રમાણે પત્રો લખ્યા. પત્રોના પ્રત્યુત્તર ન આવ્યા. ત્યારે જયચન્દે બ્રાહ્મણોની સલાહ લીધી. તેમણે ત્હેના (સમીપસ્થ કિંવા નગરવાસી) ભાયાત ક્ષત્રિઓને ભોજન કરાવી દક્ષિણા આપવાની સલાહ આપી. જયચન્દે એ પ્રમાણે પોતાના ભાયાતોને વિનંતિ કરી. ત્હેમણે દક્ષિણા લેવાનો અને બ્રાહ્મણો સાથે બ્રાહ્મણોની પેઠે જમવાની આજ્ઞાનો અનાદર કર્યો. જયચન્દને સહસા ક્રોધ ચ્હડયો અને ત્હેમનાં રાજ્ય લૂંટી લેવાનો હુકમ કર્યો.

આ સ્થળે વ્યાસજીએ એવી અવ્યવસ્થિત અને અર્થ વગરની વાતો ગોઠવી દીધી છે કે જે સર્વથા અસંબંધ તેમજ કલ્પનામૂલક જણાય છે. જયચન્દની માતાએ ગાયોનુ દાન પૂર્ણ કર્યું છતાં ત્હેને પુનઃ સંકલ્પ કરવાની શું જરૂર હતી? કદાચ માની લઇએ કે, તે આવેશમાં હશે કિંવા માતાને પ્રસન્ન કરવા કર્યું હશે. એકજ સ્થળે વ્યાસજી લખે છે કે ચોર્યાસી રાજાઓ પૈકી કોઈ આવ્યું નહોતું માટેજ બ્રાહ્મણોએ ત્હેના સમીપસ્થ ભાયાતોને જમાડવાની સલાહ આપી હતી, અને પાંચેક પંક્તિઓ મૂકી વ્યાસજી કહે છે કે ત્હેમનાં રાજ્ય લૂંટી લ્યો! ત્હેમનાં એટલે કોનાં? ત્હેમનાં રાજ્ય કયાં હતાં? ક્ષણવાર પહેલાં બ્રાહ્મણો રાજાને સલાહ આપતા હતા કે બ્રાહ્મણ અને ક્ષત્રિય સાથે જમે તો સમાન પૂણ્ય થાય તેજ બ્રાહ્મણો ભાયાતો વિરૂદ્ધ થતાં–રાજા ક્રોધે ભરાતાં રાજાને સ્હમજાવવા લાગ્યા અને ભાયાતોનું કથન ખરૂં છે એમ મનાવવા લાગ્યા. વ્યાસજીના આ બ્રાહ્મણોની માનસિક સ્થિતિ કેવી હોવી જોઇએ?

વાસિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલ સારસ્વત બ્રાહ્મણ નીલકંઠના સ્હમજાવવાથી રાજાનો ક્રોધ તો શાંત થઈ ગયો, તથાપિ પોતાનાં અયોગ્ય વચનને તે વળગી રહ્યો અને ભાયાતોને સ્પષ્ટ કહી દીધું કે, છ માસની અંદર જરૂર તમારો નાશ કરીશ. આ ચોર્યાસી ભાયાતો ભય

પામી ગયા અને બ્રાહ્મણ નીલકંઠ જેને તેઓ પ્રાણદાતા માનતા હતા તેને બોલાવી રાજાની સાથે સલ્લાહ કરવાનો વિચાર કર્યો. નીલકંઠ મુનિરાજે ભાયાતોને ત્હેમની સભામાં આવવાનું વચન તો આપ્યું, પણ પોતે જયચન્દથી બ્હીતા હોવાથી તેઓને કહી મોકલાવ્યું કે. "ખાનગી માણસ મોકલજો." આ નીતિ કેવી કહેવાય !

ચાર ઘડી રાત ગયા પછી મુનિરાજ ભાયાતોની સભામાં ગયા. જ્યાં ત્હેમનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો. ભાયાતો જાણે મરણથી ડરતા હોય, રાજ્યની અતિ લાલસાવાળા હોય અને તે પણ જયચન્દની દયા ઉપર અવલંબીને, એવી રીતે ગુરૂ નીલકંઠને તેઓ કહેવા લાગ્યા કે, અમારાં શિર બચાવો અને અમારૂં રાજ્ય પાછું અપાવો ! ક્ષત્રિઓ, જેઓ પ્રાચીન કાળથીજ યુદ્ધ પ્રમત્ત હતા તથા પોતાનાં વચનને માટે કિંવા કુટુમ્બને હીણપદ લાગે એવા પ્રસંગમાં શિરને માટે—જગતની પ્રિયમાં પ્રિય વસ્તુને માટે પણ બેદરકાર રહેતા તે રાજાની દયા ઉપર જીવવાની ઇચ્છા કરે અને બ્રાહ્મણને વચ્ચે બેસાડે એ પણ ક્ષત્રિઓના ઇતિહાસમાં એક નવીન વાત માની શકાય !

ચોર્યાસી રાજાઓને પંડિતજીએ વચન આપ્યું અને ત્હેણે રાજા જયચન્દની સભામાં જઇ તેમનાં રાજ્ય પાછાં અપાવવા તથા ત્હેમનો નાશ કરવાની પ્રતિજ્ઞાનો અમલ ન કરવા માટે વિનંતિ કરી. જયચન્દ ક્રોધથી સભા ત્યજી ચાલ્યો ગયો. પંડિત નીલકંઠ પણ ચાલ્યા ગયા. આ સ્થળે વ્યાસજીએ એક વાક્યમાં દુર્ગાપ્રસાદ નામનો બેવાર પ્રયોગ કર્યો છે. દુર્ગાપ્રસાદ અને નીલકંઠ એકજ વ્યક્તિ હોય એમ જણાય છે. સ્કંદપુરાણાન્તર્ગત હિંગુલાદ્રિ ખંડમાં નીલકંઠને બદલે દુર્ગાદત્તનું નામ છે, અને ચોર્યાસી ભાયાતો ઉપર બ્રાહ્મણો સાથે એક પંક્તિએ ભોજન લેવાનો અને જયચન્દ પાસેથી દક્ષિણા સ્વીકારવા ના કહેવાનો આરોપ નથી, પણ તેઓ જયચન્દના સરદારો હતા અને

તેઓએ જયચન્દનાં નાણાં ઉચાપત કર્યાં એવો તેમના પર આરોપ છે. ત્યાર પછીની કથા (અજાચીની ઉપકથા સિવાય) વ્યાસજીની કથા સાથે મળતી આવે છે. નીલકંઠ કે દુર્ગાપ્રસાદને ચોર્યાસી " રાઠોડો " મળ્યા અને કહ્યું કે ત્હમે જે કાંઈ દુઃખ વેઠો છો તે કેવળ અમારા સારૂ છે, માટે આજથી ત્હમને દશોંદી (અજાચી) પદ આપ્યું છે અને તમારે અમારા સિવાય કોઈની યાચના કરવી નહિ. અમારી પાસે યાચના કરો તથાપિ અજાચી (અયાચી) કહેવાઓ. એ " અયાચી " શબ્દવ્યાખ્યા પણ જાણવા જેવીજ છે !

નીલકંઠ મુનિરાજ એકદમ પ્રસન્ન થઈ ગયા અને કહ્યું કે જયચન્દની દિવાનગીરી તથા ગુરૂપદવી છોડી દઈશ. નીલકંઠ દિવાન હતા, એ તો વ્યાસજી હમણાજ જણાવે છે. રાઠોડોએ એમને તથા એમના વંશજોને માન આપવાનું વચન આપ્યું અને નીલકંઠ મહારાજે ત્હેમની સાથે આવવાનું કબુલ કર્યું. સારસ્વતો અને રાઠોડોનું આવું ઐક્ય જોઈ જયચન્દ વધારે ક્રોધાતુર થયો અને એ સર્વ દુશ્મનોનાં ઘર પોતાને સ્વાધીન કરી લઈ સર્વ સંપત્તિ લૂંટી લીધી.

ક્ષત્રિઓ પુનઃ (કોણ જાણે શા કારણથી ?) ગભરાયા અને ત્રણ દિવસ ભય પામતા સલાહની વાટ જોઈ ત્યાંજ રહ્યા; પણ જયચન્દે ત્હેમની જરા પણ દરકાર ન કરી. ત્યારે આ બાયલા રાઠોડો બીજા રાજાની મદદ લેવા ગયા; પણ ક્ષત્રિય ધર્મથી વિરૂદ્ધ વર્તન કરનાર, મરણથી ભય પામનાર આ ભીરૂઓને કોઈ પણ રાજાએ સહાયતા કરી નહિ. ત્યારે તેઓ સિંધુ દેશ તરફ નાઠા. જયચન્દે ત્હેમને મારવાનો સંકલ્પ કર્યો છે એમ જાણી સિંધુ દેશમાં નાશી ગયેલા એ રાઠોડો પુનઃ ગભરાયા અને બ્રાહ્મણની સલાહ લેવા દોડ્યા, જેણે એમને વરૂણ દેવની પાસે દયાની યાચના કરવા કહ્યું.

રાઠોડો અને બ્રાહ્મણો વરૂણ દેવની સ્તુતિ કરવા લાગ્યા. વરૂણ દેવનાં દર્શન ન થાય ત્યાં સુધી અન્ન કે જળ ન લેવાનો સંકલ્પ કર્યો. ચોથે દિવસે વરૂણ ભગવાનનાં દર્શન થયાં, પણ દેવને ત્હેમના સંકટનાં કારણનું જ્ઞાન નહોતું તે પૂછી વાકેફ થયા અને રાઠોડોને સવા કોશ ઉપર લોઢાનો કિલ્લો દેખાડી દીધો અને તેમાં પ્રવેશ કરવાથી જય થશે એમ કહ્યું. પોતે મદદ કરી હતી ત્હેના બદલામાં “ આજથી કુળદેવ જાણી મારૂં પૂજન માન્ય કરજો ” એમ માગી લીધું. લોખંડના શહેરનું નામ લાહોર પડયું અને આ ચોર્યાંસી રાઠોડ કુટુમ્બો લોહાણાને નામે પ્રસિદ્ધ થયા. એકવીશ દિવસ પછી કિલ્લો અદશ્ય થયો.

જયચન્દ રાજા એક મ્હોટું સૈન્ય લઇ ચઢી આવ્યો, પણ તે હાર ખાઈ નાઠો. લોહાણાઓએ લાહોર શહેર વસાવ્યું. ચોર્યાસી અવટંકો કરી તેમાં લગ્નાદિક ક્રિયાઓ પણ ચાલુ કરી બ્રાહ્મણોને યજમાનોની વ્હેંચણી કરી આપી. વિગેરે, વિગેરે.

આ ઉત્પત્તિમાં સત્યતા ગમે ત્યાં છુપાઇ ગઇ હોય તથાપિ ઉપરથી તો તે ઇસપની વાતો જેવી જણાય છે અને તદનુસાર ભલે આપણે રાઠોડો કે એથી પણ ઉચ્ચ રજપુતો હોઇએ તથાપિ તેને માટે ખુશી થવા જેવું થોડુંજ રહે છે. આ ચોર્યાંસી રાઠોડો, જેમના ઉપરથી શીવજી વ્યાસની માન્યતા પ્રમાણે આપણી નુખોનાં નામ પડયાં છે, તેઓ ભલે આપણા પૂર્વજો હોય તથાપિ ત્હેમના ભીરૂ વર્તનને માટે આપણે શરમાવુંજ પડશે.

વ્યાસજીના કથન અનુસાર લાહોર—લોહગઢ જયચન્દ રાજાના સમયમાં વસાવવામાં આવ્યું હતું. પણ મહમદ ગઝનીની સ્વારીઓનું વર્ણન વાંચનારા બાળકોને પણ વિદિત હશે કે મહમદે ત્રીજી સવારી લાહોરના રાજા જયપાળ ઉપર કરી હતી. મહમદ ગઝની જયચન્દથી

પૂર્વે થયો છે એ વાતનો મતભેદ છેજ નહિ. જયચન્દની પહેલાં લોહાણા હતા એમ સિદ્ધ કરવા ચન્દ ભાટના "પૃથ્વિરાજ રાસા"માં એક પ્રમાણ મળી આવે છે. પૃથ્વિરાજના સામંતોમાં અજાનબાહુ નામે એક વીર સામંત લોહાણો હતો. જો જયચન્દની પછીજ લોહાણા કહેવાયા હોય તો પૃથ્વિરાજના સમયમાં લોહાણા ક્યાંથી આવ્યા ? "અજાનબાહુ કાવ્યખંડ"માંથી થોડો ભાગ અત્રે ઉતારી લઇએ છીએ, જેમાં લોહાણા–એ શબ્દપ્રયોગ વારંવાર યોજાયો છે. નાગરી પ્રચારિણી સભાની ગ્રંથમાલા નંબર ૪, પ્રથમ ભાગ, પૃષ્ટ ૨૭૫ થી ૨૮૦.

अथ लोहानो आजानबाहु समय लीख्यते.

આ પ્રમાણે પ્રકરણનું મથાળું છે.

कवि चन्द किति उपम कहै
लोहाणा तेंावर सुमर ।

ભાવાર્થ:—કવિ ચંદ કહે છે કે લોહાણાની વીરતાના હું શું વખાણ કરૂં ?

लोहानां आजान बानं पथ भीम प्रधानं
आ आरुप सरुप बंकं भरं पधरं करनं
लोहानां तैावर अभंग मुहर सब्ब सामंत
साइ काज सुधार ढंढोलन गय दंत ।

ભાવાર્થ:—લોહાણા અજાનબાહુએ ભીમની ગતિથી બાણના માર્ગમાં ઝંપલાવ્યું. પવનના વેગથી તે પકડયું અને સર્વ સામંતો અંતમાં આંગળી નાંખી રહ્યા તેમ લોહાણાએ પોતાનું વીરત્વ દેખાડયું.

એ સિવાય પણ રાસા ઉપરથી જણાય છે કે પૃથ્વિરાજના સૈન્યમાં લંગરીરાય નામે એક લોહાણો સરદાર હતો. કતારીયો નામે એક મહા વીર લોહાણો ભોળા ભીમનાં સૈન્યમાં હતો. આ સર્વે ઐતિહાસિક સત્ય ઘટનાઓ અને વ્યક્તિઓને માટે શીવજી વ્યાસની ઇસપીય વાતો શું ખુલાસો આપી શકે તેમ છે ?

ફત્તેહગઢનિવાસી ગાંગજી બારોટ કૃત આપણી ઉત્પત્તિ.

શીવજી વ્યાસ સિવાય વાગડ–ફત્તેહગઢના બારોટ ગાંગજીએ પણ આપણી ઉત્પત્તિને માટે એક એથી પણ રસિક કથા પોતાના ચોપડામાં લખી છે. એમણે આપણી ઉત્પત્તિ છેક બ્રહ્માની ભૂજાઓ સુધી પહોંચાડી છે ! ગાંગજી બારોટે લોહાણાની ઉત્પત્તિ સંબંધમાં એક પણ પુસ્તક લખ્યું નથી, તથાપિ બે ત્રણ સ્થળે એમના ચોપડા વંચાવવાનો પ્રસંગ આવતાં એમણે નિમ્ન લીખીત એક ઇસપીય વાર્તા કહી હતી. તે વાર્તા અક્ષરે અક્ષર આપણા જ્ઞાતિભાઈ ભરૂચવાળા મી. હરજીવનદાસે ઉતારી લીધી છે જે અમારી પાસે છે. તથા તેજ વાર્તા વિવાહદર્પણના કર્ત્તા ભુજનિવાસી મી. જોબનપોત્રાએ પોતાના ઉપરોક્ત ગ્રન્થમાં પ્રસિદ્ધ કરી છે અને તેમાં એ પણ જણાવ્યું છે કે, એ વાર્તા એમણે બારોટજીના ચોપડામાંથી ઉતારી લીધી છે. અલબત એ વાર્તાનો ઉતારો કર્યા છતાં તેની સત્યાસત્યતાની તુલના નથી કરી એટલો દોષ એમનો ખરો, બાકી આપણે તો એ ઇસપીય વાર્તા માટે બારોટ ગાંગજીનેજ જોખમદાર ગણીશું.

આપણી વંશાવળીનો પ્રારંભ ભગવાન ઈક્ષ્વાકુથી થાય છે. ઇક્ષ્વાકુ કુલોત્પન્ન શ્રી રામચન્દ્ર મહારાજના જ્યેષ્ટ પુત્ર લવના આપણે વંશજ છીએ. બારોટજીના કથનાનુસાર લવ મહારાજની પછી આપણે ૨૦૫–અંકે બસોને પાંચ-પેઢીઓ સુધી ભારતવર્ષના જૂદા જૂદા પ્રદેશોમાં રાજ્ય કરતા હતા. તમામ રાજપુતો સાથે ભોજન-

તેમજ કન્યાવ્યવહાર વિક્રમ સંવત ૧ સુધી હતો. ઈ. સ. ના (વિક્રમના નહિ) દશમા સૈકામાં કાશીના મહારાજાના પેટામાં ખંડીયા જમીનદારો હતા. જૂદા જૂદા પ્રદેશના રાજ્યકર્ત્તાઓ એકાએક ધસડાઈ આવી કાશીના રાજાના જમીનદાર થઇ જાય એ પણ એક અઘટિત ઘટનાજ માની શકાય !

બારોટજી વિશેષ કહે છે કે આપણે ક્ષત્રિય ખરા પણ મહારાજ લવ અને કુશ રૂષિઓના આશ્રમમાં જન્મ્યા હતા, ત્યાંજ અભ્યાસ કરતા હતા અને રૂષિઓજ ત્હેમને શિક્ષણ આપતા હોવાથી, આપણે ત્હેમના વંશજ પણ બ્રાહ્મણોની પેઠે કર્મ કરતા હતા તેમજ જનોઇ પણ બ્રહ્મગાંઠની પહેરતા હતા, પણ બ્રાહ્મણોની પેઠે અગીઆરમું, બારમું કે શ્રાદ્ધ જમતા નહિ. જ્યારે જમીનદાર થયા ત્યારેજ બ્રાહ્મણકર્મ કરનારા ક્ષત્રિઓ બસોને પાંચ પ્હેડી સુધી બ્રહ્મકર્મ કરતા હતા કે નહિ તે બારોટજીએ નથી દર્શાવ્યું. વાર્તાનો ખરો પ્રારંભ હવે થાય છે.

દશમા સૈકામાં કાબુલ કે ઇરાન તરફથી કોઇ મુસલમાન બાદશાહ કાશી ઉપર ચ્હડી આવવાનો હતો, છતાં કાશીરાજાને આગળથી તાબે થવા કહેણ મૂકેલ, પણ કાશીરાજ તાબે ન થયો અને એ ઇરાન કે કાબુલના બાદશાહના આવવાના માર્ગપર કયાંક સ્હામે જઈ અધવચેજ એ મુસલમાન બાદશાહ સાથે લડાઇ કરી. જેમાં એ બાદશાહ માર્યો ગયો, અને ત્હેની સાથે આવેલી હુરમોમાં એક ઘણીજ ખુબસુરત હતી ત્હેનાપર કાશીરાજ મોહી પડયો. અત્રે બારોટજી જણાવે છે કે આ હુરમની ખુબસુરતીનું વર્ણન તે વખતની કવિતામાં વિસ્તારપૂર્વક છે. આ વર્ણન પણ જો ગાંગજી બારોટ આપણા ઇતિહાસમાં મૂકત તો જરૂર તે વધારે રસમય બનત અને ઈતિહાસના જીજ્ઞાસુઓને તે એક સાધન થાત.

"કાશીરાજે આ ખુબસુરત હુરમને પોતાની રાણી બનાવી અને એકાદ વર્ષ ત્હેને સાથે પણ રાખી; પરન્તુ પાછળથી એ મુસલમાન બાદશાહના વારસો રૂમ, સુમ કે બીજી કોઈ (ભાટ મહારાજને ખબર નથી) સલતનત પાસેથી એક લાખ માણસનું સૈન્ય લઇ ફરી ઓચિન્તી કાશીપર ચઢાઇ કરી અને હુરમ પાછી લઈ ગયા." પણ કાશીરાજનું રાજ્ય પણ ન લીધું તેમજ ત્હેને કાંઈ શિક્ષા પણ ન કરી. મુસલમાનોની ભલમનસાઈ અને આવા પ્રકારની ઉદારતાનું આ વિરલ દૃષ્ટાન્ત ફક્ત આ અદ્વિતીય ઇતિહાસમાંથીજ મળે છે.

બારોટજી આગળ લખે છે કે કાશીરાજાએ અમુક મુદત સુધી મુસલમાન હુરમને ઘરમાં રાખેલ, જેને માટે જ્ઞાતિબહાર થયેલ હશે. બેશક, રાજાને પણ ન્યાયને માટે દંડ દેનાર તે વખતના પટેલીઆને પણ ધન્યવાદ આપવો ઘટે છે, પરન્તુ મુસલમાન હુરમ જ્યારે રાજાના ઘરમાં હતી ત્યારે એ મહાજનો કયાં હતા એ સવાલ આપણે ભાટ મહારાજને ન પૂછી શકીએ? માની લ્યો કે તે વખતે મહાજનોની ભૂલ થઈ ગઈ હશે કિંવા "સમરથ કો નહિ દોષ ગુસાંઇ" એ તુલસીદાસ મહારાજનું વાક્ય વર્તનમાં મૂકયું હશે.

રાજેશ્રી ગાંગજી બારોટ અહીં એક વાકય લખે છે, જે અમે અક્ષરેઅક્ષર ઉતારી લઇએ છીએ. તે કેટલું અર્થશૂન્ય તથા સંશયયુક્ત છે તે વાંચવાથી તરત સ્હમજાશે.

"તે ફરી જ્ઞાતિમાં આવવા માટે દેહશુદ્ધિ કરવા અથવા સંવત ૧૦૦૦ ના અરસામાં કાશીના રાજા રણસિંહનું મૃત્યુ થયા પછી ત્હેના પુત્ર ગુણસિંહ રાઠોડને પોતાના પિતાના યુદ્ધમાં થયેલા મૃત્યુને લીધે ત્હેની સદ્‌ગતિ બાબત મ્હોટા પંડિતોની સલાહ લેતાં તેણે અશ્વમેધ યજ્ઞ કરવો અથવા તે ન બની શકે તો તેને બદલે એક લાખ બ્રાહ્મણ જમાડવાની રાજાને સલાહ આપી." વિગેરે.

રાજાએ બ્રાહ્મણો એકઠા કરવા માંડયા તો ૮૫૦૦૦ બહુજ શ્રમથી મળ્યા. ફરી ઋષિઓની સલાહ લીધી તો તેણે લવાણાને જમાડવાનું કહ્યું, કારણ કે તેઓ સર્વ કર્મ બ્રાહ્મણનાજ કરતા હતા. તેઓ શ્રાદ્ધાદિકનું જમતા નહોતા પણ બ્રાહ્મણોએ રાજાને સલાહ આપી કે જો દબાણથી તેમને જમાડી દક્ષિણા આપવામાં આવે તો ઉલટું એકને જમાડતાં દશ બ્રાહ્મણોને જમાડવા જેટલું ફળ ગણાશે. ભટ મહારાજે લોહાણાઓની કીંમત તો સારી કરી છે! આનો સ્પષ્ટ લક્ષ્યાર્થ લેવામાં આવે તો લેખકનો ઉદ્દેશ લોહાણાઓને બ્રહ્મક્ષત્રિય કહેવાનો છે. અસ્તુ. એનો વિચાર આપણે આગળ કરીશું.

બ્રાહ્મણોની સાથે અને ત્હેમની માફક જમવાની લોહાણાઓએ સાફ ના કરી દીધી અને તકરાર વધતાં તેમણે એમ પણ જણાવ્યું કે, પ્રેતભોજન જમવું એ મહા પાપ છે. (અહીં પ્રેતભોજનની સ્પષ્ટ વ્યાખ્યા કરવી જોઇતી હતી. આજે તેર દિવસે જ્ઞાતિભોજન થાય છે ત્હેનો પ્રેતભોજનમાં સમાવેશ થાય કે નહિ અને જો થાય તો પ્રેતભોજનમાં પાપ માનનાર લોહાણાઓએ તે કેવા સંજોગોમાં સ્વીકારી લીધું એ પણ વિચારવા યોગ્ય છે.)

ક્ષત્રિઓ (બ્રહ્મક્ષત્રિઓ)ના ઇન્કારથી રાજા તરત ગુસ્સે થઇ ગયો અને આવેશમાંજ લોહાણાઓને સાથે જમવાની અગર તો યુદ્ધ કરવાની માગણી કરી. આવા કારણથી યુદ્ધ કરવું અયોગ્ય ધારી સંવત ૧૦૦૧ના આસો વદી ૧ ને દિવસે એક લાખ અને નવ (પૂરેપૂરા !) બ્રહ્મક્ષત્રિઓએ અને સાથે સંખ્યાબંધ ભાટોએ આપણી મૂળ ભૂમિનો ત્યાગ કરી લાહોર તરફ પ્રયાણ કર્યું. કાશીરાજાનો ક્રોધ તેથી વધારે ઉશ્કેરાયો અને તેથી તેણે એ નાશી જતા બ્રહ્મક્ષત્રિઓની પુઠે એક મ્હોટું લશ્કર મોકલ્યું. બન્ને લશ્કરનો મેળાપ થતાં મોટી લડાઇ થઇ, જેમાં કાશીરાજાના એક લાખ ત્રેસઠ હજાર મા-

ણુસો તથા બેયાસી હજાર નવસો ને સાઠ બ્રહ્મક્ષત્રિઓ રણક્ષેત્રમાં પડયા. બ્રહ્મક્ષત્રિઓ ગભરાયા અને દરિયાલાલની સ્તુતિ કરવા લાગ્યા. ત્રણ દિવસ સુધી બહુ બહુ પ્રાર્થના કરી ત્યારે એક જણને વાસો આવ્યો અને ધુણવા લાગ્યો. ત્હેને પૂછયું ત્યારે સ્હામે આંગળી કરી અને લોઢાનો ગઢ બતાવ્યો અને ખૂબ ભલામણ કરીને કહ્યું કે, " ત્હમે સૌએ એકસંપ કરીને રહેજો. "

બ્રહ્મક્ષત્રિઓ આ લોઢાના ગઢમાં દાખલ થયા, પણ ત્હેમનામાં સંપ ફક્ત ત્રણ દિવસ રહ્યો. વાહ! એવીજ જો આપણા પૂર્વજોની બુદ્ધિ હોય તો ત્હેમને માટે શું વિચાર ઉત્પન્ન થાય એ વિવેકી વાંચનાર પોતેજ સ્હમજી લેશે! કાશીરાજાનું લશ્કર આવી પહોંચ્યું. બ્રહ્મક્ષત્રિઓ લોઢાના ગઢમાં હોવા છતાં, દરિયાલાલની કૃપાનું હમણાંજ દર્શન થયું હોવાથી નિર્ભય છતાં, કુસંપ કરી તકરાર કરવા લાગ્યા અને કાશીરાજાની સાથે લ્હડવાને બદલે પોતામાંજ લ્હડવા લાગ્યા અને લડતાં લડતાં ગઢની બહાર આવી ગયા. કાશીરાજાને લાગ મળ્યો; ત્હેણે હજારો બ્રહ્મક્ષત્રિઓને મારી નાંખ્યા. આમ જ્યારે હાર થઈ ત્યારેજ દરિયાલાલનાં " સંપ રાખજો " એ વચનોનું સ્મરણ થયું. પુનઃ સંપ કર્યો અને કાશીના લશ્કર ઉપર જય મેળવ્યો.

બારોટ આગળ જણાવે છે કે આ બ્રહ્મક્ષત્રિઓ જે લોહગઢમાં આવ્યા પછી લોહાણા કહેવાતા હતા તેઓએ એકસો ને આઠ નુખ પાડી તથા નવી પરણેલી અનેક વિધવાઓ થઈ હોવાથી સર્વેએ મળી પુનર્લગ્નનો રિવાજ પસંદ કર્યો. તે વખતથીજ આપણે વ્યાપારીનું કામ કરવા લાગ્યા.

એ પછી તરત સિંધમાં મુસલમાન લોકો આપણા ઉપર હુલમ કરવા લાગ્યા અને લોહાણાઓને મુસલમાન ધર્મમાં વટલાવવા અસહ્ય સંકટો આપવા લાગ્યા. પુનઃ દરિયાલાલની પ્રાર્થના કરવામાં

આવી જેથી સંવત ૧૦૦૭ માં ઉદ્દેરાલાલનો જન્મ નસરપુરમાં રતનરાય નામના લોહાણાને ત્યાં થયો. દરિયાલાલે અનેક ચમત્કારો કર્યા, જેથી મુસલમાનો ઠંડા પડયા અને લોહાણાઓની લાજ રહી. તે વખત પછી લોહાણા દરિયાલાલના ખરા ઉપાસક બન્યા છે.

આ ઇતિહાસ પ્રમાણે આપણો ઐતિહાસિક સમય બસેં વર્ષ લંબાવી શકાય છે, તથાપિ આ ઉત્પત્તિમાં જરા પણ ઇતિહાસનો અંશ હોય એમ દેખાતું નથી અને કદાચ હોય તોપણ ઇતિહાસના જીજ્ઞાસુને તૃપ્તિ આપવા તેનું જરા પણ સ્ફોટન થયું નથી.

કાશી ઉપર કોઇ પણ મુસલમાન બાદશાહે ઈ. સ. ૧૦૦૧ કે વિક્રમના દશમા સૈકામાં ચઢાઈ કરી હોય એ વાત ઈતિહાસસંમત નથી. કદાચ તેમ પણ હોય તથાપિ લોહાણાના ઈતિહાસને તેથી જરા પણ લાભ નથી. ગાંગજી બારોટના કથનાનુસાર ઈ. સ. ના દશમા સૈકામાં લોહાણા સિંધમાં આવ્યા પણ સિંધનો એક પ્રાચીન ઇતિહાસ કે જેનું નામ “ ચચનામા ” છે ત્હેની મૂળ ભાષા અરબી છે અને તે બારમા સૈકામાં લખાયો છે, તથાપિ તેમાં વસ્તુ “ચચ” નામનો બ્રાહ્મણ રાજા, જે સાતમા સૈકામાં થઈ ગયો ત્હેના સમયનું છે અને લખનારના અભિપ્રાય પ્રમાણે ત્હેનું મૂળ એજ વખતમાં (સાતમા સૈકામાં) લખાયાનું જણાય છે. ઇતિહાસનું વસ્તુ જોતાં તે સાતમા સૈકાનું છે એ વાત સત્ય ઠરે છે અને સર એચ. ઈલીયટ તેમજ બીજા પંડિતો તે સ્વીકારે પણ છે. આ ચચનામામાં ચચના સમયમાં લોહાણાનું એક સમર્થ રાજ્ય સિંધમાં હોવાનો ઉલ્લેખ વિસ્તારપૂર્વક મળી આવે છે. એ ગ્રન્થ ઉપરથી એ વખતના લોહાણાઓના સાંસારિક જીવન સંબંધી પણ કેટલીક હકીકત મળી આવે છે. ગાંગજી બારોટની કથા ઇતિહાસ તરીકે બીનપાયાદાર છે એવું ઠરાવવા આ એકજ હવાલો સંપૂર્ણ છે.

ત્રીજી એવાજ પ્રકારની પણ કંઇક ઐતિહાસિક અંશવાળી કથાને " લોહાણા ક્ષત્રિઓનો ઈતિહાસ " એવું સુરમ્ય નામ આપવામાં આવ્યું છે. ત્હેના કર્ત્તા મુમ્બાઈનિવાસી કવિરાજ પ્રાગજી ધનજી બલિભદ્ર છે. આ ઇતિહાસના પુસ્તકમાં બહુધા સારસ્વત અને લોહાણાઓનો સંબંધ બતાવવા કે કાલ્પનિક રીતે ઠસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ઈતિહાસ યદ્યપિ હિંગુલાદ્રિ પુરાણને આધારે યોજવામાં આવ્યો છે તથાપિ તે વિચારપૂર્વક અને વિસ્તારથી યોજવામાં આવ્યો છે.

પ્રારંભમાં દધિચી મુનિ અને પરશુરામથી ક્ષત્રિય બાળકોનાં રક્ષણની કથા કહેવામાં આવી છે. આ કથા ઐતિહાસિક દૃષ્ટિથી વિશ્વસનીય નથી.*

---

* (૧) પરશુરામની કથા જૂદા જૂદા ગ્રન્થોમાં જૂદી જૂદી રીતે આપેલી છે. મહાભારતમાં વનપર્વાન્તર્ગત તીર્થયાત્રા પર્વમાં પરશુરામની કથા કહેલી છે. કામધેનુનું હરણ, સહસ્રાર્જુનનો વધ, માતા અને ગંધર્વનો સ્નેહ, પિતાના ક્રોધથી માતા અને ભાઇઓનો વધ, ત્હેમનું પુનઃ સજીવન થવું, સહસ્રાર્જુનના પુત્રોની પિતાનું વૈર લેવાની ઈચ્છા, પરશુરામનાં માતાપિતાનો નાશ, પરશુપરશુરામનો ક્રોધ અને એકવીશવાર આ પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાના ઘોર પ્રતિજ્ઞા, અહીં સુધીની વાતો થોડાઘણા ફેરફાર સહિત રામાયણ, મહાભારત અને પુરાણોમાં સમાન છે. હવે પછીના ભાગ માટે ક્ષત્રિઓનું રક્ષણ કેમ થવા પામ્યું એને માટે જૂદાં જૂદાં શાસ્રો જૂદી જૂદી રીત દર્શાવે છે. [વનપર્વ અધ્યાય ૧૧૭ મો, ૯–૧૦–૧૧.]

આ રીતે સમર્થ એવા પરશુરામે એકવીશવાર પૃથ્વીને નક્ષત્રી કરીને સ્યમંતપંચક નામના ક્ષેત્રમાં લોહીનાં પાંચ ધરો ભર્યાં હતાં, અને ભૃગુ

આ ઇતિહાસ પ્રમાણે જયચન્દના કાળમાં તમામ ક્ષત્રિય પ્રજાના અડતાળીશ રાજ્યકુટુમ્બો હતાં અને તેઓ નિરનિરાળા પ્રદેશોપર રાજ્યસત્તા ભોગવતા હતા. છત્રીશ રાજ્યકુટુમ્બો હિન્દના જૂદા જૂદા ભાગોમાં રાજ્ય કરતાં હતાં, જ્યારે બાર ફક્ત ઉત્તર પ્રદેશમાં રાજ્ય કરતાં હતાં. ઇતિહાસના વાચનારા જાણતા હશે કે રાજપુતોનાં છત્રી-

---

કુલોત્પન્ન પરશુરામે તે ધરોમાં લોહીથી સર્વ ભૃગુઓને તૃપ્ત કર્યા હતા તથા પૃચીકનાં પ્રત્યક્ષ દર્શન કર્યા હતાં, અને તેણે પરશુરામને ક્ષત્રિઓનો નાશ કરતા અટકાવ્યા હતા. તે ઉપરથી પ્રતાપી પરશુરામે ક્ષત્રિઓના સંહારનું કામ બંધ રાખ્યું અને મહા યજ્ઞ કરી દેવેન્દ્રને પ્રસન્ન કર્યા હતા અને વરણમાં વહેલા બ્રાહ્મણોને પૃથ્વીનું દાન આપ્યું હતું.

(૨) રામાયણમાં શ્રી જનક મહારાજને ઘેર સીતાસ્વયંવરમાં પરશુરામ અને રામનો ભેટો થતાં ત્હેણે પોતાનું સર્વ બળ રામમાં જોઇ ત્હેને નમન કર્યું હતું અને ક્ષત્રિઓનો નાશ કરવાનો વિચાર ત્યજી દીધો હતો. પુરાણોમાં પણ એજ વાત આવે છે. ફક્ત હિંગુલાદ્રિ ખંડમાંજ દધિચી મુનિ અને સિંધુ દેશના રાજા રત્નસેનના પાંચ પુત્રોનું રક્ષણ તથા બ્રાહ્મણો ક્ષત્રિઓ પાછળ કેમ વટલ્યા એ કથા છે. કાઠીયાવાડ, ગુજરાત અને કચ્છમાં વસતા બ્રહ્મક્ષત્રિઓમાં પણ દધિચી મુનિ અને કોઇ રાજાના બાર પુત્રોનું રક્ષણ થયેલું જણાવવામાં આવે છે. આમાં સત્યતા કયાં છે એ સ્હમજાતું નથી. વાસ્તવિક રીતે તો બ્રાહ્મણો અને ક્ષત્રિઓ પરાપૂર્વથી ભોજનવ્યવહારનો વાંધો લેતા નહોતા. અર્વાચીન કાળમાં જ્ઞાતિઓનાં ભોજનબંધન દૃઢ થતાં સારસ્વતોએજ આવી વાતો યોજી હોય એ સર્વથા સંભવિત છે.

શ કુળો છે. ભાટોના ચોપડા, ચન્દનો રાસો તથા અન્ય જૂદા જૂદા ઇતિહાસોનાં બારિક અવલોકન પછી ટૉડ સાહેબે છત્રીશ શાખાઓ હોવાનો નિશ્ચય કર્યો છે તથા એ સર્વ શાખાઓ અને પેટાશાખાઓનું એમના રાજસ્થાનના પ્રથમ ભાગમાં પૃષ્ટ ૩૬ થી ૭૦ સુધી સવિસ્તર વર્ણન આપવામાં આવ્યું છે, બાકીનાં બાર કુટુમ્બો કયા ગ્રન્થ કે પ્રમાણને આધારે લેવામાં આવ્યાં છે તે કવિરાજે જણાવ્યું નથી. આ બાર રાજ્યકુટુમ્બો કવિરાજ નીચે પ્રમાણે જણાવે છેઃ—

૧ લોહર (લોહાણા), ૨ ક્ષત્રિય (પંજાબના ખત્રી), ૩ ભાણુસર (ભણુશાલી કે ભાનુશાલી), ૪ સોનર (સોની), ૫ કાયસ્થ, ૬ ભટ્ટી (ભાટીયા), ૭ દેપાલ, ૮ અરોડ, ૯ બાવ, ૧૦ ધૂળધવ, ૧૧ ગિરાણુ અને ૧૨ સાવર.

મધ્ય હિન્દનાં પવિત્ર તીર્થાલય પ્રયાગરાજને વિષે વેદપારંગત મહાત્મા સારસ્વત ૠષિ નીલગુરૂએ યજ્ઞમંડપ રચ્યો હતો. યજ્ઞનારાયણનાં દર્શનાર્થે આવવા તમામ ક્ષત્રિય રાજાઓને આમંત્રણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત બાર રાજ્યકુટુમ્બોના રાણાઓ જાતેજ યજ્ઞદર્શનને માટે ગયા હતા, અને છત્રીશ રાજ્યકુટુમ્બોએ ભેટ વિગેરે પોતાના સેવકો કે પ્રતિનિધિઓદ્વારા મોકલી વિવેક દર્શાવ્યો. આથી મહાત્મા નીલગુર ગુસ્સે થયા અને એ છત્રીશ રાજ્યકુટુમ્બોને યજમાનના લીસ્ટમાંથી બાતલ કર્યાં. વાંચકબંધુ ! ત્હને આ કલ્પના કે ભાવના કોઇ પણ રીતે યુક્ત જણાય છે ? એકજ ક્ષણે જે મહાત્મા કહેવાય તે બીજીજ ક્ષણે નજીવી વાત માટે ક્રોધ કરે એ વાત સત્યતાયુક્ત હોઇ શકે કે ?

હવે કવિરાજ આપણી ઉત્પત્તિની ભાવના કંઇ જૂદીજ દિશામાં દોરી જાય છે. ક્ષાત્રકુળભૂષણ લોહર જશરાજ એક દેવાંશી અને પ્રતિષ્ઠિત રાજ્યપતિ, કનોજનાધિશ જયચન્દ્ર રાઠોડનો સમકાલિન હતો

અને ઉપરોક્ત બાર કુટુમ્બમાંથી લોહરો ઠઠ્ઠાના તખ્ત ઉપર રાણાના ઇલ્કાબથી રાજ્ય કરતા હતા. જયચન્દ્રની માતાની ઉત્તરક્રિયા નિમિત્ત થયેલા ભોજન પ્રસંગે ત્હેના ભાયાતો જમવા તો ગયેલા પણ ભોજન પાત્રમાં જમવાને બદલે પ્રેતભોજનનું પ્રાયશ્ચિત ન લાગે એવા કોઈ કારણથી એકેક વસુમુદ્રા મૂકી ગયેલા. આથી જયચન્દ્ર ક્રોધાયમાન થયો. જયચન્દ્રના ભાયાતો સિંધના રાણાના શરણમાં આવ્યા અને લોહર જશરાજે ત્હેમને પોતાના શરણમાં રાખ્યા.

જયચન્દ્ર અને જશરાજ વચ્ચે તૂમૂલ યુદ્ધ થયું અને પુરોહીત સિંધુશર્મા અને જશરાજે મળી પોતાનાં યુદ્ધબળ અને ચાતુર્યથી જયચન્દ્રને હરાવ્યો તથા જયચન્દ્રની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો. પછીજ જશરાજ (જેના હાથમાં લગ્નસમયનું રક્ષાકંકણ હતું) તથા સિંધુશર્માએ પણ પોતાના દેહ અર્પણ કર્યા.

આ યુદ્ધમાં હજારો વીર પુરૂષો કામ આવી ગયા હતા; એટલે એમની સદ્‌ગતિ નિમિત્તે સોમયજ્ઞ કરવાનો વિચાર કર્યો. પરમહંસ પરિવ્રાજકાચાર્ય જગદ્‌ગુરૂ શંકરાચાર્ય અને રૂષિમંડળ અને હિંદના રાજા–રાણાઓના ગંજાવર સમુદાય વચ્ચે સોમયજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. યુદ્ધમાં પડેલા વીરોની અનેક વિધવાઓ થઇ હોવાથી એ સવાલ ઉપર શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો અને શ્રીમન શંકરાચાર્યની સંમતિથી અક્ષતયોનિ વિધવાઓ માટે પુનર્લગ્ન શાસ્ત્રસંમત ઠર્યું. કવિરાજે અત્રે સ્પષ્ટ ખુલાસો કરવો જોઇતો હતો કે પુનર્લગ્ન કોને કહેવાય ? આપણામાં જે પદ્ધતિથી નાતરાં થાય છે તે પદ્ધતિ પણ શાસ્ત્રસંમત છે કે નહિ ? અક્ષતયોનિ કોને કહેવાય ?

હવે ઉપરોક્ત કથાઓની તુલના કરવાનો વાંચકને પોતાનેજ અવકાશ મળે તેટલા માટે હિંગુલાદિ ખંડમાં લોહાણાની ઉત્પત્તિનો ભાગ છે તેની પણ અત્રે ટુંક નોંધ લઈ લઇએ છીએ. પ્રથમ તો

હિંગુલાદ્રિ પુરાણકાર એક ગભીર ભૂલ જાતિનિર્ણયમાં કરે છે. (જુઓ હિંગુલાદ્રિપુરાણ ભાષાંતર.) આ ભાષાંતરનાં પૃષ્ટ ૨૯૧ માં નીચે પ્રમાણે વૃક્ષ આપેલું છે:—

ક્ષત્રિય.

- **શસ્ત્ર ધરનાર**
  - રજપુત
  - કાઠી
  - વાઘેર
  - મેર
  - મરાઠા
- **કલમ ધરનાર તથા શિલ્પશાસ્ત્રી**
  - બ્રહ્મક્ષત્રિય
  - કાયસ્થ
  - ભાનુશાળી
  - પરભુ પાટણી
- **વ્યાપાર કરનાર**
  - લુહાણા
  - ભાટીયા

કાઠી, વાઘેર અને મેરને રજપુતની પંક્તિમાં બેસાડનાર આ અદ્વિતીય પુરાણના પ્રમાણ સિવાય બીજાં કોઇ પ્રમાણ ભાગ્યેજ મળશે. અસ્તુ. પૃષ્ટ ૨૯૧ માં આગળ લોહાણાની કથા નીચે પ્રમાણે છે:—

“ જ્યારે જયચન્દ્ર રાજા કનોજમાં રાજ્ય કરતો હતો ત્યારે રાઠોડ વંશના એના ચોર્યાશી સરદારો જેઓ રાજ્યકારભારની વ્યવસ્થા કરતા હતા તેઓએ રાજ્ય સંબંધી કેટલાક પૈસા પચાવી પાડયા. જયચન્દ આથી ઘણો ગુસ્સે થયો અને આ સરદારોને મારી નાંખવાનો નિશ્ચય કર્યો. પણ દુર્ગાદત્ત નામના બ્રાહ્મણના વચ્ચે પડવાથી તેમને છ માસની મુદત આપી..........” એ પછીની કથા ઉપર જણાવેલી વ્યાસ શીવજી ભાગ્યચંદની કથા પ્રમાણે છે.

એકની એકજ વાત દંતકથારૂપે કેવું અને કેમ પરિવર્તન પામે છે—માત્ર લોકમાન્યતા ઉપર રચાયેલી ઉત્પત્તિની ભાવના કેટલે અંશે

વિશ્વસનીય હોઇ શકે એ બતાવવા આનાથી વધારે સારાં ઉદાહરણો ભાગ્યેજ મળશે.

દ્વારકાના વકીલ મી. દ્વારકાદાસે પણ " લવાણા ક્ષત્રિઓની ઉત્પત્તિ અને ઇતિહાસ " નામે એક પુસ્તક રચ્યું છે. આ પુસ્તકમાં ઇતિહાસનો વિચાર થયો છે અને લખનારે તેમાં સત્યતાને સ્થાન આપવા પ્રયત્ન કર્યો છે; પણ એમનો સિદ્ધાંત એકદેશીય થયો છે. રા. વકીલે કાશ્મીરના ઇતિહાસને આધારે કવિરાજ બળભદ્રની પેઠે લોહર ઉપરથી લોહરો થયાનું માની લીધું છે અને કાશ્મીરના ઇતિહાસમાં લોહરો તેજ લોહાણા છે એમ સ્વીકારી લીધું છે. પ્રમાણમાં એજ ઇતિહાસ (સ્વ. ઇચ્છારામ સૂર્યરામ કૃત ભાષાંતર પૃષ્ટ ૧૪) માં રાજા લવે લોહુર વસાવ્યું તેજ લોહર છે અને આથી લવના લોહાણા કહેવાય છે, એ વાતનું પણ સમર્થન કર્યું છે.

પ્રથમ એમણે કાશ્મીરના રાજા લવનું વસાવેલું શહેર લોહુર જેને મુસલમાન ઇતિહાસકારો લોહુર કહે છે, તેજ કાશ્મીરના ઇતિહાસમાં પ્રસિદ્ધ લોહરગઢ છે એમ દૃઢ કરેલી માન્યતા ભૂલભરેલી તેમજ પ્રમાણરહિત છે. લોહુર અને લોહર એ બે ભિન્ન પ્રદેશો છે. કદાચ એ એકજ હોય એમ પણ માની લઇએ તથાપિ કાશ્મીરના ઇતિહાસ રાજતરંગિણીનો કર્ત્તા કાશ્મીરના પ્રથમ રાજાઓ—ગોનંદથી સર્વ ચન્દ્રવંશી હોવાનું કહે છે અને લવ પણ તે પૈકીજ હોવાથી આપણો ભગવાન રામચન્દ્રજીના પુત્ર લવની સાથેનો સંબંધ તૂટી જાય છે. લોહરોની પ્રજા કાશ્મીરના ઇતિહાસમાં દશમા સૈકામાં પ્રસિદ્ધ થઇ છે. જો કે તે એક પ્રાચીન પ્રજા છે, તથાપિ એજ લોહરો લોહાણા—લુહાણા કે લવાણા કેમ થયા એ એક ગંભીર પ્રશ્ન છે. જો લવ ઉપરથી અપભ્રંશ લવાણા હોય તો લોહરને વચમાં લાવવાની જરૂરજ શી હતી ? જ્યાંસુધી વધારે સબળ દલીલો ન મળે ત્યાંસુધી

માત્ર નામ-સ્વ અને લોલુર ઉપરથી આપણે કાશ્મીરના લોહરો છીએ એમ માની શકતા નથી. આ લેખમાં રજુ થયેલી દલીલોથી ઉપરોક્ત માન્યતાનું ખંડન થઈ જતું હોવાથી અત્રે અમે ત્હેનો વિશેષ વિસ્તારવાળો ઉત્તર આપવાનું અપ્રાસાંગિક ધારીએ છીએ.

એ સિવાય શ્રીમન્ નથુરામ શર્માના શિષ્યોમાં પ્રસિદ્ધ બ્રહ્મચારી શ્રી નૃસિંહ શર્મા તથા ગોવીન્દ વર્મા-એમના તરફથી " લવાણા ક્ષત્રિઓની ઉત્પત્તિ " નામનું એક પુસ્તક પ્રગટ થયું છે. અમારે કહેવું જોઇએ કે કાઠીયાવાડમાં કેટલીક સમાન હિંદુ જાતિઓ તરફથી લોહાણાને યજ્ઞોપવિતનો અધિકાર પણ નથી એમ કહેવામાં આવતું તે વખતે શ્રીમન્ નથુરામ શર્મા અને એમના વિદ્વાન શિષ્યવર્ગે આવું એક પુસ્તક પ્રકટ કરી તેમજ ઉપદેશદ્વારા લોકોની એ માન્યતા દૂર કરી હતી અને તેમ કરી કાઠિયાવાડમાં તેમજ દેશાવરમાં વસતા લોહાણાઓ ઉપર એમણે મ્હોટો ઉપકાર કર્યો છે. આપણે તેટલા માટે એમના રૂણી છીએ તથાપિ ઇતિહાસ તરીકે એમની માન્યતા વજનદાર માનવાને કારણો નથી.

જોશી ભીખારામ શીવજી કનૈયા વિગેરેએ પણ આવો પ્રયત્ન કર્યો છે; પરંતુ તેમનો પ્રયત્ન લોકપ્રસિદ્ધ તેમજ નવીન ન હોવાથી તે સંબંધી કશી પણ ચર્ચા કરવાની આવશ્યક્તા નથી.

લોહાણાની ઉત્પત્તિ સંબંધી કંઇક વિસ્તારપૂર્વક વાર્તારૂપે શાસ્ત્રી નર્મદાશંકર દામોદર યાજ્ઞિક તથા અંબાશંકર પરમાનંદ જોશીએ " સદ્‌ગુણી વીર શ્રુતસેન અથવા એક ધાર્મિક પુરૂષનું ચરિત્ર " નામે પુસ્તકમાં કહેલું છે. આ પુસ્તકમાં જે કથા અને વંશાવળી આપેલી છે, તે વ્યાસ શીવજી ભાગ્યચંદની વંશાવળી અને કથા સાથે મોટે ભાગે મળતી આવે છે, અને તેથી વ્યાસ શીવજી ભાગ્યચંદની

કથા માટે આપણે જે ટીકા કર્યા છે તેજ ટીકા શબ્દેશબ્દ આ ક-થાને લાગુ પડી શકે છે.

આવી જનમાન્યતા કિંવા લોકોક્તિ કોઈ પણ રીતે આપણી બુદ્ધિને સંતુષ્ટ કરી શકતી નથી. આ સર્વ ચર્ચાના સારરૂપ માત્ર એજ વાતો આપણી પાસે ખડી થાય છે કે જેને આપણે કિંચિત્ સબળ કહી શકીએ. (૧) આપણે રાઠોડ છીએ. આ માન્યતાના પ્રમાણમાં આપણી ઉપલી વાર્તાઓ જે કહે છે તે બહુ સ્પષ્ટ નથી, તથાપિ વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે ખોજા મોટે ભાગે મૂળ લોહાણા છે અને ખોજાઓની પણ એવી માન્યતા છે કે લોહાણા-નો મૂળ સંબંધ જયચન્દની સાથે છે અર્થાત્ તેઓ રાઠોડો છે. ખોજા કોમના ત્રણ ઈતિહાસગ્રન્થો પ્રસિદ્ધ થયા છે તેમાં એ વાત માત્ર આપણી માન્યતાને આધારેજ જણાવી છે. સારાંશ એજ કે જયચન્દની માન્યતા આપણામાં કંઇક પ્રાચીન તેમજ સર્વદેશીય તો છેજ. મેમણો પણ મૂળ લોહાણા હોવાનું મનાય છે. ત્હેમનામાં પણ એવી માન્યતા પ્રચલિત છે. (Gazetteer of the Bombay Presidency, Vol. IX, pp. 50.)

બ્રહ્મક્ષત્રિઓ કે કચ્છના ક્ષત્રિઓના ભાટોના ચોપડામાં પણ જયચન્દની એજ વાત આવે છે:—

ગંગા જમન મોજાર મધ્ય દેશ જ્યાં વસે,
ઉદેચંદ જ્યાં રાવ રાજ જેચંદકી પૂતે;
બ્રહ્મક્ષત્રી જ્યાં વસે દાન પુન્ય કરી જાણું,
સંધ્યા તર્પણ સાર મુખે ગાયત્રી વખાણું;
શૌદ્ર ભોજ શ્રવણે સુણ્યા અવર લોભ ન મંડયો,
રાવ રૂઠયો કારણ કહી તોયે ક્ષત્રિએ ક્ષત્રિવટ નવ છંડયો.

ઉપરોક્ત કવિતમાં જયચન્દે બ્રહ્મક્ષત્રિઓને બ્રાહ્મણો સાથે

જમવાનો આગ્રહ કરવાનો, તેમણે તે ન સ્વીકારવાનો અને રાજા ગુસ્સે થયાનો ઇતિહાસ સ્પષ્ટ છે. રાઠોડોની સાથે સંબંધની વાત આમાં પણ જણાય છે. (૨) આપણે બ્રહ્મક્ષત્રિઓ છીએ એ વાત પણ અસ્પષ્ટ આપણી બધી લોકમાન્યતાઓમાં પ્રવૃત્ત છે. બ્રહ્મક્ષત્રિઓની ઉત્પત્તિમાં પણ આપણીજ લોકમાન્યતા જણાય છે.

(अ) હવે આપણે રાઠોડો છીએ કે કેમ એ પ્રશ્ન આપણે પ્રથમ વિચારીશું. રાઠોડો સૂર્યવંશી છે કે નહિ એમાં પણ મતભેદ છે. એમના પોતાના બારોટો પણ આ સિદ્ધાંત ચોક્કસ કરી શક્યા નથી. એક પક્ષ ત્હેમને શ્રી રામચન્દ્રજીના પુત્ર કુશના વંશજ કહે છે જ્યારે બીજો પક્ષ મહર્ષિ વિશ્વામિત્રના પિતામહ કૌશિકમાંથી ત્હેમની ઉત્પત્તિ થયાનું માને છે. આમાં ગમે તે માન્યતા સાચી માનીએ તથાપિ તેથી લવના લોહાણા એ માન્યતા તો સદંતર ઉડી જાય છે. એ ઉપરાંત લવના વંશજ રાઠોડો હતા એ પણ માન્યતા રાઠોડોમાં પ્રચલિત છે. (ભારત રાજ્ય મહામંડળ.)

(ब) રાઠોડ નામ પણ એમને રાજા જયચન્દના સમયથી પ્રાપ્ત થયું છે. તે પહેલાં કનોજના રાજાઓ રાઠોડ કહેવાતા નહોતા.

The application Rathod is due solely to the claim made by Rathod Chiefs of Jodhpur who are descended from **Raja Jaychand.**

ભાવાર્થ:—જોધપુરના રાઠોડ રાજાઓ જેઓ જયચન્દના વંશજ છે તેમની માન્યતા ઉપરથીજ રાઠોડ નામ પ્રચલિત થયું છે.

The Rathod dynasty of **Kanouj** commonly mentioned in books **is a** myth. The **Rajas** belonged to the **Gharwar clan is as expressly** affirmed in the **Bassali copper plate-grant** of **Go-**

bind Chandra, the grand father of the well-known Jaychand in 1104 A. D.

(*Indian Antiquary, Vol. XIV, pp. 103.*)

અર્થ:—કનોજનો રાઠોડ વંશ—રાઠોડ નામે અનેક ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે પણ તે કાલ્પનિક છે. સુપ્રસિદ્ધ રાજા જયચન્દના પિતામહ ગોવીન્દચન્દ્રનો એક તામ્રપત્ર (ઈ. સ. ૧૧૦૪) બસાલીમાં મળ્યો છે જેમાં કનોજના રાજ્યવંશને ગારવાર વંશ કહેવામાં આવ્યો છે. (ઈંડીઅન એન્ટીકવેરી, પુ. ૧૪–૧૦૩.)

(क) શીવજી વ્યાસની જયચન્દની વંશાવળી સાથે કનોજના રાજાઓની સ્મીથ સાહેબે જૂદા જૂદા ઐતિહાસિક ગ્રન્થોને આધારે પ્રસિદ્ધ કરેલી વંશાવળી સર્વથા ભિન્ન છે, નિમ્નલીખીત નામો જયચન્દના વંશવૃક્ષના નથી; તથાપિ જયચન્દનાં કેટલાક પૂર્વજોનાં નામ તેમાં મળે છે, જેની સાથે વ્યાસજીનાં નામો સરખાવતાં વ્યાસજીની વંશાવળી કલ્પિત ધારવાને એક અગત્યનો મુદ્દો મળી આવશે.

(૧) હર્ષ—આ રાજાની પછીનાં નામો નથી.

(૨) હરચન્દ—(સાતમા સૈકામાં–ચયનામા.)

(૩) યશોવર્મા—(હરચન્દ પછી તે મહા કવિ ભવભૂતિનો આશ્રયદાતા હતો એમ માલતી માધવ ઉપરથી જણાય છે.) વળી કાશમીરના રાજા લલિતાદિત્ય મુક્તાપીડે તેહેને રાજ્યભ્રષ્ટ કર્યો હતો. એ વાત કાશમીરના ઇતિહાસમાં પણ પ્રસિદ્ધ છે.

(૪) વજ્રાયુધ—આ રાજાને કાશમીરના જયાપીડ રાજાએ હરાવ્યો હતો.

(૫) ઈન્દ્રાયુધ—(૭૮૩ ઈ. સ.) આ રાજાને બંગાળ અને બિહારના રાજા ધર્મપાળે પદભ્રષ્ટ કર્યો હતો.

(૬) મહાયુધ—(૭૮૩ ઇ. સ.) જૈન હરિવંશમાં આ રાજાનું નામ મળી આવે છે. આ રાજાને રજપુતાનાના ગુર્જર રાજ્ય—જેની રાજધાનીનું શહેર ભીલપાલ હતું—ના રાજા નાગભટ્ટે પદભ્રષ્ટ કરી પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું, અને કનોજને પોતાની રાજધાનીનું શહેર કર્યું હતું.

(૭) વાગભટ્ટ.

(૮) રામચન્દ્ર કિંવા રામદેવ—ઇ. સ. ૮૨૫ થી ઇ. સ. ૮૪૦.

(૯) મિહીર કિંવા ભોજ—ઇ. સ. ૮૪૦ થી ઇ. સ. ૮૯૦.

(૧૦) મહેન્દ્રપાલ—આ રાજાનો શિક્ષક કર્પુરમંજરીનો કર્ત્તા રાજશેખર હતો.

(૧૧) ભોજ બીજો.

(૧૨) મહીપાલ—(ઈ. સ. ૯૧૦ થી ઇ. સ. ૯૯૦ સુધી.) આ રાજાના વખતમાં ઇ. સ. ૯૧૬ માં રાષ્ટ્રકુટના રાજા ઇન્દ્ર ત્રીજાએ ફરી એકવાર કનોજપર ચઢાઇ કરી અને પ્રતિહાર વંશના રાજાને સખ્ત હાર આપી હતી.

(૧૩) દેવપાલ—ઈ. સ. ૯૪૦ થી ઇ. સ. ૯૫૫ સુધી.

(૧૪) વિજયપાલ—ઇ. સ. ૯૫૬ થી ઇ. સ. ૯૯૦ સુધી.

(૧૫) રાજપાલ.

ઈ. સ. ૧૦૯૦ માં કનોજ ઉપર ગારવાર વંશના રાજાએ ચઢાઈ કરી હતી. આ રાજાએ બનારસ અને અયોધ્યા તેમજ દિલ્હી વિભાગ ઉપર પણ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું.

રાષ્ટ્રકુટનો અપભ્રંશ થઈ રાઠોડ શબ્દ થયો હોય એવો સ્મીથ સાહેબનો અભિપ્રાય છે.

[Smith's Ancient History of India, pp. 305.]

(૬) ટૉડ સાહેબે રાઠોડોની ૨૪ અવટંકોનાં નામ એમના ભાટો પાસેથી મેળવી પ્રસિદ્ધ કર્યાં છે. ત્હેની સાથે આપણી અવટંકોને જરા પણ સામ્ય નથી. એમની શાખા, ગોત્ર, દેવી વિગેરે પણ આપણાથી ભિન્ન છે. ટૉડ સાહેબે એમની શાખાઓનાં નામ આ પ્રમાણે આપ્યા છેઃ—(૧) ઢંકુલ, (૨) ભગોલ, (૩) ચક્રીત, (૪) દુહરીયા, (૫) ખોકરા, (૬) બદુરા, (૭) છાજરા, (૮) રામદેવ, (૯) કબરીયા, (૧૦) હાતુંદીયા, (૧૧) માલવત, (૧૨) સુદુ, (૧૩) કલૈયા, (૧૪) મુહોલી, (૧૫) ગોગાદેવ, (૧૬) મરઈઆ, (૧૭) જયસીંગ, (૧૮) મરશીઆ, (૧૯) મેટશીઆ, (૨૦) જોરા, વિગેરે.

ગોત્ર ગૌતમ શાખા માધ્યંદિની, શુક્ર આચાર્ય અને પંખણી દેવી. હવે રાઠોડોની સાથે આપણે સંબંધ હોવાનાં શા શા પ્રમાણો બાકી રહે છે ? જો રાઠોડ નામજ અગીયારમા સૈકામાં મળ્યું હોય તો તે પહેલાં આપણો અને એમનો સંબંધ કેવા પ્રકારનો હોય એ એક ગંભીર પ્રશ્ન છે. ચચનામામાં લોહાણા સરદાર આગમસિંહે કનોજના રાજાની મદદ મગાવ્યાનો ઉલ્લેખ મળી આવે છે. અને આગમસિંહનો સમય ઇસ્વી સનના સાતમા સૈકાનો હતો, કે જે વખતે તો કનોજના રાજા રાઠોડ કહેવાતાજ નહોતા. ત્યારે પ્રશ્ન એ થાય છે કે રાઠોડો અને આપણે ભાયાતો હોવાની ભાવના કેવી રીતે જન્મ પામી ? કનોજના રાજાઓ સાથે કદાચ ઈ. સ. ના દશમા સૈકા પહેલાં આપણો સંબંધ પણ હોય. અન્યથા જોઇએ તો અમુક સમયમાં સમર્થ હોય ત્હેમની સાથે મ્હોટા મનાવવા અગર પોતાનો પક્ષ સબળ કરવા અન્ય બહુધા સમાન જાતિઓએ નવીન માન્યતાઓ ઉભી કરી હોય ! (Gazetteer of Bombay Presidency by Sir H. Campbell, Vol. IX, pp. 464.)

બ્રહ્મક્ષત્રિઓ સાથે આપણો સંબંધ વિચારીએ તે પહેલાં બ્રહ્મ-ક્ષત્રિય શબ્દનો અર્થ શું છે તે વિચારવાની વિશેષ આવશ્યકતા છે. બ્રહ્મક્ષત્રિય શબ્દના ત્રણ અર્થ સંભવિત છે. (૧) બ્રહ્માવર્ત્ત (પંજાબ દેશના ક્ષત્રિઓ), (૨) ક્ષત્રિઓનાં કર્મ ત્યજી બ્રાહ્મણનાં કર્મ કરનાર ક્ષત્રિઓ, (૩) વર્ણસંકર ક્ષત્રિઓ–જેમના પિતા બ્રાહ્મણ અને માતા ક્ષત્રિય હોય !

હવે આ ત્રણેમાંથી એક પણ અર્થ બંધબેસતો થતો નથી. બ્રહ્માવર્ત કદાચ પંજાબનું નામ હોય, જો કે તે મત સર્વમાન્ય નથી; તથાપિ પંજાબમાં જે જાતિની સાથે સંબંધ હોવામાં અત્રેના બ્રહ્મક્ષત્રિઓ માન સમજે છે, જેમની નુખો અને એમની નુખોમાં સર્વથા મળતાપણું છે, જે ટોડરમલ્લ પોતાની જ્ઞાતિના હોવાનું મુંબઈ ઇલાકાના બ્રહ્મક્ષત્રિઓ જરા પણ સંકોચ કે મતભેદ વિના સ્વીકારે છે, તે ટોડરમલ્લ પંજાબની ખત્રી જ્ઞાતિના હતા. અર્થાત જે ખત્રી જ્ઞાતિ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની જન્મદાત્રી હોવાનો પ્રત્યક્ષ સંભવ છે ત્હેને બ્રહ્મ એ ઉપાધિનું જ્ઞાન પણ નથી. હવે બ્રાહ્મણો અને બ્રહ્મક્ષત્રિઓનાં કર્મનો વિચાર કરીએ તો પણ બ્રહ્મક્ષત્રિઓએ કિંવા આપણને બારોટજી એજ વિભાગના ક્ષત્રિઓ માનતા હોય તો આપણે બ્રાહ્મણના કર્મ થોડા અંશમાં જણાવી શકયા છીએ. લોહાણા જ્ઞાતિ થોડા તત્ત્વજ્ઞાનિઓ કે વૈયાકરણીઓની જન્મદાતા થઇ હોત, પણ આપણી જ્ઞાતિએ તો પ્રસંગ આવ્યે ક્ષત્રિયત્વ જ દર્શાવ્યું છે. રાજાથી લઇને અમલદાર કે સાદી સીપાઇગિરીજ સ્વીકારી છે. વ્યાપારમાં પણ સંજોગો અનુસાર સાહસિકતા અને તેજસ્વી બુદ્ધિથી ક્ષત્રિયત્વનેજ વિશેષતઃ પ્રકટ કર્યું છે. ત્રીજા મુદ્દાનો વિચાર કરીએ તો બ્રહ્મક્ષત્રિય શબ્દનો એ અર્થ માત્ર ત્હેની વિરૂદ્ધ જ્ઞાતિઓ તરફથીજ લેવામાં આવે છે. કદાચ તે સત્ય માનીએ તથાપિ હિન્દુ શાસ્ત્રો પ્રમાણે

જાતિયના વીર્યને અપાયલી છે, અર્થાત્ ક્ષત્રાણીને પેટે બ્રાહ્મણને પુત્ર થાય તો તે બ્રાહ્મણજ મનાય. આ રીતે પણ બ્રાહ્મણ કર્મનું આપણામાં સંરક્ષણ થયેલું હોવું જોઇએ. તે નથી એ સિદ્ધ વાત હોય તો આપણે બ્રહ્મક્ષત્રિય શી રીતે ઠરી શકીએ છીએ? ઉપર જણાવ્યા પ્રમાણે બ્રહ્મક્ષત્રિઓના બંધુઓજ પંજાબમાં પોતાને ખત્રી (ક્ષત્રિય) કહેવડાવતા હોય તો બ્રહ્મ એ ઉપાધિની પ્રાચીનતા કે પ્રમાણનો શી રીતે નિર્ણય થઇ શકે તેમ છે?

બ્રહ્મક્ષત્રિઓ, ખત્રીઓ, લોહાણા નાતિ, અને દેપાલા, ભણુશાળી વિગેરે નાતિઓ અતિ પ્રાચીન કાળમાં એકજ નાતિ હતી કે કેમ એ વિચાર આપણે આગળ કરીશું.

પ્રકરણ ૩ જું.

સિંધ દેશના પ્રાચીન ઇતિહાસનું અવલોકન.

માત્ર ખંડન કરવાથી અન્યથા કોઈ વિષયનું મંડન થઇ જાય એવો નિયમ છે, પણ ઇતિહાસમાં એ નિયમ લાગુ પડતો નથી. આ નથી, તે નથી, એટલું તો આપણે ગત પ્રકરણમાં દર્શાવી ગયા, પણ તે છે એમ દર્શાવી શકયા નથી. આ પ્રકરણના સારાંશમાં એ સિદ્ધાન્ત ફલે કે પ્રાચીન કાળ (સાતમા સૈકા) માં સિંધમાં લોહાણા નામે પ્રજા હતી અને તે રાજકર્તા પણ હતી. ભાટોના દરેક ચોપડા પણ વાલજી, સુંદરજી, કરમશી, નાનજી, પરથી બેધડક આપણને હેમુમલ, નાનુમલ, પોઉમલ વિગેરે નામો દર્શાવી સિંધ તરફ લઈ જાય છે. હમણા પણ સિંધની હિંદુ વસ્તીનો બે તૃતીયાંશથી વિશેષ ભાગ લોહાણાનો છે, તેમજ કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં વસતા લોહાણાની એ માન્યતા નિર્વિવાદ સિદ્ધ છે કે તેમના પૂર્વજો સિંધમાંથી ઉતરી આવેલા છે. તેથી આપણી જ્ઞાતિના ઇતિહાસની કુંચી સિંધના ઇતિહાસમાંથી મળવાનો સંભવ છે. જો કે પંજાબ, અફગાનીસ્તાન તેમજ કાશ્મીર સાથે પણ આ જ્ઞાતિનો સંબંધ હોવાનાં ગૌણ કારણો જણાય છે.

આર્ય પ્રજા આ દેશની મૂળ નિવાસી નથી અને તે સિંધ અને પંજાબને માર્ગેજ આ દેશમાં દાખલ થઇ છે. આપણે સમયનો નિર્ણય નથી કરી શકતા, તેમજ કેટલો વખત તે સિંધ અને પંજાબના સપ્તસિંધુ (સાત નદીવાળા) પ્રદેશમાં રહી હશે તેનો પણ ચોક્કસ પત્તો મળી શકે તેમ નથી.

મહાભારતના કાળ (ઈ. સ. પૂ. ૩૧૦૨) માં સિંધુ કિંવા ઉપવૃત્ત પ્રદેશમાં જયદ્રથ રાજા રાજ્ય કરતો હતો અને તે મહાભારતના યુદ્ધમાં અર્જુનને હાથે રણમાં પડ્યો હતો. તે રાજા આર્યક્ષત્રિય હતો અને સિંધની તે વખતની પ્રજા પણ આર્ય હતી એ વાત નિર્વિવાદ છે.

ઉપરોક્ત કથન અનુસાર આર્યો પ્રથમ સરસ્વતી–સિંધુ પ્રદેશમાં નિવાસ કરતા હતા, તેના સબળ પ્રમાણ રૂપે આજે પણ સિંધી ભાષા મોજુદ છે. આર્યોના સ્મૃતિ ગ્રંથો રચાયાં તેજ સમયમાં સંસ્કૃત એટલે સુધરેલી ભાષા એ શબ્દ અસલના દેવનાગરી ગીર્વાણ એને બદલે વપરાતો થયો લાગે છે. (સ્વ. મણીલાલ નભુભાઇ દ્વિવેદીકૃત સિદ્ધાંતસાર બીજી આવૃત્તિ, પાના ૫૯.) આ બાબત ભાષાશાસ્ત્રીઓમાં ભારે ઝઘડો ચાલે છે. જ્યારે સંસ્કૃત–સુધરેલી–એવું નામ પડયું, ત્યારે શામાંથી સુધારેલી તે જણાવવું જોઇએ. પ્રાકૃતમાંથી–લોકભાષામાંથી સુધારેલી એમ કહો તો પ્રાકૃત પ્રાચીન ભાષા થવા જાય અને સંસ્કૃત કોઈ કાળે સાર્વત્રિક બોલાતી ભાષા ન હતી એમ માનવું પડે. બીજું મત એવું છે કે પ્રાકૃતભાષા પ્રાચીન તો ખરી, અને તેના સેળભેળવાળી વેદભાષામાંથી નવી ભાષા થઇ તે સંસ્કૃત, પણ સંસ્કૃત સાર્વત્રિક ઉપયોગમાં ન હતી એમ નહિ. વિદ્વાનો તથા ઉચ્ચ વર્ગના લોકો સંસ્કૃતજ બોલતા, અને નીચ લોક, સ્ત્રીવર્ગ ઈત્યાદિ પ્રાકૃત બોલતા. આ ઉભય પક્ષના અનુયાયી ઘણા છે; પણ વધારે વલણ બીજા પક્ષ તરફ છે. સ્લેગેલ, બન્સન, વિલ્સન, મુર, ગોલ્ડસ્ટકર, વેબર, બોપ, મેક્ષમુલર ઇત્યાદિ કોઈ પણ પાશ્ચાત્ય પંડિતના ભાષા સંબંધી લેખમાં આ વાતનો વિસ્તાર મળી આવશે. આ પ્રાકૃત ભાષામાંથીજ હમણાની હિન્દુઓમાં બોલાતી બહુધા બધી ભાષાઓ જન્મ પામી છે, પરન્તુ સિંધ પ્રદેશમાં બોલાતી અને તેની

સમીપસ્થ કચ્છી ભાષામાં સંસ્કૃતનું સ્વરૂપ અનેક રીતે સચવાઈ રહ્યું છે. દરેક હિંદી ભાષામાં સહ્યભેદ (Passive Voice) સંસ્કૃતરૂપ ફેરફાર સાથે વપરાય છે, જ્યારે સિંધમાં તે એજ રૂપે કાયમ રહ્યું છે. એ ઉપરાંત ક્રિયાપદનાં રૂપ પણ એ ભાષામાં અદ્યાપિ પર્યન્ત સચવાયલાં જોવામાં આવે છે. આ વિષય પરત્વે અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે, તથાપિ કેટલીક રીતે વિષયાન્તર થવાના ભયથી તેમજ કેટલીક રીતે આપણા બંધુઓને સિંધી ભાષાનું જ્ઞાન ન્યૂન હોવાથી આ ચર્ચા આટલેથીજ સમાપ્ત કરવા યોગ્ય ધારી છે. આ વિષય વિદ્વાનોનો છે. જીજ્ઞાસુ ભાઇઓને બર્ટન સાહેબકૃત " સિંધ અને સિંધુ નદીની ખીણોના પ્રદેશમાં રહેતા લોકો " એ નામના ગ્રંથની પ્રસ્તાવના જોવાથી ખુલાસો થઇ જશે.

મહાભારતના કાળ પછી ઇ. સ. પૂ. ૬૦૦ ના સમયથી સિથિયન કિંવા શક જાતિના જૂદા જૂદા વિભાગો જૂદે જૂદે વખતે આ દેશમાં દાખલ થયા હતા.+

મહાભારતના કાળમાં એ જાતિ આ દેશમાં હોય એનાં પ્રમા-

+ શક અને બીજી પ્રજાઓ અતિ પ્રાચીન કાળમાં મનુસ્મૃતિ પ્રમાણે ક્રિયા લોપથી અથવા ક્ષેત્રદોષના કારણથી બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્યમાંથી અધમ જાતિત્વને પ્રાપ્ત થયેલી હતી. વિષ્ણુ પુરાણ પ્રમાણે તો છેક સગર રાજાના સમયમાં અર્થાત્ ઇશ્વરાવતાર મનાતા શ્રી રામચન્દ્રજીની કેટલીક પેઢી પૂર્વે શકાદિ પ્રજાની વસ્તી હતી, અને મહારાજા સગરે આ શક વગેરે લોકો સાથે લડાઇઓ કરી હતી. રજપુતાનાના ઇતિહાસ લેખક ટૉડ સાહેબે ઇ. સ. પૂ. ૬૦૦ ના સમયથી શક જાતિના જૂદા જૂદા વિભાગો જૂદી જૂદી વખતે આ દેશમાં દાખલ થયેલા જણાવ્યા છે.

જો નથી, તથાપિ એ કાળમાં પરદેશગમનની છૂટ હતી અને તેથી શક દ્વિપનું આપણા પૂર્વજોને જ્ઞાન હોય એટલે ત્યાં જતા હોય તો તેમાં સંશય જેવું કશું નથી. આ જાતિઓથી સિંધની પ્રજામાં એક નવું તત્વ ઉમેરાયું હતું.

૮૮—ફતહ—ઉિલફીરામ નામના સિંધના એક પ્રાચીન ઈતિહાસમાં તક્ષક જાતિ સિંધમાં હોવાનું પ્રમાણ મળી આવે છે. એ ઇતિહાસના અભિપ્રાય પ્રમાણે તે વખતે સિંધમાં ત્રણ જાતિઓ હતી. બનીઆ, તક અને મુમીઆ. તક શબ્દ તક્ષકને સ્થાને વપરાયો છે. બાદ્રાયણસ્મૃતિમાં પણ તે વખતે ઉપવૃત્ત—સિંધની જાતિઓ મિશ્ર હોવાનું જણાવ્યું છે.

અવંતિ (માળવા), અવગા (બિહાર), મગધ (દ. બિહાર), સૌરાષ્ટ્ર (કાઠીયાવાડ), દખણ, ઉપવૃત્ત (સિંધ), અને સંવીરા (દક્ષિણ પંજાબ) ના લોકો મિશ્ર જાતિઓના છે.

(Malbar Quartorly Review, pp. 166.)

ઉત્તર હિંદુસ્તાનની જાતિઓ માટે મનુ પણ એમજ કહે છે.

આ વખતે (ઇ. સ. પૂ. લગભગ ૬૦૦) હિંદુસ્તાનમાં એક મહાન ધાર્મિક વિપ્લવ થયો હતો. પ્રતાપી અને પ્રભાવશાળી બુદ્ધ ધર્મનો ઉદય થયો હતો અને તેણે આ દેશની તમામ પ્રજા ઉપર થોડી કે ઘણી અસર કરી હતી. આ અસર ઘણો લાંબો વખત ટકી શકી હતી. ચચનામાના સમય સુધી સિંધમાં બૌદ્ધ મઠો હોવાનાં પ્રમાણો મળે છે. સિંધમાં બુધીઆ કરીને પ્રાન્ત છે, જેને પણ બુદ્ધ પરથી નામ મળ્યું હોય એમ જણાય છે, અને રાજા દાહીર જે સિંધનો છેલ્લો હિંદુ બ્રાહ્મણ રાજા હતો તેનો પ્રધાન બુદ્ધિમાન બુદ્ધ ધર્માવલંબી હતો. બુદ્ધ ધર્મના પ્રભાવથી સિંધના ઇતિહાસમાં કાંઈ મહાન ફેરફાર થવા પામ્યો હતો કે કેમ એ પ્રશ્નનો ઉત્તર ચોક્કસ

આપી શકાય તેમ નથી, તથાપિ સિંધના ધાર્મિક વાતાવરણમાં એનાથી અનેકધા ફેરફાર થયો હતો.

ઇ. સ. પૂ. ૩૨૭ માં મહાન સિકન્દરે આ દેશપર ચઢાઇ કરી હતી અને હેણે પંજાબ, સિંધ તેમજ આસપાસના કેટલાક વિભાગમાં યુદ્ધ અર્થે કે દેશ જોવા પ્રવાસ કર્યો હતો. હેની સાથે કેટલાક સમર્થ વિદ્વાનો હતા, જેમણે તે વખતના હિન્દુસ્તાનની ઐતિહાસિક તેમજ વ્યવહારિક સ્થિતિનું ચિત્ર આલેખ્યું છે જે આધુનિક વિદ્વાનોમાં એક માન્ય તેમજ અગત્યનું પ્રમાણ મનાય છે, આપણાં પુરાણો વિગેરેમાંનો ઐતિહાસિક અંશ અનેક રીતે આ ગ્રીક વિદ્વાનોના અભિપ્રાયને અનુમોદન આપતો હોવાથી એ ગ્રંથો પ્રમાણભૂત માનવામાં જરા પણ હરકત નથી.

આ ગ્રંથો ઉપરથી સિકન્દરના સમયમાં સિંધુ દેશના ત્રણ વિભાગોનું જ્ઞાન થાય છે. ઉત્તર વિભાગની રાજ્યધાનીનું શહેર અલોર કિંવા અરોર હતું, અને ત્યાંની પ્રજામાં સોડા (અલેકઝાન્ડરના ગ્રીક ગ્રંથોમાં જેમને સોગ્ડીનું નામ આપવામાં આવ્યું છે) તથા સુમરા નામની બે લડાયક જાતિઓનાં નામ આપવામાં આવ્યાં છે. આ બન્ને જાતિઓનો રાજસ્થાનકાર ટૉડ સાહેબ પરમાર જાતિમાં સમાવેશ કરે છે.

સિંધના દક્ષિણ વિભાગની રાજ્યધાનીનું શહેર સમાનગર (એલેકઝાન્ડરનું સીન્ડોમાના) હતું અને ત્યાં સમા જાતિનો નાયક સામ્બુ રાજ્ય કરતો હતો.+ સમા યદુવંશી અને હેમનું નામ શ્રી કૃષ્ણ-

---

+ Sambus.........was in all likelihood a Harikuia and the Minagara of Greek Historians. The most common epithet of Krishna or Hari

ના શ્યામ—એ નામ ઉપરથી પડ્યું છે. દ્વારિકા છોડી યાદવો સિંધુ નદીના પશ્ચિમ કિનારા તરફ ગયા હતા એ વાત આપણાં પુરાણો પણ સ્વીકારે છે. સમા ક્ષત્રિઓનો કેટલોક ભાગ પાછળથી મુસલમાન થઇ ગયો છે, અને ચૌદમા સૈકામાં ત્હેમણે સિંધપર રાજ્ય પણ કર્યું છે. હિંદુ સમાઓ પાછળથી ચૂડાસમા અને ઝાડેજા કહેવાયા છે અને ત્હેમના વંશજ અદ્યાપિ પર્યન્ત કચ્છ અને કાઠિયાવાડના કેટલાક ભાગોમાં રાજ્ય કરે છે.

ત્રીજો પશ્ચિમ વિભાગ જેની રાજ્યધાનીનું શહેર બ્રહ્મસ્થળ (સિકંદરના ઇતિહાસકારોનું હરમાટેલીઆ) હતું, આ સ્થળને મુસલમાન ઇતિહાસકારોએ બ્રાહ્મણાબાદનું નામ આપ્યું છે. સિકન્દરના સમયમાં આ વિભાગમાં કઇ જાતિ રાજ્ય કરતી હતી તે સ્પષ્ટ જણાવવામાં આવ્યું નથી. સિકંદર સમાનગરથી ત્યાં ગયો હતો, ત્યાંનો રાજા ત્હેને તાબે થયો હતો. પણ પ્રજા જેનો મુખ્ય ભાગ બ્રાહ્મણ હતો ત્હેના ઉશ્કેરાવાથી રાજા સિકન્દરની સ્હામે થયો હતો. ભયંકર યુદ્ધ થયું અને તેમાં સિકંદરનો સમર્થ યોદ્ધો અને ઇતિહાસકાર ટોલેમી ઝખમી થયો હતો. સિકંદરની છેવટે જીત થઇ હતી અને બ્રાહ્મણોને સજા કરવામાં આવી હતી. વિગેરે.

સિકંદરના સમય પછી જૂદે જૂદે વખતે આપણે પ્રથમ પ્રકરણમાં જોઈ ગયા તેમ અનેક વિદેશી જાતિઓ દાખલ થઇ હતી,

---

was Shama or Samma from his dark complexion hence the Jareja bore it as a paleonomic and the whole race were Samaputras (Children of Samma) whence the titular name Sambha of its princess. (Rajasthan, Vol. I, pp. 111.)

અને આ દેશમાં તેમાં પણ મુખ્યત્વે પંજાબ અને સિંધમાં અનેક રીતે અવ્યવસ્થા થવા પામી હતી. સિંધમાં આ વખતમાં અનેક રાજ્યકિય વિપ્લવો થવાનાં પ્રમાણો મળે છે અને ઇ. સ, ૪૮૫ થી ૬૩૦ સુધી સિંધપર રાજ્ય કરતા શાહી વંશ એ કોઇક પ્રજાઓ પૈકી હશે એમ અનુમાન થાય છે. કોઈ આ વંશને યેન્સી જાતિનો માને છે, જેમાંથી રાજા કનિષ્ક હતો. કોઈ એ વંશને હુન જાતિમાંથી માને છે. (Mr. Rijoomal Isaidas D. J. Sind College Review, 1910.)

ચચનામા ઉપરથી સમજાય છે કે શાહી રાજાઓના સમયમાં સિંધનો વિસ્તાર છેક ઉત્તર પંજાબ અને કાશ્મીરની સરહદ સુધી લંબાયો હતો, અને તેનું કારણ કનિષ્કનું રાજ્ય હતું, જે ઉત્તર હિંદુસ્તાનમાં એક સમર્થ રાજ્ય હતું. તે ત્હેના મરણ પછી બે ભાગમાં વ્હેંચાઈ ગયું હતું. એકની રાજ્યધાની અલોર અને બીજાની કાબુલ હતું.

શાહી રાજાઓના વૈભવ અને મહત્તા વિષે ઘણું લખી શકાય તેમ છે; પણ વિસ્તારના ભયથી માત્ર એટલુંજ કહીશું કે તે વખતે અલોરનું રાજ્ય એક સમર્થ રાજ્ય હતું, અનેક ન્હાનાં રાજ્યો ત્હેને ખંડણી ભરતાં હતાં.

સિંધના ઇતિહાસમાં આ વખતેજ સ્પષ્ટ રીતે લોહાણાઓને આપણે એક રાજકર્તા જાતિ તરીકે જોઇએ છીએ. શાહી રાજાઓનો સવિસ્તર ઇતિહાસ ચચનામામાં છે, અને એજ ગ્રંથમાં લોહાણાઓની પણ જાણવા જેવી હકીકત છે.

ચચનામા એટલે ચચની હકીકત; ચચ એક બ્રાહ્મણ હતો. કયી જાતિનો બ્રાહ્મણ હતો એ ચોક્કસ કહેવામાં આવ્યું નથી; સર એચ. ઇલીયટ પોતાના ઇતિહાસ (History of India as

told by its own historians, Vol. I.) માં કહે છે કે સિંધના સારસ્વતો ત્હેને પોતાનો પૂર્વજ માને છે.

શાહી વંશમાં છેલ્લા રાજા સાહસીનો પ્રધાન રામ બ્રાહ્મણ હતો. ચચ વિદ્વાન તેમજ ચપળ બુદ્ધિનો હતો. ન્હાનપણથીજ ત્હેની ઇચ્છાઓ મહાન પુરૂષ થવાની હતી અને તેટલા માટે ત્હેણે પ્રધાન રામનો આશ્રય શોધ્યો. ચચની બોલવાની શક્તિ અદ્વિતીય હતી. ત્હેમાં એકેક વાક્યમાં ત્હેની પ્રતિભાશાળી ચંચળ બુદ્ધિનું દર્શન થતું હતું. પ્રધાન ત્હેના ચાતુર્યથી પ્રસન્ન થયો અને ત્હેને પોતાની પાસે રાખ્યો.

સારસ્વત બ્રાહ્મણો આ વખતે સરસ્વતીના ખરા ઉપાસક હતા. ચચ જ્યારે પ્રથમવાર પ્રધાનને મળ્યો ત્યારે પ્રધાને ત્હેના અભ્યાસ-ના સંબંધમાં પૂછ્યું. ચચે જવાબ આપ્યો કે, " ચાર વેદો મ્હને કંઠે છે અને તેમાંથી કોઇ પણ વિભાગ આપની આજ્ઞાથી હમણાજ બોલી જવા તૈયાર છું. "

જાતમહેનત અને બુદ્ધિબળથી ચચ પ્રધાનની પ્રીતિ પ્રતિદિન પોતાના તરફ અધિકાધિક આકર્ષતો હતો. તેમજ પ્રસંગ આવ્યે રા-જાનું મન પોતા તરફ ખેંચવાને પણ તે ચૂકતો નહિ. પ્રધાનનું દરેક અગત્યનું કામ ચચ કરતો અને આ રીતે ધીરે ધીરે આ ચંચળ બ્રાહ્મણ રાજાનો પણ માનીતો થતો જતો હતો. રાજા અગત્યનાં કામમાં ત્હેની સલાહ લેતો અને વારંવાર ત્હેને પ્રસન્ન કરવા ભેટ સોગાદ પણ આપતો. ચચનું પ્રબળ ભાગ્ય પવનની ગતિથી આગળ વધ્યું. પ્રધાન રામ સ્વર્ગવાસ પામ્યો અને નિર્વિલંબે ચચ પ્રધાન થયો.

ચચની કાર્યદક્ષતા અને ચપળતા, ત્હેના મદભર યૌવન અને સૌંદર્યથી રાજાની પટ્ટરાણી સુહન્દીનું મન ત્હેના તરફ આકર્ષાયું. સ્ત્રીઓનાં—મુગ્ધ સ્ત્રીઓનાં—હૃદયનો વ્યાપાર અનુભવીઓજ જાણતા

હશે. ઝનાનખાનામાંથી ઉદ્‌ભવતી કાર્યશક્તિ ઘણી વાર રાજ્યો અને મહારાજ્યોને ઉથલાવી પાડવા સમર્થ થાય છે. રાણી સુહન્દી રણવાસમાં રહેતી હતી. ત્હેનું મુખ જોવાનો અવકાશ સૂર્યને પણ ભાગ્યેજ પ્રાપ્ત થતો હશે; તથાપિ તે ચચને જોવાને માટે, ત્હેની સાથે એક બે મીઠી વાતો કરવા માટે ઉત્સુક બની. રાજ્યનાં કેટલાંક અગત્યનાં કામોને માટે ચચને વારંવાર રાજ્યમહેલમાં જવું પડતું. રાણીએ ત્હેની મુલાકાત કરવાનો પ્રસંગ શોધ્યો.

ચચ એક રાજ્યનીતિનિપૂણ માણસ હતો. ત્હેને રાણીના સૌંદર્ય અને પ્રેમ કરતાં પોતાની મહત્તા વધારે પ્રિય હતી. તેણે યુક્તિથી રાણીના પ્રેમનો અનાદર કર્યો, પણ

देहाभ्यन्तर लज्जा लज्जा स्वाभ्यन्तरं मनः ।
ततः कामास्ततो भाषा गुहा सेयं परंपरा ॥

દેહથી અભ્યન્તર લજ્જા, લજ્જાથી અભ્યન્તર મન, તેથી કામ ને તેથી ભાષા—આવી ગુફામાંની ગુફાઓ મુગ્ધામાં હોય છે. રાણી ચચના પ્રેમમાં દિવાની બની ગઈ. રાણી અને ચચના વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર પ્રેમીઓનાં હૃદયને ઘાયલ કરી શકે એવો છે અને એક નવલકથાકારને ઉપયોગી થાય એવો છે.

રાણી ચચને ચહાતી હતી તેમ ચચનું હૃદય પણ મનુષ્યહૃદય હતું; તે રાજ્યનીતિજ્ઞ હતો. લોકોમાં આ પ્યારની વિવિધ વાતો સંભળાતી હતી. રાજા તેથી અજ્ઞાત હતો. આવા સંજોગોમાં રાજા સાહસી વ્યાધિગ્રસ્ત થયો. ચચ ત્હેની પાસે દરરોજ આવતો અને રાજ્યપ્રકરણની ઉપયોગી બાબતો કહી જતો. રાણીએ ત્હેને એકાન્તમાં બોલાવ્યો અને ઉંડા પ્રેમ કે કામના ઉમળકાથી ત્હેનાં હૃદયની માગણી કરી અને બદલામાં રાજ્ય અપાવવાનું વચન આપ્યું. ચચ લોભવશ થયો.

ધન અને મહત્તાનો જેને લોભ ન હોય એવા માણસો આ પૃથ્વીપર સુભાગ્યે-જગતના સુભાગ્યેજ જન્મે છે; બાકી તો લોભ અને મોહજ સંસારવ્યાપારના સાધન છે. તો યુવાન ચચ રાજ્ય લોભથી કે રાણી સુહન્દીના અનુપમ લાવણ્યથી જેને આપણે અધમ માગણી કહીએ તે સ્વીકારવાને લલચાયો હોય તો મનુષ્ય પ્રકૃતિ દયાને પાત્ર છે.

રાજાને કપટથી મારી નાંખવામાં આવ્યો. રાણી સુહન્દા અને ચચના હૃદય સમાગમમાં જે અંતરાય હતો તે નાશ પામ્યો. સાહસી અપુત્ર હતો. ત્હેના ભાયાતો અને અન્ય સંબંધીઓનો ભય હતો પણ ચચ રાજ્ય ખટપટમાં નિપૂણ હતો અને રાણી પણ એ કળામાં કુશળ હતી. તેણે રાતમાંજ સર્વ લશ્કરને પોતાના કબજામાં કરી લીધું અને પ્રાતઃકાળમાં ભાયાતો જરા પણ હીલચાલ કરે તે પહેલાં પોતાનો હક તેણે સબળ કરી દીધો.

ન્યાય અને અન્યાયની વાતો કહેનારા ઘણા હશે, પણ બળીયાના એ ભાગનો સિદ્ધાન્ત તો પરાપૂર્વથી ચાલતો આવે છે. ચચ રાજા થયો અને રાણી સુહન્દીએ સાનંદ તે ક્રિયામાં ભાગ લીધો. સ્વર્ગવાસી રાજાના અમલદારો અને લશ્કરી સરદારોને સારાં ઇનામો તથા ભવિષ્યને માટે આશા આપવામાં આવી અને બદલામાં ત્હેમની પાસેથી લિખીત અનુમતિ લઇ લેવામાં આવી.

ચચનામામાં બીજી એક અગત્યની બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચિતોડના રાજા મહારથ (મહરત) સાહાસીનો ભાઈ હતો. પોતાના ભાઇનું વૈર લેવા, ચચને ત્હેના અધમ કૃત્ય માટે સજા કરવા એક મ્હોટું સૈન્ય લઈ તે સિન્ધમાં આવ્યો. ચચની પાસે એક મ્હોટું લડાયક સૈન્ય હતું. ચિતોડના રાજાએ સંધી કરવા કહ્યું પણ ચચે તેનો સ્વીકાર ન કર્યો; ચિતોડનો રાજા આગળ વધ્યો.

ભયંકર યુદ્ધ થયું તેમાં રાણો હાર્યો અને ચચને હાથે મરણ પામ્યો. ચચે નિર્ભય થઈ ખુલ્લા રીતે રાણી સુહન્દીની સાથે લગ્ન કર્યું.

ચચે ત્યાર પછી પોતાના રાજ્યની હદ બાંધી અને છેક કાશ્મીર સુધી પોતાની સત્તા જમાવી. જે જે ન્હાના રાજાઓ ત્હેની સ્હામે થયા તે સર્વને હરાવ્યા. મુલ્તાનના રાજાને હરાવી તે પોતાને કબજે કર્યું અને ત્યાં એક ઠક્કુરને અમલદાર તરીકે નીમ્યો.

સિન્ધ અને પંજાબની લગભગ બધી જાતિઓ લોભથી કિંવા ચચના સામર્થ્યથી ભય પામી ત્હેને તાબે થઇ હતી, પણ લોહાણા ચચને તાબે થયા નહોતા તેમજ ચચ પણ ત્હેમના બળથી જ્ઞાત હોઈ એક સમર્થ અને લડાયક જાતિને છેડવાનું કરતો નહિ.

ચચનામા ઉપરથી જણાય છે કે લોહાણાની પેટા જાતિઓમાં લાખા, સમા અને સાહતા નામની લડાયક જાતિઓનો સમાવેશ થતો હતો. + લોહાણાઓએ ચચના અધમ કૃત્ય તરફ પ્રત્યક્ષ તિરસ્કાર દર્શાવ્યો હોય એમ સ્પષ્ટ નથી જણાતું, તથાપિ અન્ય પ્રજાઓ અને રાજ્યોએ જ્યારે ચચને માન આપ્યું હતું ત્યારે લોહાણા તટસ્થ રહ્યા હતા, એટલુંજ નહિ પણ ચચના દુશ્મનો પણ પોતાના મિત્રો હોય તેમને મદદ કરવાને તેઓ તૈયાર હતા.

લોહાણાઓનું મુખ્ય રાજ બ્રહ્મસ્થળ (બ્રાહ્મણાબાદ) માં હતું અને ત્યાં રાજા આગમ* રાજ્ય કરતો હતો. ચચ તરફની ત્હેની ભાવના સ્વીસ્તાનના સરદાર પ્રતિના પત્ર પરથી જણાય છે. આ પત્ર અમે અક્ષરે અક્ષર ઉતારી લઇએ છીએ. તેમાં ચચનું નામ

+ English Translation of Chachnama by Mr. Kalich Beg, pp. 31.

*આ નામ ખરી રીતે અગમસિંહ હોય એમ જણાય છે.

-નથી તથાપિ ત્હેના તરફની અમરસિંહની ભાવના કેવી હતી તે બ-રાબર સ્હમજી શકાય છે.

" હું હમેશાં ત્હારા તરફ એક મિત્ર અને શુભેચ્છક તરીકે વર્ત્યો છું. કોઈ પણ વાર વિરૂદ્ધ વર્તન કર્યું નથી તેમજ યુદ્ધનો પ્રસંગ આવવા દીધો નથી. મિત્રતાનો ત્હારો પત્ર મ્હને મળ્યો છે. તે પત્ર વાંચવાથી મ્હને ખાત્રી થઈ છે કે જ્યાંસુધી આપણામાં સંપ અને મૈત્રી છે ત્યાંસુધી કોઇ પણ શત્રુ આપણી સ્હામે થઇ શકશે નહિ. ત્હારા પત્રમાં આમ લખવાથી હું મ્હને માન મળ્યું સ્હમજું છું. હું ત્હારી ઇચ્છા અનુસાર કરવાને તૈયાર છું. ત્હારી દરેક ઇચ્છાનો સંપૂર્ણ અમલ કરવા હું તૈયાર છું. તું એક રાજા છે અને એક રાજાનો પુત્ર છે (રાજ્યનો ખરો હકદાર છે.) અમારી અને તમારી વચ્ચે મૈત્રીની દૃઢ ગાંઠ બંધાયલી છે. ઘણા લોકો (ઘણા સરદારો) દુર્ભાગ્ય વશ થયા છે અને તેમણે આશ્રય શોધ્યો છે. (માત્ર બળથી ભય પામી ચયને તાબે થયા છે.) બ્રાહ્મણાબાદ નામે કોઈ પણ ગામ કે શહેરમાં દક્ષિણે છેક દેવલ (અર્વાચીન નગરઠઠ્ઠા) સુધી કોઈ પણ સ્થળે રહેવાની ત્હેને સંપૂર્ણ છૂટ છે. ત્હને બીજે ક્યાંઈ જવાની ઇચ્છા હોય તો તેમાં પણ વિઘ્ન નાંખનાર કે ત્હને રોકનાર કોઇ નથી. જ્યાં સુધી તું કોઇ પણ સ્થળે સહી સલામત રહે ત્યાં સુધી હું ત્હને હરેક પ્રસંગે મદદ કરતો રહીશ. ત્હને મદદ કરવાને મ્હારી પાસે પુરતું સૈન્ય અને અનેક વીર સૈનિકો છે. "

આ પત્રમાં લખનાર ચચથી જરાક ભય પામે છે એવો ભાસ થયા વિના નથી રહેતો, તથાપિ ભયમાં પોતાના સમર્થ દુશ્મનની સ્હામે પણ એક મિત્રની રક્ષા કરવાનું પણ લેવું એ એક વીર અને ઉદાર આત્માનેજ સુઝે છે.

ચચ લોહાણાઓનાં સામર્થ્યને સ્હમજતો હતો અને એ સમથ જાતિ સાથે સંબંધ જોડવાની–મૈત્રિ બાંધવાની ઈચ્છા કરતો હતો, પરંતુ ઉપરોક્ત સ્વીસ્તાનના સરદારનો પત્ર લઈ અગમસિંહના માણસો જતા હતા ત્યાં સરહદ ઉપર રહેતા ચચના સિપાહીઓએ ત્હેમને પકડયા અને સ્વીસ્તાનનો સરદાર ચચનો દુશ્મન હોવાથી તે પત્ર તેમણે લઇ લીધો અને ચચને આપ્યો. ચચ તેથી ગુસ્સે થઇ લોહાણાઓ વિરૂદ્ધ ઉશ્કેરાયો. તેણે અગમસિંહને પત્ર લખ્યો. આ પત્રમાં પણ લોહાણાનો એક વીર અને ગૌરવસંપન્ન પ્રાચીન તેમજ સમર્થ પ્રજા તરીકે સ્વીકાર થયો છે. ચચ જેવો વીર જેને આ પ્રકારનું માન આપે તે પ્રજાની મહત્તા માટે આપણેજ વિચાર કરવાનો છે. ચચનો પત્ર આ પ્રમાણે છેઃ—

" તમે ત્હમારા દરજ્જા–ઉચ્ચ વારસાથી–ઉત્પત્તિથી–વીર્ય અને રાજાઓમાં ત્હમારા મોભાથી, પોતાને મહારાજા માનો છો. જો કે આ રાજ્ય અને રાજ્યપદ, ધન અને મહત્તા, સામર્થ્ય અને સ્થિતિ મ્હને મ્હારા પિતા કે પિતામહ તરફથી વારસામાં નથી મળ્યા. આ દેશનો હું હકદાર માલિક નથી તથાપિ જે મ્હને મળ્યું છે તે ઈશ્વરની કૃપાથી મળ્યું છે. આ રાજ્ય મ્હેં યુદ્ધબળથી નથી મેળવ્યું, પણ સર્વ જગતના કર્ત્તા–અદ્વિતીય તે પરમાત્માએજ મ્હને તે સીલાએજ(ત્હેના પિતાનું નામ)ના આશીષથી આપ્યું છે. હમણા પણ મ્હને સહાય કરનાર તેજ છે. હું કોઇ પણ માણસ પાસેથી સહાયતાની આશા નથી રાખતો. તેજ મ્હારા હેતુઓનો સફળ કર્ત્તા છે, તેજ મ્હારા આશયોને ઉત્તેજન દાતા છે, તેજ મ્હારો સહાયકર્ત્તા અને વિરૂદ્ધ સંજોગોમાં વિજય દાતા છે. ત્હેની કૃપાથીજ ઉભય લોકના સુખ સાધનોનો ભોક્તા થયો છું. જો ત્હમે એમ ધારતા હો કે ત્હમારૂં સામર્થ્ય તથા મહત્તા ત્હમારા પોતાના બળ, હીમ્મત, હી-

કમત અને સાધનોના પરિણામ છે તો હું માનું છું કે મૃત્યુ તમારી પાસેથી અભિમાનનું વૈર લેશે. અને તે અવશ્યજ! ×

×ઈંગ્રેજી અને ગુજરાતીની સરખામણી કરવા અમે મૂળ ઈંગ્રેજી પત્ર પણ અમે ઉતારી લઈએ છીએ.

"You consider yourselves Kings of the time from your power and grandeur origin and lineage Though I have not inherited this kingdom and sovereignity and this wealth and affluence, this power and dignity from my father and grandfather and though this country has not been our before, still my elevation and my improved fortunes are due to the grace of God. It was uot by my army that I won them but the one God the Peerless, the Incomparable, the Creator of the World, has given me the kingdom by the blessing of Selaij, and it is from Him that I receive help in every thing. I do not depend upon any other person for assistance. He is the accomplisher of my undertakings and giver of help in all my movements. He is the bestower of victory and success in all contents and oppositions. We have been graceously favoured with the blessings of both the worlds. If you think your power and prestige are the

આ પત્રમાં અગમસિંહ તરફ મહત્તાજન્ય માનની લાગણી શબ્દેશબ્દમાં દેખાય છે તેમજ લોહાણા પ્રજાનો એક મહાન તેમજ પ્રાચીન પ્રજા તરીકે પણ અસ્પષ્ટ રીતે સ્વીકાર થયો છે. અસ્તુ.

અગમસિંહ પોતાની સ્થિતિ તેમજ ફરજ સારી રીતે સ્હમજતો હતો. તેણે ચચના પત્રનો પ્રત્યુત્તર ન આપ્યો. ચચ આથી વધારે ગુસ્સે થયો. તેણે એક મ્હોટું લશ્કર એકઠું કર્યું અને લોહાણાઓને તાબે કરવા બ્રાહ્મણાબાદ તરફ કુચ કરી. અગમસિંહ પોતાના રાજ્યના બીજા ભાગમાં ગયો હતો. ચચના હુમલાની ખબર મળતાં તે પાછો બ્રાહ્મણાબાદ આવ્યો અને એક લડાયક લશ્કર સાથે કિલ્લામાંથી બહાર નીકળ્યો. ભયંકર યુદ્ધ થયું. કોઇ પણ પક્ષ નમી આપે તેમ નહોતું. લોહાણાઓએ વીરત્વથી પોતાનો બચાવ કર્યો તથાપિ વિજય લક્ષ્મી ત્હેમને ન વરી—ત્હેમને છેવટે કિલ્લાનો આશ્રય કરવો પડ્યો.

રાજા અગમસિંહે કનોજના રાજાને મદદ મોકલવા સંદેશો મોકલ્યો પણ તે મદદ આવી પહોંચે તે પહેલાં અગમ મરણ પામ્યો અને ત્હેના પુત્ર સરહન્દે ચચનું સ્વામીત્વ સ્વીકાર્યું.

અગમસિંહનો એક મિત્ર અને સલાહકાર સમાગ્ની નામે એક બૌદ્ધ સાધુ હતો. ચચ એમજ સ્હમજતો હતો કે અગમ એક વરસ ટકી શક્યો તે ત્હેનીજ સલાહથી. ચચનામા પ્રમાણે સમાણી એક તત્વવેત્તા અને સમર્થ પંડિત તથા નવવિહાર નામના એક મઠનો અધિષ્ટાતા હતો. અગમ દરેક શુભાશુભ કાર્યમાં ત્હેની સલાહ લેતો

---

creation of your own bravery, courage, resources and splendour then without doubt your fortunes will decay and the vengeance of death is but the legitimate due of your soul. (pp. 32.)

અને પોતાના ધર્મગુરૂ તરીકે ત્હેને માન આપતો. આ સર્વનું વૈર લેવા ચચે વિચાર કર્યો અને અગમસિંહનો બ્રાહ્મણાબાદનો કિલ્લો તાબે કરી તે નવવિહારમાં ગયો—સમાણી નિશ્ચિન્ત હતો; તે ભગવાન બુદ્ધની એક મૂર્તિ બનાવવામાં એટલો તલ્લીન થઇ ગયો હતો કે મહા વિજેતા પ્રજાઓ અને વ્યક્તિઓનાં ભાગ્યને પોતાના હૃદયમાં લઇ ફરનાર—અનેક મદોન્મત્ત મનુષ્યોનાં શિર ઝુકાવનાર વૈભવ અને વિલાસોના ભોક્તા ચચને તે જોઈ પણ ન શક્યો. ત્હેના તરફ જોવાની તેણે પરવા પણ ન કરી. આખરે ચચે ત્હેને જાતે બોલાવ્યો ત્યારે તેણે દૃષ્ટિ ઉંચી કરી. વાતચિતના પ્રસંગમાં ચચને સમજાયું કે સમાણી એક તાંત્રિક દંભી પુરૂષ નહિ પણ ખરો સાધુ હતો અને તેથી ચચનો સર્વ સંશય ટળી ગયો અને આ સાધુ પુરૂષ માટે પોતાનાથી થયેલા ખોટા વિચારને માટે ક્ષમા માગી તેને બ્રાહ્મણાબાદમાં મુખ્ય અમલદાર નીમવાની ઇચ્છા દર્શાવી. જગત—જગતની પ્રિયમાં પ્રિય વસ્તુ જેણે તૃણવત સમજી લીધી છે એવા સાધુ પુરૂષને આ રાજાની કૃપા કે પદવીની શું દરકાર હોય ? તેણે ઉપકારસહ પોતાની અનીચ્છા દર્શાવી. ચચે તેને બીજું કંઇ પણ માગવાની ઇચ્છા બતાવી—અને આગ્રહથી સમાણીએ એ ફક્ત પોતાનો મઠ સમરાવી આપવાની માગણી કરી. ચચે ત્હેનો ખુશીથી સ્વીકાર કર્યો.

ચચે બ્રાહ્મણાબાદનું રાજ્ય અગમસિંહના પુત્રને સોંપ્યું અને ત્હેની સાથે પોતાના ભત્રિજાની પુત્રીનું લગ્ન કર્યું, અને અગમની વિધવા સાથે પોતે પુનર્લગ્ન કર્યું. ચચનામાની આ વાર્તા એકાએક માનતાં ક્ષણભર વિચાર થાય છે. અગમનો પુત્ર વિદ્યમાન હોય, તેણે ચચના કુટુમ્બની કન્યા સાથે લગ્ન કર્યું હોય, અને પોતે બ્રાહ્મણાબાદના રાજ્યાસનપર હોય અને પોતાની માતાનું પુનર્લગ્ન થવા દે એ માની શકાય તેમ નથી. કદાચ તે વખતે પણ લોહાણાઓમાં

પુનર્લગ્નની છુટ હોય તથાપિ આવા પ્રકારનું લગ્ન તો નહિં થયું હોય ! ઇતિહાસકાર મુસલમાન છે અને ત્હેમનામાં એ વાત એટલી અગત્યની ન હોવાથી તેમજ લોહાણાઓને અન્યાય આપવાના હેતુથી આમ લખાયું હોય તો તે બનવા જોગ છે. એક વીર, ઉદાર અને સંપત્તિસંપન્ન સુખી જનની ધર્મપત્ની એકજ ક્ષણમાં પોતાના સ્વામીનું વિસ્મરણ કરી જાહેરમાં વિજેતાની સાથે લગ્ન કરી લે એ મનુષ્ય પ્રકૃતિથી વિરૂદ્ધ હશે એમ કહેવાનું જોખમ અમે નથી ખેડતા, તથાપિ હિન્દુ-આર્ય પ્રકૃત્તિની તો તે સર્વથા વિરૂદ્ધ છે.

ચચે સમાણીની પાસેથી બ્રાહ્મણાબાદમાં આવી કેટલાક ઉપયોગી કાયદા કર્યા. આ કાયદાઓમાં જાટ અને લોહાણા જાતિને પજવવાનો પ્રયત્ન હતો. જાટ અને લોહાણાઓને તલવાર ન ઉપાડવાની, રેશમી વસ્ત્રો ન પહેરવાની, તાબેદાર તરીકે રહેવાની આજ્ઞા કરી !

ચચે લોહાણાઓને હલકા પાડવા પ્રયત્ન કર્યો હતો. લોહાણાઓને હરેક રીતે દુઃખ દેવા આ સારસ્વત બ્રાહ્મણ રાજા તત્પર રહ્યો હતો. તેણે ઉપરોક્ત સર્વ આજ્ઞાઓ કરી હતી અને તેને પરિણામેજ અનેક લોહાણાઓને પોતાનો સ્વદેશ ત્યજી જવાની ફરજ પડી હતી. આ લોહાણાઓનું શું થયું તે કોઇ પણ ઇતિહાસ આપણને નથી કહેતા. પૃથ્વિરાજના વખતમાં સોરઠનો અજાનબાહુ લોહાણો એ પૈકીજ હશે અને તેના વંશજ તથા અન્ય સિંધ ત્યજી ગયેલા લોહાણા રજપુત જેવી લડાયક જાતિઓમાં જૂદે નામે ભળી ગયા હશે ! સિન્ધના લોહાણાઓને પણ તલવાર ત્યજી દેવાનો વખત ચચેજ આણ્યો હતો. એક સો વર્ષમાં લોહાણાઓની સ્થિતિમાં એટલો બધો ફેરફાર થઇ ગયો કે જ્યારે મુસલમાનોએ સિન્ધ જીત્યું ત્યારે લોહાણા અને જાટોમાં ત્હેમને જરા પણ ફેરફાર જણાયો નહિ. (ચચનામા પૃષ્ટ ૧૭૦.)

ચચે બ્રાહ્મણાબાદ શિવાય પોતાનાં રાજ્યમાં પણ લોહાણાઓને

પજવવાનો પ્રયત્ન કર્યો હતો. અને આ અધમ–અમાનુષી પ્રયત્નથીજ સિન્ધના લોહાણાઓની અને તેથી સર્વ લોહાણાઓની અવનતિનાં બી રોપ્યાં હતાં.

ચચની ઇર્ષાબુદ્ધિથી–લોહાણાઓને હલકા પાડવાની લાગણીથી, તેમને જાટ જેવી એક હલકી જાતિની સમાનતામાં કરી દેવામાં આવ્યા હતા. ચચનામામાં પણ એમજ છે, તથાપિ પૃષ્ઠ ૧૭૦ ના ફક્ત એકજ ઉદાહરણ Lohana Jats એ શબ્દ પ્રયોગના આધારે શ્રીયુત દયારામ ગીદુમલે ચચનામાની પ્રસ્તાવનામાં લોહાણાઓને જાટ માની લીધા છે. શ્રીયુત દયારામનું નામ એક વિદ્વાન અને કાયદાશાસ્ત્રી તરીકે મુમ્બાઇ ઇલાકામાં પ્રસિદ્ધ છે. એમને આમ અનુમાન કરવાનું શું કારણ મળ્યું હશે તે નથી સમજાતું.

શ્રીયુત દયારામ કહે છે કે એમની (જાટ લોહાણાઓના) ઉત્પત્તિ અને મૂળ સ્થાન નક્કી છે. કોઇ પણ પ્રાચીન તત્વવેત્તાએ જાટોની લોહાણા સાથે સરખામણી કરવાની વાત અમારા વાંચવામાં આવી નથી, તેમ પ્રમાણ તરીકે એમણે પણ રજુ કરી નથી. જાટ લોક એક જુદી પ્રજા છે અને ત્હેમની ઉત્પત્તિ તથા મૂળ સ્થાનનો શોધ થયો છે. ગ્રીક ઇતિહાસકાર સ્ટ્રેબોએ જેમને ઝેન્થાયનું નામ આપ્યું છે તે એજ જાટો હશે એમ કનીંગહામ કહે છે. ટૉડ સાહેબ કહે છે કે રાજપુતોના છત્રીસ કુળોમાં પ્રાચીન કાળથીજ જાટ કે જીટ લોકોનું નામ જોડાયલું છે તથાપિ જાટ અને રાજપુતોમાં લગ્ન વ્યવહાર હોય કિંવા વિશેષ કંઇ સાંસારિક સંબંધ હોય એમ મ્હારા જાણવામાં નથી. એ નામની જાતિ આખા હિંદુસ્તાનમાં–ઉત્તર હિંદુસ્તાનમાં તો બધે પ્રસરેલી છે, પણ ત્હેનો મુખ્ય ઉદ્યોગ કૃષિનો છે. પંજાબમાં એ જાતિને હમણા પણ જીટ કહેવામાં આવે છે. ગંગા યમુનાના પ્રદેશમાં ત્હેમને જાટ કહેવામાં આવે છે. સિંધુ નદીના પ્રદેશમાં તેમજ સૌરા-

ષ્ટ્રમાં ત્હેમને જટ કહેવામાં આવે છે. રાજસ્થાનમાં ખેડુતોનો મ્હોટો ભાગ જીટ જાતિનો છે. કેટલેક ઠેકાણે એ જાટ કે જીટ લોકો હિંદુ ધર્મ પાળે છે, જ્યારે સિંધમાં ત્હેમને જટ કહેવામાં આવે છે અને તે મુસલમાન ધર્માવલંબી છે.

જીટ (Gete) નામનું એમનું મહારાજ્ય જારકસ નદીપર (ઉત્તર તુર્કસ્તાન)માં હતું અને સાઇરસના સમયથી તે ચૌદમા સૈકા સુધી એજ નામે પ્રસિદ્ધ હતું. ચૌદમા સૈકામાં એ પ્રદેશમાં નિવાસ કરતા જીટોએ સ્વધર્મ ત્યજી ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો. (Todd's Rajasthan, Library Edition, pp. 111.) જીટ લોકો પોતે એમ માને છે કે ત્હેમની મૂળ ભૂમિ સિંધુ નદીનો પશ્ચિમ પ્રદેશ છે, અને તેઓ યદુવંશના છે. (Todd, pp. 111.) ટૉડ સાહેબના કહેવા પ્રમાણે એમને એક હસ્તલેખ મળ્યો હતો, જેની અંદર આ જાટ જાતિના એક રાજાનું વર્ણન છે. આ ઉપરથી ટૉડ સાહેબ અનુમાન કરે છે કે એ જાતિ શક પ્રજા પૈકી છે અને એમનું મૂળ વતન મધ્ય એશીઆ છે. ટૉડ સાહેબ આગળ જતાં એટલું પણ કહે છે કે બુદ્ધ ધર્મમાં મૂર્તિપૂજા પ્રવેશ પામવાનું કારણ પણ એજ મૂર્તિપૂજક પ્રજાઓ (શક, જીટ વિગેરે) છે. આ જીટ જાતિની સાથે લોહાણાને જરા પણ સંબંધ નથી. તે પ્રજા મૂળ-થીજ હિંદુસ્તાનમાં હલકી મનાય છે, અને અદ્યાપિ પર્યન્ત ત્હેનો સાંસારિક દરજ્જો તેવોજ છે-

ચચનામામાં જીટ જાતિનું વર્ણન વારંવાર આવે છે, પણ એક પ્રસિદ્ધ જાતિ તરીકે નહિ, તેમજ જાટ અને લોહાણા શબ્દનો સાથે પ્રયોગ થવાનાં પણ અનેક ઉદાહરણો એ ગ્રંથમાંથી મળી શકે છે; તે દરેક સ્થળે જાટ અને લોહાણા એવો સ્પષ્ટ પ્રયોગ કરવામાં આવ્યો છે. (મી. કલીચબેગનું ચચનામાનું ઇંગ્રેજી ભાષાન્તર, પૃષ્ટ ૩૬–૩૭.)

સિંધના ઇતિહાસ સાથે આપણો સંબંધ હમણા તો અહીંથીજ અટકાવવો પડે છે. એ ઇતિહાસ આપણને એટલું સ્પષ્ટ કહી શકે છે કે સાતમા સૈકામાં લોહાણા પ્રજા સિંધમાં એક સ્વતંત્ર અને સમર્થ પ્રજા હતી. સિંધના ઇતિહાસ ઉપરથી એટલું પણ સ્હમજાય છે કે સમા, સાના અને લાખા નામની લોહાણાઓની એ વખતે પેટા જાતિઓ હતી. સાતા નામની લોહાણા જાતિ અદ્યાપિ પર્યન્ત સિંધમાં વસે છે અને કરાંચીના સુપ્રસિદ્ધ ધર્માત્મા શેઠ ચેલારામ ધ-લુમલ એ જાતિના છે. સમા જાતિ પાછળથી મુસલમાન થઇ ગઇ છે અને તેમણે ચૌદમા સૈકામાં સિંધપર રાજ્ય કર્યું છે. આ સમા જાતિ બેશક એક પ્રાચીન જાતિ છે અને સિકન્દરના સમયમાં પણ તે હસ્તી ધરાવતી હતી, તેમજ રાજ્ય કરતી હતી. સમા જાતિ જો લોહાણાની પેટા જાતિ હોય તો લોહાણા જાતિ બેશક એટલી-સિક-ન્દરના સમય સુધી-તો પ્રાચીન હોવીજ જોઇએ. સિકન્દરના સમય-માં લોહાણા હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી; તથાપિ સમા અને લાખા જેની પેટા જાતિઓ હોય તે જાતિ તે વખતે ન હોય એ માની શ-કાતું નથી, અને લોહાણા જાતિ સિકંદરના વખતમાં સિંધમાં હતી એ વાત આપણે આગળ સપ્રમાણ સાબિત કરીશું.

સિંધના ઇતિહાસપરથી એટલું પણ સ્હમજાય છે કે લોહાણા જાતિ વૈશ્ય નહિ પણ શુદ્ધ ક્ષત્રિય હતી. આપણી બંધુજાતિઓ અદ્યા-પિ પર્યન્ત રાજ્યકર્તા જાતિઓ છે અને હિંદુસ્તાનના ઇતિહાસમાં લોહાણાઓની આ સ્થિતિ હોય તો તે બેશક અભિમાન ધરવાયોગ્ય છે.

હવે રજપુતોથી આપણે કયારે અને કેવા સંજોગોમાં છૂટા પ-ડયા? રજપુતો શું પ્રાચીન ક્ષત્રિઓ છે? અને તેમ હોય તો રાજ-પુતો ક્યારથી કહેવાયા? એ વિગેરે અનેક પ્રશ્નો, કે જેના પ્રમાણિક ઉત્તર વિના આપણી ઉત્પત્તિ અને ઇતિહાસની ભાવના સંપૂર્ણ મનાશે નહિ.

પ્રકરણ ૪ થું.

રજપુતોની ઉત્પત્તિ, પ્રાચીન આર્ય ક્ષત્રિઓનો વિચાર, સિંધના લોહાણા, દક્ષિણ પંજાબના અરોરા અને પંજાબના ખત્રિઓનો સંબંધ.

આપણે ગત પ્રકરણમાં જોઇ ગયા કે આર્યોનું હિંદુસ્તાનમાં મૂળ સ્થાન સિંધ અને પંજાબનો પ્રદેશ હતું. સંસ્કારી અને વીર્યવાન આર્યો આ પ્રદેશમાં સેંકડો વર્ષ રહ્યા હતા અને પછી ધીમે ધીમે આગળ વધ્યા હતા. મહાભારતના કાળ સુધી તેઓ આખા ઉત્તર હિંદુસ્તાનના સ્વામી થયા હતા અને દક્ષિણમાં પણ વધ્યા હતા.

મહાભારતના કાળમાં હિંદી આર્યો પોતાની ઉન્નતિના શિખરે પહોંચ્યા હતા. તત્ત્વજ્ઞાન જેવી સૂક્ષ્મ બાબતોથી તે ભૂમિતિ અને જ્યોતિષ જેવી અનુભવજન્ય વિદ્યામાં, બારિક કોતરકામ, સુન્દર બાંધકામ, ઇત્યાદિ રસિક કળાઓમાં સમાજમાં વર્ણ આશ્રમ ઇત્યાદિની વ્યવસ્થા કરવામાં અને યુદ્ધકળાથી તે સાધારણ કામદારની કળાપર્યન્ત પ્રજાના જીવનમાં—પ્રજાની ઉન્નતિના સર્વ અંગો તેમણે સારી રીતે ખીલવ્યાં હતાં. માની લ્યો કે આજે કોઈ પણ શાસ્ત્ર વારસામાં ન મળ્યું હોય, આપણી વીરતાની અને સાત્વિકતાની સર્વ કથાઓનું આપણને વિસ્મરણ થાય, માત્ર ભગવાન પાણિનિનું વ્યાકરણ આપણને મળે તો તે પણ આપણી ઉન્નતિ કયાં સુધી થઈ હતી તેની સાક્ષી આપવા બસ છે. વ્યાકરણ એક બહુજ શુષ્ક વિષય છે, અને એવા વિષયમાં જેણે સર્વાંગી ઉન્નતિ પ્રાપ્ત કરી હોય તેના બુદ્ધિબળ માટે એક વિવેકી પુરૂષને તો મતભેદ હોયજ નહિ. તાત્પર્ય

કે વ્યાકરણુ જેવા શુષ્ક અને ગહન વિષયમાં પણુ આપણા પંડિતો સંપૂર્ણ રસ લેતા હતા.

ક્ષત્રિયતા–વીરતાની કળામાં એ વખતના આર્યો અદ્વિતીય હતા. તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રો વાપરતા હતા, અને આગ્રહી વર્ગ ભલે એમ માનતો હોય કે તોપો અને બંદુકોની શોધ હમણાંજ થઇ છે, પણ કેટલાક સારા પંડિતો હવે માનવા લાગ્યા છે કે પ્રાચીન આર્યોનાં અગ્નયાસ્ત્રો અને અગ્નિબાણો કોઇ એવાજ પ્રકારનાં શસ્ત્ર હતાં. તેઓ યુદ્ધપ્રમત્ત અને મતાભિમાની રહેતા. યુદ્ધને એક સહજ કાર્ય સમજતા અને સહજ કારણુ માટે યુદ્ધ કરવા તૈયાર થઇ જતા. સુતા શત્રુ ઉપર હુમલો કરવાના આ સમયમાં, ક્ષેત્રમાં દારના તારો ગોઠવવાના અને વિમાનો ઉપર ઉડી ચોરી કરી શત્રુઓનું બળ તપાસી કપટ કરવાના આ સમયમાં, એ વીરતા–આર્યતાની ગમે તેવી કીંમત આંકવામાં આવે ત્હેની આપણે થોડીજ દરકાર છે.

મહાભારતનો કાળ જેમ આર્યોની ઉચ્ચતમ ઉન્નતિનો કાળ હતો તેમજ મહાભારતનું યુદ્ધ આર્યોની–ત્હેમાં પણ ત્હેમની સંસ્કૃતિ અને ક્ષત્રિયતાની અવનતિનો આરંભ કાળ હતો. એ યુદ્ધમાં થયેલા નરરત્નોના સંહારની ખોટ પાછળથી પૂરાઇજ નથી અને ક્ષત્રિઓની વિજયદેવી તો તે દિવસથી આ દુર્ભાગી દેશથી જાણે રીસાઇ બેઠી હોય ! મહાભારતનાં યુદ્ધનાં પરિણામે પછી પણ સેંકડો વર્ષ પર્યન્ત વારંવાર કુસંપ અને દ્વેષનાં વાદળો ચઢી આવી આ દેશનાં બળ અને વીર્યનો નાશ કરી જતાં હતાં. વારંવાર યુદ્ધો થતાં હતાં અને છેવટે આ પ્રજા એ યુદ્ધોથી જાણે કંટાળીજ ગઇ હોય ! યુદ્ધોથી કંટાળો ખાતી અને પાછી હઠતી પ્રજા સ્વતંત્રતાનો ઉપભોગ કરવા નાલાયક થાય છે અને તેમજ આપણી પ્રજા સાથે થયું છે

ભગવાન બુદ્ધનો ધર્મ ઉપરોક્ત સિદ્ધાંતના પ્રમાણુરૂપ છે. આ સાધુ રાજપુત્રે શાન્તિ અને સમાધાનનો ધર્મ બોધ્યો હતો. અહિંસા ધર્મનો–જીવદયાનો ઉપદેશ કર્યો હતો, અને રાજાઓ તેમજ મહારાજાઓએ પ્રેમ અને શ્રદ્ધાથી એ શાન્ત ધર્મનો સ્વીકાર કર્યો હતો. હિંદુસ્તાનના એક છેડાથી તે બીજા છેડા સુધી શ્વેત વસ્ત્રો ધારણ કરનારા શ્રમણો ફરતા હતા અને એ પદવી પ્રાપ્ત કરવામાં રાજાઓ પણ અહોભાગ્ય સમજતા હતા. આવા એક શાન્ત અને સમાધાનપ્રેમી ધર્મની બેશક આ દેશને તે વખતે ખરેખરી જરૂર હતી, અને આ ધર્મને પ્રતાપે પુનઃ આ દેશમાં શાન્તિનું રાજ્ય પ્રસર્યું હતું. તત્ત્વજ્ઞાનીઓએ સિદ્ધ કરેલી કર્મના બંધનથી મુક્ત આશા અને નિરાશાથી જે પર એવી આત્મજ્યોતિ આ દેશમાં જાગી હતી, અને પ્રજાકીય ભાવના (National Feeling) આ દેશમાં જન્મ પામી.

આ ધર્મને પ્રતાપેજ ઉત્તર હિંદુસ્તાનમાં ગુપ્ત વંશ, ત્યાર બાદ નન્દ અને મૌર્ય વંશનું સમર્થ રા[illegible]તોથી ને દક્ષિણ હિંદુસ્તાનમાં પૌંડ્ર, ચૌલ, આંદ્ર આદિ રાજ્યો [illegible]ામ્યાં હતાં. આ વંશોમાં અશોક વિગેરે મહારાજાઓએ હિંદુસ્તાનમાં શાન્તિ જાળવી હતી અને વિદેશોમાં પણ આ દેશનાં ધર્મ અને તત્ત્વજ્ઞાન પ્રસિદ્ધ થયાં હતાં. આ આર્ય દેશ જગદ્વંદ્ય થયો હતો, પરંતુ અન્યથા વિચાર કરવા બેસીએ તો જણાશે કે એ કાળમાં શુદ્ધ ક્ષત્રિયતાનો બહુધા નાશ થઇ ગયો હતો; ઉત્તર હિંદુસ્તાનના રાજાઓ શુદ્ર હતા, અને દક્ષિણ હિંદુસ્તાનના રાજાઓ મોટે ભાગે વિદેશી હતા.

પુરાણો ગમે તેટલાં અર્વાચીન હોય અને સ્કંધ પુરાણ, ભવિષ્યોત્તર પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ ઈત્યાદિ પુરાણો અર્વાચીન હોવામાં પણ શંકા નથી, તથાપિ વાયુ, મત્સ્ય અને વિષ્ણુ પુરાણોમાં ઐતિહાસિક અંશ છે, અને તે મોડામાં મોડા નંદ વંશના સમયમાં લ-

ખાયેલા હોવા જોઇએ. મી. વી. એ. સ્મીથ પોતાના ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસમાં જણાવે છે કેઃ—

The most systematic record of Indian historical tradition is that preserved in the dynastic lists of the Purans. Five out of the eighteen works of this class, namely, the Vayu, the Matsya, the Vishnu, the Brahmanda and the Bhagwat contain such lists. The Brahmand and the Bhagwat Purans being comparatively late works, the lists in them are corrupt, imperfect and of slight value. But those in the oldest documents, the Vayu, the Matsya and Vishnu are full and evidently based upon good authorities.............. Modern European writers have been inclined to disparage unduly the authority of the Puranic lists, but closer study finds in them much genuine and historical valuable tradition. For instance, the Vishnu Puran gives the outline of the history of the Maurya dynasty with a near approach to accuracy and the Radcliffe manuscript of the Matsya is equally trustworthy for Andhra history. Proof of the surprising extent to which coins and inscriptions now confirm the Matsya list of the Andhra Kings has recently been published. (Early

History of India by V. A. Smith, pp. 8, 9, and 10.)

ભાવાર્થઃ—ભારતીય ઐતિહાસિક લોકકથાના ક્રમાનુગત લેખો પુરાણોની વંશાવળીઓમાં સુરક્ષિત છે. અઢાર પુરાણોમાં પાંચ, અર્થાત્ વાયુ, મત્સ્ય, વિષ્ણુ, બ્રહ્માન્ડ અને ભાગવતમાં આવી વંશાવલીઓ છે. બ્રહ્માન્ડ તથા ભાગવત પુરાણ બીજાં પુરાણોથી પછી બનાવેલાં હોવાથી એમાં જે વંશાવલીઓ આપેલી છે તે ભ્રષ્ટ, અપૂર્ણ અને નજીવી છે, પરંતુ જે વંશાવલીઓ સૌથી પુરાણાં પુરાણોમાં અર્થાત્ વાયુ, મત્સ્ય અને વિષ્ણુમાં છે તે પૂર્ણ અને સામાન્ય રીતે સારાં પ્રમાણોપર સ્તંભિત છે.................આધુનિક યુરોપીય ઇતિહાસકારો પૌરાણિક વંશાવલીઓનાં પ્રમાણોનો અયોગ્ય રીતે તિરસ્કાર કરવા માગે છે. પરંતુ બારિક અવલોકનથી માલમ પડે છે કે તેમાં પણ ઘણી સાચી અને અતિ કીંમતી લોકકથાઓ છે. એક દૃષ્ટાંત લઇએ. વિષ્ણુપુરાણમાં **મોર્ય વંશ (નંદ વંશ)** ના ઇતિહાસનું સ્થૂલ વર્ણન છે. જે લગભગ સત્યતાની અતિ સમીપ જાય છે, અને મત્સ્ય પુરાણનો હસ્તલેખ જે " રેડકલિફ " ને મળેલ છે તે એવીજ રીતે **અંધ્ર** વંશના ઇતિહાસ સંબંધે વિશ્વસનીય છે. અંધ્ર રાજાઓની જે વંશાવળી મત્સ્ય પુરાણમાં આપેલી છે, તેનું સિક્કા અને શિલાલેખો જે આશ્ચર્યજનક રીતથી અનુમોદન કરે છે તેનો પુરાવો થોડો વખત થયાં પ્રસિદ્ધ થયો છે. (જુઓ વી. એ. સ્મીથ કૃત હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ, પૃષ્ટ ૮, ૯ અને ૧૦.)

આપણી લોકકથાઓ જણાવે છે કે પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં બે વંશના ક્ષત્રિઓ રાજ્ય કરતા હતા. (૧) સૂર્યવંશ અને (૨) ચંદ્રવંશ. આપણે આગળ જણાવી ગયા છીએ કે વિષ્ણુપુરાણ અને ભાગવત પ્રમાણે કલિયુગમાં સૂર્યવંશ–ઇક્ષ્વાકુ વંશમાં છેલ્લો

સૂર્યવંશી રાજા સુમિત્ર હતો અને સુમિત્રથી સૂર્યવંશી રાજાઓની સમાપ્તિ થઈ છે. એજ પ્રમાણે વિષ્ણુપુરાણના અંશ ૪ ના અધ્યાય ૨૧ માં જણાવેલું છે કેઃ—

पराशर उवाच–अतः परं भविष्यानहं भूपालान्कीर्तयिष्येयोऽयं सांप्रत मवनीपतिस्तस्यापि जनमेजय श्रुतसेनोग्रसेन भीमसेनाः पुत्राश्चत्वारो भविष्यंति ॥

અર્થાત્ એ અધ્યાયમાં પરાશર મુનિના મુખે સોમવંશમાં ભવિષ્યમાં થનાર રાજાઓનું કથન કરેલું છે. એ અધ્યાયની શરૂઆતમાં પરાશર મુનિ જણાવે છે કે, “ હમણા જે રાજા છે તેને જન્મેજય, શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન એવા ચાર પુત્રો થશે. ” ત્યાર બાદ જન્મેજયનો વંશ આગળ ચલાવતાં તે અધ્યાયને અંતે એમ જણાવવામાં આવેલું છે કેઃ—

ब्रह्मक्षत्रस्य यो योनिर्वंशो राजार्षि सत्कृतः।
क्षेमकं प्राप्य राजानं स संस्थां प्राप्स्यते कलौ ॥

અર્થાત્ બ્રાહ્મણ અને ક્ષત્રિઓની ઉત્પત્તિના કારણભૂત એવા રાજર્ષિઓએ સત્કાર કરેલા આ (સોમ) વંશમાં કલિયુગમાં ક્ષેમક નામનો રાજા થઇ ગયા પછી સમાપ્ત થશે. વિષ્ણુપુરાણના ત્રેવીસમાં અધ્યાયમાં—

मागधानां बार्हद्रथानां भविष्याणामनुक्रमं कथयामि.

બૃહદ્રથ વંશમાં (એ વંશમાં જરાસંધ આદિ મહા બળવાન રાજાઓ થઈ ગયા છે) ભવિષ્ય કાળમાં થનારા મગધ દેશના રા-

જાઓ અનુક્રમે જણાવેલા છે. એ વંશનો છેલ્લો રાજા રિપુંજય જણાવેલ છે. અધ્યાય ચોવીશમામાં જણાવેલું છે કે, " બૃહદ્રથ વંશનો જે રિપુંજય નામનો છેલ્લો રાજા થશે, તેને એક શુનક નામે મંત્રી થશે. તે પોતાના સ્વામી રિપુંજયને મારી પોતાના પ્રદ્યોત નામના પુત્રને રાજ્ય ઉપર અભિષેક કરશે. પ્રદ્યોતને પાલક નામનો પુત્ર થશે. ત્હેને વિશાખયૂપ, ત્હેનો જનક, ત્હેનો નંદિવર્ધન, એ પાંચ પ્રદ્યોત વંશના રાજાઓ એકસો આડત્રીસ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે. ત્યાર પછી શિશુનાગ રાજા થશે. ત્હેનો પુત્ર કાકવર્ણ, ત્હેનો ક્ષેમધર્મા, ત્હેનો ક્ષત્રૌજા, ત્હેનો બિંદુસાર, તેનાથી અજાતશત્રુ, તેનાથી દર્ભક, દર્ભકથી ઉદયન, તેનો નંદિ અને તેનો પુત્ર મહાનંદિ એ દશ શિશુનાગ વંશના રાજાઓ ત્રણસો બાસઠ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય ભોગવશે. મહાનંદિથી તેની **શુદ્ર જાતિની** સ્ત્રીને વિષે ઉત્પન્ન થયેલો નંદ નામનો પુત્ર એક લાખ કરોડ દ્રવ્યનો અધિપતિ તથા અત્યંત લોભી થઇ **પરશુરામ પ્રમાણે તમામ ક્ષત્રિઓનો સંહાર કરનારો થશે; તે સમયથી પૃથ્વી ઉપર શુદ્ર રાજા થશે.** જેની આજ્ઞાનું કોઇ પણ ઉલ્લંઘન ન કરે એવો તે મહાપદ્માધિપતિ નંદરાજા એક છત્રે પૃથ્વીનું રાજ્ય કરશે. તેને શુમાલ્ય આદિ આઠ પુત્રો થશે, તે નંદરાજા મરણ પામ્યા પછી રાજ્ય કરશે. એ મહાપદ્માધિપતિ નંદ અને તેના પુત્રો સો વર્ષ સુધી રાજ્ય કરશે. એ નંદવંશના (નંદ અને ત્હેના આઠ પુત્રો મળી) નવ પુરૂષોનો કૌટિલ્ય (ચાણાક્ય) નામનો બ્રાહ્મણ નાશ કરશે. પછી મૌર્યવંશના પુરૂષ પૃથ્વીનું પાલન કરશે. તેમાં પ્રથમ ચંદ્રગુપ્તને કૌટિલ્ય રાજ્યાભિષેક કરશે. " ક્ષત્રિય રાજસત્તાનો વિનાશ અને તેની અવનતિના સ્પષ્ટ ઉલ્લેખનો પુરાવો આથી સરસ શું જોઇએ ?

વિષ્ણુપુરાણની આ ભવિષ્યવાણી ઇતિવૃત્તજ છે, અર્થાત અ

ઐતિહાસિક સત્ય છે, એ સિદ્ધ કરવાની હવે જરૂર નથી. આ પ્રાચીન ઇતિહાસનો આધાર લઇ કવિ વિશાખદત્તે "**मुद्रा राक्षस**" નામે નાટક રચ્યું છે. મુદ્રા રાક્ષસનો મુખ્ય પાત્ર ચાણાક્ય છે, જેને વિષ્ણુપુરાણમાં "કૌટિલ્ય" એવું નામ આપેલું છે; અને જર્મનીના પ્રસિદ્ધ રાજ્યકારસ્થાની વીરપુરૂષ પ્રિન્સ બિસ્માર્ક (Prince Bismark) ઉપનામ આપવામાં આવ્યું છે. આ ચાણાક્યે "ચાણાક્ય નીતિ" નામે ગ્રંથ રચેલો છે.

"આ સમયે સિંધુ નદીને પેલે તટે દરિયા કિનારા પાસે **શકલોક** વસતા હતા. તેમની ઉત્તરે હાલના **અફગાનિસ્થાન** અને તેની નજદીકના પ્રદેશમાં **યવન** લોકની વસ્તી હતી. **નેપાળ અને તેની પશ્ચિમનો** હિમાલયનો ડુંગરાળ મુલક કિરાત નામે જંગલી લોકોથી વ્યાપ્ત હતો. આધુ અફઘાનિસ્થાનની પશ્ચિમના વેગળા પ્રદેશમાં **કાંબોજ** અને **પારસીક** લોક જમાવ કરી રહ્યા હતા. વળી બંગાળના પૂર્વોત્તર કોણમાં **ખશિયા** અને **ગારો** ડુંગરોમાં **ખશ** નામે જંગલી લોકો રહેતા, અને ત્હેની પડોશમાં **કુમાયુન** પાસેના પ્રદેશમાં તેના જેવાજ જંગલી **મગર** લોક રહેતા, જેમના વંશજો અદ્યાપિ તે પ્રદેશોમાં જોવામાં આવે છે. તેમ હાલ જ્યાં પેશાવર છે તેની આસપાસના મુલકમાં **ગાંધાર** લોકો વસતા હતા, અને પૂર્વે કહેલા યવન અને કાંબોજની પડોશમાં **ચીન** લોકો રહેતા હતા. વળી "હુણ" નામે લોકો અતિ પ્રાચીન કાળથી ચીન દેશ તરફથી આવી હિંદુસ્તાનની પશ્ચિમોત્તર સરહદ ઉપર રાજ્ય જમાવી રહ્યા હતા. તેમ વળી ઉત્તર દિશા સૌ મ્લેચ્છથી આક્રાંત હતી. (કેશવ હર્ષદ ધ્રુવ કૃત શ્રી મુદ્રા રાક્ષસ નાટક ભાષાંતર "કવિ અને કાવ્ય" ભાષાંતરનો પૂર્વભાગ, પા. ૧૦.) આપણે ગત પ્રકરણમાં પણ જોઇ ગયા છીએ કે શુદ્ર મૌર્યવંશની સ્થાપનાથી તે ઇ. સ. ના

પાંચમા સૈકા સુધી જે શક, યવન, ઇત્યાદિ અનેક લડાયક પ્રજાઓ આ દેશમાં દાખલ થઈ હતી અને તેમણે રાજ્ય પણ મેળવ્યું હતું. લાહોર તેમજ કલકત્તાના મ્યુઝિયમમાં એ પ્રજાઓના હિંદુસ્તાની સિક્કાઓ અદ્યાપિ પર્યન્ત મૌજુદ છે. આ પ્રજાઓના પ્રાબલ્યથી પણ શુદ્ધ આર્ય ક્ષત્રિઓની સત્તા અનેક રીતે નિર્બલ થવા પામી હતી. મ્લેચ્છ અનાર્ય જાતિઓનાં આ દેશમાં આગમન સંબંધમાં વિષ્ણુ, મત્સ્ય વગેરે પુરાણોમાં પણ પ્રમાણો મળે છે.

અતિ પ્રાચીન પુરાણોના સમયમાં—જે સમય નંદ વંશના સમયથી અર્વાચીન ન હોવો જોઇએ એમ આપણે જોયું છે—ક્ષત્રિઓની કીર્તિ–ત્હેમની સત્તા અને ત્હેમની રાજ્યલક્ષ્મીનું તેજ ઝાંખા કીરણોરૂપે કોઇક સ્થળે પ્રકાશતું, કોઇક સ્થળે જળમાં છૂપાતું અને કોઇક સ્થળે બાળકરૂપે તરંગપર નાચતું હતું. ત્હેમની સત્તાનો સૂર્ય પશ્ચિમ ક્ષિતીજપર ઉભો હતો અને વિદેશીઓની સત્તાનો પ્રભાવ આર્ય દેશના સર્વ વિભાગોમાં પ્રબળ થતો જતો હતો.

અહીં એક વાત સ્મરણમાં રાખવાની છે કે આ પુરાણોના સમયમાં અથવા તેથી પ્રાચીન સમયમાં કિંવા તે પછી લગભગ સાતમા સૈકા સુધી "રાજપુત" શબ્દ ક્ષત્રિય જ્ઞાતિવાચક નહોતો. અલબત ક્ષત્રિઓમાં પેટાજાતિઓ તેમજ શાખાઓ હતી, પણ તે સર્વનો સમાવેશ માત્ર ક્ષત્રિય શબ્દમાં થઇ જતો હતો.

હવે બે પ્રશ્નોનો વિચાર કરવાનું આપણને પ્રાપ્ત થાય છેઃ—
(૧) શું પ્રાચીન આર્ય ક્ષત્રિઓનો સર્વથા નાશ થયો હતો ? અને (૨) રજપુતો કોણ હતા ?

ઉપરોક્ત પુરાણનાં પ્રમાણોથી ક્ષત્રિઓની કીર્તિ ઝાંખી થયાનું માની શકાય છે, પણ એ ક્ષત્રિઓ સર્વનાશ પામ્યા એમ કદી શકાતું નથી. ત્હેમની સત્તા અસ્તવ્યસ્ત થઇ ગઇ હોવી જોઇએ. કોઈ

પણ પ્રબળ અને પ્રસિદ્ધ જાતિએ કદાચ નામ બદલ્યું હોય, કદાચ કામ બદલ્યું હોય પણ ત્હેમનાં મૂળનો નાશ થયો હોય એ બનવાજોગ નથી. ઇતિહાસમાં એવો એક પણ દાખલો મળી શકે તેમ નથી. બીજા પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ આપણે પુરાણોનાં કથન તરફ નજર કરીશું.

शुद्रा विशोस्तु करणोऽम्बष्ठो वैश्या द्विजन्मनी ।
क्षत्रात् करण कन्यायां राजपुत्रो बभुवह ॥
राजपुत्रा चा तु करण दागरीति प्रकीर्तितः ।
सद्य क्षत्रिय बीजेन राजपुत्रस्य योषितः ॥
बभुव नीवर श्चैव पतितो जार दोषतः ॥

(ब्रह्म वैवर्त पुराण.)

ડૉ. જે. વીલ્સન એફ. આર. એસ. ઉપરોક્ત શ્લોકનું ભાષાન્તર આ પ્રમાણે કરે છે.

માતા	પિતા	જાતિ	કર્મ	અર્થ.
શુદ્ર	વૈશ્ય	કરણ	કાયસ્થ	...
રાજપુત્ર	ક્ષત્રિય	તીવાર	માછી	...
કરણ	ક્ષત્રિય	રાજપુત્ર	...	...
રાજપુત્ર	કરણ	અગારી	મીઠું પકવનાર.	

આમાં રાજપુત્ર અને ક્ષત્રિય એ બે શબ્દોનો જૂદી જાતિ વાચક શબ્દો તરીકે પ્રયોગ કરવામાં આવ્યો છે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

शुद्राया क्षत्रिया दुग्र क्रुर कर्मा प्रजायते ।
शस्त्र विद्या शुक्कशल संग्राम कुशलो भवेत् ॥
तथा वृत्या सजीवे द्यो शुद्र धर्मा प्रजायते
रजपुत इति ख्यातो युद्ध कर्म विशारदः ॥

ક્ષત્રિય પિતા અને શુદ્ર માતાથી ઉત્પન્ન પ્રજા ક્રૂર કર્મ કરનારી શસ્ત્ર વિદ્યામાં અને સંગ્રામ ક્ષેત્રમાં કુશલ થાય છે. શુદ્ર જેવી વૃત્તિવાળી (પણ) યુદ્ધ કર્મમાં પ્રવીણ જાતિ રજપુતને નામે પ્રસિદ્ધ છે.

આને કંઇક મળતો અભિપ્રાય પ્રસિદ્ધ મુસલમાન ઇતિહાસકાર ફિરેશતા આપે છે. તેના કથન અનુસાર હિન્દુ રાજાઓ રાય કહેવાતા અને તેઓ પરણેતર રાણીઓ સિવાય કેટલીક હલકી જાતિની દાસીઓ–રખાયતો રાખતા. આમાંથી થતી પ્રજા–પુત્ર પ્રજાને ખરા રાજપુત્રનો હક્ક પણ નહોતો મળતો, તેમજ તે રાજપુત્ર કહેવાતા પણ નહિ. લાડમાં ત્હેમને ત્હેમની દાસી માતાઓ તરફથી રાયપુત કહેવામાં આવતા. રાયનો રાજ થાય એ સર્વથા સ્વાભાવિક છે, અને એ રીતે દાસી પુત્રો તેજ પાછળથી રાજપુતો કહેવાયા.

ચાર અગ્નિ કુળોની કથા ચન્દ બારોટના રાસામાં આનંદ અને અભિમાનથી કહેવામાં આવી છે. આ કથામાં વસિષ્ઠ વિશ્વામિત્ર ઇત્યાદિ વેદ કાળના ઋષિઓને અગ્રસ્થાને બેસાડવામાં આવ્યા છે. તથાપિ તે કોઇ પણ પ્રાચીન ગ્રન્થમાં કે પુરાણમાં નથી મળતી. ત્હેનો સિદ્ધાન્ત નાગ જાતિ–તક્ષક જાતિની ઉચ્ચતા દર્શાવવાનો ગૌણ રીતે પણ છે, તેથી વિદ્વાનો રાજપુતોને શક હોવાનું પણ કહે છે. ચન્દ બારોટની અગ્નિ કુળોની કથા આ પ્રમાણે છે.

પ્રથમ રાજા પરિક્ષિતના તક્ષક દર્શન તથા જન્મેજયના સર્પ-

સત્રની કથા કહેવામાં આવી છે. ત્યાંથી નાશી આવેલો એક તક્ષક અર્બુદ નામ ધારણ કરી આબુપર આવી રહ્યો. એજ વખતે વસિષ્ઠ ભગવાન (ચાલુ) પર્વતપર તપ કરવાને આવ્યા. ત્હેમની સાથે કેટલાક ઋષિઓ પણ આવ્યા હતા. આ સર્વ બ્રાહ્મણોનું પોષણ નન્દની નામની ગાય કરતી હતી. આ ગાય અકસ્માત વત્ અથાવ નામના એક મ્હોટા પાણીના કુંડમાં પડી ગઈ. વસિષ્ઠ ભગવાને એ ગાયને બહાર લાવવા ગંગાજીનું આવાહન કર્યું. ગંગાજી ઉભરાયા અને નન્દની તીરપર આવી. વસિષ્ઠ ઋષિનો ક્રોધ શાન્ત ન થયો. એ કુંડ પૂરવા કોઈ સમર્થ માણસથી શોધ કરવા લાગ્યા અને હિમાલય પાસે ત્હેના એક પુત્રની માગણી કરી. હિમાલય પર્વતે પોતાનાં સર્વ પુત્રોના અભિપ્રાય પૂછ્યા, મ્હોટાએ કહ્યું કે એ ભૂમિ નિષિદ્ધ છે; અને તેનાં કેટલાક કારણો પણ દર્શાવ્યાં. વસિષ્ઠ ભગવાને એ ભૂમિનું સૌન્દર્ય અને સૃષ્ટિ લીલાનું વર્ણન કર્યું. વિશેષમાં જણાવ્યું કે વાલ્મિક ભગવાન ઋષિપદને ત્યાંજ પામ્યા હતા. આમ સાંભળી હિમાલયના મધ્યમ પુત્ર નન્દે વસિષ્ઠની સાથે આવવાનું કબુલ કર્યું. આ હિમગીરિના પુત્ર નન્દગીરિને ઉચકવા વસિષ્ઠ ઋષિએ અર્બુદ નાગને કહ્યું. અર્બુદે પોતાના નામથી તીર્થસ્થળ પ્રસિદ્ધ થવાની શરતે પર્વત ઉચકવાનું કબુલ કર્યું. ઋષિએ પણ તક્ષકની માગણી સ્વીકારી. પર્વત ઉચકી કુંડમાં મૂકવામાં આવ્યો. વસિષ્ટ ભગવાનનું કાર્ય થયું અને તે પ્રસન્ન થયા, ઇત્યાદિ.

થોડા વખત પછી એ પર્વત હાલવા માંડયો, ત્યારે પુનઃ વસિષ્ઠને ચિન્તા થઈ. ત્હેમણે ઈશ્વરની આરાધના કરવા માંડી અને મહાદેવ પ્રસન્ન થયા. દર્શન આપી ઋષિને વર માગવાનું કહ્યું. વસિષ્ઠ ઋષિએ નંદગીરિને અચલ કરવાની પ્રાર્થના કરી. મહાદેવ ત્યાં રહ્યા નંદગીરિ અચલ થયો અને આબુના નામથી પ્રસિદ્ધ થયો. આબુના

મહીમાની વૃદ્ધિ થઇ તેથી ૠષિઓ ત્યાં રહેવા લાગ્યા, તથા ત્યાં એક મહા યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો.

ૠષિઓએ અનલ કુંડ કિંવા અગ્નિ કુંડ રચવાનો પ્રારંભ કર્યો અને દૈત્યો દ્વેષ બુદ્ધિથી ત્હેમને પજવવા લાગ્યા. વસિષ્ઠ મુનિએ પુનઃ ઇશ્વરાધના કરી અને એ અનલ કુંડમાંથી પ્રથમ એક સુન્દર પુરૂષની ઉત્પત્તિ થઈ. આ પુરૂષને સુન્દર અને વીર જોઈ ૠષિઓએ ત્હેને ચહુવાન એવું નામ આપ્યું. ત્યાર પછી પુવાર અથવા પરમાર, પછી સોલંકી પછી પડીયાર–આ પ્રમાણે આ ચાર કુળોની ઉત્પત્તિ થઇ અને તે અગ્નિકુળોને નામે પ્રસિદ્ધ થયા, (પૃથ્વિરાજ રાસો નાગરી પ્રચારિણી સભાની આવૃત્તિ પ્રથમ ભાગ પૃષ્ટ ૨૬ થી ૫૫)

ચન્દ ભાટ, પૃથ્વિરાજની કેટલીક પ્હેડીઓ કહી અટકી પડે છે તેથી પણ એ કુળો અર્વાચીન માનવાને કારણ મળે છે. અને જો તે અર્વાચીનજ હોય તો બેશક તે વિદેશી હશે અગર કોઇ પ્રાચીન મિશ્ર કિંવા પતિત જાતિના ઉદ્ધાર દ્વારા ઉદ્ભવ પામ્યાં હશે.

રાજપુતોના ઇતિહાસની શોધ ખોળ કરવાનું માન સ્વ. કર્નલ જેમ્સ ટૉડ, એમને ઘટે છે. ભાટોના ચોપડાના ચોપડા ઉતારી ત્હેનું ઇંગ્રેજીમાં ભાષાન્તર કરી તામ્ર લેખો, શિલા લેખો, સિક્કાઓ વિગેરેનો અપૂર્વ સંગ્રહ કરી અનેક વિદ્વાનો રોકી પ્રાચીન પુરાણો ઇતિહાસો તેમજ લોક પ્રસિદ્ધ આખ્યાયિકાઓનો સંગ્રહ કરી રાજપુત પ્રજાનો એક સપ્રમાણ ઇતિહાસ તૈયાર કરવામાં એમણે જે શ્રમ લીધો છે ત્હેનો ખ્યાલ એમના રાજસ્થાનના બન્ને ભાગ વાંચવાથીજ આવી શકે તેમ છે. હિન્દુસ્તાનના દુર્ભાગ્યે એ મહાત્માનો ન્હાની ઉમરમાંજ સ્વર્ગવાસ થયો છે અને એમના શ્રમ અને ઉંડા વિસ્તૃત અભ્યાસનું એક ચતુર્થાંશ ફળ પણ આપણે નથી મેળવી શક્યા.

કર્નલ ટૉડે રાજપુતોના ઇતિહાસ સંબંધમાં ખૂબ સૂક્ષ્મ વિચાર કર્યો છે. એમના રીતરિવાજો એમના આધ્યાત્મિક અને માનસિક વ્યાપારોનું પણ બારિક અવલોકન કર્યું છે, તેમજ એક એક શાખાનું મૂળ તથા ત્હેમના વિભાગો ત્હેમની પ્રચલિત માન્યતા અને તેમાં અંતર્ગત મતભેદ સુદ્ધાન્ત દર્શાવી તેઓ એવા અભિપ્રાય ઉપર આવ્યા છે કે રાજપુતોનો વિશેષ ભાગ શક જાતિનો છે.

ટૉડ સાહેબે આ પ્રશ્નની ગંભીર ચર્ચા કરી છે અને અનેક રીતે હિન્દી ચાઇનીઝ અને સ્કેન્ડીનેવીયાની પ્રજાનું મૂળ તપાસવા અને સમાન બતાવવા પ્રયત્ન કર્યો છે. રાજપુતો અને સીથીઅનોની સમાનતાના પ્રમાણમાં એમણે નીચે પ્રમાણે સાત કારણો દર્શાવ્યાં છે.

૧ અગ્નિ કુળોની કથા.

૨ કેટલીક રાજપુત શાખાઓ સિન્ધુ નદીના પશ્ચિમ પ્રદેશમાંથી આવી હોવાનાં સબળ પ્રમાણો.

૩ કેટલીક રાજપુત શાખાઓનાં નામ મૂળ શક છે.

૪ રાજપુતોનો ધર્મ ત્હેમની કેટલીક જહેરા ઇત્યાદિ સુપ્રસિદ્ધ નીતિ રીતિઓ શકદ્વીપવાસી શક લોકોને મળતી આવે છે.

૫ બીજા સૈકામાં સિન્ધુના દક્ષિણ પ્રદેશમાં સિન્ધમાં હિન્દી સીથીયન પ્રજા વસતી હતી.

૬ કૉસ્મોસ ઇન્ડીકો પ્લેન્સ્ટીસ નામના મુસાફરના વખતમાં શ્વેત હુણ નામની એક જાતિ ઉત્તર હિન્દુસ્તાનમાં હતી.

૭ ચાઇનીઝ મુસાફર ડી. ગીગ્નીસ ચીનના પ્રમાણોથી પણ સાબીત કરે છે કે સિન્ધુ નદીના પ્રદેશમાં જાટ ઝેનથાય કે ચીનના પુટી લોકો વિજય મેળવી રહ્યા હતા અને એ જાતિ અદ્યાપિ પણ એ પ્રદેશમાં રહે છે.

આ વિદેશીય જાતિઓ હતી એમ સિદ્ધ કરી આ જાતિઓ હિન્દુ ધર્મમાં પ્રવેશ પામવાનું કારણ અનેક રીતે બુદ્ધ ધર્મને ઠરાવે છે.

ઉપરોક્ત પ્રમાણોમાં વિદ્વાનોએ અનેક દોષો પણ જોયા છે. ઈન્ડીયન એન્ટીકવેરી નામના માસિકમાં અનેક વિદ્વાનોએ એ દલીલોનાં ઐતિહાસિક દ્રષ્ટિથી ઉત્તર આપ્યા છે અને "રાજસ્થાન"ને અનેક આક્ષેપો યુક્ત માન્યું છે. જો રાજપુત પ્રજાને સર્વથા હિન્દુ પ્રજામાંથી બાતલ કરી નાંખવામાં આવે તો હિન્દુઓની કીર્તિરેખા કેવી ઝાંખી થઈ જાય તે વિચાર અમે વાંચકોનેજ સોંપીએ છીએ. આપણે અત્રે ઇતિહાસનો વિચાર કરવાનો છે અને સત્યનું સમીપસ્થ સ્વરૂપ એજ ઇતિહાસ છે. ભલે રાજપુતોની કીર્તિ આપણી સમસ્ત પ્રજાનાં ગૌરવનું કારણ હોય તથાપિ સત્યતાને ખાતર આપણે ત્હેની કસોટી તો કરીશું.

ટૉડ સાહેબની ઉપરોકત સાતે દલીલોના ભિન્ન ભિન્ન ઉત્તર અનેક વિદ્વાનોએ આપ્યા છે. ઓનરેબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટન સાહેબે આ સાતે દલીલોનું પૃથક્ પૃથક્ ખંડન કર્યું છે અને ટૉડ સાહેબનો પ્રતિવાદ જાણવા આપણે એમના લેખનું પ્રમાણ ટાંકીશું.

(History of India by the Honourable Mount Stuart Elphinstone, Fifth Edition with Notes and Additions by E. B. Cowell, M.A. Vol. IV., pp. 33 and Vol. VIII, pp. 19.)

સર એલ્ફીન્સ્ટનનો અભિપ્રાય એવો છે કે મનુના સમયમાં હિન્દુસ્તાનવાસી આર્યોની સામાજિક સ્થિતિ એવી ન હતી કે તે સમયમાં અગર મનુસ્મૃતિનો પ્રભાવ આર્ય-હિન્દુ સમાજ ઉપર હોય ત્યાં સુધી વિદેશીઓ દ્વિજ જાતિઓમાં પ્રવેશ પામ્યા હોય એ શંકાસ્પદ

છે. સિકન્દરના સમય સુધી જરા પણ જાતિમિશ્રણ થવા પામ્યું નહોતું તેમજ સિકન્દર અને હેના વિદ્વાન સાથીઓ જોકે બે વરસ સીથીઆમાં રહીને આવ્યા હતા તથાપિ હિન્દુસ્તાનમાં સિકન્દરને કોઇ પણ ખાસ સીથીયન પ્રજા જણાઈ નથી. સર એલ્ફીન્સ્ટન, સીથીયનો બાંકટ્રીઆ જીતી હિન્દુસ્તાનમાં આવવાનું તથા હિન્દુસ્તાનનો કેટલોક ભાગ પોતાની સત્તામાં લાવ્યાનું નિર્વિવાદ માને છે. ત્યાર બાદ એમણે ટૉડ સાહેબની દરેક દલીલનો વિદ્વતા ભર્યો ઉત્તર આપ્યો છે તે પણ આપણો વિષય સ્ફુટ કરવામાં ઉપયોગી થઇ પડશે.

(૧) અગ્નિ કુળોની ઉત્પત્તિનું સ્થાન આબુ પર્વત કલ્પવામાં આવ્યું છે. જો આ કથાને સીથીયન પ્રજા સાથે સંબંધ હોત તો ઉત્પત્તિ સ્થાન જરૂર શક દ્વીપ કે હેની સમીપનો પ્રદેશ કલ્પાત.

(૨) સિન્ધુ નદીના પશ્ચિમ પ્રદેશમાંથી મધ્ય હિન્દુસ્તાનમાં આવનારી મ્હોટામાં મ્હોટી પ્રજા યદુ પ્રજા છે અને બેશક તે શુદ્ધ હિન્દુ પ્રજા છે. શ્રી કૃષ્ણ પછી યાદવો સિન્ધુના પશ્ચિમ પ્રદેશમાં ગયાની વાત સુપ્રસિદ્ધ છે. સમા–યાદવ જાતિ સિન્ધુ નદીના પશ્ચિમ પ્રદેશમાંથી આવી એ વાત ચોક્કસ છે પણ સમા જાતિ શુદ્ધ હિન્દુ જાતિ હતી–મુસલમાન સમાના પૂર્વજો હિન્દુ હતા એ વાત એથી પણ વધારે ચોક્કસ છે. સિકંદરે સિન્ધુ નદીના પશ્ચિમ પ્રદેશમાં બે હિન્દી–આર્ય પ્રજાઓ જોઇ હતી; એક પેરોસ્પેમસમાં અને બીજી દરિયા કીનારા પર. આ ઉપરથી પણ એજ સ્હમજાય છે કે જો કે રાજપુતો સિન્ધુ નદિના પશ્ચિમ પ્રદેશમાંથી આવ્યા છે તથાપિ તે શુદ્ધ હિન્દુ છે.

(૩) ધર્મ અને રીત ભાતના સંબંધમાં રાજપુતો હિન્દુઓને વધારે મળતા છે. જે જે બાબતો એ ઉભય પ્રજાઓમાં સમાન હોવી મનાઇ ટૉડ સાહેબનું ધ્યાન ખેંચ્યું છે તે વિશેષતઃ હિન્દુ

ધર્મ તરફ ઢળે છે અને કેટલીક એવી છે જે સર્વ અસંસ્કારી (પ્રાચીન પ્રજાઓની કેટલીક નીતિ રીતિઓને એલ્ફીન્સ્ટન સાહેબ અસંસ્કારી કહે છે) પ્રજાઓમાં સમાન હતી.

શરીરના બાંધામાં શક લોકો ટુંકા ચોરસ સ્નાયુવાળા, પહોળા મુખવાળા હોય છે. ત્હેમનાં ગાલનાં હાડકાં મ્હોટાં આંખો લાંબી અને સાંકડી તથા બહારની અણી ઉપર તરફ ઢળતી હોય છે. તેઓ તંબુમાં રહે છે અને ભરવાડનો ધંધો કરે છે. ખોરાકમાં તેઓ જે જાનવર પાળે છે ત્હેનું માંસ તથા પનીર ઇત્યાદિ ઉપર રહે છે. વસ્ત્રો ઉન કે ચર્મના પહેરે છે. સ્વભાવે ચંચળ–અસ્થિર ભટકનાર અને દૃઢ મનના હોય છે. રાજપુતો શરીરે ઉંચા સુંદર વિશાળ બાંધાના અને ક્રોધ ન ચ્હડે ત્યારે પ્રમાદી અને વ્યસની હોય છે. તેઓ ઘરોમાં રહે છે અને ઝીણા મ્હોટાં સુન્દર વસ્ત્રો પહેરે છે. ત્હેમનો મુખ્ય ખોરાક અન્ન હોય છે અને ધંધો જમીનદારીનોજ કરે છે. તેમને જંગલોમાં ભટકવાનો ખાસ અણુગમો છે કારણ કે એ કામ ત્હેમનામાં હલકું મનાય છે.

(૪) નામના સંબંધમાં જ્યાંસુધી વધારે સબળ પ્રમાણો ન મળે ત્યાંસુધી કોઇ પણ ચોક્કસ અભિપ્રાય બાંધવાનું કામ મુશ્કેલ છે. ફક્ત જીટ સિવાય હુન નામ પણ રાજપુતોની શાખાઓ સાથે ભળી ગયું છે. હુન પ્રજાના નામ સિવાય વિશેષ કંઇ જણાયું નથી. કદાચ એમ વાંધો ઉઠાવવામાં આવે કે રાજપુતોમાં થોડાંજ નામોનો સંસ્કૃત અર્થ થઈ શકે છે પણ ત્યારે સવાલ થાય છે કે તાર્તર ભાષામાં ત્હેમનો અર્થ થઇ શકે છે? અને હિન્દુઓનાં બધાં નામોના અર્થ થઇ શકવા સંભવિત છે ?

(૫) બીજા સૈકામાં સિન્ધુ નદી પર શક લોકો રહેતા હતા પણ એ પ્રમાણે તો ગ્રીકો ઇરાનીઓ વિગેરે રહેતા હતા અને ઇંગ્રેજો

હમણા રહે છે પણ તેઓ હિન્દુઓમાંભળી ગયા હેની સાબીતિ શું ?

(૬) કાસમાસ એક બલ્લાસી હતો, એટલે હેની ખબર વિશ્વાસપાત્ર ન ગણાય! ડી. ગીગ્રીસના અભિપ્રાય પ્રમાણે હુન લાકો તુર્ક હતા અને હેમનું મૂળ રાજ્યસ્થાન ઓરગન્જ અથવા ખીવા હતું. કાસ્માસે હુન લાકોને કદાચ જીટની સાથે ગણી લીધા હાય ! પણ તેથીએ એજ સાબિત થાય છે કે છઠ્ઠા સૈકા સુધી-તેઓ રજપુતામાં ભળ્યા નહાતા.

(૭) ડી. ગીગ્રીસનું કથન સત્ય હાય એમ જણાય છે-ગીગ્રીસ જણાવે છે કે સીથીયન લાકો સિન્ધુ નદીના પ્રદેશમાં વસતા હતા અને સાથે હેના કથન ઉપરથી એજ અનુમાન થાય છે કે તેઓ હિન્દુઓમાં ભળ્યા નહાતા. જીટ લાકો તાર્તર દેશના નિવાસીઓ હતા અને ત્યાં હેમના કેટલાક વર્ગ છેક તૈમુરના સમય સુધી હતા-તૈમુરે હેમની સાથે કેટલાંક યુદ્ધો પણ કર્યાં હતાં. ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં આ પ્રજાએ પાતાનાં મૂળ દેશના ત્યાગ કર્યો હતો અને બેકટ્રીઆ પર્શિઆમાં થઇ ઈ. સ. ના પ્રારંભમાં તેઓ સિન્ધુ નદીના પશ્ચિમ કાંઠાપર આવ્યા હતા. આ વાતને માટે ચીનના ઇતિહાસમાંથી પ્રમાણો મળે છે. તૈમુરલેન જ્યારે સિન્ધુના પ્રદેશમાં આવ્યા ત્યારે પાતાનાં શત્રુઓને જોયા હતા. જીટ લાકો આ દેશમાં આવ્યા છે એ વાત ચાક્કસ પણ તેઓ હિન્દુ અને મુસલમાન પ્રજાઓમાં પાતાનાજ નામથી અદ્યાપિ પર્યન્ત રહે છે, હેમના ધર્મ બદલાયા છે પણ નામ નહિ.

સર એલ્ફીન્સ્ટન એટલું તા સ્વીકારે છે કે વિદેશી પ્રજાઓ હિન્દુઓમાં ભળી ગઇ છે, પરંતુ દ્વિજ જાતિઓમાં તે ભળી નથી-આમ માનવામાં અને આવી સબળ દલીલા કરવામાં સર એલ્ફીન્સ્ટને બુદ્ધ ધર્મનું સર્વથા વિસ્મરણ કર્યું છે; ટૉડ સાહેબના

અભિપ્રાયનો આધાર વિશેષતઃ બુદ્ધ ધર્મ ઉપર છે અને બુદ્ધ ધર્મમાં જાતિના બંધનો શિથિલ હતા એમ માનીએ તો જૂદે નામે બુદ્ધની લડાયક પ્રજાઓ રાજપુતોમાં ભળી હોય એમાં શંકા જેવું પણ શું છે? બીજી રીતે વિચાર કરીએ તો રાજપુત પ્રજા ચોથા કે પાચમા સૈકામાં નથી–આઠમા સૈકા પછીજ એ નામ પ્રસિદ્ધ અને ગૌરવતાવાળું થયું છે. ઇતિહાસ જાણનારા જાણે છે કે એજ વખત હિન્દુ ધર્મના પુનરૂદ્ધારનો હતો.

આપણે બન્ને પક્ષની દલીલોનો પ્રમાણિકપણે વિચાર કર્યો છે અને તે ઉપરથી આપણે એવાજ અનુમાન ઉપર આવી શકીએ છીએ કે મહાભારત કાળના ક્ષત્રિઓનો સર્વથા નાશ થયો નહોતો પણ તેઓ અનેક જાતિઓ રૂપે છિન્નભિન્ન સ્થિતિમાં હતા, અને રાજપુત કાળમાં રાજપુત જાતિઓ રૂપે તેઓ પુનઃ પ્રસિદ્ધિને પામ્યા હતા. બુદ્ધ ધર્મના સમયના શુદ્ર રાજ્યકર્ત્તાઓ પણ બુદ્ધ ધર્મનો અસ્ત થતાં ઉદ્ધાર પામતી—નવીન રચાતી રાજપુત જાતિઓમાં ભળ્યા હતા.

પરદેશી ક્ષત્રિઓ જેમણે પણ રાજ્ય સત્તા મેળવી હતી તથા બુદ્ધ ધર્મનો આશ્રય લીધો હતો તેઓ પણ આ નવીન રાજપુત જાતિનો સંસ્કાર પામ્યા હતા. આમ ત્રણ કારણોમાંથી રાજપુત જાતિ ઉદ્‌ભવ પામી હતી; અને જ્યાં બાર ઘરની જાતિઓ મનાતી હોય ત્યાં જૂદે જૂદે નામે આમ એક પ્રજા રચાય એ અસંભવિત જણાતું નથી. આ જાતિઓનાં ખાનપાનને માટે શંકા કરવા જેવું થોડુંજ રહે છે, કારણ કે હિન્દુ ધર્મ અનુસાર પણ ક્ષત્રિઓને માંસ ભક્ષણની છૂટ છે. તેઓ સંબંધીઓમાં પરણી શકે છે–અને યુદ્ધ એજ ત્હેમનું ઉચ્ચત્તમ કર્ત્તવ્ય હોવાથી ખાનપાનમાં પણ વધારે પ્રતિબંધ નથી. માત્ર ઘણીજ હલકી જાતિઓ સાથે તેઓ લગ્ન વ્યવહાર નથી કરતા અને ટૉડ સાહેબના અભિપ્રાય પ્રમાણે (Vol. 1. pp. 106)

પણુ અન્ય રજપુતોનો જીટ જાતિ સાથે કન્યા વ્યવહારનો સંબંધ નથી, તેમજ ભોજન વ્યવહારનો સંબંધ હોવાને માટે પણુ શંકા છે.

આમ અનેક કારણોને લઇ આ મહાન ક્ષત્રિય જાતિનો ઉદ્ભવ થયો હોવાથી–પુરાણોના અભિપ્રાય પ્રમાણે પણુ રજપુતો શુદ્ધ આર્ય ક્ષત્રિય નથી. ત્હેમનો કેટલોક વર્ગ હશે પણુ તે નક્કી કરવું બહુજ મુશ્કેલ છે, તેમજ પાછળથી પણુ અનેક કારણોને લઈ ભેળ સેળ થઈ છે અને તેને લઇ હવે પ્રશ્ન થાય છે કે શું શુદ્ધ આર્ય ક્ષત્રિઓની કોઇ ભિન્ન જાતિ છેજ નહિ? શુદ્ધ ક્ષત્રિય વર્ગમાં પણુ અશુદ્ધિમાં એટલા બધા અંશો મિશ્રણુ પામી ગયા છે કે જાતિ તરીકે રજપુતો આર્ય ક્ષત્રિય માની શકાય તેમ નથી. હાલ વૈશ્ય વૃત્તિપર અવલંબન કરતી કેટલીક મનાતી ક્ષત્રિય જાતિઓની ક્ષત્રિયતા માટે શું અનુમાન કરી શકાય છે? એ વૈસ્ય–ક્ષત્રિય પ્રજાઓનાં મૂળ માટે આપણે વિચાર કરવાનું પ્રાપ્ત થશે.

આ વૈશ્ય ક્ષત્રિય જાતિઓ દક્ષિણુ હિન્દુસ્તાનમાં નથી. ત્યાંના વર્ણોમાં માત્ર બ્રાહ્મણોજ પ્રસિદ્ધ છે. ઉત્તર હિન્દુસ્તાનના દરેક દેશમાં એ વૈશ્ય ક્ષત્રિય જાતિઓ છે. પંજાબની ખત્રી અને અરોરા જાતિઓ તથા સિન્ધના લોહાણુા પોતાને ક્ષત્રિયો માને છે. અયોધ્યા વિગેરે પ્રાન્તોમાં પણુ ખત્રી નામની ખેતીનો વ્યવસાય કરનારી પ્રજા વસે છે.

આ સર્વ પ્રજાઓમાં પંજાબની ખત્રી જાતિ—ગુજરાત કાઠીયાવાડની બ્રહ્મ ક્ષત્રિય જાતિ એક સુપ્રસિદ્ધ તેમજ ઇંગ્રેજી સંસ્કૃતિમાં પ્રગત્ત જાતિ છે. ગુજરાતમાં પણુ અન્ય હિન્દુ જ્ઞાતિઓ કરતાં આ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિએ પ્રમાણુમાં વધારે ગ્રેજયુએટો ઉત્પન્ન કર્યા છે, તેમજ પંજાબમાં પણુ વિદ્વાન અને અગ્ર જ્ઞાતિ એજ ગણાય છે. આ

જ્ઞાતિના વિદ્વાનોંએ પોતાના ઇતિહાસને માટે સારી શોધ ખોળ કરી છે અને જે જે પ્રમાણો પ્રસિદ્ધ કર્યાં છે તે ઉપરથી—તેમજ ત્હેમનો જન સ્વભાવ અવલોકવાથી પરદેશી વિદ્વાનો પણ એવા અનુમાન ઉપર આવ્યા છે કે એ જ્ઞાતિમાં પૂર્વનું આર્ય ક્ષત્રિય લોહી સુરક્ષિત રહ્યું છે.

પુરાણોનો સમય જ્યારે આપણે શુદ્ધ ક્ષત્રિઓનો બહુધા અસ્ત વાંચીએ છીએ ત્યારે કેટલીક સમર્થ ક્ષત્રિય જાતિઓએ—યુદ્ધ કાર્યથી કંટાળી જઇ—અગર પરદેશીઓના વારંવારના હુમલાથી દબાઇ જઇ—પોતાનાં ક્ષત્રિય કાર્યને પરતંત્રતામાં અવકાશ પણ ન હોવાથી વૈસ્ય વૃત્તિ ધારણ કરી છે. વૈસ્ય તરીકે તેઓ અદ્યાપિ પર્યન્ત રહે છે તથાપિ સમય આવતાં ત્હેમનું તેજસ્વી ક્ષત્રિય લોહી દેખાઇ આવે છે, અને ત્યારેજ ત્હેમનામાં અને વૈશ્યોમાં અસમાનતા જણાય છે. મનુ સ્મૃતિમાં આપત્તિ કાળે ક્ષત્રિઓએ વૈસ્ય વૃત્તિ સ્વીકારવાની આજ્ઞા છે.

जीवे देतेन राजन्यः सर्वेणाप्यनयं गतः ।

न त्वेवं ज्यायसीं वृत्ति मभि मन्येत कर्हिचित्.

મનુ. ૧૦—૯૫

ક્ષત્રિય આજીવિકાને માટે દુઃખમાં આવી પડયો હોય તો તેણે બ્રાહ્મણને વેચવા માટે શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલાં રસાદિક વેચીને વૈસ્યની પેઠે આજીવિકા કરવી પરંતુ કોઇ પણ સંજોગોમાં બ્રાહ્મણની આજીવિકાથી જીવવું નહિ.

બીજા શાસ્ત્રોમાં પણ આવા પ્રમાણો મળી આવે છે.

ब्राह्मणः क्षत्रिया चार माश्रये दापदि द्विजा : ।
क्षत्रियोऽपि च विशवृत्ति मत्या परि समाश्रयेत्

(નારદ પુરાણ.)

क्षात्रेण कर्म्मणा जोवो दिशां वाप्याष दिद्विजः

અકબરના સમયમાં પણ રજપુતોની નહિ, પણ આ વ્યાપારી જાતિઓની ક્ષત્રિય તરીકે ગણના થતી હતી.

There are now upwards of five hundred different triebs of Kehtree (Khatri-Kshatriya), fifty two of whom are in esteem and twelve are better than the rest. But at present there are scarcely any true Khatries to be found excepting a few who do not follow the profession of arms. (*Francis Gladwas' Translation of the Ain-i-Akbari.*)

ખેત્રી—ખત્રી—ક્ષત્રિયની લગભગ પાંચસોથી વધારે જ્ઞાતિઓ છે. તે પૈકી બાવીશ સુપ્રસિદ્ધ છે અને તેમાં પણ બાર અગ્ર છે. સાંપ્રત કાળમાં ભાગ્યેજ ખરા ક્ષત્રિઓ હશે, સિવાય કે જેમણે ક્ષત્રિ કર્મ—શસ્ત્ર વાપરવાનું કામ ત્યજી દીધું છે. અન્ય પ્રજાઓમાં પણ આપત્તિ કાળે ક્ષત્રિઓએ ક્ષત્રિય કર્મ ત્યજી દીધાના દષ્ટાન્તો મળી શકે છે.

The declension of the Khatries from soldiers and sovereigns into traders and shopkeepers has a parallel in the History of the Jews. Men of

active minds will always find employment for themselves and this we know what Greeks became under the victorious Romans and what they are under the ruling Turks. We likewise know that the vanquished Moors were the most industrious of the subjects of Medioeval Spain; that the Moguls of British India are generally applying themselves to the business of exchange.

(*Captain C. D. Cunningham.*)

ક્ષત્રિઓ સેનાનીઓમાંથી વ્યાપારી કેમ થયા ત્હેનાં સમાન દૃષ્ટાન્તો ઇસરાયેલ લોકોના ઇતિહાસમાં પણ મળે છે. તેજસ્વી બુદ્ધિનાં માણસો ગમે તેવા સંજોગોમાં પણ પોતાને માટે ઉદ્યોગ શોધી લે છે. વિજયી રોમનોના સમયમાં ગ્રીકોએ એમજ કર્યું હતું અને હમણા ટરકીના વિજય કાળમાં પણ તેઓ એમજ કરે છે. એજ પ્રમાણે આપણે જાણીએ છીએ કે સ્પેનના ઐતિહાસિક સમયમાં મુર લોકો સૌથી વધારે ઉદ્યોગી હતા. હમણા પણ બ્રિટીશ હિન્દુસ્તાનમાં જીતાયલી મુગલ પ્રજા વ્યાપાર તરફ ઢળતી જણાય છે.

વ્યાપારી તરીકે પણ ક્ષાત્રતા—વીરતા છુપાઇ રહેતી નથી. એ ખત્રી જ્ઞાતિના એક સમર્થ વિદ્વાન મી. શ્રવણલાલ ટંડને "ક્ષત્રિય પ્રકાશ " નામે એક ગ્રન્થ બે ભાગમાં પ્રસિદ્ધ કર્યો છે તે બન્ને ભાગની કીંમત વીસ રૂપીયા છે. આ ગ્રન્થમાં એ ખત્રી જ્ઞાતિના વ્યવહારિક તેમજ સાંસારિક જીવનના બહુધા સર્વ અંગોનું બારિક અવલોકન કરવામાં આવ્યું છે અને પ્રાકૃત તેમજ સંસ્કૃતને આધારે ખત્રી શબ્દની વ્યુત્પત્તિ, પ્રાચીન આર્ય ક્ષત્રિઓના સાંસારિક નિયમોની સાથે અર્વાચીન ખત્રીઓના સાંસારિક જીવનની જોડાયલી

સાંગોપાંગ સમાનતા—એમના કુળ નામો (નુખો) ના અર્થ અને ત્હેનો પ્રાચીન જીવન સાથે સંબંધ—એ જ્ઞાતિના અનેક મહા-પુરૂષોએ અનેક કટાકટીના પ્રસંગોમાં દેખાડેલું વીરત્વ તથા રાજ્ય કાર્યદક્ષતા વિગેરે લક્ષ પૂર્વક વિચાર કરી મી. શ્રવણલાલે આબાદ રીતે બતાવી આપ્યું છે કે ખત્રીઓ પ્રાચીન ક્ષત્રિઓ છે.

મી૦ શ્રવણલાલે પોતાના અભિપ્રાયને સબળ કરવા અનેક પ્રાચીતત્વવેતાઓના અભિપ્રાયો ટાંક્યા છે જે સર્વ એ જ્ઞાતિના ઇતિહાસ ઉપર સારો પ્રકાશ પાડી શકે તેમ છે.

બહુધા બધા યુરોપીયન પંડિતો હવે એ માન્યતાનો સ્વીકાર કરવા લાગ્યા છે.

ઇ૦ સ૦ ૧૯૦૧ ના સેન્સસ કમીશનર ઓનરેબલ મી. રીસ્લીનું આના સંબંધમાં ધ્યાન ખેંચવામાં આવ્યું હતું અને ઉત્ત-રમાં એમણે જે પત્ર લખ્યો છે તેનો થોડો ભાગ અમે ઉતારી લઇએ છીએ.

These representations exhibit considerable research and formed valuable contribution to the History of Khatries...... I may say at once that the evidence laid before me seems to make it clear that in British India at any rate Khatries are generally believed to be the modern representatives of the Kshatriyas of Hindu Tradition.

ભાવાર્થ:—ઉપરોક્ત ક્ષત્રિય પ્રકાશગત તેમજ અન્ય વિદ્વાન ખત્રીઓ દ્વારા દર્શાવવામાં આવેલા પ્રમાણો અનેક રીતે પ્રાચિતત્વ વિવેચનથી ભરપૂર છે અને ખત્રીઓના ઇતિહાસપર ઉપયોગી પ્રકાશ પાડે છે. હું નિર્વિલંબે કહી શકું છું કે જે જે પ્રમાણો મ્હારી પાસે

મૂકવામાં આવ્યા છે તેથી સ્પષ્ટ સ્હમજાય છે કે બ્રિટીશ હિન્દુસ્તાનમાં નિવાસ કરતી ખત્રી પ્રજા નિઃસંશય પ્રાચીન આર્ય ક્ષત્રિઓની સંતતિ છે.

આપણી માન્યતા પણ એવીજ છે. આપણે પણ પોતાને ક્ષત્રિય માનીએ છીએ; પરંતુ આપણા વિદ્વાનો તરફથી એવો પ્રયત્ન નથી થયો. સિન્ધમાં આમિલ નામે લોહાણા જ્ઞાતિનો એક વિભાગ છે, જેમાં સેંકડો ગ્રેજ્યુએટો અને વકીલો છે, પરંતુ ત્હેમનું જીવન બહુધા વિદ્વતા પ્રેમી નથી. ફક્ત મી. રાજુમલ ઈસરદાસ નામના લોહાણા ગૃહસ્થે એ દિશામાં કંઇક આછો પ્રયત્ન કર્યો છે. આપણી જ્ઞાતિનો ઇતિહાસ તપાસવા હજી દરેક દિશાઓમાં પ્રયત્ન કરવાની જરૂર છે. હમણા તો યુક્તિ અને ઐતિહાસિક દલીલોથી આપણે એટલું સાબીત કરી શકીએ કે પંજાબના ખત્રીઓ અને આપણું મૂળ એકજ છે તથા આપણે શુદ્ધ ક્ષત્રિય હોવા માટે ઇતિહાસ પણ સંમત છે, તો હાલને માટે તે બસ છે.

ઉત્તર પંજાબમાં એ ખત્રીઓની વસ્તી છે, અને હિન્દુ વસ્તીનો મુખ્ય ભાગ એજ જાતિનો છે. પંજાબના શીખ ધર્મના મૂળ સ્થાપક નાનકજી ખત્રી હતા. તેમજ એ ગાદીને શોભાવનાર એમની પાછળના પણ અનેક ખત્રીજ હતા. દક્ષિણ પંજાબમાં અરોરા કે રોરા નામની જાતિ રહે છે જેઓ પણ પોતાને ક્ષત્રિય માને છે. અરોરેસાગર નામે એમની ઉત્પત્તિના પુસ્તકમાં એવી આખ્યાયિકા છે કે એ ક્ષત્રિઓ દક્ષિણ પંજાબમાં રહેતા હતા ત્યાં ક્ષત્રિઓનો નાશ કરતા પરશુરામ આવ્યા. ક્ષત્રિઓએ ત્હેમને નમી આપ્યું. પરશુરામે ત્હેમનો નાશ ન કરતાં ત્હેમને આશીર્વાદ આપ્યો અને ત્હેમનાં મૂળ પુરૂષ અરોરને અલોર—અરોરનો પતિ કર્યો. અહીં એ અરોરા ક્ષત્રિઓની વસ્તી વધતી હતી પણ એ મૂળ પુરૂષના સ્વર્ગવાસ પછી કોઈ

બીજા રાજા સાથે પરશુરામને યુદ્ધ થતાં અરોરા તેમાં ભળ્યા અને મરણીઆ થઈ પરશુરામ સાથે લ્હડયા. પરશુરામને ક્રોધ ચ્હડયો અને અનેક ક્ષત્રિઓનો પોતાની ફરશીથી સંહાર કર્યો. ક્ષત્રિઓ શરણે આવ્યા પણ પરશુરામનો ક્રોધ શાન્ત ન થયો. એકધર્મપાલ નામે વૈશ્ય વચ્ચે પડયા અને બાકી રહેલા ક્ષત્રિઓને બચાવવા પરશુરામને પ્રાર્થના કરી. ક્ષત્રિઓએ હવે હંમેશને માટે શસ્ત્રોનો ત્યાગ કરી વણિક વૃત્તિ ઉપર રહેવાને કબુલ્યું...વિગેરે.

ખત્રીઓ આ અરોરાની સાથે કન્યા વ્યવહાર રાખતા નથી તેમજ તેમને એક વર્ણસાંકર્ય દોષોત્પન્ન જાતિ માને છે. અરોરા ખત્રીઓની એ માન્યતાનો પણ ખુલાસો કરે છે તે નીચે પ્રમાણે છેઃ—

અરોરા મૂળ સિન્ધના ઉત્તર વિભાગમાં ઉચ પાસે રહેતા હતા. ખત્રીઓ કોઈ સમર્થ દુશ્મનના મારાથી ધકેલાઈ ઠઠ્ઠા સિન્ધ તરફ નાસતા હતા. તેમણે પોતાનાં દુશ્મનો સ્હામે લ્હડવા માટે અરોરાની સહાયતા માગી. અરોરાએ તે મદદ ન આપી, ત્યારે ખત્રીઓ ઉશ્કેરાયા અને બ્રાહ્મણોને રહમજાવી—લાગ વગનો ઉપયોગ કરી ત્હેમને ધર્મ ક્રિયાઓથી ભ્રષ્ટ અને પતિત ગણાવવાનો પ્રયત્ન કર્યો. અરોરામાં સિદ્ધ ભોજ અને દેપાલના સિદ્ધ શિયામ નામે સમર્થ સાધુઓ થયા જેમણે આ પતિત ગણાતી જ્ઞાતિનો પુનરૂદ્ધાર કર્યો.

(History of Sikhs by Joseph Davey Cunningham. Foot Note, pp 10.)

અરોરાનું નામ અલોર ઉપરથી પડયું છે અને અલોર ઈ૦ સ૦ પૂર્વેથી તે લગભગ આઠમા સૈકા સુધી સિન્ધની રાજધાનીનું શહેર હતું. અરોર ઉપરથી અરોરા કહેવાયા એ વાત નિર્વિવાદ છે. અરોરના ક્ષત્રિઓ અરોરા કહેવાયા હોય તો ક્ષત્રીઓએ માની લીધેલી એમની ઉત્પત્તિ આરોપમૂલક છે, અને સબળ પ્રમાણો ન મળે ત્યાં

સ્મથી કોઇ પણ રીતે તે માનવા યોગ્ય નથી. વિરૂદ્ધ પ્રમાણો તો એવાં મળે છે કે આ બન્ને પ્રજાઓ એકજ હોવી જોઇએ.

શરીરમાં તેઓ બન્ને સમાન બળવાન અને સુન્દર છે. વ્યવહારમાં તેઓ બન્ને વ્યાપારી છે. બન્નેએ પ્રસંગ આવતાં ક્ષાત્રત્વ દર્શાવ્યું છે અને હમણાં પણ પ્રસંગ આવતાં તેઓ ક્ષત્રિઓજ જણાય છે. ત્હેમના સાંસારિક તેમજ વ્યવહારિક રિવાજો અનેકધા સમાન કિંવા સમાનતા સૂચક છે. પ્રાચિતત્વવેતાઓ પણ એવાજ નિર્ણય ઉપર આવ્યા છે કે તે બન્ને પ્રજાઓ એકજ હોવી જોઇએ.

There is a large subordinate caste of Khatries somewhat lower *but of equal mercantile energy* called Rors or Roras. The proper Khatries of higher grade will often deny all connection with them or at least only admit that they have some bastard kindred with Khatries. But I think there can be no doubt that they are ethnologically the same and they are certainly mixed up with Khatries in their avocations. I shall treat the whole kindred as generally Khatries.

(*Captain Cunningham.*)

ભાવાર્થ—ખત્રીઓની એક વિશાળ પેટા જાતિ જેને રોરા કે અરોરા કહેવામાં આવે છે તેઓ કંઇક હલકી મનાય છે પણ વ્યાપારી સાહસમાં તેઓ ખત્રીઓની સમાન છે. ઉચ્ચ મનાતા ખરા ખત્રીઓ ત્હેમની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખતા નથી. અગર ફક્ત તેમને વર્ણસંકર દોષેકપન માને છે પણ હું નિઃસંશય કહી શકું છું કે જન-સ્વભાવનું અવલોકન કરતાં તેઓ બન્ને એકજ

છે અને પોતાનાં વ્યવહારિક જીવનમાં ખરેખર ખત્રીઓ સાથે સરખાજ છે. હું એ સમસ્ત જાતિને (અરોરા અને ખત્રીઓને) એકજ ખત્રી જાતિ તરીકે ગણીશ.

કેપ્ટન સી. ડી. કનીંગહામ પંજાબમાં આઠ વર્ષ (ઇ. સ. ૧૮૩૭ થી ૧૮૪૫ પર્યન્ત) રહ્યા હતા. પંજાબના ઇતિહાસમાં આ મહત્વનો સમય હતો. વિશેષમાં એમને અનેક સંજોગો વચ્ચે દરેક જાતિના લોકો સાથે સંબંધ થયો હતો. લોક નિયુક્ત સંસ્થાઓ અને સરકારી દસ્તાવેજો વિગેરે તપાસવાનો પણ એમણે સંપૂર્ણ અવકાશ મેળવ્યો હતો અને આવા વિશાળ અનુભવ પછી અરોરા અને ખત્રીઓના સંબંધમાં તેઓશ્રી આ પ્રમાણે લખે છેઃ—

The Khatries and Uroras of the cities and towns are (at present) enterprising as merchants and frugal as tradesmen. They are the principal financiers and accountants of the country, but the ancient military spirit frequently reappears amongst the once Royal Kshatriyas and they become able governors of provinces and skilful leaders of armies.

(પંજાબના) શહેરો અને નગરોના ખત્રીઓ અને અરોરા વ્યાપારી તરીકે સાહસિક અને ધનસંગ્રહ કરવામાં બુદ્ધિશાળી છે. તેઓ દેશના મુખ્ય નાણાવટીઓ અને તલાટીઓ છે. તથાપિ પ્રાચીન ક્ષત્રિય લોહી—આ એક વારની રાજ્યકર્ત્તા ક્ષત્રિય પ્રજામાં દેખાય છે. અને તેઓ પ્રાન્તોના સમર્થ વ્યવસ્થાપકો તથા સૈન્યાધિશો તરીકે પણ દીપી નીકળે છે.

આમાં અરોરા અને ખત્રીઓને એકજ પ્રજા તરીકે સ્વીકારી લેવામાં આવ્યા છે. પંજાબની સરકારે પણ હેમને એકજ પ્રજા તરીકે માન્યા છે.

It would be significant to note that while the Chief Court of the Punjab has held the customary law to be applicable to the Jats, Sikhs and other agricultural tribes of the Punjab, with reference to the Khatries and the Aroras it has been held that the general Hindu Law applies evidently because they are not agricultural tribes. (મી. કનીંગહામનો ઉપરોક્ત ઉતારો શબ્દેશબ્દ આપવામાં આવ્યો છે.) (Quotations from Mr. Cunningham in Mr. Rajoomal Isardas' contribution in the D. J. Sind College Miscellany.)

ભાવાર્થ:—આ જાણવું અગત્યનું થશે કે પંજાબની મુખ્ય અદાલતે શીખ અને જાટ વિગેરે કૃષિકાર જાતિઓ માટે જ્યારે સાધારણ કાયદા યોજ્યા છે, ત્યારે ખત્રીઓ અને અરોરાને માટે સરકારે સ્વીકાર્યું છે કે સાધારણ હિંદુ કાયદો લાગુ પડે છે. કારણ કે એ જાતિઓ કૃષિકાર નથી.

જો જનસ્વભાવ–કેટલાક વિશિષ્ટ ગુણો, શરીરનું બંધારણ અને બુદ્ધિવિષયક શક્તિઓની તુલનાથી પ્રજાની ઉત્પત્તિ અને ઉચ્ચતાનું માપ થઈ શકતું હોય તો અરોરા અને ખત્રીઓ એકજ પ્રજા છે એમ માનવાને આપણે સબળ કારણો શોધી શક્યા છીએ, તથાપિ આપણે એ ઉભય જ્ઞાતિઓનાં કેટલાંક વ્યવહારિક લક્ષણોનું અવલો-

ક્ન કરીશું અને તે પહેલાં લોહાણા અને અરોરાનો કેવો સંબંધ છે ત્હેનો ઇતિહાસની દૃષ્ટિથી વિચાર કરીશું.

સિંધના પ્રસિદ્ધ ઇતિહાસકાર મી. આર. એફ. બર્ટન કહે છે કે હાલની સિંધની હિંદુ વસ્તીનો મ્હોટો ભાગ ઈ. સ. ના સાતમા સૈકા પછી પંજાબમાંથી સિંધમાં આવી રહ્યા છે.

The present race of Sind is of Punjab origin as the features and manners, ceremonies and religious opinions, as well as their names sufficiently prove.

સિંધની સાંપ્રત પ્રજા, ત્હેમના ચેહેરા, રીતિરીવાજો, ધાર્મિક ક્રિયાઓ, તેમજ વિચારો અને નામો ઉપરથી જણાય છે કે મૂળ પંજાબની છે. (Sind and races that inhabit the valley of the Indus by R. F. Burton, pp. 309.)

આપણા ઇલાકામાં સુપ્રસિદ્ધ મી. દયારામ ગીડુમલ, કે જે આમિલ વર્ગના સિંધી લોહાણા છે, એમણે પણ સિંધના પ્રસિદ્ધ કોલુમલ વીગેની કેસના કમીશનમાં પોતાની જુબાની આપતાં ઉપરોક્ત અભિપ્રાયનો સ્વીકાર ક્યો છે.

Our marriage ceremonies and the Brahamanical records as well as the family geneological tables our community possess, show that *our caste is a Khatri caste* which came originally from the Punjab.

અમારી લગ્નની ક્રિયાઓ તથા બ્રાહ્મણીય પ્રમાણો અને કુટુંબોનાં વંશવૃક્ષો જે અમારી જ્ઞાતિમાં સચવાઈ રહ્યાં છે તે જોતાં જણાય છે કે અમારી જ્ઞાતિ એક ખત્રી જ્ઞાતિ છે અને તે મૂળ પંજાબમાંથી સિંધમાં આવી છે.

જો સિંધી લોહાણા પંજાબમાંથી આવ્યા છે એ વાત માની લઇએ—અગર કેટલોક આપણો સિંધી લોહાણાનો વર્ગ પણ પંજાબમાંથી આવી સિંધના લોહાણામાં ભળ્યો છે એમ સ્વીકારીએ તો એટલું તો જરૂર કબુલ કરવું પડશે કે તે વર્ગ ખત્રી અને અરોરામાંથીજ હશે, કારણ કે પંજાબમાં લોહાણા નામે કોઇ જાતિજ નથી. શ્રીયુત દયારામભાઇએ આપણને ખત્રીમાંથી માન્યા છે અને આપણે તે નિર્વિવાદ જોઈ શકીશું, પરંતુ અરોરામાંથી કેટલો વર્ગ સિંધના લોહાણાઓમાં ભળ્યો છે અર્થાત્ લોહાણા અને અરોરાનો કેવો સંબંધ છે તે આપણે પ્રથમ તપાસીશું.

સિંધના લોહાણાઓમાં લગભગ પચાસ વિભાગ છે, અને તેમાં ખુદાબાદી એ પણ એક છે. આ ખુદાબાદી લોહાણાઓની એવી માન્યતા છે કે ત્હેમના વડીલો સત્તરમા સૈકામાં દક્ષિણ પંજાબના મુલતાન પ્રાંતમાંથી સિંધમાં કલોરા વંશની રાજ્યધાની દાદુ તાલુકાના ખુદાબાદ નગરમાં આવી વસ્યા હતા. ખુદાબાદનો નાશ થતાં ઇ. સ. ૧૭૬૮માં હૈદ્રાબાદમાં આવી વસ્યા હતા. ત્હેમના અનેક કુટુમ્બો પાસે વંશાવળીના ચોપડા વિગેરે છે કે જે ઉપરથી એટલું સ્પષ્ટ સ્હમજાઇ આવે છે કે દક્ષિણ પંજાબ—જેમાં મુલતાન, મુઝફ્ફરનગર, ડેરાગાઝીખાન અને ભાવલપુર રાજ્યની પાસેના ઉચ્ચ પ્રદેશના આસપાસના ભાગનો સમાવેશ થાય છે એજ ખુદાબાદી લોહાણાઓનું મૂળ વતન છે. અન્ય સિંધી લોહાણા વિભાગોમાં પણ એવી માન્યતા છે, અર્થાત્ તેઓ પણ દક્ષિણ પંજાબમાંથી આવ્યાનું જણાવે છે. સિંધના સ્હેવાન પ્રાંત (ઉત્તર સિંધ)ના લોહાણાઓની નુખોની હૈદ્રાબાદના લોહાણાઓની નુખો સાથે સરખામણી કરતાં તેમાં અનેક રીતે સમાનતા દૃષ્ટિગોચર થાય છે. ખુદાબાદીઓના એક પેટા વિભાગ જેમાં પ્રસિદ્ધ ગીદવાણી, ભવાણી, જગતાણી,

છબલાણી અને ખેરપુરના અજવાણી કુટુંબોનો સમાવેશ થાય છે, હેમની માન્યતા પ્રમાણે એ કુટુંબો મૂળ પંજાબના સીતપુર શહેરમાંથી આવ્યાં છે. સીતપુર પંજાબના મુઝફ્ફરનગર જીલ્લામાં છે, અને ત્યાંના તેમજ આસપાસ ડેરાગાઝીખાન તેમજ મુલતાન જીલ્લાના ભાગોમાં વસતા ખત્રીઓ કે અરોરામાં આજ દિવસ સુધી ખુદાબાદીઓની ચંચુડીઆ તથા બીજી નુખો ચાલી આવે છે.

(Mr. Rajoomal Isardas' Contribution.)

સિંધી લોહાણાઓમાં એક બીજો વર્ગ છે જેનું નામ પંજાબી છે અને જે વર્ગમાં સિંધના એકટીંગ પબ્લીક પ્રોસીકયુટર (ઈ. સ. ૧૯૧૧) મી. લાલચંદ ચૂહરમલના કુટુમ્બનો સમાવેશ થાય છે. આ પંજાબીઓ છેક છેલ્લા સૈકામાં સિંધમાં આવી વસ્યા જણાય છે. મી. એ. કનીંગહામના કથન અનુસાર અરોરામાં ત્રણ વિભાગો છે. ઉત્તરના દાખીટીજા, મધ્ય પ્રદેશના અને દખણીઆ. આ ત્રણે વિભાગો ઉપરોક્ત પંજાબી વર્ગમાં જેવા ને તેવા હૈયાત છે, પરંતુ પોતાનું અરોરા એ નામ ભૂલી ગયા છે અને કેટલોક વર્ગ વૈષ્ણવસંપ્રદાયાનુયાયી હોવાથી તેઓ લોહાણાઓમાં પણ સર્વથા ભળી શકયા નથી. આ પંજાબીઓ નિસ્સંશય અરોરાજ છે.

મી. એ. કનીંગહામકૃત શીખોના ઇતિહાસ પૃષ્ટ ૧૪ પ્રમાણે શિકારપુરના વ્યાપારીઓ અરોરા છે અને હમણાં તેઓ લોહાણાઓમાં સર્વથા ભળી ગયા છે.

હરિદ્વારના યાત્રાગોરોના યાત્રાળુઓની નામાવળીના ચોપડામાં અરોરાના પૂર્વજોને લોહાણા લખવામાં આવ્યા છે.

બસો વર્ષ પહેલાં નગરઠઠા–સિંધમાંથી એક લોહાણા કુટુમ્બ, જેની નુખ ખતુરીઆ છે, તે પંજાબના ડેરાગાઝીખાનમાં જઇ વસ્યું છે. હમણાં તે અરોરામાંજ ભળી ગયું છે.

યાત્રાના ગોરોના ચોપડામાંથી અરોરાના પૂર્વજોને લોહાણા ક-હેવામાં આવ્યા છે, અને એ ચોપડા ત્રણસો–ચારસો વર્ષથી પ્રાચીન નહિ હોય, તો એ વખતમાં કે તેથી પણ બસો–ત્રણસો વર્ષ પહેલાં પંજાબમાં પણ લોહાણા નામે એક જૂદી જ્ઞાતિ હશે. તુહફુલકીરામ નામનો સિંધનો એક બીજો ઇતિહાસ આ માન્યતાને સમર્થ ટેકો આપે છે. એ ઇતિહાસ જણાવે છે કે અરોર અને બ્રાહ્મણાબાદનો રેલથી નાશ થતાં તે શહેરોની પ્રજા હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગોમાં જઇ વસી હતી. અલોરનો નાશ ઇ. સ. ના અગીઆરમા સૈકામાં થયો હતો. ચચનામા પ્રમાણે તેમજ અલેકઝાન્ડરના ઇતિહાસકારોના અભિપ્રાય પ્રમાણે અલોર કે અરોર એક સુન્દર તેમજ આર્ય સં-સ્કૃતિવાળું શહેર હતું. અરોરના લોહાણાજ પંજાબમાં જઇ વસવાથી અરોરમાંથી ગયા હોવાથી અરોરા કહેવાયા હોય તો ખત્રીઓએ ત્હે-મના ઉપર મૂકેલો આરોપ નિર્મૂળ થઇ જાય છે, તેમજ લોહાણા અને અરોરા એકજ પ્રજા છે એ માન્યતાને સમર્થ ટેકો મળે છે.

એજ પ્રમાણે ખત્રીઓ પણ જૂદે જૂદે વખતે લોહાણાઓમાં ભળી ગયાનાં પ્રમાણો મળી આવે છે. સિંધના લોહાણાની કેટલીક નુખો પંજાબના ખત્રીઓની નુખો સાથે મળતી આવે છે. મી. દયા-રામ ગીદુમલ, જેમનું કુટુમ્બ સિંધના લોહાણાઓમાં પ્રસિદ્ધ તેમજ પ્રાચીન ગણાય છે, અને આપણી કૅાન્ફરન્સે સિંધી લોહાણાઓની સાથે સંબંધ ન રાખ્યો હોવા છતાં પ્રથમ કૅાન્ફરન્સના પ્રમુખ તરીકે પહેલાં ત્હેમનેજ પસંદ કરવામાં આવ્યા હતા; એમનું વંશવૃક્ષ સિંધ-ના મી. કલીચ બેગકૃત ઇતિહાસમાં આપવામાં આવ્યું છે અને ત્યાં એમને ખત્રી કહેવામાં આવ્યા છે. ગેઝીટીયરકારના અભિપ્રાય પ્ર-માણે ઈ. સ. ૧૯૦૧ ની ગણત્રીમાં અનેક સિંધી હિંદુ લોહાણાઓ-એ પોતાને ખત્રીઓ તરીકે ગણાવ્યા છે.

ગુજરાત અને કાઠિયાવાડમાં વસતા બ્રહ્મક્ષત્રિઓ મૂળ પંજાબના ખત્રીઓ છે. ત્હેમની ટંડન ખખ્ખર વિગેરે નુખો આપણામાં પણ છે. કચ્છમાં લોહાણાઓ અને એમની વચ્ચે ભોજનવ્યવહાર પણ છે અને લગ્ન તથા મરણ આદિ પ્રસંગોની ક્રિયાઓ તો એટલે દરજ્જે સમાન છે કે તે જ્ઞાતિઓ કોઇ વિદ્વાન દષ્ટાને એકજ જણાય.

આ ઉપરથી આપણે કાંઈ એવા ઝાંખા પણ આશાજનક અનુમાન ઉપર આવી શકીએ છીએ કે, ખત્રીઓ, અરોરા અને લોહાણા મૂળમાં એકજ પ્રજા છે. તેમજ તે સર્વ શુદ્ધ આર્ય ક્ષત્રિય પ્રજા છે. હવે એ ત્રણે પ્રજાઓની સમષ્ટતાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે ત્હેનું પણ આપણે અવલોકન કરીશું.

આ ત્રણે પ્રજાઓના ગોર **સારસ્વત** બ્રાહ્મણો છે, અને નિઃસંશય સારસ્વત બ્રાહ્મણ જાતિ એક પ્રાચીન અને શુદ્ધ આર્ય જાતિ છે. સારસ્વતોનું નામ **સરસ્વતી નદી** ઉપરથી પડયું છે. સરસ્વતી નદી ઘણાજ પ્રાચીન કાળમાં પંજાબમાં વડી પ્રયાગરાજ પાસે ગંગા યમુનાને મળતી હતી. આ નદી ક્યારે અદૃસ્ય થઇ ગઇ તે ચોક્કસ નથી, તથાપિ સિકન્દરના સમય પહેલાંજ તે અદૃશ્ય થઈ ગઇ જણાય છે. એક મહા નદી સર્વથા અદૃશ્ય થઇ જાય કિંવા માર્ગ બદલી અન્ય નદીમાં ભળી નામનિશાન ખોઇ દે, એ વાત ક્ષણભર આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી છે, પરન્તુ એટલાન્ટિક મહાસાગરને સ્થાને એક મહાન ખંડનો નાશ થયાની તથા ગત ચાળીસ વર્ષમાં પણ સિંધુ નદીએ કેટલાક માર્ગ બદલી અનેક ગામો અને શહેરોનો નાશ કરી નાંખ્યાની (Burton's Sind Revisited) વાત જેમણે વાંચી હશે ત્હેમને એ સરસ્વતી અદૃશ્ય થવાની વાત વધારે આશ્ચર્ય ઉત્પન્ન નહિ કરે. આ સરસ્વતીની વેદોમાં વારંવાર સ્તુતિ કરવામાં આવી છે. હમણાં પણ આપણી દરેક ધાર્મિક ક્રિયાઓમાં જળ સ્તુતિના દેવવાહન

પાઠમાં ગંગા યમુના સરસ્વતી એવો પાઠ વારંવાર આવે છે. અલ્હા બાદ પાસેના ગંગા યમુનાના સંગમને આપણે ત્રિવેણી—અર્થાત્ ત્રણ નદીઓનો સમાગમ કહીએ છીએ, એ સર્વ સરસ્વતીની હસ્તી હતી એમ સાબિત કરે છે.

पंच नद्य सरस्वतीमयी यान्ति सस्रोत सः ।
सरस्वती तु पंचधा सोदेशेऽभवसारत ॥

यजुर्वेद ३२-११.

ઉપરોક્ત શ્લોકપર મહીધરનું ભાષ્ય આ પ્રમાણે છે.

साउसैव सारस्वत्येय पंचधा देशे सरीतत्ऽभवद्त् पचा ऽपि स्वनामानि त्यक्त्वा सरस्वत्ये वाऽभवत् ॥

અર્થાત પંચવદ સારસ્વત દેશમાં તે સરસ્વતી પાંચ ધારાથી પ્રવાહિત—પંચ નદી રૂપે પંજાબની પાસેથી વહે છે.

(હિંદી સારસ્વત સર્વસ્વ—પ્રસ્તાવના.)

સારસ્વત પ્રદેશની સીમા પંડિત તુલસીરામજીએ જ્ઞાતિવિભાગ નામના ગ્રંથમાં આ પ્રમાણે દર્શાવી છે:—

પૂર્વમાં પૃથુદક કે પરોખા, દક્ષિણમાં રતયા કે ફતહાબાદ, પશ્ચિમમાં મુલતાન તથા અટક નદી અને ઉત્તરમાં જંબુ તથા નુરપૂર.

હવે જો સરસ્વતી અને સારસ્વત દેશના વાસી બ્રાહ્મણો એજ સારસ્વત બ્રાહ્મણો હોય તો બેશક તે એક પ્રાચીન પ્રજા હોવી જોઈએ. હમણાં સારસ્વતો સમસ્ત ભારતવર્ષમાં પ્રસરી ગયા છે, પણ ત્હેમની મૂળ ભૂમિ પંજાબ છે. ખત્રીઓ, અરોરા કે લોહાણાની મૂળ

ભૂમિ પંજાબ છે. આ ક્ષત્રિય અને બ્રાહ્મણોનો ગોરયજમાનનો સંબંધ પણ પ્રાચીન છે–ઘણોજ પ્રાચીન છે. સારસ્વતોને વિદેશીય કે અનાર્ય તત્વનો જરા પણ સ્પર્શ નથી થયો એમ પાશ્ચાત્ય પંડિતો પણ સ્વીકારે છે.

રેવરન્ડ મી. એમ. એ. શેરીંગ પોતાનાં Hindu Tribes and Castes as represented in Benares, એ ગ્રંથમાં લખે છે કે:—

Saraswat.

This is unquestionably a very ancient Brahamanical tribe which inhabits still the earliest seats of Hinduism a tract in the north-west of India beyond Delhi, once watered by the famous Saraswati river which figures so constantly in Hindu annals and mythology. The stream is now dried up but its site and extent can be traced. Its disappearance seems to have greatly excited the imagination of people in former times. Prayag or Allahabad is still spoken of by the natives generally as Triveni or the confluence not of two rivers, the Ganges and Jamuna which actually unite at that spot but of three, the Ganges, Jamuna and Saraswati.*

---

*ભાવાર્થ:—સારસ્વત–એ બ્રાહ્મણ પ્રજા નિ:સંશય એક ઘણીજ પ્રાચીન પ્રજા છે અને તે અદ્યાપિ પર્યન્ત હિંદુ ધર્મનાં પ્રાચીનતમ સ્થાન ઉત્તર હિંદુસ્તાનમાં દિલ્હીની આસપાસનો પ્રદેશ જ્યાં એક વાર

મહાભારત ગદાપર્વમાં એક એવી કથા છે કે પ્રાચીન કાળમાં એક ભયંકર દુષ્કાળમાં બ્રાહ્મણ જાતિ–જેને આજીવિકાની ચિંતાજ ન હોવી જોઇએ–તેઓ પણ અન્નને માટે ચિંતાતુર રહેવા લાગ્યા–આજીવિકાને માટે દોડાદોડ કરતાં વેદાભ્યાસનું પણ વિસ્મરણ કરવા લાગ્યા, વેદો ભૂલાઈ ગયા. ફક્ત સારસ્વત ૠષિને માતા સરસ્વતી મત્સ્યાહારથી પોષતી હતી; એટલે આ મહર્ષિના અધ્યયનથીજ વેદોનું રક્ષણ થવા પામ્યું. દુષ્કાળનો અંત આવતાં એમના આશ્રમમાં સાઠ હજાર બ્રાહ્મણો એકત્ર થયા. તે સર્વને વિદ્યાદાન કરી આ પુણ્યાત્માએ વેદોનો ઉદ્ધાર કર્યો.

સારસ્વતો જેમ સરસ્વતી નદીના પુત્રો હતા તેમ સરસ્વતી–વિદ્યાના પણ ખરા ઉપાસકો હતા; અને વેદદૃષ્ટા અને ઉપનિષદો, રામાયણ, મહાભારત વિગેરેના ઘણા ૠષિઓ સારસ્વત હતા.

(સારસ્વત સર્વસ્વ.)

હમણાં એ પવિત્ર અને પ્રાચીન જાતિની અધોગતિને માટે ગમે તે બોલાતું હોય, ત્હેમની અધોગતિને લઈ ગમે તે બોલાતું હોય, ત્હેમની અજ્ઞાનતાને લીધે–ભલે લોહાણાઓને તેઓ ભારરૂપ પણ જણાતા હોય તથાપિ આ ઇતિહાસ એટલું કહી શકશે કે એ સારસ્વત

સરસ્વતી નદી વહેતી હતી (જેનું નામ હિંદુ ઇતિહાસો અને પુરાણોમાં વંચાય છે) તે પ્રદેશમાં રહે છે. આ નદી હમણાં સૂકાઈ ગઈ છે, પણ ત્હેનો પટ અને લંબાઇ હમણાં પણ જોઈ શકાય છે. ત્હેના અદૃશ્ય થવાથી પ્રાચીન કાળના લોકો (હિંદુઓ) ની કલ્પના ઉપર ઘણી અસર થઇ હતી. પ્રયાગ કિંવા અલ્હાબાદને અદ્યાપિ પર્યન્ત લોકો ત્રિવેણી અર્થાત્ ફક્ત ગંગા જમુનાનો સંગમ નહિ–જે વાસ્તવિક છે, પરંતુ ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ કહે છે.

બ્રાહ્મણો એક સંસ્કારી આર્ય પ્રજાના સંતાનો છે અને લોહાણા એમના યજમાનો હોવાથી ખરા ક્ષત્રિય—આર્ય ક્ષત્રિય તરીકે દાવો કરવાને એમને એક વિશિષ્ટ અને સબળ કારણ મળે છે.

પ્રોફેસર એમ. એચ. વીલ્સન જેઓ ઓક્ષફર્ડ યુનીવર્સિટીમાં સંસ્કૃતના પ્રોફેસર છે અને જેમણે અનેક સંસ્કૃત ગ્રંથોનો અનુવાદ કર્યો છે તે સારસ્વત બ્રાહ્મણોને માટે આ પ્રમાણે જણાવે છેઃ—

The Saraswat Brahmans are met within many parts of India and are usually fair complexed tall and handsome men. They are classed in the popular lists of castes among five Gau das Brahmans and are divided into ten tribes, they *are said also to be especially the Purohits or family priests of the Kshatriyas or military caste*.....................

સારસ્વત બ્રાહ્મણો હિંદુસ્તાનના ઘણા ભાગોમાં જોવામાં આવે છે અને તેઓ બહુધા સુંદર ચહેરાના અને ઉંચા અને દેખાવડા હોય છે. જાતિઓની નામાવલીમાં ત્હેમને પાંચ ગૌડ બ્રાહ્મણ જાતિઓ પૈકી ગણવામાં આવ્યા છે. ત્હેમનામાં દશ ભાગ છે. તેઓને માટે કહેવાય છે કે તેઓ મુખ્યતઃ ક્ષત્રિય કિંવા લડાયક જાતિના પુરોહિતો છે.

સારસ્વતો જે જે જ્ઞાતિઓના ગોર છે તે તે જ્ઞાતિઓને ક્ષત્રિય માનવાને સબળ કારણો છે એમ ઉપરોક્ત અભિપ્રાય ઉપરથી સ્હમજાય છે.

હવે આપણે જનસ્વભાવ (Ethnology) નો વિચાર કરીએ. સિંધના લોહાણા અને પંજાબના અરોરા તેમજ ખત્રીઓના સમાગમમાં જૂદા જૂદા વિદ્વાનો આવ્યા છે અને ત્હેમણે એ જાતિઓના સ્વભાવ–સાંસારિક તેમજ વ્યવહારિક જીવનની જે હકીકત આપી છે તે અનેક રીતે સમાન છે; અને જનસ્વભાવ એ પણ જાતિનિર્ણયનું એક આવશ્યકીય સાધન હોય તો બેશક ક્ષત્રિઓ–અરોરા અને લોહાણા મૂળ એકજ પ્રજા છે એમ આપણે નિર્વિલંબે માની શકીશું. ઘણા લેખકોએ અરોરાને ક્ષત્રિય–ખત્રીજ માની લીધેલા હોવાથી ત્હેમના જનસ્વભાવનો પૃથક લેખ ક્વચિતજ આવે છે. પણ ઉપરનાં બે ઉદાહરણોમાં આપણે જોયું છે તેમ વિદ્વાનો ત્હેમને પંજાબના ખત્રીઓની એક પેટા જાતિ માને છે. હવે ખત્રીઓને માટે સર એચ. કેમ્પબેલનો અભિપ્રાય અમે અક્ષરેઅક્ષર ઉતારી લઇએ છીએઃ—

Trade is their main occupation but in fact they have broader and more distinguishing features. Besides monopolizing the trade of the Punjab and the greater part of Afghanistan and doing a good deal beyond those limits they are in the Punjab the Chief Civil Administrators and have almost all literate work in the hands. So far as the Sikhs have a priesthood they are moreover their priests or Gooroos of the Sikhs. Both Nanak and Govind were and the Sodis and Bedis of the present day are Khatries. There then they are in fact in the Punjab so far as a more energetic race will permit them all that

Maratha Brahmans are in the Maratha country, besides engrossing the trade which the Maratha Brahmans have not. They are not usually military in their character but are quite capable of using the sword when necessary. Dewan Savan Mall, Governor of Mooltan and his notorious successor Mulraj and very many of Ranjit's chief functionaries were Khatries.

Even under Mahomedan rulers in the west they have risen to high administrative posts. There is a record of a Khatri Diwan of Badukshan or Kanduz and, I believe, of a Khatri Governor of Peshawar under the Afghans. The Emperor Akbar's famous minister ToJur Mall was a Khatri..............

Altogether there can be no doubt that these Khatries are one of the most acute energetic and remarkable races in India though in fact except locally in the Punjab they are not much known to Europeans..................................
......The Khatries are a very fine fair and handsome race. They have as I have said the whole trade of the Punjab and of most of Afghanistan; no village can get on without the Khatri

who keeps the accounts, does the banking business and buys and sells the grain. They seem to get on with the people better than most traders and usurers of this kind. In Afghanistan among the rough and cruel people the Khatries are as a rule confined to the position of humble dealers, shopkeepers and money-lenders, but in that capacity the Pathans seem to look at them as a kind of valuable animals......
...........They find their way far into Central Asia but the further they get the more depressed and humiliating is their position.

ભાવાર્થઃ—વ્યાપાર એ એમનો મુખ્ય ધંધો છે; તથાપ વાસ્તવિક રીતે ત્હેમનો ઉદ્દેશ વિસ્તૃત અને વિશેષ પ્રતિભાદર્શક હોય છે. પંજાબ, અફઘાનીસ્તાનનો કેટલોક ભાગ તથા તેથી પણ દૂરના દેશોનો સર્વ વ્યાપાર ત્હેમના હાથમાં છે. તે સિવાય તેઓ પંજાબમાં ન્યાયખાતાના અમલદારો અને બહુધા બધું સંસ્કારી કામ એમના હાથમાં છે. શીખ લોકોની વસ્તીનો વિચાર કરતાં તેઓ વિશેષમાં ત્હેમના ધર્મનેતાઓ–ધર્મગુરૂઓ પણ છે. બન્ને નાનક અને ગોવીન્દ તથા હમણાના સોઢી અને વેદીઓ ખત્રીઓ છે. અર્થાત્ વધારે બુદ્ધિશાળી પ્રજાનાં ઉદાહરણ ન મળે ત્યાં સુધી એમ કહેવાય કે મરાઠા બ્રાહ્મણોનો જે દરજ્જો મહારાષ્ટ્રમાં છે તેવોજ દરજ્જો ત્હેમનો પંજાબમાં છે. ત્હેમની પાસે વ્યાપાર છે જે મહારાષ્ટ્રીય બ્રાહ્મણોના હાથમાં નથી. તેઓ વર્તનમાં ક્ષત્રિય–હથીયાર વાપરનાર નથી, પણ જરૂર પડતાં

તેઓ શસ્ત્રોનો ઉપયોગ કરવા માટે તૈયાર હોય છે. મુલતાનનો સુબો દીવાન સાવનમલ તથા ત્હેનો સુપ્રસિદ્ધ વારસ મુલરાજ—એ બન્ને વીરો તથા રણજીતસિંહના મુખ્ય યોદ્ધાઓ પૈકી ઘણા ખત્રી હતા. મુસલમાન રાજ્યકર્ત્તાઓની સત્તામાં પણ ત્હેમણે ઉંચા રાજ્યદ્વારી હોદ્દા ભોગવ્યા છે. બદુકશાન અથવા કાન્દુઝનો દિવાન ખત્રી હોવાનું જણાય છે અને અફ્ઘાનોની સત્તામાં પેશાવરનો એક ખત્રી સુબો (Governor) થયો છે. શાહનશાહ અકબરનો પ્રસિદ્ધ પ્રધાન ટોડરમલ ખત્રી હતો.

સર્વથા વિચાર કરતાં એ નિર્વિવાદ છે કે આ ખત્રી પ્રજા હિંદુસ્તાનમાં એક ચપળ, તિક્ષ્ણ બુદ્ધિવાળી અને કીર્ત્તિમાન પ્રજા છે, જો કે પંજાબ સિવાય યુરોપીઅનોને ત્હેમનું વિશેષ જ્ઞાન નથી.

ખત્રી જાતિ એક ઘણીજ સુન્દર અને દેખાવડી જાતિ છે. મેં ઉપર જણાવ્યું છે તેમ આખા પંજાબ અને અફ્ઘાનિસ્તાનના મ્હોટા ભાગનો વ્યાપાર એમના હાથમાં છે. કોઇ પણ ગામડું એક ખત્રી વિના ચાલી શકતું નથી, કારણ કે તેજ ગામડામાં હીસાબનો અને ધીરધારનો તથા અનાજ ખરીદવાનો અને વેચવાનો ધંધો કરે છે. ખત્રીઓનો સ્વભાવ આ પ્રકારમાં અન્ય વ્યાપારીઓ અને ધીરધાર કરનારાઓ કરતાં લોકોને વધારે અનુકૂળ પડે છે. અફ્ઘાનીસ્તાનમાં—જંગલી અને ઘાતકી લોકોમાં તેઓ નમ્રતાથી વ્યાપારીઓ, દુકાનદારો અને ધીરધાર કરનારાઓનો ધંધો ચલાવ્યે જાય છે. પણ પઠાણોના એ રાજ્યમાં ત્હેમના તરફ એક પ્રકારનાં કીંમતી જાનવરો હોય એમ વર્તન જોવામાં આવે છે.

મધ્ય એશીઆ સુધી પણ તેઓ જાય છે પણ જેમ જેમ તેઓ દૂર જાય છે તેમ તેમ ત્હેમની સ્થિતિ લજ્જાજનક અને દુઃખી થતી જાય છે.

સર એચ. ઈલીયટ અને એફ. બર્ટન, એમણે જે હકીકત લોહાણાઓને માટે લખી છે હેની ઉપરોક્ત અભિપ્રાય સાથે સરખામણી કરવામાં આવે તો તે એટલી બધી સમાન છે કે કોઈકજ એમ શંકા કરશે કે લોહાણા અને ખત્રીઓ ભિન્ન જાતિઓ હશે. ઉપરોક્ત ઉતારામાં ફક્ત ખત્રીઓનું નામજ વાંચવામાં આવે છે, પરંતુ એજ લેખક સર કેમ્પબેલના અરોરા સંબંધના ઉતારામાં આપણે જોઈ ગયા છીએ કે કેમ્પબેલ સાહેબ અરોરાને ખત્રીઓજ માને છે, એટલે અત્રે પણ ખત્રીઓનો અર્થ અરોરા અને ખત્રી કરવાનો છે.

હવે લોહાણાનો વિચાર કરીએ તો સિંધનો બધો વ્યાપાર હેમના હાથમાં છે અને જો કે લોહાણા પરાધીન અને તિરસ્કાર્ય હોવા છતાં મુસલમાન રાજ્યકર્તાઓના સમયમાં પણ મુત્સદી વર્ગ પૈકી મ્હોટો ભાગ લોહાણાનો હતો, ખત્રીઓની પેઠે લોહાણાઓ શસ્ત્રનો ઉપયોગ કરવામાં કાબેલ નથી, તેમજ પ્રસંગ આવતાં તલવાર ઉપાડી શકે એવી હેમની સ્થિતિ સિંધમાં નથી; અને હેનું કારણ હેમની લાંબા વખતની પરાધીનતા છે. સિંધી લોહાણો એક નમ્ર પ્રકૃતિનો વ્યાપારી છે અને મુસલમાનો હેમને વાણીયા કહે છે. તેમણે પણ વાણીયાપણું સ્વીકારી લીધું છે અને બર્ટન સાહેબ પણ એજ માન્યતાપર સિંધના લોહાણાને વાણીયા કહે છે.

In Sind however I find an account of a race of pretended Kshatriyas but who are really Banyas.*

આનું કારણ આપણે જોઈ ગયા છીએ, પરંતુ કચ્છ કે જ્યાં એમની કાર્યદક્ષતા અને સામર્થ્યને વિકાસ પામવાને સંપૂર્ણ અવકાશ

---

* સિંધમાં એક માની લીધેલ ક્ષત્રિય પ્રજા છે, પણ વાસ્તવિક રીતે તેઓ બનીઆ (વાણીયા) છે.

મળ્યો છે, ત્યાં લોહાણા સર્વ રીતે ક્ષત્રિય સિદ્ધ થયા છે. પુંજા શેઠ ની દૃઢતા અને બુદ્ધિબળ, જીવણુ શેઠનું યુદ્ધ કૌશલ્ય અને હમણાં થોડા સમયની વાત પર મુંદ્રા અને અંજારના મુંબઈના જાણીતા શેઠ પુરૂષોત્તમ દેવજીના વડવા મેઘજી શેઠની શુરવીરતા જોનાર કયો પુરૂષ લોહાણાને વાણીયા કહેવાની હીંમત કરશે? હમણાં એક વીશી પહેલાં મુંબઈમાં પણ શેઠ ખટાઉ રવજી અને એમના મિત્રોએ ખોજાઓ અને મેમણો સ્હામે જે બાહુબળ બતાવ્યું હતું તે જોનાર કદી પણ નહિ કહી શકે કે લોહાણા વાણીયા છે. માંડવી કે અંજારમાં કોઇ પણ પ્રસંગે લડાઇ થવાનું ભય ઉત્પન્ન થતાં હિંદુઓ તરફથી લડનાર તરીકે કે રક્ષણ કરનારા તરીકે લોહાણાજ બહાર પડે છે અને કચ્છી ભાષામાં તો એક એવા અર્થની કહેવત છે કે લોહાણા અને મિયાણા સમાન છે; સ્વલ્પમાં એટલુંજ કે સિંધ સિવાય પ્રસંગ પ્રાપ્ત લોહાણા પણ ખત્રીઓ–અરોરાની પેઠે હથીયારનો ઉપયોગ કરવા તત્પર હોય છે.

લોહાણાઓએ કચ્છ અને કાઠીયાવાડમાં દિવાનગીરિ પણ કરી છે. કચ્છમાં દેવકરણ શેઠ, દેવજી શેઠ, જીવણ શેઠ, દેવચંદ શેઠ, વિગેરે દિવાનોનાં નામ પ્રસિદ્ધ છે, તેમજ જુનાગઢ જામનગર અને પોરબંદરમાં પણ લોહાણા દિવાનો થયા છે.

વ્યાપારીઓ તરીકે લોહાણા સાહસિક અને મળતાવડા છે. સિંધમાં લગભગ બે તૃતીયાંશ ભાગ મુસલમાનોનો છે. આ લેખક જન્મથી તે લાંબા વખત સુધી સિંધમાંજ રહેલો છે અને ત્હેને અનુભવથી જણાયું છે કે જ્યાં બધી વસ્તી મુસલમાનોની હોય ત્યાં પણ ફક્ત એકજ લોહાણો દુકાનદાર ધીરધારનું અને વ્યાપારનું કામ હીંમતથી ચલાવ્યે જાય છે. ખત્રીઓ–અરોરાની પેઠે લોહાણા પણ બલુચીસ્તાન અફગાનીસ્તાન અને અરેબીયા તથા મધ્ય એશીઆના

કેટલાક ભાગો સુધી આગળ વધે છે. ગમે તેવા અજાણ્યા–જંગલી અને ક્રૂર લોકોમાં પણ તેઓ વ્યાપારી તરીકે ભય પામતા નથી.

અમારા ઉપરોક્ત અભિપ્રાયના સમર્થન તરીકે અમે બે ઇંગ્રેજ ઇતિહાસકારોના અભિપ્રાય ટાંકીએ છીએ:–

Lohana is the designation of a powerful tribe which at that period (period of Chach) under an apparent confusion of terms is said to have included both the Samma and Lakha clans. It can mearly mean that they were in a position of comparative subordination. Under all the vicissitudes the Lohanas have undergone, they still retain their credit as well as their religion and constitute the most influential tribe in Sindh whether regarded as merchants or officials. But not confined within the narrow province they have spread their ramifications beyond the western borders of India and are found dispersed through out Afghanistan Balu-chistan and Arabia exposed to inconveniences insults and dangers of inordinary kind in persuit of their daring object of wealth and finally return to their native land to enjoy the fruit of their industry.

(*Sir. H. Eliot's History of India Vol. V pp. 362.*)

મી. આર. એફ. બર્ટનનો અભિપ્રાય પણ વાંચવા જેવો છે.

ભાવાર્થ;–લોહાણા એક સમર્થ પ્રજાનું નામ છે જેમાં તે વખતે (ચચના સમયમાં)—નામાભિધાનની ગુંચવણના કારણથી સમા અને લાખા જાતિઓનો સમાવેશ થતો હતો એમ કહેવાય છે. એનો અર્થ એજ થાય કે તેની સ્થિતિ કંઈક તાબેદારીની હતી. આટલા બધા સંકટો સહન કર્યા છતાં આ પ્રજાએ પોતાનો મોભો અને ધર્મ વ્યાપારીઓ કે મુત્સદીઓ તરીકે જાળવ્યો છે. સિંધના ન્હાના પ્રાંતમાં જ ફક્ત ન રહેતાં તેઓ હિંદુસ્તાનની પશ્ચિમ સરહદની દૂર અફગાનીસ્તાન બલુચીસ્તાન અને અરબસ્તાનમાં પણ વેરાયલા છે, જ્યાં ત્હેમને અનેક પ્રકારની અગવડો અપમાન અને અસાધારણ સંકટોમાં પોતાનું જીવન પસાર કરવું પડે છે, છતાં ધન પ્રાપ્ત કરવામાં તેઓ અડગ રહે છે અને હીંમતથી તે મેળવે છે તથા પછીજ પોતાની જન્મભૂમિમાં આવી પોતાનાં પરિશ્રમના મીઠાં ફળ ભોગવે છે.

Moreover the Lohanas are found dispersed throughout Baluchistan Afghanistan and the eastern parts of Central Asia. They have traded for years on the neighbouring coasts of Arabia amongst a barbarous and hostile people enduring all kinds of hardships and braving as no little danger in persuit of wealth. This race is an enterprising one as showing the way in which during ancient times the Hindu colonized distant countries and propagated the tenets of their now exclusive faith.*

("Sind and the races that inhabit the valley of the Indus." pp. 314).

લોહાણાઓ માટેના આ બન્ને અભિપ્રાયો ધ્યાન પૂર્વક વાંચી જવાની અમારા વાંચક બંધુઓને વિનંતી કરવામાં આવે છે. આ બન્ને વિદ્વાનોએ લોહાણાઓને સાહસિક અને વ્યાપારને માટે-પોતાનો હેતુ સિદ્ધ કરવા ગમે તેવા સંકટો સહન કરનારી-ગમે તેવા દૂરના અને જંગલી દેશોમાં જનારી પ્રજા માની છે.

---

* વિશેષમાં લોહાણા બલુચીસ્તાન અફ્ગાનીસ્તાન અને મધ્ય એશીયાના પૂર્વ ભાગોમાં વેરાયલા જણાય છે. અરબસ્તાનના કિનારા પર તેમણે સેંકડો વર્ષો પર્યન્ત જંગલી અને ક્રૂર લોકોની વચ્ચે રહી વ્યાપાર કર્યો છે અને ધનની પ્રાપ્તી અર્થે જરા પણ ભય ન ધરતાં દરેક પ્રકારના સંકટો સહન કરે છે. આ પ્રજા એક સાહસિક પ્રજા છે અને ત્હેને જોવાથી આપણે, પ્રાચીન કાળમાં હિન્દુઓ પરદેશગમન કરી વિદેશોમાં પોતાની સત્તા તથા હમણા તેમનો ખાસ દેખાતા ધર્મનો, ફેલાવો કરતા.

હવે માત્ર કલ્પના કરી લ્યો કે સિંધના લોહાણા પણ સ્વતંત્રતાના વાતાવરણમાં પોષાયા હોય, ગુરૂ નાનક અને ગોવીન્દ જેવા સમર્થ જનોના નેતૃત્વનો લાભ મેળવવા ભાગ્યશાળી થયા હોય અને પછી જનસ્વભાવનો વિચાર કરતાં ખત્રીઓ તથા ત્હેમનામાં શું ફેર જણાશે ?

ઉપરોક્ત વિદ્વાનોએ જણાવ્યું છે અને તે વર્તમાન કાળની બિના છે. લોહાણા વ્યાપાર અર્થે બલુચીસ્તાન અફ્ગાનીસ્તાન મધ્ય એશીયા અને અરબસ્તાનમાં જાય છે. કેમ્પબેલ સાહેબ કહે છે કે ખત્રીઓ પણ બલુચીસ્તાન અફ્ગાનીસ્તાન અને મધ્ય એશીયાના દેશોમાં વ્યાપાર અર્થે જાય છે. ઉભય પ્રજાઓનો એકજ ધન પ્રાપ્તિનો ઉદ્દેશ છે. ઉભય પ્રજાઓનું એકજ કાર્યક્ષેત્ર વ્યાપાર છે. ઉભય પ્રજાઓ એ દેશોમાં દુ:ખ પણ સહન કરે છે. હવે પ્રશ્ન એ થાય છે કે સમાન ગુ-

ણોની–સમાન કાર્યક્ષેત્રમાં વિહરતી એ પ્રજાઓ એ વિદેશોમાં કેટલા અંશમાં ભિન્ન કે પૃથક્ પ્રજાઓ તરીકે રહી શકતી હશે એ એક ગંભીર પ્રશ્ન નથી ?

આ લેખક જ્યારે કરાંચીમાં હતો ત્યારે હેને અનેક કાબુલી હિંદુઓને જોવાને અવકાશ મળ્યો હતો. તેમનો પોષાક લગભગ પઠાણોના જેવોજ હોય છે. ફક્ત ઈજાર કંઇ હલકો તથા પાગડીનો રંગ લાલ કે પીળો હોય છે. આ હિંદુઓને પ્રથમવાર જોનાર કોઈ ભાગ્યેજ કલ્પના કરે કે તે હિંદુ હશે, કારણ કે હેમના શરીરનો બાંધો પણ જોરાવર હોય છે. આવા કેટલાક હિંદુ પઠાણોને એકવાર પ્રસિદ્ધ સનાતન ધર્મના વ્યાખ્યાનકાર સ્વામી હંસસ્વરૂપનું વ્યાખ્યાન સાંભળતાં જોયા હતા. તેમજ એકવાર કરાંચીમાં નેટીવ જેટીના દરિયા કિનારાપર એ પઠાણોને દરિયા પૂજન કરતાં જોયા હતા. કૌતકથી, 'આપ કોન હો' એવો પ્રશ્ન પૂછતાં તે પૈકી એકે 'હમ લોહાને ખત્રી હય' એવો ઉત્તર આપ્યો હતો. વાંચક અનુમાન કરી શકશે કે ત્યાં એ પ્રજાઓ એકજ પ્રજા ગણાતી હશે અને એકજ પ્રજા તરીકે રહેતી હશે.

આ ત્રણે પ્રજાઓની રહેણી કરણી અનેક રીતે સમાન છે અને તે સિંધ અને પંજાબમાં રહી એમનાં લગ્ન–મરણ ઇત્યાદિ પ્રસંગોની ક્રિયાઓ જોઇ હોય તોજ માલુમ પડે તેમ છે. આ ત્રણે પ્રજાઓમાં વિધવા વિવાહનો પ્રતિબંધ નથી. ત્રણેના ગોર યજમાનનો ભોજન વ્યવહાર છે. આપણે એ પ્રજાઓની નાતિરીતિઓની સમાનતાનો કંઇક વિસ્તાર પૂર્વક વિચાર કરીશું. કેમ્પબેલ સાહેબે ગેઝીટીયરના નવમા ગ્રન્થમાં ખત્રીઓનાં કેટલાક રીતરિવાજનો ઉલ્લેખ કર્યો છે તે અનેક રીતે આપણા તેવા પ્રસંગોથી મળતા છે. કાઠીઆવાડ અને ગુજરાતમાં ક્યાંક પ્રતિબંધ છે પણ કચ્છમાં ખત્રીઓ

અને લોહાણાઓમાં ભોજનનો જરા પણ પ્રતિબંધ નથી.

એ શિવાય કેટલીક જાતના સોની, દેપાલા–દેપાલ દેશના ક્ષત્રિયો અને ભણુશાલી કિંવા ભાનુશાલીઓ પણ પોતાને ક્ષત્રિઓ માને છે. સોનીઓની કેટલીક નુખો આપણી સાથે મળતી આવે છે તેમજ ત્હેમના ગોર પણ સારસ્વત બ્રાહ્મણો છે. એ પ્રજાઓના ઇતિહાસ સંબંધી વધુ શોધખોળ ન થાય ત્યાં સુધી આપણે કોઇ પણ ચોક્કસ અનુમાન ઉપર આવી શકતા નથી.

આ પ્રકરણના ઉપસંહારમાં એટલુંજ કહીશું કે લોહાણા રાજપુત ક્ષત્રિઓ નહિ પણ આર્ય ક્ષત્રિઓ છે. અને ત્હેમનો સંબંધ રાઠોડ સાથે હોય તેના કરતાં હમણાંનાજ ત્હેમના બન્ધુઓ બ્રહ્મ-ક્ષત્રિઓ સાથે સવિશેષ છે. જયચન્દ સાથે હોય તેના કરતાં ટોડરમલ્લ નાનક અને ગુરૂ ગોવીન્દસિંહની સાથે સવિશેષ છે.

કાળની ગતિ વિચિત્ર છે. તે એકને આસ્માનમાં ચ્હડાવી દે છે તો બીજાને ભૂતલના સાતમા તલમાં પણ નથી સંઘરતો. એકને મનોહર મહાલયમાં બેસાડી દે છે તો બીજાને દુર્ગંધીમય ગટરમાં પણ નથી સંઘરી શકતો. માત્ર વાતોના બણગાં ફુંકવામાં માલ નથી. માત્ર ક્ષત્રિઓ કહેવડાવવા કે કહેવાથી સંતોષ થાય તેમ નથી. રાજપુતો ભલે શુદ્ધ ક્ષત્રિઓ ન પણ હોય તથાપિ એ વીર પ્રજાએ ડુબતા હિંદુ ધર્મની રક્ષા કરી છે–અને જનસ્વભાવ એજ પ્રજાનું મૂળ હોઇ કર્મ અનુસાર જાતિ હોય તો રજપુતો ખરેખરા ગણીજાય રાજપુત્રો અને ક્ષત્રિઓ છે; અને આપણે શુદ્ધ આર્ય ક્ષત્રિઓ હોઇએ તોપણ ગરીબાઇથી દબાયલા, અજ્ઞાનમાં રખડતા–કુસંપ અને ઈર્ષાથી અહીં તહીં ભટકતા કર્માનુસાર કંઇક વાણીઆ તો કંઇક ક્ષત્રિય છીએ.

પ્રકરણ ૫ મું.

લોહાણાઓની આર્ય ક્ષત્રિયતાનો ઇતિહાસની દૃષ્ટિથી વિચાર.

સત્યતા અનુમાનાવલંબી નથી—માત્ર અનુમાન પર સત્યતાનો પાયો ચણી શકાતો નથી. આપણે અનુમાનથી તેમજ ક્ષત્રિઓના—ખત્રીઓના અભિપ્રાયને આધારે આર્ય ક્ષત્રિય હોવાના નિર્ણયપર આવી શકયા, પરંતુ એ નિર્ણય ઇતિહાસ સંમત ન હોય ત્યાં સુધી અપૂર્ણ છે.

ચચનામા પ્રમાણે સાતમા સૈકામાં લોહાણા સિંધના એક ભાગમાં રાજ્ય કરતા હતા એટલુંજ ફક્ત સિદ્ધ થાય છે. લોહાણા સિંધમાં કયારે આવ્યા ત્હેનો જરા પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી. ચચે અગમસિંહના ઉપર જે પત્ર લખ્યો છે તે ઉપરથી એટલું સ્હમજાય છે કે લોહાણા સિંધની એક પ્રાચીન પ્રજા હતી. એ પ્રાચીનતા કયાં સુધી લેખાવવી એ એક ગંભીર પ્રશ્ન છે, કારણ કે માત્ર શબ્દ પ્રમાણ અમુક શબ્દોના ધ્વનિતાર્થ ઉપરજ ત્હેનો આધાર છે. ચચનામામાં ચચનો પ્રધાન બુદ્ધિમાન ત્હેને કહે છે કે પૂર્વે સિંધ દેશ ચાર વિભાગોમાં વ્હેંચાયલો હતો—કનીંગહામ એ ચાર વિભાગોમાં લોહાણાઓના વિભાગનો સમાવેશ કરે છે, પરંતુ પૂર્વેનો અર્થ કેટલાં વરસ લેવાય એ એક પ્રશ્ન છે. અનુમાનનેજ આધાર માની આપણે એટલું તો નિર્વિવાદ કહી શકીએ કે ચચથી બસો વર્ષ પહેલાંજ લોહાણાઓ સિંધમાં દાખલ થયા હોય તો તે બનવા જોગ છે. (બસો વર્ષની અંદર નહિ, કારણ કે તેમ હોત તો ચચનામામાં એનો કોઇ ઉલ્લેખ જરૂર મળી આવત.)

ઇ. સ. ના પાંચમા સૈકાના પ્રારંભમાં ફાહીયાન ના... ના-નનો મુસાફર હિંદુસ્તાનમાં યાત્રા કરવા આવ્યો હતો; તેણે જૂદા જૂદા દેશો અને લોકોનું વર્ણન લખ્યું છે. આ મુસાફરે સુલેમાની પર્વતો અને સિંધુ નદી વચ્ચે લોઇ નામની એક પ્રજા જોઇ હતી. સર કેમ્પબેલ કહે છે કે એજ લોહાણા હતા. અનુમાન માત્ર લોઇ શબ્દ ઉપરથી, અને હમણા પણ સુલેમાન પર્વતો અને સિંધુ નદી વચ્ચે લોહાની નામના પઠાણો વસે છે એ ઉપરથી કરવામાં આવ્યું છે. વિશેષ કોઈ પ્રમાણ નથી. કદાચ એ લોહાણા પણ હોય, તથાપિ પાંચમા સૈકામાં કે પછીથી તેઓ આગળ વધી સિંધમાં આવ્યા હોય અને યુદ્ધ કરી બ્રાહ્મણાબાદ લીધું હોય તો સિંધના ઇતિહાસમાં તે એક ચિરઃ સ્મરણીય બનાવ હોવો જોઇએ, અને ચચનામા કે સિંધના બીજા કોઇ પણ ઇતિહાસમાં ત્હેની નોંધ અવશ્ય હોવી જોઇએ.[૧] વળી જો કોઈ નવીન પ્રજા સિંધમાં રાજ્ય લેવા પ્રવેશ કરે તો તે બ્રાહ્મણાબાદ લઈ શકે તે પહેલાં અલોર લે એ વાત વધારે સ્વાભાવિક છે. અલોરમાં શાહી રાજ્ય કુટુંબ પાંચમા સૈકાથી રાજ્ય કરતું હતું અને તેટલા વખતથી કોઈ પણ સમર્થ શત્રુ સિંધ ઉપર ચ્હડી આવ્યો નહોતો. લોહાણાઓ કદાચ સિંધમાં આવ્યા હોય તો-પણ ચોથા સૈકાની પહેલાં આવ્યા હોવા જોઇએ.

ચોથા સૈકાની પૂર્વે આ દેશમાં અનેક જૂદી જૂદી પ્રજાઓ આવી છે, જેમનું સામાન્ય લીસ્ટ આપણે પ્રથમ પ્રકરણમાં જોઇ ગયા છીએ. કેટલાક યુરોપીયન પંડિતો પૈકી ઘણાનો માત્ર પોતાનુંજ જોવાનો સ્વભાવ સાધારણ હોય છે. દરેક હિંદુ ન ન તેમણે એ-વીજ દૃષ્ટિથી ન્યાય આપ્યો છે—અને હિંદુઓ અર્ધ જંગલી સ્થિતિમાંથી જન્મ્યા છે અને સમય જતાં તે અર્ધ જંગલી સ્થિતિનો વિકાસ કરી સર્વ રીતે જંગલી થયા છે એમ દર્શાવવામાંજ એમણે

પોતાના પાંડિત્યનો સદુપયોગ (!) કર્યો છે. દિવા નીચે અંધારૂં એ કહેવત સર્વથા સત્ય છે. આ પંડિતોએ જ્યાં જ્યાં લાગ ફાવ્યો છે ત્યાં હિંદુ જ્ઞાતિઓની નિંદાજ કરી છે-ત્હેમને હલકી પાડવા પ્રયત્ન કર્યો છે; એક લખે છે કે મરાઠા બધા શક છે ત્યારે બીજો માને છે કે રાજપુતો પરદેશી છે, ત્રીજાએ શેણવી બ્રાહ્મણોને વટલેલા માની લીધા છે. લોહાણાઓને પણ એજ પ્રમાણે એક જણે પઠાણો તો બીજાએ વાણીઆ ઠોકી બેસાડયા છે. ભાટીયાઓને એકે જાટ તો બીજાએ તૂર્ક કહી દીધા છે. હિંદુઓની જ્ઞાતિઓ ફક્ત અજ્ઞાનમૂલક મમતાથીજ રચાઈ છે; એમના પોતામાં કેવા પ્રકારની જાતિઓ પ્રવૃત્તેછે એ કોઈ પણ વાંચનારથી અજાણ્યું નહિ હોય. એક સાધારણ હલકા કુટુંબમાં કન્યા આપતાં કેટલા પ્રેમકલહ થાય છે-બન્ધુતાનો ઉપદેશ કરવા આવનારા ક્રાઇસ્ટના સાચા પુત્રો-પાદરી સાહેબોના દેશમાં ફર્સ્ટ અને સેકન્ડ કલાસનો ભેદ કેટલે દરજ્જે સ્હમજવામાં આવે છે ત્હેનું પોલ ખોલી જાણે એવા વિદ્વાનો આપણામાં નથી પાક્યા એટલી સુભાગ્યની વાત છે. કહેવાનું તાત્પર્ય એજ કે જરા પણ બારિક તપાસ કર્યા વિના માત્ર આવી ખબરોને આધારે આ લોકમાન્ય(!) પંડિતોએ લોહાણાને પણ વિદેશી ઠરાવ્યા છે.

જે જે વિદેશી પ્રજા આ દેશમાં આવી છે તે પૈકીકોઈની સાથે પણ લોહાણાને નામમાં સંબંધ નથી. કદાચ તે પંડિતોની માન્યતા પ્રમાણે મમતા વશ થઈ આપણે નામ પણ બદલાવી નાંખ્યું હોય તથાપિ સારસ્વત બ્રાહ્મણો પરદેશીઓને યજમાન તરીકે સ્વીકારી યજ્ઞોપવિત ધારણ કરાવી દે એ શું કોરા કાગળપર કલમના ગોદા મારવા જેટલી સહેલી વાત છે?

ઇ. સ. ના પાંચમા સૈકાથી તે ઇ. સ, પૂર્વે ત્રીજા સૈકા સુધીનો ઇતિહાસ લગભગ અસ્તવ્યસ્ત સ્થિતિમાં છે અને એ અરસામાં

લોહાણાના ઇતિહાસ પર પ્રકાશ પડે એવું કંઇ પણ નથી જણાતું. સિંકદરના ઇતિહાસકારોએ સિંધના બ્રહ્મસ્થળ કે હરમાટેલીયાના યુદ્ધનું વર્ણન લખ્યું છે, જે આપણે ત્રીજા પ્રકરણમાં સંક્ષિપ્તમાં જોઇ ગયા. આ સ્થાન સાતમા સૈકામાં લોહાણાઓનું હોવાથી આપણે એ યુદ્ધના ઉલ્લેખનું જરા વિસ્તાર પૂર્વક અવલોકન કરીશું.

From Sindomana Alexander marched back to the river where he had ordered his fleet to wait for him. Thence descending the stream he came on the fourth day to a town through which was a road to the kingdom of Sambus. When Alexander quicked his fleet at Alor (the capital of Musikonus) to march against Oxyeanus he had no intention of going to Sindomana as Raja Sambus having tendered his submission had been appointed Satrap of the hilly districts on the Indus... ... ...

From Manja Dand, the point where I suppose that Alexander rejoined his fleet, the distance to the received city of Brahamanabad is 60 miles in direct line of land or 90 miles by water. As this distance could have been accomplished with ease in 4 days I conclude that Brahmana was the actual city of Brahmans which is described by Alexander's Historians.

(*Cunningham's Ancient Geography of India. pp. 268*).

ભાવાર્થ;—સીન્ડોમાનાથી નદીનો પ્રદેશ કે જ્યાં અલેકઝાંડરે તેણે પોતાના સૈન્યને પોતાના માટે રહેવાની આજ્ઞા કરી હતી ત્યાં તે આવ્યો. ત્યાંથી નદીમાં પ્રવાસ કરી ચોથે દિવસે તે એક નગરમાં આવ્યો કે જ્યાંથી રાજા સામ્બુના રાજ્યમાં જવાનો માર્ગ હતો. મ્યુસીકોનસના રાજ્ય નગર અલોર પાસે સૈન્યનો પડાવ નાંખ્યો ત્યારે અલેકઝાન્ડરની ઇચ્છા સીન્ડોમાનામાં જવાની નહોતી કારણ કે રાજા સામ્બુ (સમા જાતિનું નામાભિધાન) ત્હેને તાબે થયો હતો અને અલેકઝાન્ડરે ત્હેને સીન્ધુ નદીના પહાડી પ્રદેશોનો સત્રપ (અધિપતિ) બનાવ્યો હતો... ... ...

મન્જા ડન્ડ (મન્જાનો નાળો) કે જ્યાં હું માનું છું કે અલેકઝાન્ડર પોતાના સૈન્યને પાછો મળ્યો ત્યાંથી બ્રાહ્મણાબાદ નામનું નાશ પામેલ શહેર ભૂમિ માર્ગે સીધું ૬૦ માઇલ છે અને જળ માર્ગે ૯૦ માઇલ છે. આટલો અંતર સહેલાઇથી ચાર દિવસમાં કાપી શકાય તેથી હું અનુમાન કરૂં છું કે અલેકઝાન્ડરના ઇતિહાસકારોએ જે બ્રાહ્મણાના શહેરનું વર્ણન કર્યું છે તે બ્રાહ્મણાબાદજ છે.

(કર્નીંગહામની 'એન્શીઅન્ટ જ્યોગ્રાફી ઓફ ઇન્ડીઆ' પાનું ૨૬૮.)

અલેકઝાન્ડરે બ્રહ્મસ્થળ કે બ્રાહ્મણાબાદ પર સ્વારી કરી હતી.

The king of this city had previously submitted but the citizens withheld their allegiance and shut their gates. By a stratagem they were induced to come out and a conflict ensued in which Ptolemny was seriously wounded in the shoulder.

આ નગરનો રાજા પ્રથમથીજ અલેકઝાન્ડરને તાબે થયો હતો

પણ નગરવાસીઓ તાબે થયા નહિ અને નગરના દ્વાર બંધ કરી દીધા. અલેકઝાન્ડરે યુક્તિ કરીને ત્હેમને બહાર આવવાની જરૂર પાડી અને યુદ્ધ થયું, જેમાં પ્રસિદ્ધ ઈતિહાસકાર ટોલેમી સ્કંધમાં જખમી થયો હતો.

આમાં બ્રાહ્મણાબાદ કે બ્રહ્મસ્થળ નામને અવલંબી કનીંગહામ એમ માને છે કે એ શહેર બ્રાહ્મણોનું હતું. એ શહેર સર્વથા આર્ય હતું એ બર્ટન સાહેબ 'સિન્ધ રીવીઝીટેડ' નામના ગ્રંથમાં કહે છે અને કદાચ બ્રાહ્મણોનો ત્હેની સાથે વિશેષ સંબંધ પણ હોય તથાપિ તેમાં રાજ્યકર્ત્તી પ્રજા ક્ષત્રિયજ હોવી જોઇએ, કારણ કે રાજા તાબે થયો હતો અને પ્રજાજ ત્હેની સ્હામે થઇ હતી. આ બાબતમાં અલેકઝાન્ડરના ત્રણ ઇતિહાસકારોમાં પણ મતભેદ પડે છે. એરીયન, ડાયાડોરસ અને કર્ટીઅસ—આ ત્રણ લેખકોમાંથી ડાયાડોરસ અને એરાયન એમ જણાવે છે કે આ યુદ્ધમાં ઉશ્કેરણી કરનાર બ્રાહ્મણોને અલેકઝાન્ડરે યોગ્ય શિક્ષા કરી હતી. ત્રીજો કર્ટીઅસ એમ જણાવે છે કે બ્રાહ્મણોની ઉશ્કેરણીથી રાજા પણ ત્હેની સ્હામે થયો હતો, જેને અલેકઝાન્ડરે પ્રાણદંડની શિક્ષા કરી હતી. આ ત્રણે ઉપરથી કનીંગહામ એવા અનુમાન ઉપર આવે છે કે મ્યુસીડેનસનો રાજા પ્રથમ તાબે થયો હતો અને પછીથી સ્હામે થયો હતો. અને અલેકઝાન્ડરના લેખોમાં એવું જણાય છે કે મ્યુસીડેનસ રાજાઓના તાબામાં સિન્ધુ નદીનો બધો પ્રદેશ હતો તે આ માન્યતાને અનુમોદન આપે છે. મ્યુસીડેનસ પ્રજા એટલે આર્ય પ્રજા હોવી જોઇએ, કારણ કે એ પ્રજાનું રાજ્ય મોટું અને સમસ્ત ભારતવર્ષમાં વધારે ધનવાન હતું. એ ઉપરથી પણ કદાચ એવા અનુમાન ઉપર ન આવી શકાય, તથાપિ આપણે ઉપર જોઇ ગયા તેમ જો એ પ્રજા અનાર્ય હોત તો બ્રાહ્મણો ત્હેને માટે લડવાનું સાહસ કરત નહિ. મ્યુસીકેનસનો

વાસ્તવિક અર્થ આપણે નથી કરી શકતા, તથાપિ આસપાસના સંજોગોપરથી તે શુદ્ધ આર્ય ક્ષત્રિય પ્રજા હોવી જોઇએ એમ સ્પષ્ટ સ્હમજાય છે. બ્રાહ્મણાબાદના ખંડીયેરો હમણા દેખાય છે તે પણ શુદ્ધ આર્ય સંસ્કૃતિનું દર્શન કરાવે છે. અલેકઝાન્ડરના સમયમાં બ્રાહ્મણાબાદનું રાજ્ય આર્ય ક્ષત્રિઓનું હતું એટલું આપણે ઉપરની ચર્ચા ઉપરથી સ્હમજી શકીએ છીએ, પણ તે આર્ય ક્ષત્રિઓજ લોહાણા હતા એમ કહી શકાય ત્હેને માટે વધારે સબળ પ્રમાણોની જરૂર છે. અલેકઝાન્ડરના સમય પછી બ્રહ્મસ્થળનો ઇતિહાસ જણાયોજ નથી.

(*Ancient Geography of India by A. Cunningham pp 250–251.*)

કનીંગહામ "Rashiddein in Reinaud's Fragment Arabes pp. 47"ના પ્રમાણથી જણાવે છે કે, અલેકઝાન્ડર પછી તરતમાંજ લોહાણાઓનું રાજ્ય સિન્ધમાં હતું. જો સિન્ધમાં હોત તો તે બ્રહ્મસ્થળમાંજ હતું અને સિકન્દરના સમીપમાં પણ તે બ્રહ્મસ્થળમાં હતું. સિકન્દરની સ્હામે થનારા બ્રાહ્મણો અને ક્ષત્રિઓ તે બ્રહ્મસ્થળના લોહાણા અને સારસ્વતોજ હોવા જોઈએ. કનીંગહામ Ancient Geographyમાં આ પ્રમાણે લખે છે:–

In the seventh century Sind was divided into four principalities ... ... The whole formed one kingdom and the Raja of Upper Sind who, at the time of Huan Thsang's visit in A. D. 641, was a Sutholo or Sudra. So also in the time of Chach only a few years later the minister Budhiman informs the king that the country had been formerly

divided into four districts, each under its own ruler who acknowledged the supremacy of Chach's predecessors. At a still earlier date Sind is said to have been divided into four principalities by Ayund the son of Kafund *who reigned sometime after Alexander the Great.* These four principalities are named Zor, Askalandusa, Samid and Lohana. All of which will be described as they would appear to correspond with the divisions noted by Huan Thsang.

ભાવાર્થ:–સાતમા સૈકામાં સીન્ધનું રાજ્ય ચાર વિભાગમાં વ્હેંચાયલું હતું. અન્ય ત્રણ રાજ્યો ઉત્તર હિન્દના રાજાનું સ્વામીત્વ કબુલ રાખતા, જે ઇ. સ.ના સાતમા સૈકામાં હુએન સેન્ગના સમયમાં, સુટલો–શૂદ્ર હતો. ચચના સમયમાં (ઇ. સ. ૬૪૧) પ્રધાન બુદ્ધિમાન ચચને કહે છે કે પૂર્વે પણ સિન્ધનું રાજ્ય ચાર વિભાગમાં વ્હેંચાયલું હતું અને તેના ઉપર ચચના પૂર્વેના રાજાઓનું સ્વામીત્વ હતું. કફુન્દનો પુત્ર અયન્દ કે જે અલેકઝાન્ડરના સમયથી થોડા વખત પછી રાજ્ય કરતો હતો તેના કહેવા પ્રમાણે ત્હેના વખતમાં

સિન્ધમાં ચાર રાજ્યો હતાં. આ ચાર રાજ્યોનાં નામ નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે:—

ઝોર

અસ્કલન્દુશા

સમીદ

લોહાના.

આ સર્વનો હેવાલ હ્યુએનથ્સેંગના અભિપ્રાય પ્રમાણે યથાક્રમ લખીશ......

એમ. રેનૉડ સાહેબે મુજમલુન તવારીખ નામના પુસ્તકનો કેટલોક ભાગ પ્રસિદ્ધ કર્યો છે. આ પુસ્તકમાં સિંધનો ઇતિહાસ છે. રેનૉડ સાહેબ જણાવે છે કે આ ગ્રંથમાં સિંધના ઇતિહાસનો ભાગ છે તે મુજમલુના કર્ત્તાએ પોતે લખેલો નથી પણ એક સંસ્કૃત પુસ્તકનું ભાષાન્તર કરી પ્રસિદ્ધ કર્યું છે. આ સંસ્કૃત પુસ્તકનું ફારસી ભાષાન્તર ઇ. સ. ૧૦૨૬ માં અબુલ હસન અલી બીન મહમદ અલતુલીએ ફારસી ભાષામાં કર્યું હતું.

એમ રેનૉડ સાહેબનો એવો અભિપ્રાય છે કે આ સંસ્કૃત પુસ્તક ખ્રિસ્તી સનના પ્રારંભમાં લખાયલું હોવું જોઇએ અને તે રાજતરંગિણી અને કદાચ મહાભારતથી પણ પૂર્વે લખાયું હોય એમ તે ભા દઇને જણાવે છે. આ પુસ્તક મહાભારતથી પૂર્વે લખાયું હશે એમ આપણે ચોક્કસ માની શકતા નથી કારણ કે મહાભારત ઈ. સ. ની પૂર્વે લખાયું છે. તથાપિ જે હકીકત રેનૉડ સાહેબે પ્રસિદ્ધ કરી છે તે ઉપરથી એટલું સ્હમજાય છે કે એ પુસ્તકમાં મહાભારતની હકીકત—મહાભારતના સમયનો ઇતિહાસ હોવો જોઇએ. અફસોસની વાત એટલીજ છે કે એ મૂળ સંસ્કૃત ગ્રન્થ હમણા અનુપલબ્ધ છે.

આ ગ્રન્થમાં એવી હકીકત છે કે દરશારથ (ધૃતરાષ્ટ) ના પુત્ર દુર્યોધને પોતાની પુત્રી દશલા (દુશાલા) સિંધના રાજા જયદ્રથની સાથે પરણાવી હતી. દુશાલાએ પોતાના ભાઇને કેટલાક બ્રાહ્મણો મોકલવા કહ્યું (સિંધમાં એ વખતે બ્રાહ્મણો) થોડા હશે. દુર્યોધને ૩૦૦૦૦ બ્રાહ્મણો મોકલ્યા. વિગેરે......

જયદ્રથનાં મરણુ પછી રાજા સેજપાર સિંધની ગાદી ઉપર આવ્યો. તે પછી હલ. આ રાજાના રાજ્ય વિસ્તારનું વર્ણન એ ગ્રન્થમાં છે. ત્યાર પછી ત્રણ રાજાઓનાં નામ નથી. સિકન્દરના સમયમાં રાજા કફન્દ રાજ્ય કરતો હતો. તે હિંદુ નહોતો. તેની પછી તેનો દિકરો અયન્દ ગાદી પર બેઠો અને અયન્દના વખતમાં લોહાણા નામે સંસ્થાન સિંધમાં હતું. (*Sir H. M. Elliot's History of India as told by its own Historians Vol. II pp. 100, 102, 108, 109.*)

સર એચ. ઇલીયટના શબ્દો પણ એમજ જણાવે છે કે લોહાણા સિન્ધની એક ઘણીજ પ્રાચીન પ્રજા છે.

ચચના અગમસિંહ પ્રત્યેના પત્રમાં કેટલાક શબ્દો પણ ખાસ નોંધ લેવા યોગ્ય છે અને ત્હેનો પણ એજ અર્થ થાય છે કે લોહાણા સિન્ધની એક પ્રાચીન પ્રજા હોવી જોઇએ.

સિકન્દરના સમયમાં જો લોહાણા ક્ષત્રિઓ હોય તો ત્હેમને વિજાતીય તત્વનો સ્પર્શ પણ નહિ થયો હોય એ વાત નિર્વિવાદ છે. સિકન્દરના સમય સુધી યદ્યપિ જ્ઞાતિઓમાં વર્ણસાંકર્ય દોષને લઇ અનુલોમ પ્રતિલોમ લગ્નને લઇ ભ્રષ્ટતા પ્રવેશી હતી તોપણ વિદેશીય તત્વ દાખલ થયુ નહોતું અને જો લોહાણા રાજ્યકર્ત્તી પ્રજા હોય તો તેનામાં વર્ણસાંકર્ય દોષ થવાનો પણ સંભવ નથી. રાજ્યકર્ત્તી પ્રજાઓ ભ્રષ્ટ થતાં તે હલકી જાતિને પ્રાપ્ત થતી.

The admission of strangers into any of the twice born classes was a thing never contemplated by Manu and could not have taken place within the period to which the records of his time extended.

No trace of the alleged amalgamation remained in Alexander's time.

પરદેશીઓનો કોઇ પણ દ્વિજ જાતિમાં પ્રવેશ, એ વાતની મનુને ધારણા પણ નહિ હોય અને જ્યાંસુધી મનુસ્મૃતિ માન્ય ગ્રન્થ હોય ત્યાંસુધી તો એ પ્રમાણે ન બનવા પામ્યું હોય ! અલેકઝાન્ડરના સમય સુધી એ માની લીધેલી ભેળસેળ નહિ થઇ હોય. Sir. M. Elphinstone.

પ્રિય પાઠક ! ત્હારી પાસે જે જે પ્રમાણો રજુ થયાં છે, તથા તેમાંથી જે અનુમાન કરવામાં આવ્યું છે તેથી ત્હને એટલું સહમજાતું હોય કે લોહાણા પ્રજા અલેકઝાન્ડરના સમયમાં હતી તથા તે વખતથી તે ચચના સમય સુધી રાજકર્ત્તી પ્રજા હતી, તો વિધવા વિવાહ ન કરનારા, સ્પર્શ્યાસ્પર્શ્યના બાહ્યાચારથી પોતાને ઉંચા (ઉચ્ચ !) માનનારામાં ઉચ્ચ અને નીચનો ભેદ કયી ભૂમિકાપર રહે છે એ વિચાર ત્હારે જાતેજ કરી લેવાનો છે.

પ્રકરણ ૬ ઠું.

લોહાણા જ્ઞાતિનું મૂળ સ્થાન;
મહારાજ લવની સાથે ત્હેમનો સંબંધ.

લોહાણા એક ઘણીજ પ્રાચીન જાતિ છે, તેમજ લોહાણા નામ કે ઉપાધિ પણ તેટલીજ પ્રાચીન છે એ માન્યતાને માટે સંશયનો લેશ પણ અવકાશ નથી. એ માન્યતાપર ખૂબ લક્ષ રાખી આપણે આગળ વધી લોહાણાઓનું મૂળ સ્થાન કયું? લોહાણા–શબ્દ ઉપાધિવાચક કે સ્થળ વાચક છે, લોહાણાને મહારાજ લવ સાથે સંબંધ છે કે નહિં એ મહત્વના પ્રશ્નોનો વિચાર કરીશું.

આં પ્રશ્નોને નિકટ સંબંધ છે અને એકનો નિશ્ચય થતાં અન્યનો સ્વયં નિશ્ચય થઇ જાય તેમ છે. જેથી પ્રથમ આપણે " લોહાણા" એ શબ્દ ઉપાધિવાચક કે સ્થળવાચક છે ત્હેનો વિચાર કરીશું.

લોહાણા શબ્દ ઉપાધિવાચક નથી. જો એ શબ્દ ઉપાધિવાચક હોય (અને તે પ્રાચીન છે એટલું તો નિર્વિવાદ છે,) તો સિંધ અને પંજાબ જે સંસ્કૃત ભાષાની જન્મભૂમિ છે તેમાંજ જન્મ પામ્યો હોય, તો અવશ્ય તે સંસ્કૃત હોવો જોઇએ અને સંસ્કૃત ભાષામાં એ શબ્દ ગુણવાચક હોવો જોઇએ. સંસ્કૃત ભાષાના કોઇ પણ શબ્દકોષમાં એવો શબ્દ નથી. ચંદ ભાટે અનેકવાર લોહાણા શબ્દ ઉપયોગ કર્યો છે પણ સર્વ સ્થળે તે શબ્દ જાતિવાચક જણાય છે. જેવરાજના અજાનબાહુ વગેરે સરદારોનેજ લોહાણા કહેવામાં આવે છે–અન્યને

નહિ. આસપાસના સંજોગો જોતાં પણ ચન્દભાટે એ શબ્દ ઉપાધિ તરીકે નથી વાપર્યો એમ સ્હમજાઈ આવે છે.

લોહાણા શબ્દ જો ઉપાધિવાચક ન હોય તો બેશક તે સ્થાનવાચક હોવો જોઇએ. લોહાણા જ્ઞાતિના મૂળ સ્થાન વિષે જે જે વિદ્વાનોએ અભિપ્રાય આપ્યા છે, તેમણે પણ એમજ જણાવ્યું છે કે લોહાણા શબ્દ સ્થળવાચક છે. દિલગીરીની વાત એટલીજ છે કે એ વિદ્વાનોએ ફકત માન્યતાનો આધાર લીધો છે.

(૧) આપણા ભાટો આપણું મૂળ સ્થળ લોહગઢ કે લાહોર દર્શાવવાનો પ્રયત્ન કરે છે.

(૨) દ્વારકાંવાળા મી. વકીલે આપણું મૂળ સ્થળ કાશ્મીરનું લોહર જણાવ્યું છે.

(૩) સર એચ. ઇલીયટ તથા બર્ટન સાહેબ મુલ્તાન પ્રાન્તમાં લોહાનપુર નામનું સ્થળ આપણું મૂળ સ્થળ જણાવે છે.

(૪) Gazetteer of the City and Island of Bombay માં લોહાણા મૂળ અફગાનીસ્થાનના લમ્પક જેને હાલ લામગામ કહેવામાં આવે છે તે પ્રદેશના વતની હોવાનું કહે છે.

પ્રથમની બે માન્યતાઓનો ખુલાસો સાથેજ થઈ શકે એમ છે. આપણે પ્રથમ ત્રીજી માન્યતાની તપાસ કરીશું.

મુસલમાનોમાં મેમણ કિંવા મોમેન નામની એક વિસ્તૃત જાતિ છે. આ જાતિના પૂર્વજો લોહાણામાંથી વટલ્યા છે, એ વાત ચોક્કસ છે. એમની માન્યતા એવી છે કે લોહાણા લોહાણપુરમાંથી સિંધમાં ઉતર્યા છે.

સ્વ. કેપ્ટન મેકમર્ડોએ "સિંધુ નદીનો માર્ગ" એ વિષય પર એક વિદ્વતા ભર્યો નિબંધ લખ્યો છે અને આ નિબંધ રોયલ એશીયાટીક સોસાઇટીના પત્રમાં પ્રસિદ્ધ થયો છે. આ નિબંધમાં જણાવ્યું

છે કે અલોર બ્રહ્મસ્થળ અલીપુર અને વાગલકોટ એ શહેરો. સિંધુ નદીના જે શાખા ઉપર હતાં તેને પ્રથમ પાટણુ બ્રાહ્મણુ પછી લોહાણા દરિયા કહેતા હતા અને હમણા પુરાણો કે પ્રાચીન દરિયા કહે છે. જો આમ હોય તો એટલું માન્ય થઇ શકે કે લોહાણાના સિંધમાં આગમનથી, અગર ત્હેમના પ્રાબલ્યથી એ પાટણુ બ્રાહ્મણ નામની શાખાને લોહાણો દરિયા એવું નામ મળ્યું હોવું જોઇએ. આ શાખા ઉત્તરમાં અલોર–(જ્યાં હમણા રોરી છે) ત્યાંથી છેક મુલ્તાન સુધી લંબાય છે. અનુમાન થાય છે કે લોહાણા મુલતાનમાંથીજ સિંધમાં આવ્યા હશે, પણુ તેથી એમ નથી સ્હમજાતું કે લોહાણપુર ઉપરથી ત્હેમને નામ પ્રાપ્ત થયું છે.

આપણે જોઈ ગયા છીએ કે લોહાણા પ્રજા સિકન્દરના સમયમાં હતી, પણુ સિકન્દરના ઇતિહાસકારોએ લોહાણુપુરનું નામ સુદ્ધાંન્ત નથી આપ્યું. લોહાણુપુર–લુહાનપુર એક એવું ઇતિહાસ પ્રસિદ્ધ શહેર નથી કે જેના ઉપરથી એક વિશાળ પ્રજાને ત્હેનું નામ પ્રાપ્ત કરવાનો અવકાશ રહેતો હોય ! કદાચ ગામડા પરથી પણુ પ્રજાનું નામ પડી શકે એ માન્યતા તકરારને ખાતર સ્વીકારી લઇએ, તોપણુ લોહાણા પ્રજા એક વિશાળ પ્રજા હતી તેમજ તેનો સંબંધ લવની સાથે છે એવી માન્યતા પણુ પ્રાચીન છે અને પંજાબમાં દિલ્હી પ્રાંતમાં લોહાન નામનો જીલ્લો–અફગાનિસ્તાનમાં લોહર–મુલ્તાન પાસે સલાતુર લોહર, કાશ્મીરનું લોહર અને પંજાબમાં લવકોટ કે જે દરેક સ્થળને આ પ્રજાની સાથે સંબંધ છે તેનાં નામ કયારથી પડયા અને તે નામો પૈકી એકમાંથી આ પ્રજાને પોતાનું નામ કેમ ન મળ્યું હોય એ વિવાદગ્રસ્ત પ્રશ્ન સહસા ઉત્પન્ન થાય છે. આ પ્રશ્નનો કોઇ પણુ રીતે નિર્ણય થઇ શકતો નથી.

લોહાણુપુરમાં લોહાણા હશે—દક્ષિણ પંજાબમાં લોહાણા હતા એ વાત આપણે સાબિત કરી ગયા છીએ, પણ તેથી લોહાણુપુર ઉપરથી લોહાણા નામ ઉત્પન્ન થયું એ વાત સાબિત થતી નથી. સ્થળો ઉપરથી—શહેરો ઉપરથી જાતિઓને નામ મળ્યાનાં દૃષ્ટાંતો મળે છે પણ જ્યાં અંત્યાક્ષર પુર હોય ત્યાં વિશેષતઃ તો એ જાતિએ કે વ્યક્તિએ વસાવેલું શહેર એવોજ અર્થ નીકળે છે. જેમકે,

નાગપુર	નાગ જાતિએ	વસાવેલું	શહેર.
રામપુર	વ્યક્તિએ	,,	,,
કાનપુર	,,	,,	,,
નૌશીરપુર	,,	,,	,,

અનુમાન તો એમજ કહે છે કે લોહાણા પ્રજાના આગમન પછી કદાચ લોહાણુપુર કહેવાયું હોય અગર લોહાણાઓએ તે વસાવ્યું હોય! જ્યાંસુધી સબળ પ્રમાણો ન મળે ત્યાંસુધી આપણે લોહાણુપુરને આપણું મૂળસ્થાન નથી માની શકતા.

લામગામ—અફ્ઘાનિસ્તાનના આ ભાગમાં, અદ્યાપિ પર્યન્ત લોહાની નામની એક પઠાણ પ્રજા રહે છે. આ લોહાની અફ્ગાનો વ્યાપારમાં કુનેહબાજ છે તેમજ સાહસિક પણ છે.

According to Dr. Bellew (The races of Afghanistan pp. 103) the Lavani or Lohani is a clan of Gulzi or Gulzar tribe. This tribe carried on trade between India and Afghanistan. The word Lawani or Lohani is thought to be the corruption of Persian Rawani, meaning a traveller. The clan is so called because it

travelled frequently for the carrying of trade.

(*Mr. J. J. Modi's letter to this author.*)

ડો. બેલ્યુના અભિપ્રાય પ્રમાણે (અફઘાનિસ્તાન જાતિઓ-પૃષ્ટ ૧૦૩) લવાની કે લોહાની જાતિ ગુજ્જાર લોકોની એક શાખા છે. આ પ્રજા હિંદુસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વ્યાપાર કરતી હતી, લવાની કે લોહાની શબ્દ ફારસી રવાની શબ્દનું અપભ્રષ્ટરૂપ છે અને તેનો મૂળ અર્થ મુસાફર થાય છે. વ્યાપાર અર્થે વારંવાર મુસાફરી કરવી પડતી હોવાથી એ પ્રજાનું નામ રવાની-લવાની-લોહાની પડ્યું.

(રા. રા. જે. જે. મોદીનો આ લેખકને પત્ર.)

Bokhara Vol. II. p. p. 416. નો હવાલો આપી ગેઝીટીયરકાર આશ્ચર્ય દર્શાવે છે કે અફઘાનિસ્તાની જંગલી લોહાણા જાતિથી, મુંબાઇમાં વસતી ત્હેની બન્ધુ લોહાણાજાતિ આવી સ્થિતિમાં વૈષ્ણવ ધર્મ પાળતી-શિષ્ટાચારથી વર્ત્તતી કેમ જોવામાં આવે છે ? (મુમ્બાઇના લોહાણાઓની સરખામણી અફગાન મુસલમાનો સાથે કરવામાં આવી છે.) અન્યત્ર ગેઝીટીયરકારે માત્ર નામની સમાનતા ઉપરથી હિંદુ લોહાણા જાતિનું મૂળ સ્થાન લામગામ ઠોકી બેસાડયું છે. યુરોપીયન પંડીતોની સંશોધક બુદ્ધિ અને હિન્દુ જ્ઞાતિઓને ન્યાય આપવાની ત્હેમની વૃત્તિનો આનાથી વધારે સારો દાખલો બીજે ભાગ્યેજ મળશે.

માત્ર લોહાણા અને લોહાની નામમાં સમાનતાનો અંશ હોવા વિના આમ માનવાને કે અભિપ્રાય દર્શાવવાને વિશેષ એક પણ કારણ નથી, અને હોય તો તે દર્શાવવા આ પંડિતોએ તસ્દી લીધી નથી. આ લોહાની જાતના પઠાણોની જાતિ પ્રાચીન છે. જે મુસલમાન સરદારોએ પાલણપુર તથા ડીસા લીધા તેઓ ઝાલોરી વંશના હતા.

ઝાલોરીવંશ એ અસલ લોહાની અફગાન જાતનો એક ફાંટો છે. આશરે ઇ. સ. ૧૩૭૦ માં એ વંશનો મુખ્ય પુરૂષ મલેક યુસફ પોતાનાં સગા તથા આશ્રિતોને લઇ બીજે ઠેકાણે સંસ્થાન કરવાને માટે બિહાર છોડીને નીકળ્યો ''......વિગેરે,

(ભારત રાજ્ય મહામંડળ પૃષ્ટ ૨૦૯.)

આ લોહાની પ્રજા વ્યાપારી છે, લામગામમાં વસે છે, અને સિંધુના પ્રદેશ તથા અફઘાનિસ્તાનની વચ્ચે વ્યાપાર કરે છે. આ ઉપરથી ચીના મુસાફર ફાહીઆને જોએલા લોઇ લોકોને વિચાર કરતાં આ પઠાણ જાતિનું આપણે વિસ્મરણ કરી શકતા નથી.

અફઘાનિસ્તાન લગભગ દશમા–અગીયારમા સૈકા સુધી હિંદુઓના હાથમાં હતું અને એવા પ્રમાણો મળે છે જે ઉપરથી આપણા મૂળ સ્થાન અને આપણી પૂર્વજ પ્રજાની સાથે આ દેશને સારો સંબંધ હોય એમ સ્પષ્ટ સમજાય છે.

For several centuries both before and after the Christian era the province of Northern India beyond the Indus in which Indian language and religion were predominant, included the whole of **Afghanistan** from Bamian and Kandhar on the west to the Bhollan pass on the south.

... ...

In the following century (7th) as we learn from the Chinese pilgrim the king of Kapisa was a pure Hindu or Kshatriya. During the whole of the tenth century the Kabul

Valley was held by a dynasty of Brahmans whose power was not extinguished until towards the close of the reign of Mahomad Gazni. Down to this time therefore it would appear that a great part of the population of Afghanistan including the whole of Kabul Valley must have been of Indian descent while the religion was pure Buddhism. (*Ancient Geography of India bg Alexander Cunningham pp. 16.*

ભાવાર્થ—ખ્રિસ્તી સનની પહેલા તેમજ પાછળ સેંકડો વર્ષ સુધી ઉત્તર હિંદુસ્તાનમાં સિંધુની ઉપરનો પ્રદેશ જ્યાં હિન્દી ભાષા બોલાતી હતી અને હિન્દી ધર્મ પળાતો હતો તેમાં આખા અફઘાનિસ્તાનનો સમાવેશ થતો હતો. પશ્ચિમે બામીયાન અને કંદહાર તથા દક્ષિણે બોલાન પર્વત સુધીનો પ્રદેશ હિન્દની સરહદમાં ગણાતો હતો.

સાતમા સૈકામાં ચીની મુસાફર (હ્યુનથ્સેન્ગ) આપણને જણાવે છે કે કપીશ પ્રાન્તનો રાજા શુદ્ધ હિન્દુ ક્ષત્રિય હતો. આખા દશમા સૈકામાં કાબુલની ખીણ (કાબુલ પ્રાન્ત) એક બ્રાહ્મણ રાજ્યવંશના તાબામાં હતી જેની સત્તા મહમદ ગઝનીના રાજ્યકાળના અન્ત પર્યન્ત રહી હતી. આ ઉપરથી જણાશે કે દશમા સૈકા સુધી અફઘાનિસ્તાનની વસ્તીનો મ્હોટો ભાગ (કાબુલની ખીણ સાથે) હિન્દી ઉદ્ભવનો હશે અને શુદ્ધ બુદ્ધ ધર્મ પળાતો હશે.

અફઘાનિસ્તાન એક સુરમ્ય દેશ છે—મોહ ઉપજાવે એવો દેશ છે અને સંસ્કારી આર્યોએ તે બનતાં સુધી પોતાની સત્તા તળે ... હોય એ પણ માનવા જોગ છે. ત્યાંના શહેરો નદીઓ વિગેરેનાં ... પણ એ દેશમાં એકવાર હિન્દુ સંસ્કૃતિ હશે એ સિદ્ધાન્ત-

ને અનુમોદન મળે છે. પણ એક વાત લક્ષથી બહાર ન જવી જોઈયે. જો અફઘાનિસ્તાન દશમા સૈકા સુધી હિન્દુ રાજાઓના તાબામાં હોય—ત્યાંની મુખ્ય વસ્તી હિન્દુ હોય અને તે વખત દરમ્યાન ત્યાં લોહાણા હોવાનું સિદ્ધ થતું હોય તો એટલી વાત તરત માની શકાય કે હમણાના લોહાની પઠાણો મૂળમાં લોહાણા પણ હોય, તથાપિ ત્હેમનો અને આપણો ધાર્મિક સંબંધ ન હોવો જોઇએ. જે વખતે હિન્દુ લોહાણાને અફગાનિસ્તાન ત્યજી દેવાની ફરજ પડી હોય તે વખતે ગમે તે કારણથી એ લોહાના હિન્દુઓએ ઇસ્લામનો સ્વીકાર કર્યો હોવો જોઇએ.

અફઘાનિસ્થાનમાં આ લોહાની પઠાણોનું સામાજિક સ્થાન કેવું છે તે જાણવાથી ઉપરોક્ત વિષય વધારે સ્પષ્ટ થશે, અફઘાનિસ્થાનમાં લગભગ ૨૪ જાતિયો છે, પણ તે જૂદા જૂદા દેશોમાંથી અફઘાનિસ્થાનમાં આવી છે. ત્હેમના મૂળ સંબંધમાં ત્યાંના લેખકોમાં પણ મતભેદ છે અને કોઇવાર તો અન્યોન્યની વિરૂદ્ધ લખતાં એ લેખકો ખૂબ ગાળાગાળીપર આવી જાય છે. જે. પી. ફેરીયર નામનો એક ઇંગ્રેજ વિદ્વાન અફઘાનિસ્તાનનો ઇતિહાસ લખતાં અફઘાનોની જુદી જુદી જાતના મૂળ સંબંધમાં કોઇ પણ ચોકસ નિર્ણય ઉપર આવી શકયો નથી. તેને પણ અફઘાનોના સર્વે લેખકોના અભિપ્રાયમાં એટલી બધી ભિન્નતા જણાઇ છે કે અન્તે ત્હેને અબ્દુલ્લાખાન નામના લેખકપરજ પોતાના સર્વ અભિપ્રાયનો આધાર રાખવો પડયો છે. અબ્દુલ્લાખાનના અભિપ્રાય પ્રમાણે અફઘાનોની ઉત્પત્તિ આ પ્રમાણે થઇ છે.

ઇસ્માએલોના રાજા સોલના બે પુત્રો હતા—અફઘાન અને જાલુત. અફઘાનમાંથી અફઘાની પ્રજા થઇ. આ પ્રજા જેરૂસેલમમાંથી કેવી રીતે આવી ત્હેનું પણ વર્ણન છે. મી. ફેરીયરનું માનવું છે કે “અબ્દાલી

વિગેરે પ્રજાઓ જેરૂસેલમમાંથી આવી હતી. અફઘાનને ત્રણ પુત્રો હતા; ટઝેરાબન્દ, આરગોદન્મ (Argon) અને કેરલેન (Kerlen) આ દરેકને આઠ આઠ પુત્રો હતા, જેમાંથી અફઘાનોની ચોવીસ જાતિઓનાં નામ પડયાં.

અફઘાનિસ્તાનમાં પુશ્તુ ભાષા બોલાય છે અને તેના કોઇ નિયમ પ્રમાણે મૂળનામને ઇ પ્રત્યય લગાડવાથી જાતિવાચક નામ થાય છે. આ પ્રમાણે આ ચોવિસ જાતિઓનાં નામ ઇકારાન્ત છે. જેમકે ટઝેરાબન્દના પુત્રોમાંથી અબ્દુલના અબ્દાલી, યુસુફના યુસુફી, બાબુરના બાબુરી, વઝીરના વઝીરી, લોહુઆનના લોહાના, વિગેરે.

આ સર્વ ચર્ચાનો ભાવાર્થ એટલોજ કે અફઘાનિસ્તાનમાં લોહાની પ્રજા શુદ્ધ મુસલમાન હોવાનાં પ્રમાણો નથી. અફઘાનિસ્તાનની કોઇ પણ જાતિનું મૂળ નિર્ણીત થયું નથી.

હવે હિન્દુ રાજ્ય કાળમાં લોહાણા અફઘાનિસ્તાનમાં હતા કે કેમ એ મુદ્દાનો આપણે વિચાર કરીએ. આપણે જોઈ ગયા છીએ કે પાંચમા સૈકાના પ્રારંભમાં ચીના મુસાફર ફાહીયાને અફઘાનિસ્તાનના પહાડોમાં લોઇ નામના લોકો જોયા હતા જેને કેમ્પબેલ સાહેબ લોહાણા કહે છે.

સિકન્દરના ઇતિહાસકારોએ અફઘાનિસ્તાન માટે ઘણું લખ્યું છે. એ વખતે અફઘાનિસ્તાનના બાર પ્રાન્ત હતા. લામગામને લમ્પક કહેવામાં આવ્યું છે અને ત્યાંના વતનીઓને લમ્બાટી કહેવામાં આવ્યા છે. એ પ્રાન્તમાં હમણા પણ એક નદી વહે છે જેને લોગર કહેવામાં આવે છે, તેને એલેકઝાન્ડરના લેખકોએ લોચર્નનું નામ આપ્યું છે. લોચર્ણનું ખરૂં નામ લવચર્ણ હોય; લમ્બાટીનું શુદ્ધ સ્વરૂપ લવવંશી કે લોહાના હોય તો તેમાં પણ વધારે વાંધા જેવું નથી. ગ્રીક ઇતિહાસકારોએ અત્રદેશીય નામોમાં અનેક રીતે

ભૂલો કરી છે, જેમકે ચન્દ્ર ગુપ્તને સેન્ડરોગોટાસ, સમાપુરનું સીન્ડો-માના, બ્રહ્મસ્થળનું હરમાટેલિયા, અને કેટલાંક નામો તો એમણે એવાં લખ્યાં છે કે જેને માટે વિદ્વાનો અદ્યાપિ પર્યન્ત કોઇ પણ નિર્ણય ઉપર આવી શક્યા નથી. કપિશ પ્રાન્તમાં લોહર નામે એક શહેર પણ હતું એમ કનીંગહામ કહે છે.

લોહાણા એક વિસ્તૃત પ્રજા હતી અને આપણે જોઈ ગયા છીએ કે તે દક્ષિણ પંજાબમાં હતી અને દક્ષિણ પંજાબમાં હોય તો વ્યાપાર અર્થે (અથવા બીજા કોઇ કારણવશાત્) આ પ્રજા હિન્દુ રાજ્ય કાળમાં અફઘાનિસ્તાનમાં પણ હોય એમ માનવાથી વધારે વાંધો આવે તેમ નથી, તથાપિ લામગામ કે અફઘાનીસ્તાનના બીજા કોઇ ભાગનાં નામ ઉપરથી આ પ્રજાને પોતાનું નામ મળ્યું હતું એમ માની લેવાને પ્રમાણો નથી.

લોહાણા જાતિ સિકન્દરના વખતમાં હતી અને તેમ હોવાથી એ નામ તેને તેથી પણ પહેલાં પ્રાપ્ત થયું હોવું જોઇએ. ઇ. સ. પૂર્વે ચોથા કે પાંચમા સૈકામાં પણ એ નામ મળ્યું હોય તો પ્રાકૃત કે સંસ્કૃતના નિયમ અનુસાર લોહાણા શબ્દની રચના હોવી જોઇએ. વળી લવની સાથે લોહાણાનો સંબંધ છે એ પણ એક સર્વદેશીય અને પ્રાચીન માન્યતા છે.

આપણા જ્ઞાતિ ભક્ત રા. કાનજી ઓધવજી હિંડોચા તરફથી થોડાં વર્ષ પૂર્વે પ્રગટ થતા “ લોહાણા જ્ઞાતિહિત વર્દ્ધક ” ચોપાનિયાના પુસ્તક ૨ ના અંક ૫ ના ૧૦૭ મે પાને આપણા ભરૂચ નિવાસી ભાઈ હરજીવન જગજીવનદાસે આપણી જ્ઞાતિ લોહાણા શબ્દ માટે માસિક દ્વારા કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા, તેમાંનો પ્રથમ “ લોહાણા ” શબ્દનો અર્થ શું ? એ હતો. આ પ્ર° એજ માસિકના પુસ્તક ૨ ના અંક ૧૦ ના ૨૧૮

આગળજી ડોસજી કાનાબારે આપેલ છે, જે ઉપયોગી ધારી અત્રે તેનો ઉતારો આપેલ છે.

" श्रीमदीक्ष्वाकु नृपस्य कुलोत्पन्नो मुकुट मणि राज-राजेश्वरश्चक्रवर्तीति पदाभिषेकस्य श्री दशरथात्मजस्य कनिष्ठ पुत्रस्य वंशोत्पन्नानां प्रकाश कार्थकः समूहे जाते बहुत्व मिति वचनो प्राप्तः॥ "संबंधे षष्ठी" ति सारस्वतस्य सूत्रेण षष्ठीविभक्तिः प्राप्तः॥ स लव+आम् इति स्थिते " नुडाम् [समाना त्परस्यामो नुडागमो भवति। टित्वादादो उकारः उच्चारणार्थः] " इति सूत्रेण लव+न+आम् इति प्राप्ते " स्वरहीनं परेण संयोज्यं " इति वाक्यात् लव+नामकृते " नानि (नामि परे पूर्वस्य दीर्घो भवति) " इति सुत्रेण लवानामिति सिद्धम् ॥ पुनः " नोणः सर्वत्र (सर्वत्र नकारस्य णकारो भवति) " इति वर रुचि प्रणि तथा प्राकृत प्रकाशस्य द्वितीय परिच्छेदांतर्गत ४२ सुत्रेण नकारस्य णकारः स्यात्। लवाणा इति। पश्चात् लवण नव मल्लिक क्योर्वेन (लवण नवमल्लिकक्यो रादेरंतो व कारेण सह ओकारःस्यात्)" इति सहव व्याकरणस्य प्र० परिच्छेदांत-र्गता सप्तम सुत्राय प्रकारेण वा सुवर्ण शब्दस्य सोअणमादि कथयतीति प्रकारेण वकारस्य उकारः कृतो कृतो लकारस्य अका-रेनौकारः प्राप्ते " लोआणाम् " कथितः पुनः केचेन्म-त्येण तन्मध्ये हकारा गमोस्यात् एवं "लोहाणां"

शब्दस्य गुर्जरीय भाषायामन्त्य मकारो नवक्तव्यः इति मकारेण " लोहाणाः शब्दः श्रीराम सुनुना कुलोद्भवाः रघुवंशी क्षात्र गणेषु प्राप्ताः कुशोद्भवाः कुशगोत्र्येति मसिद्धः स्यात् । एव मधुनाऽपि १ लवाणां २ लवाणां ३ लोआणां ४ लोआणा ५ लोहाणां ६ लोहाणे त्यभिधानेन पृथक् पृथक् देशांतरे स्थिता बांधवानां वदन्ति । इत्यलम् ॥

ભાવાર્થ:—શ્રીમદ્ ઇક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થયેલા મુગટ મણિ રાજાઓના રાજા ચક્રવર્તિ આદિ પદોથી અભિષેક થયેલા શ્રી દશરથ રાજાના પુત્ર શ્રી લવના વંશમાં ઉત્પન્ન થયેલાનો પ્રકાશ કરનાર ઘણા પણાને પ્રાપ્ત થવાથી તેનું બહુવચન થઈ **संबंधे षष्ठी** (સંબંધમાં **षष्ठि विभक्ति** વપરાય) એ સૂત્રથી તેને છઠ્ઠી વિભક્તિ લાગે છે. તેથી **लव+आम** એવાં બે પદો છતાં **नुडामः** (સમાનપરે **आम् न्** કારનો આગમ થાય છે) એ સૂત્રથી **लव + न + आम** થઇ સ્વર વગરના વ્યંજનો પાસેનામાં મળે છે એ વાક્યથી **न** કાર **आम** માં મળી **लव + नाम** થયું અને **नामि** (**नाम** પ્રત્યયપર છતે પૂર્વ સ્વર દીર્ઘ થાય છે) એ સૂત્રથી **व** કારનો **अ** કાર દીર્ઘ થઇ **लवानाम्** એમ સારસ્વતથી સિદ્ધ થયું.

હવે વર રૂચિકૃત પ્રાકૃત પ્રકાશના બીજા પરિચ્છેદના ૪૨ મા સૂત્ર **नो णः सर्वत्र** [બધી જગ્યાએ **न**કારનો **ण**કાર થાય છે] થી **लवाणां** થયું. પછી **लवण नवमल्लि क्योर्वेन** [**लवण** અને **नवमल्लिका**માં આદિ **अ**કાર **व**કાર સાથે મળી **ओ**કાર થાય એ વહેલા પરિચ્છેદના ૭ મા સૂત્ર પ્રમાણે અથવા **सुन्**... પ્રાકૃતમાં **सोअज** થઈ ગુજરાતીમાં " સોનું " ...

વકારનો ઉ કરી **લ**કારના **અ**કારમાં ભેળવી **ઓ**કાર થવાથી **લોઆ-ણાં** કહ્યા છે. વળી કોઇના **મતથી અથવા** બીજા કોઈના **પ્રકારથી** તેમાં **હ**કારનો આગમ છે. (હાલ **પણ ત્રણે** શબ્દો **પ્રચલીત** જોવામાં આવે છે.) એ પ્રમાણે **લોહાણાં** શબ્દનો ગુજરાતી ભાષામાં અન્ત્ય મકાર બોલાતો **નથી એ** નિયમથી **લવાણા, લોઆણા** અને **લોહાણા** એ છએ શબ્દો **શ્રી** રામચંદ્રના **પુત્ર** લવના કુળમાં ઉત્પન્ન થએલ રઘુવંશીં ક્ષત્રિય વર્ગને મળેલા છે. કુશથી ઉત્પન્ન થએલા કુશગોત્રી પ્રસિદ્ધ છે. એવીજ રીતે હમણા પણ **લવાણા** કે **લવાણાં, લોઆણાં** કે **લોઆણાં** અને **લોહાણા** કે **લોહાણાં** ના નામથી નોખા નોખા સ્થાને રહેલા ભાઇઓને કહે છે.

ભાઇ પ્રાગજી ડોસજી કાનાબારનો ઉપર પ્રમાણેનો વિદ્વતા ભર્યો જવાબ લોહાણા જ્ઞાતિ લવના વંશજ છે, એ માન્યતાપર આપેલ છે. લોહાણા શબ્દની વ્યુત્પત્તિ તેમણે બહુ વિદ્વતાથી કરેલી છે એ વાતની આપણાથી ના પાડી શકાય તેમ નથી. લોહાણા જ્ઞાતિનો લવ સાથે શો સંબંધ છે તે ચર્ચા આપણે આગળ કરીશું.

રા. વકીલ કાશ્મીરના ચંદ્રવંશી રાજા લવની સાથે આપણો સંબંધ જોડવા પ્રયત્ન કરે છે. એ સંબંધ જોડાતો હોય તો તેમાં વાંધા જેવું થોડુંજ રહે છે, પણ લવે વસાવેલું શહેર બોલુર કાશ્મીરનું સુપ્રસિદ્ધ લોહર નથી. જ્યાંસુધી એ બોલુર તે લોહગઢ કે લોહર છે એ સબળ પ્રમાણોથી સિદ્ધ ન થાય ત્યાંસુધી રા. વકીલની માન્યતાને વધારે વજન મળી શકે તેમ નથી.

પંજાબનું લાહોર–ભગવાન રામચન્દ્રજીના પુત્ર લવે વસાવ્યું ...નેક જનમાન્યતાઓ કહે છે. રાજપુતોની છત્રીશ શાખાઓ ...પ્રસિદ્ધ સીસોદીયા વિગેરે પોતાને સૂર્યવંશી કહે છે.

તથા પોતાના મૂળ પુરૂષ તરીકે કનકસેનને અને મૂળસ્થાન તરીકે લાહોરને સ્વીકારે છે. કનકસેન શ્રી લવ મહારાજથી ૬૧ મી પ્હેડીએ કહેવાય છે અને તે ઇ. સ. ૧૪૪ માં લાહોર ત્યજી દક્ષિણ માર્ગે મારવાડમાં ગયો હતો તથા ત્યાં તેણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. વિગેરે.

કનકસેનના અસ્તિત્વને માટે કે તે રામચન્દ્રનો વંશજ હોવા માટે વિદ્વાનોમાં મતભેદ છે. આપણે આગળ જોઈ ગયા છીએ કે વિષ્ણુ પુરાણ અને ભાગવતમાં લવના વંશજોનું લીસ્ટ આપેલ નથી. ભાટ બારોટો અને ચંદકૃત પૃથ્વીરાજ રાસો જે લવની વંશાવળી આપે છે તે વિષ્ણુ પુરાણ અને ભાગવત પ્રમાણે કુશની વંશાવળી છે. તે ઉપરાંત પુરાણો પ્રમાણે રામના વંશજોમાં છેલ્લો રાજા સુમિત્ર હતો. ભાટ બારોટો સૂર્યવંશી રાજપુતોની વંશાવળીઓ આ છેલ્લા રાજાથી આગળ લંબાવે છે અને સુમિત્રની ૫મી પ્હેડીએ કનકસેનને લાવે છે. અનેક રાજપુત શાખાઓની માન્યતા એવી છે કે લાહોર લવનું વસાવેલું છે. બીજી પણ અનેક જનમાન્યતાઓ આ વાતને અનુમોદન આપે છે. યુરોપીઅન પંડીતો પણ એવા અનુમાન ઉપર આવતા જાય છે. સિકન્દરના ઇતિહાસકારોએ ત્હેનું વર્ણન લખ્યું છે. જોકે ત્હેના ઉપરથી સિદ્ધ નથી થઇ શકતું કે તે લવે વસાવ્યું છે, તથાપિ સિકન્દરના સમયમાં તે હતું અને નામમાં એટલું બધું સામ્ય છે કે લવની સાથે એ શહેરનો સંબંધ હોવાની માન્યતા ગંભીર ઠરે છે.

Lohawar or Lahor— the great city of Lahor which has been the capital of the Punjab for nearly nine hundred years is sai have been founded by Lava or Lo—th

Rama after whom it was named Lohawar. Under this form it is mentioned by Abu Rihan, but the present form of the name Lahor which was soon adopted by the Mahomedans has now become universal. Its history has been described by Mr. Thompton in a very full and able account replete with interesting informations. He has identified Lahor with Labokla of Ptolemny which I believe to be correct taking the first two syllables Lobo to represent the name of Lava but I would alter the termination Kla— thus making the whole name Labolaka—Lavalka or the abode of Lava. (*Ancient Geography of India by* **Alexander** *Cunningham*).

ભાવાર્થ:-લોહાવર કે લાહોર જે લગભગ નવસો વર્ષથી પંજાબની રાજ્યધાની તરીકે પ્રસિદ્ધ છે તે રામના પુત્ર લવે વસાવ્યાનું કહેવાય છે. અને તેથીજ તેનું નામ લોહાવર પડયું છે. એ નામે અબુ રીહાન નામના ઇતિહાસકારે તેના સંબંધમાં લખ્યું છે પણ હમણાનું મુસલમાનોએ સ્વીકારેલું નામ (લાહોર) સર્વ માન્ય થઇ પડયું છે. તેનો ઇતિહાસ મી. થોમ્પટને લખ્યો છે જેમાં ત્હેને લગતી અનેક ઝીણી ઝીણી બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે તથા તે ઉપયોગી માહીતીથી ભરપુર છે. તેણે (મી. થોમ્પટને) લાહોર ટોલેમીનો લેબોકલા એકજ છે એમ કહ્યું છે જે હું માનુંછું કે પ્રથમના બે અક્ષર લાબો એટલે લવ-અલકા કિંવા થાય.

કનીંગહામના અભિપ્રાય પ્રમાણે લાહોરનું નામ લવાલકા કે લવની અલકા એ પ્રમાણે છે. રાજપુતોની માન્યતા પ્રમાણે તેનું નામ લવ કોટ—લવકોટ છે. તેનું પ્રાચીન નામ લોહાવર કનીંગહામ તેમજ મી. થોમ્પટન જણાવે છે, તથાપિ લોહાવરણ વિશેષ પરિચિત છે. (જુઓ *Imperial Gazetteer of India—Punjab Vol. IV pp. 31.*)

લોહાવરણ કે લવવણનો અર્થ પણ ઘટાવી શકાય છે.

(૧) લોહ+આવરણ જેને લોખંડનું આવરણ કિંવા લોખંડનો કિલ્લો હોય તે શહેર. (૨) લોહ લવ, વર્ણ જાતિ—લવની જાતિ જે પ્રદેશમાં રહેતા હોય તે પ્રદેશ. પૂર્વકાળમાં સ્થાનને લઈ પ્રજાનાં અને પ્રજાને લઈ સ્થાનનાં નામો હોવાનાં જેટલા જોઈએ તેટલા દૃષ્ટાંતો મળી શકે છે. મહાભારત કાળમાં તો બહુધા વ્યવહાર જ એવા પ્રકારનો જણાય છે. જેમકે કામ્બોજમાંથી કામ્બોજ લોક, ગાંધાર પ્રદેશ ગાંધાર લોક, મગધ પ્રદેશ માગધ લોક, શક પ્રદેશ, શક લોક, ચીન પ્રદેશ ચીન લોક, વિગેરે. તાત્પર્ય એજ કે લાહોરનું મૂળ નામ લોહાવર હોય તો તે સ્વાભાવિકજ છે.

લવાલકા કે લવકોટ એક શહેરનુંજ નામ છે અને શહેરનુંજ હોઈ શકે છે પણ લોહાવર્ણ એ જો લવ વર્ણનો અપભ્રષ્ટ હોય તો તે એક પ્રાન્ત કે પ્રદેશનું નામ હોવાનો વિશેષ સંભવ છે. તેનાં કારણો નીચે પ્રમાણે છેઃ—

(૧) લવના નિવાસસ્થાનનું નામ કનીંગહામ કહે છે તેમ લવાલકા હોય તો તેની આસપાસ ત્હેમની જાતિ કે લોકોને માટેના નિવાસસ્થાનનું નામ લવવર્ણ કે લોહાવણ હોઈ શકે.

(૨) લોહાવર્ણ પ્રદેશની વસ્તી વિશાળ હોવી જોઈએ કે તે નામને મળતાં અનેક સ્થળવાચક નામો જોવા

કાશ્મીરમાં લોહર, અફગાનિસ્તાનમાં લોહપુર, મુલતાનમાં સલાતુર લાહોર–લોહાનપુર–દિલ્હી પાસે લોહાના પ્રાંત, મકરાનમાં લોહર. એથી એવું અનુમાન તો નિર્વિવાદ થઇ શકે કે લોહાવર્ણની પ્રજા વિસ્તૃત હોવી જોઇએ, અને તેમ હોય તો ત્હેના મૂળ નિવાસ માટે પણ એક શહેર ન હોય.

(૩) ઈ. સ. ના સાતમા સૈકામાં લાહોરનું એક રાજ્ય હતું અને ત્હેનું રાજ્ય સ્થાન લાહોર શહેર નહિ પણ સીયાલકોટ વિગેરે સ્થળોમાં પણ થયું હતું.

The first certain Historical record of Lahore is however that of HuanThsang who mentions it as a large Brahamanical city visited by him in A. D. 630 on his way to Jullundur. About this time it is probable that the capital of the kingdom of Lahore was transferred to Sialkote as Alberuni speaks of Lahore as a province whose capital was Mandhukur* ... ...

Imperial Gazetteer of India–Punjab. Vol. II pp. 31.

---

* લાહોરનો પ્રથમ ઐતિહાસિક અને ચોક્કસ પૂરાવો ચીની મુસાફર હ્યુએનથ્સીએંગના લેખમાંથી મળેલો છે જેણે ઇ. સ. ૬૩૦ માં જલંધર તરફ જતાં એ શહેરની મુલાકાત લીધી હતી અને તેને એક મહાન હિન્દુ શહેર જણાવે છે. આ વખતે (ઇ. સ. ૬૩૦) ના રાજાની રાજધાનીનું શહેર સીઆલકોટમાં બદલવામાં કારણ કે અલબીરૂની જણાવે છે કે લાહોર એક પ્રાન્ત છે ...ેર માન્ધુકુર છે.

રા. પ્રાગજી ડોસજી કાનબારે લોહાણા શબ્દની જે વ્યુત્પત્તિ આપેલ છે તેથી વિરૂદ્ધ અમને કાંઈપણ કહેવું નથી, છતાં લોહાવર્ણ પ્રદેશની ઐતિહાસિકતા અને એ શબ્દની સત્યતા ઉપરોક્ત ચર્ચાથી જો સિદ્ધ થતી હોય તો લોહાણા નામનું મૂળ સંસ્કૃત બીજી રીતે પણ મતભેદ વગર સિદ્ધ થઈ શકે એમ છે. જો તે સંસ્કૃત ઠરે તો અન્યથા તે પ્રાચીન પણ ઠરી શકે છે. સંસ્કૃતમાં એવાજ દૃષ્ટાન્તો—

પ્રદેશનું નામ.	જાતિવાચક નામ. એક વચન	જાતિવાચક નામ. અનેક વચન
શક	શક	શકા
મગધ	માગધ	માગધા
કામ્બોજ	કામ્બોજ	કામ્બોજા
ગાંધાર	ગાંધાર	ગાંધારા
એજ પ્રમાણે લોહાવર્ણ	લોહાવર્ણ	લોહાવરણા.

અનેક વચન વાચક સ્વરૂપ વિસર્ગ સંસ્કૃત ઉચ્ચારની સાથેજ સમાઇ જાય છે. " ર " પણ ઉડી જાય તેમ છે, અનેક એવા સંસ્કૃત શબ્દો છે જેમાંથી પ્રાકૃત સ્વરૂપમાં " ર " ઉડી જાય છે. જેમકે,—

સંસ્કૃત	સિન્ધી	ગુજરાતી	અર્થ
કૃષ્ણ	ક્રીશન	કરસન	
વૃદ્ધ	બુઢો	બુઢો	
ચિત્રક	ચિતો	ચિતો	
વૃશ્ચિક	વીંછુ	વિંછી.	

હવે લોહાવણા રહે છે. કાળ જતાં ઉચ્ચારની સરળતાને ખાતર કે બાર ગાઉએ બોલી બદલાય એ નિયમાનુસાર વચમાંથી વ ઉડી જા' " લોહાણા " શબ્દ વ્યવહારાયો હોય તો તેમાં સંશય પણ મૂળ શબ્દોના ભૃષ્ટ સ્વરૂપ જેમણે વાંચ્યા કે વિચાર્યા

જાણી શકશે કે આપણે જે ભાષા બોલીએ છીએ તેમાં મૂળ સંસ્કૃત શબ્દો એવા સ્વરૂપમાં બોલાય છે કે તે કેવી રીતે બદલ્યા હશે ત્હેનો વિચાર પણ ન થઇ શકે. આ નિયમને અનુસરી શુદ્ધ લોહાવરણામાંથી લોહાણા શબ્દના ઉત્પત્તિ હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

લોહાણાના મૂળ સ્થાન સંબંધમાં અમને જે જે સાધનો મળ્યા છે તે ઉપરથી અમ તો એવા અનુમાન ઉપર આવીએ છીએ કે લોહાણાનું મૂળ સ્થાન લાહોર છે અને લાહોર બેશક લવનું વસાવલું છે.

લોહાણા લવના પુત્રો છે એમ કહેવાનું અમે સાહસ નથી કરતા અને તેમ માનતાં એકલા બિચારા આદમમાંથી સૃષ્ટી ઉત્પન્ન થયાની વાતને ટેકો મળે છે જે સર્વથા અસંભવિત છે. લવ મહારાજ પંજાબ તરફ આવ્યા હતા તેમજ એમણે લાહોર વસાવ્યું પણ હતું. પંજાબમાં આવતાં એમની સાથે કેટલાક એમના જાતિ ભાઇઓ પણ હોવા જોઇએ એ માન્યતા યુક્તિથી વિરૂદ્ધ નથી. લોહાવરણ પ્રદેશ વસ્યું હોય અને કાળ જતાં લવ મહારાજની સાથે આવેલા ક્ષત્રિઓ તેમજ બ્રાહ્મણાદિ વર્ણો અને અન્ય સ્થાનિક તેમજ સમીપના પ્રદેશમાંથી દેશ વસતાં આવી વસેલા લોકો સ્થાનને લઈ લોહાવરણા કહેવાયા હોય તો તેમાં પણ સંશય જેવું થોડુંજ રહે છે. બીજી માન્યતા પ્રમાણે લવના એટલે લવના વંશજો નહીં પણ લવ સાથે આવેલા રા. કાનાબારની વ્યુત્પત્તિ મુજબ લોહાણા પણ કહેવાયા હોય.

ઉપરોક્ત માન્યતા અમારા વાંચનારા પૈકી કેટલાકને કદાચ ...ંકા ભરેલી લાગશે. આપણે આપણને ક્ષત્રિઓજ માનીએ છીએ ...રણ પ્રદેશના સર્વ વર્ણો જો લોહાણા કહેવાયા હોય તો

બીજા ત્રણે વર્ણોના લોહાણા પણ હોવાજ જોઇએ. અને તેમ હોય ગયા એ એક અગત્યનો પ્રશ્ન છે.

ફક્ત એમજ માની લઇએ કે લોહાવરણ પ્રદેશના ક્ષત્રિઓજ લોહાણા કહેવાયા તો યુક્તિ તેથી સંતોષ નહિ પામે અને નવીન પ્રશ્નોને અવકાશ મળશે. કદાચ એમ માની લઇએ કે લવવર્ણ–લવની જાતિ તેજ લોહાણા કહેવાયા તો તેમ આપણે માની શકીશું પણ ઉપર જે પ્રમાણો દર્શાવવામાં આવ્યા છે તે ઉપરથી લોહાણા શબ્દ સ્થળવાચક હોય અને લવવર્ણ એટલે લોહાણા માનતાં પોતાની માન્યતાના કેટલાક અંશોનું ખંડન કરવા જેવું થશે.

ઇ૦ સ૦ ૧૯૦૫ ની સાલમાં રાજેશ્રી દેવજી ત્રિકમદાસ ઠક્કર બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ ને રાજેશ્રી ભાઈ હરજીવન જગજીવન વર્માના સમાગમને પરિણામે લુહાણા જ્ઞાતિની ઉત્પત્તિ સંબંધે વિચાર કરવા જીજ્ઞાસા થઈ હતી, અને તે ઉપરથી એમણે અને રા૦ આનંદજી મુળજી નથુ પાંદીએ સાથે મળી શ્રીયુત દયારામ ગીડુમલને એક પત્ર લખ્યો હતો, જેના ઉત્તરમાં શ્રીયુત દયારામ ભાઈએ જણાવ્યું હતું કેઃ—

I think the Lohanas were a mighty Aryan race who were divided into the usual five classes. Hence we have Lohana Kshatriyas, Lohana Vaishyas and Lohana Sudras, etc.

ભાવાર્થઃ—હું ધારૂં છું કે લોહાણા એક સમથ આર્ય પ્રજા હતી અને તેમાં પાંચ વર્ણ—જાતિઓ પણ હતા. જેમકે આપણે લોહાણા ક્ષત્રિઓ, લોહાણા વૈશ્યો અને લોહાણા શુદ્રો પણ જોઇએ છીએ.*

---

* શ્રીયુત દયારામભાઈની આ માન્યતા પ્રમાણે એમણે ચચનામાની પ્રસ્તાવનામાં લોહાણા—જાટ ઇત્યાદિ માન્યતા સ્વીકા

આપણું મૂળ સ્થાન લાહોર હોવાની માન્યતાને શ્રીયુત દયારામની દલીલ સમર્થ ટેકો આપે છે, પણ સાથે ઉપરોક્ત પ્રશ્નને પણ સબળ કરે છે અને આપણી જીજ્ઞાસાને વિશેષ ઉસ્કેરે છે. શ્રીયુત દયારામના અભિપ્રાય પ્રમાણે લોહાણામાં પાંચ જાતિઓ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને અતિ શુદ્ર. છેલ્લી બે જાતિઓનો એકમાં સમાવેશ કરી દઇએ તોપણ ચાર જાતિઓ તો જોઇએજ.

અમારો અભિપ્રાય પણ શ્રીયુત દયારામના અભિપ્રાય તરફ ઢળે છે અને તેનાં કારણો આ પ્રમાણે છેઃ—

લોહાવરણ પ્રદેશ મહારાજ લવ અને ત્હેમની સાથેનાં ક્ષત્રિઓએ વસાવ્યો હોય તથાપિ એક પ્રજાની સર્વ જરૂરીઆતોને પહોંચી વળવા બ્રાહ્મણો વૈસ્યો અને શૂદ્રોની પણ જરૂર તો હોયછે જ. એ રીતે એ પ્રદેશમાં ઉપરોક્ત ત્રણે જાતિઓ હશે તેને માટે પણ સંશયને થોડોજ અવકાશ રહે છે.

પ્રાચીન કાળમાં અનેક એવા દેશો હતા જે ક્ષત્રિઓનાં નામોથી પ્રસિદ્ધ હતા, છતાં તેમાં સર્વ વર્ગ નિવાસ કરતા હતા, તથા એક દેશની સર્વ પ્રજાને એકજ નામ આપવામાં આવતું હતું. હવે આ પ્રશ્નનો વધારે વિચાર કરીએ.

સારસ્વત બ્રાહ્મણ જાતિ એક પ્રાચીન જાતિ છે અને શુદ્ધ ક્ષત્રિય જાતિઓજ બહુધા ત્હેમની યજમાન છે. ત્હેમના લોહાણા સાથેના ભોજનાદિકના સંબંધમાં હમણા ગમે તે કપોલ કલ્પિત વાતો કહેવાતી હોય અને દધીચિ મુનિ વટલ્યા હતા વિગેરે મનાતું હોય, પરંતુ બ્રાહ્મણો અને ક્ષત્રિઓનો ભોજન વ્યવહાર પરાપૂર્વથી સાથેજ

...નુમોદન મળે છે. ચચનામાની પ્રસ્તાવનામાં એમની ઉપરોક્ત ...ણાવવામાં આવી નથી અને તેટલા પ્રમાણમાં લોહાણા- ...ે છે.

છે અને તે શાસ્ત્રસંમત છે. અર્થાત આમ હોવાથી કદાચ બ્રાહ્મણો પોતાના મૂળ નામને ધારણ કરી રહ્યા છતાં લોહાણા સારસ્વતો કહેવાતા હોય તો તેમ બનવાનો હરેક પ્રકારે સંભવ છે. હમણા પણ ખત્રીઓના ગોર સારસ્વતો ખત્રીઓ સિવાય બીજાની થોડીજ દરકાર કરે છે. અરોરાના ગોરોને અરોરા સિવાય અન્ય ક્ષત્રિય જાતિઓનું જ્ઞાન પણ હોય ત્હેને માટે શંકા છે. તેવીજ રીતે લોહાણાના ગોરો ફક્ત લોહાણાઓનેજ પોતાના યજમાનો સ્હમજે છે.

લોહાણામાં વૈશ્યો છે કે નહિ ત્હેને માટે શંકા છે. શ્રીયુત દયારામભાઈ સિન્ધમાં વાણીયા કહેવાતા લોહાણાને કદાચ વૈશ્ય માનતા હશે પણ અમારા જાણવા પ્રમાણે તેઓમાં પણ લગ્ન વખતે તલવાર ઉપાડવાનો અને એવાજ બીજા આપણા જેવાજ રિવાજો છે. જનોઇ ધારણ કરે છે—મુંડન ઇત્યાદિ સંસ્કારો પણ કરે છે. તેઓ પોતાને વાણીઆ કહે છે અને વાણીયાવિદ્યામાં કાબેલ પણ છે. સિન્ધના લોહાણામાં વીર પુરૂષને દીપાવે તે કરતાં વ્યવહારિક પુરૂષને શોભા આપે એવાં વિશેષ લક્ષણો છે—તેમાં પણ આમીલ લોહાણા પોતાના એ લક્ષણને માટે પ્રસિદ્ધ છે. બર્ટન સાહેબે ત્હેમના માટે જે ઘણોજ શરમ ભરેલો રીપોર્ટ કર્યો છે તેનું પણ થોડા અંશમાં આવુંજ કંઈ કારણ હોવું જોઇએ. આ જાતિઓ કદાચ મૂળમાં લોહાણા વૈશ્ય પણ હોય—તેમજ દેપાલ દેશના દેપાલ સોની વિગેરે પણ આપણા ભાઇઓ હોવાનું જણાવે છે અને કદાચ તેઓ લોહાણા વૈશ્ય હોય તો તે સંભવિત છે.

લોહાણા શુદ્રોની જાતિ અદ્યાપિ પર્યન્ત પંજાબમાં જોવામાં આવે છે; જેમનો જીવન વ્યવહાર હિન્દુઓ કરતાં મુસલમાનોને અનુકૂળ દેખાય છે અને ત્હેમના ચહેરા વિગેરે ઉપરથી કે તે એક અનાર્ય પ્રજા છે.

The Lobanas are a peculiar tribe of Hindus who inhabit the Punjab but are not very numerous. They speak a peculiar dialect of their own which is not understood by others and from that cause it may be inferred that they are descended from an aboriginal stock. They are farmers traders and carriers by occupation.

લોબાના હિન્દુ પ્રજા એક વિચીત્ર પ્રકારની પ્રજા છે. તે પંજાબમાં વસે છે પણ ત્હેની સંખ્યા વિશેષ નથી. તે લોક એક વિચક્ષણ પ્રકારની બોલી બોલે છે જે બીજાથી સ્હમજાતી નથી, અને એજ કારણથી સિદ્ધ થાય છે કે તે હિન્દુસ્તાનની મૂળ અનાર્ય પ્રજામાંથી છે. તેઓ ખેતી વ્યાપાર અને બીજો સાધારણ ધંધો કરે છે.

The Lobanas wear beards and have perhaps more a Mahcmadan than a Hindu cast of features.

લોબાના લોકો દાઢી રખાવે છે અને એમના ચહેરાનો દેખાવ બહુધા મુસલમાનો જેરોજ છે.

(The People of India. Vol. V plate 230.)

વ નો બ થાય એ સ્વાભાવિક છે, જેમકે સર્વ=સબ, વિયોગ=બિયોગ, વિનોદ=બિનોદ, ઈત્યાદિ. આ પ્રમાણે; જો હોય તો શ્રીયુત દયારામની માન્યતાને સમર્થ ટેકો મળે છે અને આપણું નામ લોહાવરણુ પ્રદેશ ઉપરથી પડયું હશે એ માન્યતા પણ દઢતર થાય છે અને આપણું શુદ્ધ નામ લોહાવરણા છે, તથાપિ સાથે એક ...ા થાય છે કે શું આપણે ક્ષત્રિય નહિ ? અનેક વર્ષોથી આપણે ... લીધેલી ક્ષત્રિય ભાવના શું કલ્પનામૂલક કે અજ્ઞાનજન્ય

છે ? સિન્ધના લોહાણાના થોડા—બહુજ થોડા ભાગ માટે આપણે ચોક્કસ નિર્ણય ઉપર આવી શકતા નથી તથાપિ કાઠીઆવાડ--ગુજરાત—કચ્છમાં વસતા લોહાણા બેશક ક્ષત્રિઓ છે એમાં જરા પણ સંશય નથી. જો આપણે ક્ષત્રિઓ ન હોત તો એકાએક આપણે ક્ષત્રિય ભાવના માન્ય ન કરી લેત. આપણે જાણીએ છીએ કે કાઠીઆવાડ અને ગુજરાતના લોહાણા કચ્છમાંથી ઉતર્યા છે અને કચ્છના લોહાણાના પરિચયમાં આવનાર કોઇ પણ કહી શકશે કે તે એક લડાયક અને મજબુત જાતિ છે. વ્યાપારી તરીકે સાહસિક અને પ્રસંગ આવ્યે મેદાનમાં ધસી જવા સમર્થ છે. બીજી રીતે આપણે વિચાર કરીએ તોપણ એમજ સાબિત થાય છે. પંજાબ વિગેરે ઉત્તર પ્રદેશમાં વસતી દરેક પ્રજાનું મધ્ય દેશમાં વધવાનું કારણ બહુધા કોઇ વિદેશી પ્રજાના હુમલાજ હોવા જોઇએ. લોહાણાઓને પણ પોતાની મૂળ ભૂમિનો ત્યાગ કરવાની ફરજજ પડી હશે—ખુશીથી નહિ ત્યજી હોય. અને વિશેષતઃ એમજ બને છે કે શત્રુઓ સ્હામે પણ ક્ષત્રિય પ્રજાજ થાય છે અને પોતાની જાતિના ગૌરવને માટે જેનાપરથી પોતાપણાનો હક્ક ઉઠી ગયો એવી ભૂમિનો તેઓ ભોગ નથી કરી શકતા. તેઓ પ્રાણનો ત્યાગ કરી સ્વર્ગમાં જાય છે અગર પોતાનાં શેષ કર્તવ્યોને સિદ્ધ કરવા અન્યત્ર પોતાના આત્મા અને ગૌરવનું રક્ષણ કરવા ભૂમિનો ભોગ કરે છે. બ્રાહ્મણો કદાચ ક્ષત્રિયોની પાછળ ખેંચાય છે, વૈશ્યો તેમ કરી શકતા નથી. તેઓ નવા રાજાનો આશ્રય કરી અર્થસિદ્ધિ તરફ વૃત્તિ રાખી જીવનનાં સુખનો વિચાર કરવામાં વધારે બુદ્ધિશાળી હોય છે. લોહાવરણના વૈશ્યોએ પણ તેમ કર્યું હોય તો તેમાં આશ્ચર્ય જેવું નથી, અને તેમ થતાં ત્હેમનું નામ પણ બદલાઇ ગયું હોય તો તે પણ બનવા જોગ છે. સ્વર્ગવાસી રમેશચન્દ્ર દત્ત એમણે પોતાનાં Hist- of Ancient Civilization નામના ગ્રન્થમાં લખ્યું છે

કાળમાં હિન્દુસ્તાનમાં એક વિસ્તૃત વૈશ્ય જાતિ હતી પણ પાછળથી કારીગર જાતિઓની વૃદ્ધિ થતાં એ વૈશ્ય જાતિ તેમાં વ્હેંચાઈ ગઈ છે અને શેષ વૈશ્ય વર્ગ બહુજ થોડો જોવામાં આવે છે. તેમજ લોહાવરણા વૈશ્યોએ પાછળથી નામ બદલી નાંખ્યું હોય તો તેમાં પણ અશક્ય જેવું શું છે ? સાંપ્રત સિસોદિયા રાજપુતો પહેલાં સેન અને પછી ગોહીલ કહેવાતા હતા એવા બીજા દૃષ્ટાન્તો પણ મળે છે. તાત્પર્ય એજ કે બ્રાહ્મણો શિવાય ક્ષત્રિઓની સાથે સ્વભૂમિનો ત્યાગ કરવા જેટલી શક્તિ અર્થપ્રેમી વૈશ્યોમાં ભાગ્યેજ હોય છે. ૧

આપણા કેટલાક સંસ્કારો જોતાં, કેટલાક અગત્યના રીત રિવાજો જોતાં, પણ આપણે ક્ષત્રિય હોવાની માન્યતાનેજ અનુમોદન મળે છે. એ વિષય કંઇક ભિન્ન દિશામાં દોરી જનારો છે અને ત્હેના ઉપર પણ આપણા વિષયના સમર્થનને માટે યથાશક્તિ વિવેચન કરીશું, તથાપિ એટલું તો સિદ્ધ છે કે જે લોહાણાઓ બાળકની છઠી-ક્રિયા પ્રસંગે તથા લગ્ન પ્રસંગે દેવી પૂજાની ક્રિયામાં તલવારનો ઉપયોગ કરે છે, જેમણે પડતીમાં પણ વ્યાપારીઓ તરીકે સાહસિકતા અને કર્ત્તવ્યનિષ્ઠા બતાવી છે—પ્રસંગ પ્રાપ્ત થતાં યુદ્ધને માટે—આત્મ રક્ષણ માટે-ગૌરવ રક્ષણ માટે-અસહ્ય સંકટો સહન કરવા જેટલી તત્પરતા દર્શાવી છે અને છૂટી છવાઈ વસ્તી હોવા છતાં પ્રજા તરીકે જેમણે પ્રસિદ્ધી મેળવી છે તે લોહાણા પ્રજા નિઃસંશય ક્ષત્રિઓજ છે. એ જાતિ જેમણે ગૌરવને માટે પોતાની મૂળ ભૂમિનો ત્યાગ કર્યો હતો એ શુદ્ધ ક્ષત્રિઓનીજ સંતતિ છે.

---

૧ જૈન ધર્માનુયાયી કહેવાતો વૈશ્ય વર્ગ વાસ્તવિક રીતે વૈશ્ય થી. તેમાં જૂદે જૂદે વખતે દરેક વર્ણના લોકો ભળ્યા છે. ત્હેના વૈશ્ય ઉદ્યોગને લઇ તેઓ વૈશ્ય કહેવાય છે. સોઢા ઇત્યાદિ જૈન થયાનાં દૃષ્ટાન્તો મળે છે.

પ્રકરણ ૭ મું.

પ્રાચીન આર્ય ક્ષત્રિઓ–ખત્રીઓ–બ્રહ્મક્ષત્રિઓ અને લોહાણાની આચારવિચાર પરત્વે સમાનતા.

સરિતાઓ ભલે ભિન્ન ભિન્ન પ્રદેશોમાંથી વહેતી હોય, ભિન્ન ભિન્ન માર્ગો ગ્રહણ કરી સાગર તરફ જતી હોય, ભિન્ન ભિન્ન ભૂમિના તત્વોની ત્હેમના જળપર અસર થાય છે અને તે જણાય છે–રંગરૂપમાં ફેરફાર દેખાય છે, તથાપિ જો ત્હેમનું મૂળ એકજ હોય તો ત્હેનાં કેટલાંક તત્વોમાં પણ સમાનતાનો અંશ હોવો ઘટે છે અને જળના રસાયણને જાણનારા તે જાણી શકે તેમ પણ છે. ભિન્ન ભિન્ન પ્રજાઓ પણ ભિન્ન ભિન્ન પ્રદેશોમાં નિવાસ કરવાથી, ભિન્ન ભિન્ન પ્રજાઓના સંસર્ગમાં આવવાથી અને સાંસારિક વ્યવહારિક તેમજ ઐતિહાસિક કેટલાક અત્યાજ્ય સંજોગોને વશ થઇ જૂદી જૂદી જ દેખાય છે અને ઘણીવાર અન્યોન્યથી આચાર વિચારમાં એટલી બધી દૂર થઇ જાય છે કે તે એક હશે કે કેમ ત્હેને માટે સમર્થ વિદ્વાનોને પણ શંકા થાય છે, તથાપિ ત્હેના–પ્રજાના જીવન તત્વનું રસાયણીક રીતે પૃથક્કરણ કરતાં–કોઇક સાધનોથી તે પૃથક્કરણ થઇ જાય તો રસાયણીઓ ત્હેના સમાન તત્વો પણ દેખાડી શકે છે. પ્રજાઓના ઇતિહાસમાં આ એક આવશ્યકીય અંગ છે અને ત્હેની ઉન્નતિ કિંવા અધોગતિનું એક સબળ પ્રમાણ છે. અમારે કબુલ કરવું જોઇએ કે એ પૃથક્કરણ કરવાને માટે અમે સંપૂર્ણપણે સમર્થ નથી–આ વિષય પર લખવાને માટે કોઈ સમર્થ વિદ્વાન અને વધારે અનુભવી મગજની જરૂર છે. આ વિષયની બારિક રેખા માત્ર આલેખવા કોઇ સર્વ‍ શાગામી અને ઝીણી બુદ્ધિની જરૂર છે અને તેમ હોવા‍ વિષયમાં અમારી ખામીઓ સ્પષ્ટ દેખાઈ આવશે, પણ

ત્હેનો સ્વીકાર કરી લઇએ છીએ તેટલા પ્રમાણમાં તજ્જન્ય ઉપાલંભથી અમે મુક્ત છીએ.

આ વિષયપર સંપૂર્ણ પ્રકાશ પાડવા પંજાબ અફગાનિસ્તાન અને સિંધમાં ફક્ત વિષયના અભ્યાસને માટેજ પ્રવાસ કરવાનો અવકાશ મળ્યો હોય, આપણી જ્ઞાતિમાં પ્રચલિત સર્વ ન્હાની ન્હાની ક્રિયાઓ ધર્મ માન્યતાઓનું પ્રત્યક્ષ દર્શન કરવાનો અવકાશ મળ્યો હોય તો જે લખાય તે કાંઇ જૂદુજ હોય, પણ તેમ કરવાનાં સાધનો અમે નથી પ્રાપ્ત કરી શક્યા અને જો કોઇ પ્રાપ્ત પણ કરી શકે તો ત્હેને યોગ્ય ઉપયોગ થવા જનસમાજ તરફથી પ્રતિધ્વનિ થાય એવો દેશ કાળ હોય એમ પણ અમારી માન્યતા નથી.

કહેવાનો ભાવાથ એટલોજ કે આ પ્રકરણનું વસ્તુ જેટલું ગંભીર હોવું જોઇએ તેટલું નહિ થાય, તથાપિ અમારા સાધનો અને શક્તિ અનુસાર જે વિચાર આ પ્રકરણમાં દર્શાવવાનો અમે પ્રયત્ન કરીશું તેથી જો એવી ઝાંખી કલ્પના થાય કે આપણી પ્રજા શુદ્ધ ક્ષત્રિય છે તો અમને સંતોષ છે.

આપણે પ્રથમ સંસ્કારોનો વિચાર કરીશું. કેટલાક સંસ્કારો એવા છે કે જે દ્વિજ વર્ણોમાં બહુધા સમાનજ છે, તથાપિ મનુ આદિ ગ્રન્થોમાં ત્રણે વર્ણોના કેટલાક સંસ્કારોમાં સ્પષ્ટ ભેદ જણાવવામાં આવ્યા છે.

जन्मना जायते शुद्रः संस्कारात् द्विज उच्यते.

જન્મથી બાળક શુદ્ર જન્મે છે સંસ્કારથી દ્વિજ થાય છે.

वैदिकैः कर्मभिः पुण्यैर्निषेकादि द्विजन्मनाम् ।
शरीर संस्कारः पावनः प्रत्य चेह च ॥

મનુ ૨—૨૬

'દ્વિજ વર્ણને વેદમાં કહેલા પવિત્ર કર્મો વડે ગર્ભાધાન વિગેરે શરીરના સંસ્કારો કરવા; તે સંસ્કારો આ લોકમાં તથા પર લોકમાં પવિત્ર કરનારા છે. અર્થાત્ સંસ્કાર કરવાથી આ લોકમાં વેદાધ્યયન વિગેરેનો અધિકાર મળે છે ને પરલોકમાં યાગાદિનું ફળ મળે છે.

આર્યધર્મના નેતાઓએ મનુષ્યના આત્મા–મન અને શરીર એ શુદ્ધ અને સબળ રાખવા દરેક રીતે પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્નનું એક સમર્થ અંગ સંસ્કારો છે. સંસ્કારોથી એ હેતુ સિદ્ધ થાય છે કે નહિ એ હમણાના સર્પને સ્થળે લીસોટાને પૂજવાના સમયમાં એક ગંભીર પ્રશ્ન છે, તથાપિ સૂક્ષ્મ વિચાર કરવામાં આવે તો સંસ્કારોનું યથાર્થ પાલન કરવામાં આવે તો તે મનુષ્યના આત્માને દિવ્ય, ત્હેના મનને દૃઢ અને શરીરને સબળ તેમજ સુન્દર રાખી શકે છે. ઉપરોક્ત અર્થમાં તો સંસ્કારો મનુષ્ય માત્રને માટે સમાન હોવા ઘટે છે તથાપિ દરેક મનુષ્યનો આધ્યાત્મિક માનસિક કે શારીરિક અધિકાર સમાન હોઈ શકતો નથી. એકજ મનુષ્યનો કોટ બીજાને બરાબર થઈ રહે. નેપોલીયનની કાર્યશક્તિ દરેકમાં આવી શકે, વ્યાસનું આધ્યાત્મિક સૌન્દર્ય સૌ કોઇ જોઇ કે અનુભવી શકે એ સૃષ્ટિ નિયમથી વિરુદ્ધ છે. અને તેમ હોય તો વિદ્વાન જનોએ યોજેલા વર્ગો માટે અમુક અમુક કાર્યો ભિન્ન હોય, અને એ ભિન્નતાના પ્રમાણમાં સંસ્કારોમાં પણ અમુક ભેદ હોય તો તેમાં અસ્વાભાવિકતા જેવું થોડું જ છે. મનુ સ્મૃતિમાં સ્માર્ત સંસ્કારો આ પ્રમાણે કહેલા છેઃ—

गार्भै र्होमैर्जात कर्म चौडमौञ्जिनिबन्धनैः ।
बैजिकं गार्भिकं चैनो द्विजा नाम पमृज्यते ॥

મનુ ૨

ગર્ભને પવિત્ર કરનારા હોમો કરવાથી, જાત કર્મ (જન્મ વખતનો સંસ્કાર) કરવાથી, ચૂડા કર્મ કરવાથી (બાળ ઉતરાવવાથી), મૌંજી બંધન (ઉપવીત સંસ્કાર) કરવાથી, દ્વિજ વર્ણનું બૈજિક પાપ (પિતાએ કરેલાં નિષિદ્ધ મૈથુનના સંકલ્પાદિક વડે ત્હેનાં વીર્યદ્વારા બાળકમાં ઉતરેલા દોષો) તથા ગાર્ભિક પાપ (માતાએ કરેલાં નિષિદ્ધ મૈથુનાદિના સંકલ્પ દ્વારા ત્હેનાં રૂધીર દ્વારા બાળકમાં ઉતરેલા દોષો અથવા તો વીર્યમાં અને રજમાં રહેલી અપવિત્રતા) નાશ પામે છે.

ગર્ભાધાનથી આરંભી સંસ્કારો આ પ્રમાણે છે. (૧) ગર્ભાધાન (૨) પુંસવન (૩) અનવલોભન (૪) સીમંતોન્નયન (૫) જાત કર્મ (૬) નામ કરણ (૭) નિષ્ક્રમણ (૮) અન્ન પ્રાશન (૯) ચૌલ (૧૦) મૌંજી બંધન (૧૪) ચાર વેદ વ્રત (૧૫) સમાવર્તન અને વિવાહ. આમાં અગીયારથી તેરના નામ આપવામાં આવ્યા નથી અને પ્રથમ ત્રણ પણ હમણાં અપ્રચલિત છે એટલે બાકી મુખ્ય સ્માર્ત સંસ્કારો દશ રહે છે.

પ્રથમ સીમંતોન્નયન સંસ્કાર પ્રાચીન ગ્રન્થોમાં જણાય છે. ખત્રીઓ પણ ત્હેનું પાલન કરે છે અને આપણામાં ગર્ભાધાન પછી પાંચમા છઠ્ઠા કે સાતમા માસમાં આ સંસ્કાર થાય છે જે વખતે વૈદિક કે પૌરાણિક મંત્રોથી અમુક ક્રિયાઓ પણ થાય છે અને ગોર તથા સગા સંબંધીઓને જમાડવામાં આવે છે.

(૨) જાત કર્મ કિંવા જન્મ પછીનો સંસ્કાર. આ સંસ્કારમાં અમુક કૌટુમ્બિક ક્રિયાઓ કરવામાં આવે છે પણ એક જ્ઞાતિ સમાજને સામાન્ય હોય એવી ક્રિયાઓ કરવામાં આવતી હોય એમ જણાવામાં નથી. ખત્રીઓમાં બાળકના જન્મ પ્રસંગે પિતા ના કુળ દેવતાનું પૂજન કરે છે અને ત્યાર પછી

જેમને સુતક લાગે છે. સુતક સમયનો નિર્ણય પણ શાસ્ત્રકારોએ કર્યો છે.

ब्राह्मणस्य सपिन्डानां जनन मरणयो दशाहम शौचम्
द्वादशाहं राजनस्य पञ्च दशाहं वैश्यस्य मासं शूद्रस्य

વિષ્ણુ પુરાણ.

क्षत्रस्य द्वादश हानि विशः पञ्चदशैवतु

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ.

ब्राह्मणो दश रात्रेण द्वादशाहेन भूमियः
वैश्यः पञ्च दशाहेन शूद्रो मासेन शुद्धयति ॥

પારાશર સ્મૃતિ.

આ સર્વ શાસ્ત્ર વાક્યોનો અર્થ એજ થાય છે કે જન્મ અને મરણના સુતકમાં બ્રાહ્મણ દશ દિવસે, ક્ષત્રિય બાર દિવસે, વૈશ્ય પંદર દિવસે અને શુદ્ર એક માસે શુદ્ધ થાય છે. અકબરના સમયમાં પણ વર્ણશઃ સૂતકની રીતિ એવીજ હતી. આઇનેઅકબરીમાં તેને માટે આ પ્રમાણેનો ઉલ્લેખ છે.

If the child's father is a Brahaman all who are related to him as far as the fourth degree of consanguinity are unclean for ten days and at the expiration of the above prescribed period they are cleaned by ablutions. If the father is Kshatriya the family are unclean for * days and if a Baisa or Sooder fifteen

ferior branches of Sooder (Sudra) are unclean for thirty days. During this time strangers will not eat in their houses. This state is called Sewtuk (Sutak.)

જો બાળકનો પિતા બ્રાહ્મણ હોય તો ત્હેની સાથે પિતાની ચાર પ્હેડી પર્યન્ત સંબંધ રાખનાર કુટુમ્બો ૧૦ દિવસ સુધી અશુદ્ધ થાય છે. આ સમય પૂરો થયા પછી સ્નાન, યજ્ઞ આદિ ક્રિયાઓથી તે શુદ્ધ થાય છે. જો પિતા ક્ષત્રિય હોય તો કુટુમ્બ બાર દિવસ પર્યન્ત અશુદ્ધ રહે છે અને જો વૈશ્ય કે શૂદ્ર હોય તો પંદર દિવસ પર્યન્ત કુટુમ્બ અશુદ્ધ રહે છે. અતિ શુદ્રોને સૂતક એક માસ સુધી રહે છે. એ અરસામાં અતિથિ ત્હમને ત્યાં ભોજન લેતા નથી. આ સ્થિતિને સૂતક કહેવામાં આવે છે.

સૂતકના સમયમાં આપણે અન્ય જાતિઓથી ભિન્ન પડી જઇએ છીએ. પ્રાચીન ગ્રન્થોમાં ક્ષત્રિય બાર દિવસ અશુદ્ધ રહે છે એમ કહેલું છે અને હમણા પણ આપણે—ક્ષત્રીઓ, બ્રહ્મ ક્ષત્રિયો, અરોરા વિગેરે બાર દિવસ સૂતક પાળીએ છીએ. એ સમયમાં દાન આપતા નથી, દેવ પૂજન કરતા નથી, મંદિર વિગેરેમાં જઇ શકતા નથી. અતિથી સુતકી ગૃહમાં ભોજન લઇ શકતા નથી. તેરમે દિવસે નામકરણની ક્રિયા થાય છે જ્યારે અમુક આવશ્યકીય ક્રિયાઓ થયા. પછીજ આપણે પવિત્ર થઇએ છીએ. તેરમે દિવસે ક્ષત્રિઓમાં બાળ-કને અમુક લોખંડનું યંત્ર જેવું કંઇ ઘરેણું પહેરાવવામાં આવે છે. ...ગામાં ત્હેને બદલે દરિયાલાલની રક્ષા બાંધવામાં આવે છે અને ...ીશ દિવસ પર્યન્ત મ્હોટી છરી કે એવું કોઇ હથિયાર ...ત્રીઓ અને અરોરામાં પણ બને છે.

પછી નામકરણ અને નિષ્ક્રમણ કિંવા નામ પાડવું અને બાળકને બહાર લઇ જવાના બે સંસ્કારો કરવામાં આવે છે. મનુ મહારાજની આજ્ઞા પ્રમાણે બારમે દિવસે કિંવા પછી કોઇ શુભ મૂહુર્તમાં નામકરણનો સંસ્કાર કરવો. આ રીતિ આપણામાં તેમજ ખત્રીઓમાં સમાન રીતે પ્રચાલત છે. નિષ્ક્રમણ કિંવા સૂર્ય પૂજનનો સંસ્કાર પણ આપણામાં અગીયારમે કે તેરમે દિવસે કરવામાં આવે છે જ્યારે બાળક અને હેની માતા પવિત્ર થઇ સૂર્યની પૂજા કરે છે.

અન્નપ્રાશન સંસ્કાર; આ સંસ્કાર બાળકના જન્મ પછી છ માસે કરવામાં આવે છે. મનુમાં કોઇ ચોક્કસ નિયમ નથી તથાપિ એ સંસ્કાર છ માસે કરવો જોઇએ એટલી આજ્ઞા છે. ખત્રીઓમાં છ માસે દુધપાકનું કોળીયું સુવર્ણ કે રૌપ્ય ચમચાથી બાળકનાં મુખમાં મૂકવામાં આવે છે. આપણામાં રૂપીયા કે ચાંદીની મ્હોર ઉપર ધનવાનોમાં સુવર્ણના સિક્કા ઉપર કોળીયું મૂકી બાળકને ખવડાવવામાં આવે છે.

તદ્ પશ્ચાત મોલી કિંવા મૂડા કર્ણ અને કર્ણછેદન નામના બે સંસ્કારો કરવામાં આવે છે. આ સંસ્કારોમાં મુંડન અને કર્ણ છેદનના ક્રિયાઓ થાય છે જે પ્રાચીન કાળમાં થતી, ખત્રીઓમાં થાય

नामधेयं दशम्यां तु द्वादश्यां वास्य कारयेत्
पुण्ये तिथौ मुहूर्ते वा नक्षत्रे वा गुणान्विते

મનુ—૨—૩૦

જન્મથી દશમે દિવસે અથવા તો બારમે દિવસે પિતાએ પુત્રનું નામ પાડવું અર્થાત્ નામકરણ નામનો સંસ્કાર કરવો. કહેલે દિવસે નામકરણ સંસ્કાર ન થઇ શકે તો પ[illegible] દિવસે કિંવા શુભ નક્ષત્ર જોઇ નામકરણનો સંસ્કા[illegible]

છે અને આપણામાં પણ તેજ પ્રમાણે થાય છે. ઉપનયન અને વેદારંભના આર્ય સંસ્કારો અનુક્રમે થાય છે. અદ્યાપિ પર્યન્ત આપણામાં તેમજ ખત્રીઓમાં એ ક્રિયા બહુજ પવિત્ર મનાય છે. વેદના મંત્રોથી એ ક્રિયા કરવામાં આવે છે. બાળકને સર્વથા સાધુ પોષાક પહેરાવવામાં આવે છે-લંગોટ વિગેરે ધારણ કરાવાવમાં આવે છે અને પછી તે મામા પાસેથી ગંગાજીના કિનારાપર ગુરૂ પાસે અભ્યાસ કરવા જવાની આજ્ઞા માગે છે. ત્હેના ઉત્તરમાં મામા તરફથી જે કહેવામાં આવે તે આપણા સંસારનું અધઃપતન દર્શાવે છે. સાત વર્ષના બચ્ચાને કહેવું કે 'બેટા ચાલ ત્હને પરણાવીશ, ગુરૂ પાસે જવાનું માંડી વાળ!' આવી પતિત ભાવના ધર્મકાર્યમાં ત્યારેજ ભળી શકે છે કે જ્યારે પ્રજાનું આત્મિક જીવન સર્વથા અજ્ઞાનાવૃત્ત થઈ ગયું હોય! આ ક્રિયાનું હાર્દ જેટલા પ્રમાણમાં આપણા પૂર્વજોની સંસ્કૃતિને માટે માન અને પૂજ્યભાવ ઉત્પન્ન કરે છે તેટલાજ પ્રમાણમાં આપણા સંસારની સાંપ્રત અધોગતિ ઉપર દયા ઉપજાવે છે.

વેદારંભનો સંસ્કાર પ્રાચીન દ્વિજોમાં એક પવિત્રતમ સંસ્કાર મનાતો. આપણામાં તો ઉપવિત સંસ્કારમાંજ જ્યાં બાળકના કાનમાં લગ્ન અને સંસારના ઝેરનો મંત્ર ફુંકી દેવામાં આવે ત્યાં વેદારંભ સંસ્કારનો લોપજ થઇ ગયો હોય તેમાં નવાઇ શું?

આપણા પ્રાચીન ક્ષત્રિઓમાં પવિત્ર વેદ વિદ્યા-અધ્યાત્મ વિદ્યા કેટલા પ્રમાણમાં વિકાસ પામી હતી તે બતાવવા આ સ્થળે અલ્પ પ્રયાસ કરવામાં આવે તો તે અપ્રાસાંગિક નહિ કહેવાય. છાંદોગ્ય ઉપનિષદમાં એક કથાનક આ પ્રમાણે છે. શ્વેતકેતુ અરૂણેય નામે એક ... બ્રાહ્મણપુત્ર પાંચાલોની સભામાં ગયો. પ્રવાહન જાબાલી ... ત્રિય સાધુએ ત્હેને પ્રશ્ન કર્યો. હે પુત્ર! ત્હારા પિ... ...પ્યું છે?

"જી મહારાજ!" તેણે જવાબ આપ્યો.

"તું જાણે છે કે મરણ પછી મનુષ્યો કયા સ્થળે જાય છે?" ક્ષત્રિય સાધુએ સવાલ કર્યો.

"ના મહારાજ." શ્વેતકેતુ બોલ્યો.

"તું જાણે છે કે પુનઃ મનુષ્યો આ જગતમાં કેવી રીતે જન્મ ધારણ કરે છે?"

"ના જી." તેણે કહ્યું.

"તું જાણે છે કે દેવોનો અને પિતૃઓનો માર્ગ કયાં છે?"

"ના મહારાજ." બ્રાહ્મણે જવાબ આપ્યો.

"તું કહી શકશે કે પિતૃલોક કોઈ વાર પણ મનુષ્યોથી ભરપૂર શા માટે નથી થતું?"

"ના મહારાજ." જવાબ આપ્યો.

"તું જાણે છે કે પંચતત્વ અને જડ મન શા માટે છે?"

"બાપુ! ક્ષત્રિય ઋષિએ પુછયું ત્યારે તેં કેમ કહ્યું કે હું ભણેલો છું? જે આ વાતો ન જાણતો હોય તે કેમ કહી શકે કે હું ભણેલો છું?"

શ્વેતકેતુ દિલગીર થઇ પોતાના પિતા પાસે ગયો અને તેને કહ્યું આપે મને ભણાવ્યો નહોતો છતાં ભણાવ્યો છે એમ શા માટે કહ્યું? પેલા રાજન્યે મ્હને પાંચ પ્રશ્નો પૂછયા અને તે પૈકી એકનો પણ ઉત્તર હું ન આપી શકયો. પિતાએ કહ્યું એ પ્રશ્નો સાંભળતાં મ્હને જણાય છે કે હું પણ એ વિદ્યા જાણતો નથી કારણ કે જાણતો હોત તો જરૂર ત્હને કહેતે.

શ્વેતકેતુનો પિતા ગૌતમ ત્યાર પછી તે સાધુ રાજા પાસે ગયો. તેણે ત્હેનું યોગ્ય સન્માન કર્યું. પ્રાતઃકાળે રાજા સભામાં ગૌતમ ઋષિ પણ ત્યાં આવ્યા. રાજાએ ઋષિને કહ્યું, "
સાધ્ય હોય એવી કોઈ વસ્તુની માગણી કરી લ્યો

રાજન, એ વસ્તુ આપની પાસેજ હો ! મ્હને તો આપે બાળક શ્વેત કેતુને જે પ્રશ્નો પૂછ્યા તે બ્રહ્મવિદ્યા શિખવો."

રાજાએ કહ્યું, " ગૌત્તમ ! આપ મ્હારી સાથે થોડો વખત રહો ! અને થોડો વખત જતાં રાજાએ કહ્યું, "હે બ્રાહ્મણ ! આ વિદ્યા માત્ર ક્ષત્રિય જાતિની હતી, કોઈ પણ બ્રાહ્મણ ત્હમારી પૂર્વે તે ભણી શક્યો નથી."

ગૌતમ રૂષિ એક મહાન તત્વવેતા હતા એ વાતનું સ્મરણ કરીએ તો ક્ષત્રિઓની વિદ્યા કેટલી ઉન્નત હતી એ વાતનો તરતજ ખ્યાલ આવી શકે તેમ છે.

વેદોની પવિત્ર ગાયત્રી વિભાગના રચનાર પણ કૌશિક કુળના ક્ષત્રિય રૂષિ છે. વેદના રૂષિઓમાં ઘણા ક્ષત્રિય રૂષિઓનાં નામ આવે છે, જેમણે વેદોના પ્રસિદ્ધ અને પવિત્ર ભાગો રચ્યા છે. યવનાશ્વના પુત્ર માન્ધાત્રી, ઉશીનીના પુત્ર શીવી, રોહીદાસ્વના પુત્ર વસુમન વિગેરે વૈદિક રૂષિઓ ક્ષત્રિય હતા.

સ્વ. રમેશચન્દ્ર દત્ત એમણે પોતાના History of Ancient Civilization ના પ્રથમ પુસ્તકમાં વૈદિક રૂષિઓને માટે (પૃષ્ટ ૧૦૪, ૧૦૫.) એક ખાસ પ્રકરણ લખ્યું છે અને તેમાં અનેક રૂષિઓ ક્ષત્રિય હતા એમ સ્વીકાર્યું છે. ઇતિહાસ કાળમાં જનક આદિ મહાત્માઓ ક્ષત્રિઓ હતા અને તેમની વિદ્વતા એટલે દરજ્જે ઉન્નત સ્થિતિમાં હતી કે વ્યાસ જેવા તત્વવિદે પણ પોતાના પુત્ર શુકદેવજીને જનક પાસે વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા હતા. હિન્દુઓમાં ...ર્વ પ્રસિદ્ધ અવતારો ક્ષત્રિય જાતિમાંજ થયા છે અને તેઓ ફક્ત ... વીર હતા એમ નથી, ત્હેમનું હૃદય અને વર્તન તેટલાજ ...ન હતું. સમય બદલાઇ ગયો છે અને પ્રાચીન આપણા ...વ હતો તેવાં આપણે સ્વપ્ના પણ નથી જોઇ

શકતા, તથાપિ જન સ્વભાવનો એક એવો નિયમ છે કે સંજોગો વસ્તુસ્થિતિ પરિવર્તન કરવા ગમે તેટલા પ્રમાણમાં સમર્થ થાય તથાપિ વીર્ય જો સુરક્ષિત રહ્યું હોય, થોડા પ્રમાણમાં પણ સુરક્ષિત હોય, તો થોડા પ્રમાણમાં પણ એ સ્વભાવ જળવાઇ રહેછે. આપણામાં શારીરિક બળ પ્રધાન હોય તથાપિ બુદ્ધિથી ગ્રાહ્ય વસ્તુઓને સ્હમજવાની શક્તિ ઓછી નથી. પંજાબમાં પ્રાચીન કાળથીજ બુદ્ધિ વિષયક નેતૃત્વ આપણા ભાઇઓના હાથમાં રહ્યું છે. શીખ પ્રજાનો વિચાર કરવામાં આવે તો ધાર્મિક નેતૃત્વ પણ તેમણેજ જાળવ્યું છે. નાનક અને ગોવિંદસિંહ બન્ને ક્ષત્રિયો હતા. સિંધમાં પણ લોહાણાની એજ સ્થિતિ હતી. મુસલમાનોના સમયમાં મુત્સદી વર્ગનો મ્હોટો ભાગ ત્હેમનોજ હતો અને ઘણા પ્રસિદ્ધ રાજ્ય કારસ્થાનીઓ થયા હતા.

કચ્છ અને કાઠીઆવાડમાં ત્હેમની વસ્તી અલ્પ હોવાછતાં તેમણે Tallest the foolest બળવાન એટલા બેવકુફ જેવું નથી બતાવ્યું પણ સમય આવ્યે ઉચ્ચ રાજ્યદ્વારી પદવીઓ ભોગવી છે અને કાર્યદક્ષતાથી રાજ્યનું સુકાન ચલાવ્યું છે. લોહાણા જાતિનું મગજ કેળવણી–ઉચ્ચ કેળવણી માટે સર્વથા યોગ્ય છે એમ બતાવવા હમણા પણ આપણામાં કેટલાક નરરત્નોનાં દૃષ્ટાંત મોજુદ છે.

વિદ્યારંભ સંસ્કાર પછી પુનઃ આગમન સમયે પ્રાચીન કાળમાં સંસ્કારો થતા પણ હમણા તો બ્રહ્મચર્ય વાનપ્રસ્થ અને સન્યા- એ ત્રણે આશ્રમોનો ગૃહસ્થાશ્રમમાં સમાવેશ થઇ જાય છે યજ્ઞોપવિત સંસ્કાર પછીનો ઉપયોગી સંસ્કાર તે લગ્ન કાળમાં જૂદે જૂદે વખતે લગ્ન પદ્ધતિઓ બદલાઈ છે પદ્ધતિ અને પૌરાણિક લગ્ન પદ્ધતિમાં પણ સંસ્કારી સમયના કેટલાક ધોરણોનું અનુકર-

હમણાં તો અનેક રીતે અયોગ્ય થઈ ગયો છે. માત્ર સર્પને સ્થળે પૂજાતા લીસોટાના ચિત્રો પણ ખત્રીઓ અને આપણે મૂળમાં એક છીએ તે કેટલેક અંશે બતાવી શકે છે Bombay Gazetteer Vol IX, pp. 54–56 માં બ્રહ્મક્ષત્રિયોની સંસારિક નીતિ રીતિઓનું અવલોકન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત વિષયના જીજ્ઞાસુઓએ એ ભાગ ખાસ વાંચવા જેવો છે. ગેઝીટીયરકાર જણાવે છે કે બ્રહ્મ ક્ષત્રિઓ ગુજરાતમાં વિદેશી હોવાથી–હેમની મૂળ ભૂમિ પંજાબ હોવાથી–હેમના લગ્નમાં કેટલીક એવી ક્રિયાઓ થાય છે કે જે અન્ય ગુજરાતી હિન્દુઓની ક્રિયાઓથી જૂદી પડે છે, તેજ ક્રિયાઓ આપણી ક્રિયાઓ સાથે આબેહુબ મળતી આવી છે. બ્રહ્મક્ષત્રિયોમાં લગ્નથી ત્રણ દિવસ પહેલાં મંડપનો મુહુર્ત થાય છે. ઘડી પૂજન થાય છે અને દાઉ અને દાઢીઆણી પણ કહે છે તે બેસાડવામાં આવે છે લગ્નને દિવસે વર ઘોડા ઉપર બેસી જમણા હાથમાં તલવાર ધારણ કરી કન્યાને ઘેર જાય છે જ્યાં કન્યાની માતા હેનું પૂજન કરી લગ્ન મંડપમાં લઇ જાય છે. તલવાર માત્ર દેખાડવા કે કોઈ ભયથી બચાવ કરવા માટે નહિ પણ હેનાથી અમુક ક્રિયાઓ થાય છે એ વાત ભૂલવી જોઈતી નથી. બ્રહ્મક્ષત્રિયોની દેવી હિંગુળા છે અને સિંધમાં હિંગુળા દેવીનું મંદિર કરાંચી પાસે છે ત્યાં યાત્રા-
[illegible]ા જાય છે દર વર્ષે સેંકડા આપણા લોહાણા ત્યાં જાય છે અને
[illegible]શ માટે દેવીના શિષ્યો થઇ રહે છે. હિંગુળા દેવીની પૂજાને
[illegible] એમ અમારા કહેવાનો આશય નથી; માત્ર ક્ષત્રિઓ
[illegible]જ છે અને તેને માટે આ પણ એક પ્રમાણ છે
[illegible]નો હેતુ છે.
[illegible]ઓમાં પણ એ ક્ષત્રિય જાતિ અને
[illegible]વામાં આવે છે.

When a BrahmaKshatriya is on the point of death he is made to give presents to the Brahman and others, is shaved bathed and laid on a part of floor of the room which has lately been cleaned with a wash of cowdung. After death he is carried to burning ground, where the ceremonies are the same as those performed by the Brahmans. Contrary to the Gujarat practice of beating only the breast the Brahmakshatri women strike the forehead, breast and knees. For thirteen days after death women weep.

એક બ્રહ્મક્ષત્રિયનો મરણ સમય પાસે આવે ત્યારે તેની પાસે બ્રાહ્મણોને દાન અપાવવામાં આવે છે–અંતકાળની થાળી વિગેરે. ત્હેને શુદ્ધ કરી ન્હવાડવામાં આવે છે અને નીચેના ભાગમાં કોઈ ઓરડામાં કે ખુલ્લી જગ્યામાં સુવાડવામાં આવે છે તે સ્થાન તરત છાણથી લીંપવામાં આવ્યું હોય છે. મૃત્યુ પછી શબને સ્મશાન ભૂમિમાં લઇ જવામાં આવે છે જ્યાં બ્રાહ્મણોની પેઠેજ ધાર્મિક ક્રિયાઓ થાય છે. ગુજરાતી સ્ત્રી વર્ગમાં ફક્ત છાતી કુટવાનો રિવાજ છે પણ તેથી ઉલ્ટુ બ્રહ્મક્ષત્રિય સ્ત્રીઓ કપાળ છાતી અને ગુટણપર હાથ મારી કુ છે. મરણ પછી તેર દિવસ પર્યન્ત સ્ત્રીઓ રડે છે, વિગેરે.

આની પછીના વર્ણનમાં સામાન્ય દેશકાળે કરી થયેલો
એવો કંઇક ક્રિયાભેદ જોવામાં આવેછે. પણ ઉપરોક્ત
છે? કોઇ અપરિચિત માણસને આપણી એ સમયની
ક્ત રીતિઓ સાથેજ જોવાનો પ્રસંગ મળે
ઓની એજ વખતની ક્રિયાઓ સાથે સર

તો બ્રહ્મક્ષત્રિઓ અને લોહાણા માટે ત્હેના મનમાં શું વિચાર આવી શકે એ વાત તરત સ્હમજાય એવી છે.

આશ્રમોના સંબંધમાં હજારો વર્ષના અશિક્ષિતપણાને લઈ પ્રમાદવૃત્તિ એટલી બધી દૃઢ થઇ ગઈ છે કે તેનું માત્ર નામજ રહ્યું છે એમ કહીએ તો કંઇ ખોટું નથી. ગૃહસ્થાશ્રમની શરૂઆત આપણામાં હલકા પ્રકારના બાળલગ્નથી નથી થતી. સિન્ધમાં લગ્ન સોળ કે સતર વર્ષના ન્હાના છોકરાના કોઈવારજ જોવામાં આવે છે. કચ્છમાં સાધારણ બાળલગ્ન નથી થતું, તથાપિ પ્રમાણમાં સિંધથી કઇક વિશેષ અને કાઠીઆવાડ તથા ગુજરાતમાં તેથી પણ કંઇક વિશેષ જોવામાં આવે છે. મુમ્બાઇમાં આ અજ્ઞાન પરંપરાની પણ કંઈક ઉન્નતિ થયેલી જોવામાં આવે છે. બાળલગ્ન થાય છે એમાં વિવાદની જરૂર નથી તથાપિ આપણી પ્રજાને બાળલગ્ન કરનારી પ્રજા તરીકે ન ગણી શકાય!

આપણી જ્ઞાતિ કન્યાવિક્રય કરનારી પણ નથી. સિંધમાં કન્યા વિક્રયનો પ્રચાર મુદ્દલ નથી. આમીલ નામની શાખા જેમાં સિંધના એક સમર્થ અને વિદ્વાન વર્ગનો સમાવેશ થાય છે તેમાં વરવિક્રય પારસીઓની માફકજ થાય છે. જેમ વર વધારે ભણેલો તેમ વધારે ધન. આ અનિષ્ટ રિવાજને અંગે કેટલાંક ખરાબ પરિણામો પણ આવે છે.

આપણામાં વિવાહ—સગપણ તોડવાનો ચાલ નથી. સિંધ કચ્છ ને કાઠીયાવાડના લોહાણા એકવાર પોતાની પુત્રી આપવાનું વચન ચૂકયા તો પછી શિર જતાં સુધી પણ ત્હેનું પાલન કરે છે. ...ામાં તેઓ લજ્જા માને છે- ગુજરાતમાં આ રિવાજનું ...ન થઇ શકતું નથી. દેખાદેખીથી કે ગમે તેમ પણ ... પણ તોડી નાંખવામાં આવે છે. નાગરો ...રનારી જાતિમાં પણ સગપણ તોડવાનો

ચાલ છે, અને લોહાણામાં અમે એવા દષ્ટાંતો જોયા છે કે એકવાર કલ્પના કરી તોપણ તે પુત્રીને ત્હેની થઈ ગઈ માને છે. આ પણ અમને તો એક ઉચ્ચ પ્રકારનો સદગુણ ભાસે છે.

ઉપરોકત ભાવનાનો લક્ષ પૂર્વક વિચાર થાય તો વિધવાવિવાહના ચાલનું સ્વયં સ્પષ્ટીકરણ થઇ જાય છે.

ખાનપાનનો વિચાર કરતાં પણ ન્યાયને ખાતર અમારે જણાવવું જોઇએ કે લોહાણા પ્રજા સર્વથા અન્ન ફળ પર રહેનારી પ્રજા નથી. સિંધમાં માંસ ભક્ષણ ન કરનારા અપવાદ રૂપજ મનાય છે. કચ્છમાં પણ ભૂજ ઇત્યાદિ શહેરોમાં એક વીશી પહેલાં લોહાણાઓમાં માંસ ભક્ષણનો પ્રચાર સાધારણ હતો. કરાંચીમાં કચ્છ અને કાઠીયાવાડમાંથી આવી વસેલા લોહાણામાં તેમજ સારસ્વતોમાં પણ મત્સ્યાહાર છુપી રીતે થાય છે અને સિંધી લોહાણાઓ સાથે ભોજન વ્યવહાર તો અનેક રીતે છુટ છે. પંજાબમાં, ક્ષત્રીઓ અને અરોરાઓમાં પણ જે વૈષ્ણવ સંપ્રદાયને નથી માનતા તેઓમાં એવું ખાનપાન થાય છે.

પ્રાચીન શાસ્ત્રોમાં ક્ષત્રિઓને ઉપરોકત પ્રકથાઓ ખાનપાનની છુટ આપવામાં આવી છે અને કેટલીક ધાર્મિક્હે ક્રિયાઓમાં પણ ત્હેનો ઉપયોગ થતો હતો એ વાતની આપણે પોતાને ખરા–ચુસ્ત વૈષ્ણવ માનતા હોઈએ તો પણ ના પાડી શકાય તેમ નથી. સાક્ષર શ્રી મણીલાલ નભુભાઈ સંસ્કૃતના એક અદ્વિતીય પંડિત અને સનાતન ધર્મના ધુરંધર વિદ્વાન હતા. એમણે પણ એ વાત સ્વીકારી છે. (જુઓ સિદ્ધાન્તસાર, પૃષ્ટ ૮૩.)

આવી દલીલો કરીને અમે એમ નથી કહેવા માગતા કે એ આહાર ઇષ્ટ કે આપણા જીવન માટે ઉપયોગી છે. અમારો તો એવો અભિપ્રાય છે કે એ આહારથી આપણા શરીરને શહેરનાં જીવનનો વિચાર કરતાં તો ઘણુંજ નુકશાન થાય છે. માંસ ભક્ષણ કરવું એ

જીવન તત્વનો નાશ કરવા બરાબર છે. આ વિષયમાં આપણે તો સંમત હોઇએ પણ સમર્થ યુરોપીઅન પંડિતો અને ડાકટરોએ પણ એ આહાર અકુદરતી ઠરાવ્યો છે અને હેનો ત્યાગ કરાવવા અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. હજારો મનુષ્યો, એ આહારનો ત્યાગ કરવા લાગ્યા છે અને હમણા એવી અનેક હોટેલો પણ થઇ છે કે જ્યાં શાક ફળ વિના બીજો કોઇ જાતનો આહાર પકાવવામાં આવતો નથી.

આપણા શાસ્ત્રોમાં પણ માંસાહારની વિરૂદ્ધ જોઇએ તેટલાં પ્રમાણો મળે છે. ખુદ મનુ મહારાજ પણ કહે છે કે;—

नाद्यादिविधिना मांसं विधिसोऽनापदि द्विजः
जगध्वा ह्यविधिना मांसं प्रेत्य तैर द्यतेऽवशः ५-३३
यावन्ति पशुरोमाणि तावत्कृत्वोह मारणम्
वृथापशुघ्नः प्राप्नोति प्रेत्य जन्मनि जन्मनि ५-३८
गृहे गुरावरण्ये वा निवसन्नात्मवान्द्विजः ।
नावेद विहितां हिंसा मापद्यपि समाचरेत् ॥ ५-४३
योऽहिंसकानि भूतानि हिनस्त्यात्म सुखेच्छया ।
स जीवंश्च मृतश्चैव न क्वचित्सुखमेधते ॥ ५-४५
यो बन्धनवधक्लेशान्प्राणिनां न चिकीर्षति ।
स सर्वस्य हितप्रेप्सुः सुख मत्यन्तमश्नुते ॥ ५-४६
यद्ध्य यायति यत्कुरुते धृति बध्नाति यत्र च ।
तदवाप्नोत्यत्नेन यो हिनस्ति न किंचन ॥ ५-४७
ना कृत्वा प्राणिनां हिंसां मांस मुत्पद्यते क्वचित् ।

न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥ ५-४८
समुत्पत्तिं च मांसस्य वधबन्धौ च देहिनाम् ।
प्रसमीक्ष्य निवर्तेत सर्व मांसस्य भक्षणात् ॥ ५-४९
अनुमन्ता विशसिता निहन्ता क्रय विक्रयी ।
संस्कर्ता चोपहर्ता च खादकश्चेति घातकाः ॥ ५-५१

અર્થ:—માંસ ભક્ષણના દોષને જાણનારા દ્વિજવર્ણ સુખનાં સમયમાં વેદોકત વિધિ વિના (યજ્ઞ યાગ કર્યા વિના) માંસ ભક્ષણ કરવું નહિ કારણ કે વેદોકત વિધિ વગર સ્વાદ માટે માંસ ભક્ષણ કરે છે તો મુવા પછી જેમનું માંસ પોતે ખાધું હોય તે પ્રાણીઓ તેને પોતાને વશ કરીને પરલોકમાં ત્હેનું ભક્ષણ કરે છે.

જે પુરૂષ વૈદિક વિધિને ઉલ્લંઘીને વૃથા પશુ હિંસા કરે છે તે પુરૂષ પશુના શરીર ઉપર જેટલાં રૂવાટાં હોય છે તેટલીવાર મરણ પામ્યા પછી જન્મ ધરીને પ્રત્યેક જન્મમાં તે પશુને હાથે મરણ પામે છે.

બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ અથવા તો વાનપ્રસ્થાશ્રમમાં રહેનારા આત્માનું હિત ઇચ્છનારા દ્વિજે વેદમાં નહિં કહેલી એવી હિંસા આપત્તિ કાળમાં પણ કરવી નહિ.

જે પુરૂષ પોતાની સુખની ઇચ્છાથી અહિંસક એવા પ્રાણીઓને હણે છે તે જીવતાં અથવા મુવા પછી કોઇ પણ ઠેકાણે સુખ પામતો નથી.

જે પુરૂષ પ્રાણીઓને કેદ કરવા રૂપી તથા મારવા રૂપી દુઃખ દેવાની ઇચ્છા કરતો નથી તે સર્વનું હિત ઇચ્છનારો પુરૂષ અત્યન્ત સુખ ભોગવે છે.

જે પુરૂષ કોઇ પણ પ્રાણીને હણતો નથી તે અહિંસક પુરૂષ જે વસ્તુનું મનમાં ચિન્તન કરે છે, જે શ્રેયસ્કર કર્મ કરે છે અથવા તો જેવસ્તુ ઉપર અભિલાષા બાંધે છે તે વસ્તુને પ્રયત્ન કર્યા વિના મેળવે છે.

પ્રાણીઓની હિંસા કર્યા વિના કદી પણ માંસ ઉત્પન્ન થતું નથી, તેમ પ્રાણીનો વધ કરવાથી સ્વર્ગ પણ મળતું નથી. માટે દ્વિજવર્ણે માંસ ભક્ષણ કરવું નહિં.

માંસ પ્રાણીના વીર્ય અને રૂધિરમાંથી ઉત્પન્ન થાય છે, ત્હેનો તથા માંસ માટે દેહધારી પ્રાણીને મારવા પડે છે તેનો, તેમજ તેને બંધન કરવા રૂપી ક્રુર કર્મ કરવાં પડે છે તેનો, વિચાર કરીને પ્રાણીઓનાં માંસનું ભક્ષણ કરવું નહિં.

અનુમંતા (મારવાની રજા આપનારો), કાતર વિગેરે હથિઆર વતી પશુનાં અંગો કાપનારો, પ્રાણને છુટા પાડનારો, વેચાતું લેનારો, વેચનારો, રાંધનારો, પીરસનારો, અને ખાનારો, આ સર્વે ઘાતક (મારનાર) કહેવાય છે.

(મનુસ્મૃતિના શ્લોકોનું ભાષાન્તર ગુજરાતી પ્રેસની આવૃતિ બીજી, ઇ. સ. ૧૯૧૧ માંથી લેવામાં આવ્યું છે.)

નારદસ્મૃતિ, આદિત્ય પુરાણ, તેમજ અન્ય પૌરાણિક અને સ્મૃતિ ગ્રંથોમાં માંસાહારની વિરૂદ્ધ સબળ તિરસ્કાર દર્શાવવામાં આવ્યો છે. કલીયુગમાં તો એ આહાર સર્વથા વર્જ્ય જણાવવામાં આવ્યો છે. જ્ઞાનનો પ્રકાશ થતાં એ આહાર હવે દિન પ્રતિદિન ન્યુન થતો જાય છે. પંજાબના ખત્રીઓનો મ્હોટો ભાગ એ આહારથી મુક્ત છે. અરોરાઓમાં પણ કેટલોક ભાગ વૈષ્ણવ ધર્મ પાળે છે. સિન્ધના લોહાણામાં ત્રીશ વર્ષ પહેલાં માંસાહાર સ્હામે બોલનારને મુર્ખ માનવામાં આવતો, ત્યાં પણ હમણા એક કુટુમ્બ એવું નહિ હોય કે જેમાં એક તૃતીયાંશ ભાગ એ વર્જ્ય આહારથી મુક્ત નહિ હોય ! શહેરોમાં નહિ પણ જેને બારાડી—ગામડા કહેવામાં આવે છે ત્યાંનાં લોકો પણ આહાર વિહારમાં સુધારો કરતા જાય છે.

સમય પ્રગતિનો છે. આપણી દરેક પ્રાચીન સંસ્થા, આપણી

દરેક જાતિ, દરેક સાંસારિક કે વ્યવહારિક રીતિ, કસોટી પર છે અને તેમાંથી કેટલા ટકા શુદ્ધ નીકળશે તે કહેવું મુશ્કેલ છે. અલબત સત્યનો જય થવાનોજ અને તે પ્રમાણે આપણી આશા બળવાન છે. રાત પછી રાત પડતી નથી, અને એકવાર પડે તે પડીજ રહે એ કુદરતનો નિયમ નથી. ભારત વર્ષના દરેક સાચા પુત્રની આશા—ઉત્કટ આશા છે કે ભારત વર્ષ ઉન્નત થશે. ઉન્નતિને શિખરે ન પહોંચે તથાપિ પોતાની સહચારી પ્રજાઓની સમાન તો રહેશે. ભારત વર્ષના દરેક હિતૈષીની આશા છે કે ભારતીય પુરૂષો અને સ્ત્રીઓના આત્મામાં જ્ઞાનની જ્યોતિ જાગશે—ગૃહે ગૃહે અને સ્થળે સ્થળે એ પ્રકાશમાન જ્યોતિ તેજસ્વીતાના કિરણો પ્રસરશે. કોલેજની જડ ઉપાધીઓવાળા નહિ પણ આત્માના પ્રકાશથી દેદીપ્ય લાગતા ગ્રેજ્યુએટો માર્ગે માર્ગે જોવામાં આવશે. બુદ્ધિના પ્રકાશમાં અંધ શ્રદ્ધા—વ્હેમ અને અજ્ઞાનતામૂલક પ્રવૃત્તિઓ બળી ખાખ થઇ જશે. જ્ઞાનના એકત્રિત પ્રકાશ અગ્નિમાં જીર્ણ ખોખાં બળી જશે. શુદ્ધ કર્માનુયાયીવર્ણધર્મો યોજાશે—કર્માવલંબી જાતિઓ બંધાશે અને આપણે આશા રાખીશું કે સમીપસ્થ ભવિષ્યમાં ઐકયતાના પ્રભાવથી આપણે આપણા ભાઇઓને ત્હેમના ખરા સ્વરૂપમાં ઓળખી શકીશું. જે કોન્ફરન્સ, લોહાણા કોન્ફરન્સ કહેવાવા છતાં સંપૂર્ણ લોહાણા પ્રજાને પોતાના મંદિરમાં પ્રવેશવા દેવા અસમર્થ છે તેજ કોન્ફરન્સના સુવર્ણ અને રત્નજડિત દ્વારોમાં અરોરા અને ખત્રીઓ પણ દાખલ થશે. સિન્ધના લોહાણા તેમાં પ્રવેશ કરી પોતાના કાઠીયાવાડી અને ગુજરાતી બન્ધુઓને ભેટશે, અને સર્વ પોતાનાં ઉપનામોનો એકજ ક્ષત્રિય નામમાં સમાવેશ કરી દેશે. આશા અમર છે અને શુભ આશાના ફળદાતા ભગવાન છે.

પ્રકરણ ૮ મું.

હિન્દુસ્તાનની ધાર્મિક અધોગતિ–લોહાણા જ્ઞાતિપર હેની છાયા–પીરો ફકીરો સાથે સંબંધ– ઉડેરાલાલનું જીવન.

નાગરિક જીવનના અનુભવીઓ કદાચ અપરિચિત હશે પણ આપણી જ્ઞાતિના ગ્રામ્ય લોકોમાં પીરો કે ઓલીયાઓની માનતાઓ મનાય છે, કબરોની પૂજા થાય છે–ઈમામોને પાણી પાવાના કાર્યમાં લોહાણાઓ–તેમાં પણ વિશેષતઃ સ્ત્રીઓ પ્રવૃત્ત હોય છે–નાળીયેર વધેરે છે, અને કચ્છમાં તો અમને એવા પ્રસંગો જોવાનો પણ અવકાશ મળ્યો છે કે જ્યારે મહોરમના દિવસોમાં ગામડામાં મુસલમાનોની સંખ્યા ન્યુન હોય ત્યારે આપણા ભાઈઓ છાતી કૂટવાને પણ તૈયાર થઇ જાય છે. દરેક ગામમાં એકને એક પીરની જગ્યા હોય છે અને કોઈ વખતે દુષ્કાળના પ્રસંગે કે યાત્રાને પ્રસંગે પીરનો મેળો ભરાતાં લોહાણા પણ તેમાં ઉત્સાહ પૂર્વક ભાગ લે છે. સિન્ધમાં નમરકકો પાસે આવેલ પક્કાપીરની યાત્રા માટે કચ્છના લોહાણા સેંકડો માઇલ ચાલીને જાય છે.

આ સર્વ ખોટું છે કિંવાં મુસલમાનોની શ્રદ્ધા આંધળી અને આપણી શ્રદ્ધા જીવતી અને જાગતી છે એમ કહેવાનો આ પ્રસંગ નથી, તેમજ ઐતિહાસિક સત્યતા સાથે ધાર્મિક સિદ્ધાન્તોને થોડો સંબંધ હોય છે. આપણે તો માત્ર અમુક ઘટનાનું કારણ શોધવાનું છે અને એક જ્ઞાતિના ઇતિહાસ પરત્વે હેના સંસ્કારો અને

તેનાં અંતરબાહ્ય કારણો શોધી સ્પષ્ટ કરવાની ખાસ આવશ્યકતા હોય છે.

સ્વ. રમેશચંદ્ર દત્ત—એન્શીયન્ટ સીવીલીઝેશન (Ancient Civilization) નામના પોતાના ગ્રંથમાં કહે છે કે,

Ancient Greece fell through dissensions among her petty states, ;Rome fell on account of her luxury and vice, India fell on account of her superstition and consequent lifelessness.

ભાવાર્થઃ—પ્રાચીન યુનાન તેના નાનાં રાજ્યોમાં કલેશના કારણથી પડયું, રોમ મોજ શોખ અને દુર્ગુણમાં લુબ્ધ થવાથી પડી ભાગ્યું અને હિન્દ વ્હેમ જાળમાં ફસાયાથી અને પરિણામે ચેતન રહિત થઈ પતિત થયું.

કેટલાક વિદ્વાનોની એવી માન્યતા છે કે હિન્દુસ્તાનમાં ધર્મનો વિકાસ થયો છે. હા ! ધર્મનો અર્થ નીતિ કહીએ તો અંધ શ્રદ્ધાએ અમુક વ્યકિતઓને—દેશના મોટા સમુહને નીતિની સાંકળોથી, શ્રદ્ધામૂલક ધર્મની સાંકળોથી, બદ્ધ રાખ્યા છે. જ્ઞાન અને જાગૃત બુદ્ધિનો ધર્મ તો આપણા વૈદિક રૂષિઓ સાથે લઇ ગયા છે. ભાગવત અને ગરૂડપુરાણમાં જ્ઞાનની પરિસીમા જોનારા બ્રાહ્મણોને તે પ્રાપ્ત નથી નથી થયો.

વૈદિક કાળમાં ઇશ્વરની ભાવના સ્ફાટિક જેવી શુદ્ધ અને બાળકના અંતઃકરણના જેવી નિર્મળ દેખાય છે. એજ ભાવના બુદ્ધિના વિકાસ સાથે વિકાસ પામે છે અને ઉપનિષદોમાં પરમાત્માને—સત્—ચિત્ અને આનંદરૂપ—પ્રેમના સાગર રૂપ—સર્વ સામર્થ્યના કેન્દ્રરૂપ અને સર્વ

ભાવનાઓના મૂળરૂપ–આત્મામય જોઇએ છીએ.

सर्वोपनिषदो गावो दुग्धा गोपाल नंदनः ।

સર્વ ઉપનિષદો ગાયો છે અને તેનું દોહન કરનાર શ્રી કૃષ્ણ છે, અર્થાત્ ગીતા એ સર્વ ઉપનિષદોનો સાર છે અને ગીતામાં જે વિસ્તૃત અને ઉદાર ઈશ્વર ભાવના મૂળરૂપ દેખાય છે તે વિરલ અને આર્યદેશની ઉંડી વિચારશકિત દર્શાવે છે.

મહાભારત કાળ પછી ધર્મમાં પણ સંશય અને શુષ્ક ચમત્કાર ભાવના પ્રવેશ પામવા લાગી હતી. કોઈ પણ મહાત્મા કે સાધુ, યતિ કે મુનિ જ્યાં સુધી ચમત્કાર ન કરે–કિંવા જ્યાં સુધી ત્હેના શિષ્યો તરફથી તે દેખાડવાનો પ્રયત્ન ન થાય ત્યાં સુધી તેની સાધુતામાં ન્યુનતા જણાતી. ચરિત્ર અને વિચારો ઉપરથી પ્રેમ ઉઠી ચમત્કારોમાં ગોથા ખાવા લાગ્યો. કોઇ પણ પ્રજાની અધોગતિનું આ પ્રથમ પગથીયું છે.

આ પગથીયું ઉતરતાં પરિણામ જણાતું નથી, ઉલટું ક્વચિત વિકાસ થવા જેવું પણ થાય છે, તેમ વૈદિક કાળ પછી તત્વજ્ઞાનની ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા કિંવા વેદાન્ત એ છ શાખાઓનો વિકાસ થતો હતો. પાછળથી પુરાણની ધર્મ પ્રવૃતિ થઈ. ઉપનિષદોમાં ઇશ્વરની માયા શકિતનો સ્વીકાર કરવામાં આવ્યો છે, અને ન્યાયવાળાની ઇચ્છા શકિત સાંખ્ય કે યોગવાળાની કુંડલિની અને વેદાન્તવાળાની પ્રકૃતિ કે વાચ્ય એ શકિતનાં રૂપાન્તર છે. પુરાણવાળાઓએ આ માન્યતાને આધારે બ્રહ્મા સાથે સરસ્વતી, વિષ્ણુ સાથે લક્ષ્મી અને શિવ સાથે પાર્વતી રૂપે શકિતને યોજી દીધી છે.

વેદનાં ઉપવેદ-અંગમાં તન્ત્ર પણ એક અંગ મનાય છે. આ અંગમાં વૈદિક કાળમાં મન શક્તિ-વિચાર શક્તિ-જેમાં સાંપ્રત મેસમેરીઝમ કે હીપનોટીઝમ (Mesmerism-Hypnotism) અને માનસિક વિજ્ઞાનશાસ્ત્રનો સમાવેશ થતો હતો. એ વિદ્યા અનુભવજન્ય છે પણ તે જો અનાધિકારીને પ્રાપ્ત થાય તો તેનો દુરૂપયોગ થાય છે અને જગતને નુકશાન થાય છે. હમણાં પણ મેસમેરીઝમ અને પ્રેતાવાહન વિદ્યાથી અમેરિકા ઇત્યાદિ દેશોમાં અનર્થો થવાની વાતો આપણે પત્રોમાં કે વાર્તાઓમાં વાંચીએ છીએ. આમ હોવાથી રૂષિઓ તે પરમ અધિકારીનેજ શીખવતા અને તેનો અનાધિકારના કાળમાં બહુધા લોપ થઇ ગયો, તથાપિ કેટલીક વ્યક્તિઓએ એ તન્ત્ર વિદ્યાના ભ્રષ્ટ અંશ સાથે-વશીકરણ ઇત્યાદિ વિઘાતક અંશ સાથે શક્તિની ભાવના જોડી શક્તિ સંપ્રદાય કિંવા વામમાર્ગ પ્રવર્તાવ્યો.

આ શક્તિ સંપ્રદાયનો પ્રારંભ કયારે થયો એ ચોક્કસ નથી. માર્ગી સાધુઓના ભજનોમાં એ માર્ગ પણ અનાદિ હોવાનું જણાવે છે. કોઇને કોઇ સ્વરૂપમાં તેનું અસ્તિત્વ તો પ્રાચીન કાળમાં પણ હશે એમ જણાય છે. જોકે પ્રાચીન કાળમાં ત્હેનું સ્વરૂપ જરા પણ મેલ વગરનું અને નિર્મળ હશે. પુરાણોમાં શક્તિના સ્વરૂપનું વર્ણન આવે છે પણ તે સત્વ પ્રધાન છે. (જુઓ દેવી ભાગવત, વિષ્ણુ પુરાણ -ઇત્યાદિ.)

જ્યાં સુધી અમુક વ્યક્તિઓનાં ચરિત્ર નિર્મળ અને પ્રતિભા સંપન્ન ન હોય ત્યાં સુધી લુખા નીતિના શિક્ષણની સર્વ મહેનત વ્યર્થ જાય છે, તેમજ જ્યાં સુધી વ્યક્તિઓનાં મન જ્ઞાનસંપન્ન અને ચરિત્ર આદર્શ ન હોય ત્યાં સુધી અમુક વ્યક્તિઓ કે આચાર્યોનો પ્રયત્ન ત્હેના વિષયો ગમે તેવા સબળ અને સર્વદેશીય હોવા છતાં, નિષ્ફળ જાય છે. વ્યક્તિઓની નીતિ શિથીલ થતાં પણ ધર્મમાં રૂપાંતર થાય

છે અને તેથી પણ સડો પેસી જાય છે. આવાં કોઇક કારણુને યોગે આ દેશમાં પણ એક તરફ શ્રીમાન શંકરાચાર્ય—માધવાચાર્ય—રામાનુજાચાર્ય—વલ્લભાચાર્ય ઇત્યાદિનો તત્વજ્ઞાનનો પુનરૂદ્ધાર કરવાનો પ્રયત્ન ચાલુ થતાં અજ્ઞાન વર્ગ વિશેષ હોવાથી અન્ય દિશામાં વામ માર્ગ —શક્તિ માર્ગની પણ ઉન્નતિ થતી હતી. ધર્મના સૂક્ષ્મ ભેદો ન સમજી શકે કે સ્હમજવાનો અવકાશ ન મળે એવા હજારો સ્ત્રી પુરૂષો આનંદ શોધવા માટે કે પોતાની ધાર્મિક વાસના તૃપ્ત કરવા માટે આ માર્ગમાં જોડાતા હતા.

આ શક્તિમાર્ગની ધર્મને નામે એટલી બધી અધોગતિ થઈ ગઈ કે ત્હેનું જરા જેટલું વર્ણન લખતાં પણ અમને કંપારી છુટે છે. ધમ, જેનો હેતુ નીતિ સિવાય બીજો હોઇજ ન શકે—જે ધર્મ પોતાના અનુયાયીઓને નીતિવાન નથી કરી શકતો તે ધર્મ નહિ પણ પ્રજા પર એક શાપ છે. આ ધર્મ એટલી અવનત પાયરીએ પહોંચ્યો હતો કે માંસ ભક્ષણ, મદિરાપાન અને પરસ્ત્રી ગમન એજ મુખ્ય પ્રક્રિયાઓ મનાતી અને ધર્મ મંદિરનો આશય પણ એટલોજ રહેતો. નિર્દોષ પશુઓનું બલિદાન આપવું, કોઇવાર નિર્દોષ મનુષ્યોનું બલિદાન આપવાની અધમ ક્રિયાએ પણ ધર્મને નામે થતી હતી.

શકિતમાર્ગમાં જૂદા જૂદા સંપ્રદાયો છે અને તેમાં સાત્વિક પુરૂષો પણ થયા છે. હિન્દુસ્તાનના કેટલાક ભાગોમાં દેવીની નિર્મળ પવિત્ર માતારૂપે પૂજા થતી—કેટલાક સ્થળોમાં માત્ર બલિદાન અપાતું, અને કેટલાક સ્થાનોમાં ચોળી માર્ગ અને બીજા માર્ગ પણ પ્રવર્ત્યો હતો. આ છેલ્લા માર્ગની ક્રિયાએ ઘણીજ અધમ છે.

શક્તિના જૂદા જૂદા સંપ્રદાયોમાં અજ્ઞાન વર્ગના લોકો અધિકારાનુસાર જોડાતા હતા. મધ્યકાળમાં સત્ય ધર્મજ મોંઘો થઇ ગયો

હતો. વેદનો અભ્યાસ માત્ર અમુક સ્થાનોમાંજ થતો, તેવા વખતમાં વૈદિક સંસ્કારોનો પ્રસાર થાય એ તો બનેજ ક્યાંથી? તેમાં પણ સિન્ધમાં મુસલમાનોનો અમલ વહેલો શરૂ થયો હતો અને સમાજની ધાર્મિક અજ્ઞાનતા વૃદ્ધિ પામતી હોવાથી ધર્મ વાસના તૃપ્ત કરવા માટે લોહાણાના કેટલાક ભાગે-મ્હોટા ભાગે શક્તિ સંપ્રદાયનો આશ્રય લીધો હોય એમ જણાય છે.

હમણા પણ આપણામાં ચંડીપાઠ બેસાડે છે-ભુવા ધુણાવે છે. સિન્ધમાં હિંગુલા દેવીની યાત્રા માટે જાય છે, અને શક્તિ સંપ્રદાયના અનુયાયીઓમાં કોઇનો સ્વર્ગવાસ થતાં તેને સ્થળે ત્હેનો પુત્ર કે પૌત્ર માતા સંપ્રદાયી થાય અર્થાત શંખોદ્ધાર કરે ત્યારેજ સ્વર્ગવાસી પિતૃને તૃપ્તિ થાય છે, એવી માન્યતા છે. આપણા લોહાણાઓમાં આ શંખોદ્ધારની ક્રિયાઓ કરાવે છે જેનું અમારા વાચકો પૈકી ઘણાને જ્ઞાન હશે.

શકિત સંપ્રદાયનો અધમ માર્ગ તે મ્હોટો પંથ કિંવા વામમાર્ગ -બીજ માર્ગ અને ચોળી માર્ગ, જેમાં કેવળ ભ્રષ્ટાચારજ પ્રવર્તે છે. તેમાં લોહાણાનો વિશેષતઃ પ્રવેશ થયો નથી. આ શકિત સંપ્રદાયમાં ત્હેના સેવકોની શ્રદ્ધા હતી-કેટલાક પુરાણો પણ લખાયા હતા અને ભજનો તો સંખ્યાબંધ રચાયાં હતાં. તથાપિ તે સર્વ ભાવનાનું મૂળ માત્ર ઐહિક સુખ સુધી હતું. અમુક સાંસારિક એષણા માટેજ દેવીના ભકતોની શ્રદ્ધા હોય છે. આ માર્ગમાં નિયમ પ્રમાણે એક પછી એક અને સંસર્ગથી અન્ય શિષ્યો પણ જોડાતા હતા. અને સંપ્રદાયની વૃદ્ધિ થતી હતી તેમજ અજ્ઞાનતાની પણ સાથેજ વૃદ્ધિ થતી હતી.

અતિ અંધકાર એ પ્રકાશનું એક સ્વરૂપ છે કે પ્રકાશનું સ્થાન છે અને **अति सर्वत्र वर्जयेत्** એ વાક્ય પણ પ્રમાણભૂત ત્યારેજ

ઠરે છે જ્યારે અતિ અજ્ઞાનના પરિણામે કોઇ પરમ જ્ઞાનની મૂર્તિના અતિ જૂલમના પ્રસંગમાં કોઇ મહા વીરની રક્ષક મૂર્તિનાં, અને અતિ ઉકળાટના પરિણામે અમૃતમય–શાન્તિદાયક–સુખકારી વૃષ્ટિનાં આપણને દર્શન થાય છે. આ નૈસર્ગીક નિયમ છે અને તે પરિવર્તન પામતો નથી.

હવે આપણે કંઇક બીજી દિશા તરફ વળીશું. ઇસુના છટ્ઠા સૈકામાં અરબસ્તાનમાં આવેલા મક્કા શહેરમાં મુસલમાન ધર્મના સ્થાપક હઝરત મહમદ સાહેબનો જન્મ થયો હતો. પોતાની ધર્મ પ્રીતિ અને ઉચ્ચ પ્રકારની પ્રતિભાના બળથી એમણે અરબસ્તાનમાં એક નવી જ્યોતિ જાગૃત કરી હતી, જે ઇસ્લામને નામે સુપ્રસિદ્ધ છે. અરબો જેવી લડાયક અને યુદ્ધપ્રેમી જાતિમાં એમણે ઐક્ય અને સંસ્કારનું બળ રેડયું અને ઇ. સ. ૬૩૨ માં એમના સ્વર્ગવાસ પછી એમના અનુયાયીઓ આસપાસ ફરી અનેક મુલ્કો પોતાને તાબે કર્યા પશ્ચિમમાં છેક મીસર અને સ્પેન સુધી એમની સત્તાનો ઝુંડો ઉડવા લાગ્યો. અરબો ઐક્યના બળથી આગળ તો વધ્યા પણ ત્હેમના અસંસ્કારી વિચારોને લઇ એ ઐક્યનું બળ તેઓ જીરવી શક્યા નહિ. હઝરત મહમદ સાહેબ પછી એમની ગાદીપર ખલીફા અબુબકર બેઠા, એમની પછી ઉમર. આ બે ખલાફતો સુધી મુસલમાનોમાં ઐક્ય રહ્યું. ત્યાર પછીનો ઇતિહાસ અનૈક્યયુક્ત અને અસંસ્કારમૂલક જણાય છે. ચોથા ખલીફા હઝરત અલીના સમયમાં મુસલમાનોમાં બે પક્ષ પડી ગયા. આ બે પક્ષના નામ સુની અને શિયા. હઝરત અલીના અનુયાયીઓ તે શિયા અને તેમના વિરોધીઓ તે સુની. હઝરત અલીના પુત્રો હસન અને હુસેન તથા વિરોધીઓ વચ્ચે અનેક યુદ્ધો થયાં હતાં અને હસનને કપટથી ઝેર આપવામાં આવ્યું હતું. આ બીના મુસલમાનોમાં યાદગાર મનાય છે. અને મહોરમ માસમાં શિયા

વર્ગના મુસલ્લમાનો તાજ્યા વિગેરે બનાવે છે.

શિયા સંપ્રદાયમાં પુનઃ સમય જતાં બે વર્ગ થયા. આ પૈકી એક ઇસ્માઇલી કહેવાતો. ઇસ્માઇલી સંપ્રદાયનો વિકાસ વિશેષતઃ ઇરાનમાં થયો હતો. આગળ જતાં અબદુલ્લા મેમુન સુફી નામના એક સાધુએ સુફી મતની સ્થાપના કરી. સુફીઓએ ઇસ્લામમાં એક નવીન તત્વજ્ઞાનનો ઉમેરો કર્યો. આ તત્વજ્ઞાન આપણા અદ્વૈત વેદાન્ત માર્ગ જેવોજ છે. વેદાન્તિયો **अहं ब्रह्मास्मि** કહે છે, સુફીઓ **અનલહુક** કહે છે. જે બન્નેનો અર્થ 'હું ઈશ્વર છું' એવો થાય છે. સુફીમતમાં હાફેઝ–ઉમર ખયામ વિગેરેના કાવ્યો સુપ્રસિદ્ધ છે અને તે એટલા તો હૃદયદ્રાવક અને પ્રતિભાપૂર્ણ છે કે પશ્ચિમના સમર્થ વિદ્વાનો ત્હેનો અભ્યાસ કરે છે. આ સુફીમત પણ ન્યુન સંસ્કારવાળા જીવો જીરવી શકયા નથી. તેમણે એમાંથી નિઝારી સંપ્રદાય ઉપજાવ્યો. આ નિઝારી સંપ્રદાયના સિદ્ધાન્તો સુફીઓને મળતા હતા, પણ એક સાચો સુફી જ્યારે એમ કહે છે;—

"કોની દાનન્દ હાલેમા સબ કબારાન સાહેલહા."

ભાવાર્થ—રાત્રી અંધારી છે અને દરિયો તોફાની હોવાથી જળના વમળ થાય છે, દરિયો ઉછાળા મારે છે. તે વખતે ભર દરિયામાં એક ભાંગેલી હોડીમાં બેઠેલા અમે (સુફીઓ) તેની સ્થિતિ, ઓ સુખી, કિનારાના મહાલયમાં રહેનાર જીવડા, તું શું સ્હમજી શકે? દિવાને હાફેઝ. આનો લક્ષ્યાર્થ દેહ ક્ષણભંગુર છે અને પ્રેમનો માગ વિકટ છે, એમ થાય છે.

Now the new year is reviving old desires,
Th thoughtful soul to solitude retires;
Where the white hand of Moses on the bough

Puts. out and Jesus from the ground icspires.
(*Oomar Khayam.*)

અર્થ:—નવીન વર્ષ જુની આશાઓને તાજી કરે છે, વિચારવંત જીવડા એકાંતમાં જાય છે, જ્યાં મોઝીઝનો શ્વેત હસ્ત ઝાડમાંથી બહાર આવે છે અને ઇસુ જમીનમાંથી આશાની પ્રેરણા કરે છે.

ઉપરોક્ત વાક્યમાં જે પ્રેમની ધારા વહે છે તે ધારાને—સિંહણનું દુધ હોય તે સુવર્ણ પાત્રમાં ઠરે—એ ન્યાયે પરમ અધિકારી જ જીરવી શકે છે. નિઝારી સંપ્રદાય વાળાઓએ સુફીઓના આત્મ અધિકાર વિના દરેકને કંઈક વ્યવહારિક સુફી ધર્મનો બોધ કર્યો. સુફી કાવ્યોમાં શરાબ (મદિરા) ની વારંવાર પ્રશંસા કરેલી છે. શરાબની મસ્તી અર્થાત્ પ્રેમનો નિશો—ભક્તિની ઉચ્ચતમ ભાવના—એવો અર્થ નીકળે છે. અનાધિકારીઓએ ત્હેનો સ્થૂલ અર્થ લઇ લીધો. સુફી મતમાં ઇશ્વરને માશુક (beloved) કહેવામાં આવે છે. સાંસારિક દ્દષ્ટિએ માશુકનો અર્થ જેના ઉપર પ્રેમ હોય તેવી સ્ત્રી એજ થાય છે. નિઝારીઓના અભિપ્રાય પ્રમાણે જન્નત (સ્વર્ગ)માં પણ સ્ત્રીઓ અને શરાબ છે. આ માન્યતાનો તેઓ અમલ પણ કરતા હતા; અને તેમના એક ઉપદેશકે એવું સ્વર્ગ (જન્નત) પણ ઇરાનના મુલહીત ગામ પાસે રચ્યું હતું. જેમાં થતાં કામોનું ભયંકર ચિત્ર શ્રીયુત સચ્ચેદીના રહીમ નાનજીઆણી કૃત 'ખોજા વૃત્તાન્ત'* બીજા ભાગના ૧૨૩—૬ પૃષ્ઠમાં આપવામાં આવ્યું છે. ઇ. સ. ૧૨૫૨ માં તાતાર લોકોના અમીર અલાઉએ ત્હેનો નાશ કર્યો હતો. સ્વલ્પમાં આ સંપ્રદાયનો હેતુ ધર્મને બહાને સાંસારિક સુખોપભોગ તરફ વિશેષ હતો. ખોજા વૃત્તાન્તમાં—એ ઇસ્માયલી નિઝારી સંપ્રદાયના સિદ્ધાન્ત માટે ઉપસંહારના શબ્દો ટાંકવા જેવા છે:—

---

* રા. નાનજીઆણીએ આ હકીકત 'હીસ્ટરી ઑફ આસીસીન્સ'માંથી લીધી છે.

" માનવું કંઇ નહિ અને હીંમત સધળી વાતની કરવી હોવાથી ધર્મ અને નીતિના દરેક તત્વમાર્ગનો નાશ થયો. ધર્માચાર્યોની મદદથી લોભી યોજનાઓ પાર પાડયા શિવાય ત્હેનો બીજો કોઇ ઉપયોગ થતો નથી. દરેક વાત ઠગાઈ ભરેલી તથા કોઇ પણ વાતની મનાઇ નથી એમ સ્હમજી કોઇને પણ માન આપે નહિ અને કુલ કામ કરવાની બાથ ભીડે તેવા ધર્મગુરૂઓને ઘાતકી કામો કરવાનાં તેજી હથીયાર શિવાય બીજું શું નામ આપી શકાય ?

" મનુષ્ય દેહ ધરી જે ઉમદી મતલબો સાધવાની છે તે સાધવાને બદલે માત્ર વિષય ભોગનીજ તૃપ્તિ મેળવવી એજ આ સંપ્રદાયની મતલબ હતી. અને ત્હેનું પરિણામ એ આવે છે કે આ સંપ્રદાય અજ્ઞાન રૂપી અંધાર ખાડામાં પડે છે. "

આ નિઝારી સંપ્રદાયના ઉપદેશકોનું મૂળ સ્થાન ઇરાનના અલમુત ગઢમાં હતું. તેઓ રાજ્યપ્રપંચ કરતા અને ઉપદેશ પણ કરતા. નિઝારી ઉપદેશકો એશીયાનાં ઘણા દેશોમાં ફરતા હતા. તેમ તેઓ હિન્દુસ્તાનમાં પણ કાશ્મીરને માર્ગે આવ્યા હતા.

નિઝારીઓનો ધર્મ ત્હેમને કેટલીક વાંધા ભરેલી બાબતોની છૂટ આપતો હતો. તેથી ધર્મમાં પણ તેઓ ધર્મની સત્તા કરતાં સ્વાર્થ તરફ વિશેષ લક્ષ રાખતા અને જેસેકુ તેસા કરી પોતાનું કાર્ય કરતા હતા.

ઈ. સ. ૧૮૬૬ માં ખોજા કોમ વચ્ચે કજીઓ થતાં એ બાબત મુંબઇની હાઇ કોર્ટે ચડી હતી. જજમેન્ટમાં ઇસ્લામીઓની ધર્મ શીખવાની યુક્તિનો ઉલ્લેખ થયો છે. જેનું ભાષાન્તર ખોજા વૃતાન્ત પૃષ્ટ ૧૪૦ અને એદલજી ધનજી કાબા કૃત 'ખોજા કોમની તવારીખ' ભાગ ૨૪૬-૪૭ માં આ પ્રમાણે આપેલ છેઃ—

"અગર એક શિયા જે ઇમામી ઇસ્માયલી ધર્મનો નહિ હોય તેને વટલાવવો હોય તો દાઈ અથવા પાદરી (સ્ત્રી અને પુરૂષ ઉપદેશક) શિયા ધર્મની તાલીમનો દિલોજાનથી સ્વીકાર કરે છે. અલી અને ત્હેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું અથવા હુસેનની શહાદત વિષે અને ત્હેના કુટુમ્બને કેદ કરવા વિષે તેણે ઘણી દયા ઉપજે એવો વિચાર આપવો.........એ પ્રમાણે પોતાને માટે રસ્તો તૈયાર કરીને પછી ઇસારો કરવો કે શિયા ધર્મનો મત સંપૂર્ણ રીતે જાણવા સારૂ ઇસ્લામી ધર્મના છૂપા ભેદો શીખવા જોઇએ."

"જો તેણે એક યાહુદીને વટલાવવો હોય, તો તેણે ખ્રિસ્તી અને મુસલમાન ધર્મ વિષે વિરૂદ્ધ બોલવું અને જેને વટલાવવા માગતો હોય તેની સાથે મળી જઇને કહેવું કે જે "મસીઆ" આવનાર છે તેની વકી રાખવી, પણ રફ્તે રફ્તે તેના મગજમાં આ વાત ઉતારવી કે જે મસીઆ આવનાર છે તે ઇસ્માયલી ધર્મનો મ્હોટો "મસીઆ" અલી શિવાય બીજો કોઇ નથી.

"જો તે એક ખ્રિસ્તી ધર્મ પાળનારને વટલાવનાર હોય તો યાહુદી લોકોની હઠ અને મુસલમાન લોકોના અજ્ઞાનપણા વિષે લંબાણથી બોલવું. ખ્રિસ્તી ધર્મના મુખ્ય ભાગને માન આપવાનો ડોળ ઘાલવો; પણ ધીમે રહીને એવો ઇસારો કરવો કે તે સઘળું અલામતી છે અને તેમાં વધારે ઉંડા ભેદ છે; તે ભેદ ખુલ્લો કરનાર માત્ર ઇસ્માયલી ધર્મ છે......"

"પોતાના ધર્મના વિચારો છૂપા રાખવા. જેઓને પોતાના ધર્મમાં લાવવા માગતા હોય તેઓના ધર્મનો મોટો ભાગ પોતાનો કરી કબુલ રાખવો."

આ પ્રમાણે હિંદુસ્તાનમાં એ ઉપદેશકોએ પ્રવૃત્તિ કરી હતી.

પંજાબ, કાશ્મીર, સિન્ધમાં આ વખતે શક્તિ સંપ્રદાયનું પ્રબળ વિશેષ હતું. આ ઉપદેશકોએ બતાવવાને માટે શક્તિ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. તેના થોડાક નમુના એમના ભજનોમાંથી જણાશે.

સત જુગ મધે રાજા પેરાજ પહ્લો પાયો,
પાંચ કોડીરો રાજા મુખી કહેવાયો.
...........દોએ કર જોડી કુતબુદીન બોલ્યા.
તો મારા જુગારો પહ્લો પાયો.

ઈસ્લામ ખુદાને નિરાકાર માને છે, અને અવતાર તે સાકાર છે. માતા પંથીઓ શ્રી નારાયણ ભગવાનના નવ અવતાર થઈ ગયાનું અને દશમો થનાર છે એમ માનતા હતા. આર ઉપદેશકોએ અનુકુળતાને ખાતર શ્રી મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, અને બૌદ્ધ એમ માતા પંથીઓના નવ અવતાર વ્યાજબી હોવા જણાવ્યા. આમ માતા પંથીઓના નવ અવતાર ખરા જણાવતાં આ ઉપદેશકો માતા પંથીઓનો અસાધારણ પ્રેમ મેળવી શક્યા, પરંતુ આ ઉપદેશકોને પોતાનું બીજ રોપવાનું હતું અને અવતારના સ્વરૂપમાં રોપાય તોજ રામબાણ નીવડે તેમ હતું. આ માટે બહુજ સરસ યુક્તિ કરી. દશમો નકલંક જે થનાર છે, અને જેની માતા પંથીઓ રાહ જોતા હતા તે માટે એમ જણાવ્યું કે જે અવતારની તમો રાહ જુઓ છો, તે તો પ્રગટ થઈ ગયો છે. × × × આ ઉપદેશકોએ નકલંક અવતાર તે હઝરત અલી રૂપે જાહેર કર્યો. નવ અવતાર હિન્દુ સ્વરૂપમાં થયા અને દશમો મુસલમાન સ્વરૂપમાં થયો. તે શંકાનું એવી તો સરસ ખુબીથી સમાધાન કીધું છે કે મુખથી આફરીન નીકળી જાય છે.

આ માટે ઉપદેશકોએ યુધિષ્ઠિરે કૌરવોને મારી નાંખી પાપ

નિવારણુ માટે યજ્ઞ કીધો તેજ પ્લોટ હાથ ધર્યો. પાંડવોને ત્યાં યજ્ઞની ક્રિયા જામી રહી હતી ત્યારે નવમા અવતાર બુદ્ધ કોઢીઆ (કોડવાળા) ના રૂપમાં ભીક્ષા લેવા ગયા. યજ્ઞમાં કોઢવાળો દાખલ થાય તો યજ્ઞ ભંગ થાય, એમ બ્રાહ્મણોએ યુદ્ધિષ્ઠિરને સમજાવ્યું. આ યજ્ઞમાં બુદ્ધ પોતાની વિદ્યાના પ્રભાવે દાખલ થયા હતા, અને યુધિષ્ઠિરને યજ્ઞ કરવાની જરૂર ન હતી એમ જણાવી બ્રાહ્મણોની લુચ્ચાઇ જાહેર કરી. બુધે બ્રાહ્મણો ઉપર નાખુશ થઈ જણાવ્યું કે "હું દશમો અવતાર પણુ હિન્દુ સ્વરૂપમાં લેવાનો હતો પણુ તમારા પાપના પ્રતાપે મારો દશમો અવતાર મુસલમાન થશે." (એદલજી ધનજી કાબા કૃત ખોજા કોમની તવારીખ, પૃષ્ઠ ૨૫૫-૨૫૬.)

માતા પંથીઓ માને છે કે નકલંક અવતાર સાથે પાંચ પાંડવો પણુ આવશે. ઇસ્માયલી-નઝારી ઉપદેશકોએ એમાં મુસલમાની નામો જોડી દીધાં હતાં.

અન્ન પાણીના તતગરા લેશે
લુણુ પાણીના હિસાબ લેશે, ખરા ખોટાના પટંતરા લેશે
લાખ ટકો દઇ બાવો પાટ ધારશે.
નુગરાને ઘાલી ઘાલી પીલશે
એણે સમે પાંચ પાંડવ આવશે.
પાંચ પાંડવના નામ ધરાવશે.
ઇસોને આલઅદીન, ખોજાને કમલદીન.
મકરદીન... ... ... (ખોજા વૃતાન્ત, પૃષ્ટ ૧૫૨.)

હિન્દુઓને પ્રસન્ન કરવા આ ફકીરો કોઇવાર ઇસ્લામની પણુ નિન્દા કરતા હતા. એજ ભજનમાં આવનાર ગુરૂને માટે કહે છે કેઃ—

પડાવી મસ્જીદો ધર્મશાળાઓ ચણાવશે.

આ ઉપદેશકે આવી રીતે મુખ્યત્વે શક્તિ સંપ્રદાય અનુયાયીઓમાં પગ પ્રસાર કરતા હતા. અન્ય કોમોમાં—મેગવાળ જેવી અજ્ઞાન કોમ ઉપર પણ ત્હેમની અસર થઈ હતી. અને અદ્યાપિ પર્યન્ત તે લાતંગ પીરને માને છે જે પણ ઇસ્માયલી ઉપદેશક હતો.

આ ઉપદેશકોમાં પ્રથમ નુર સતાગર-પીર હતો જેણે યુક્તિ અને બુદ્ધિથી હિન્દુસમાજમાં પ્રવેશ કર્યો. ત્હેની પછી (ખોજા વૃતાન્ત, પૃષ્ટ ૧૮૧) ખોજા પંથના જ્ઞાનો (ભજનો)માં સાલેદીનનું નામ આવે છે અને પીરોની ટીપમાં ઈમામદીનનું છે. એ બે નામ નુર સતાગરના ચેલકા ચોટનાં હશે એમ અનુમાન થઈ શકે છે. તે પછી શમ્સદીનનું નામ છે. તે પછી નશીરદીન, સાહેબદીન, સદરદીન અને કબીરદીન એ નામો છે.

એક વિધર્મીને મુખે થતી સ્વધર્મની પ્રશંસા અને મુસલમાનોની નિન્દા ભોળા-અજ્ઞાન હિન્દુ ઉપર કેટલી અસર કરી શકે તે સહજ સ્હમજાય તેમ છે. શક્તિ સંપ્રદાયના હિન્દુઓ આ ઉપદેશકો ઉપર ફીદા થઇ જતા હતા અને ઉપદેશકો તેમને ફુંકી ફુંકીને સીસામાં ઉતારતા હતા.

આ પીરોમાં પીર સદરદીન ઘણોજ યુક્તિબાજ તેમજ વિદ્વાન હોઈ હિન્દુ ધર્મના જોઇએ તે ભાગનો સારો જેવો અભ્યાસ કરી લીધો હતો, તેમજ જન સ્વભાવને પણ યથાર્થ ઓળખી સાથે ઈસ્લામનાં તત્વો પણ તે યુક્તિથી દાખલ કરી શકતો હતો. એણે કરેલી અવતારોની યોજના જાણવા જેવી છે.

શ્રી અનાદ (૧) આદ (૨) અવિગત (૩) આદ (૪) હવ (૫) કવ (૬) ધર્મ (૭) કવર (૮) નવ (૯) નાદ (૧૦) ઉત્રા (૧૧) હરીનક (૧૨) અંત (૧૩) અતીત (૧૪) **વાંસેશ્રી મછ** (૧) ભયા-

નક (૧૫) અજામેળ (૧૬) ઉગ્રસેન (૧૭) ઇચ્છવર્ણપત (૧૮) એસુ-મલ (૧૯) વણવીર (૨૦) **વાંસેશ્રી કૌરભ** (૨) બશ્રીત (૨૧) એદી-આત (૨૨) પ્રજામત (૨૩) ઉગ્રસેન (૨૪) કદીમ (૨૫) દોયેલ (૨૬) **વાંસેશ્રી વારાહુ** (૩) કેશવ (૨૭) બળીયા (૨૮) વસઅસુ (૨૯) તાહુતસ (૩૦) ગોતમ (૩૧) પુરીતક (૩૨) **વાંસેશ્રી નરસંઘ** (૪) મનાયે (૩૩) કુસુ પરખ (૩૪) કિસમંડણ (૩૫) **વાંસેશ્રી વામન** (૫) માનધાતા (૩૬) પૃથ્વી જય (૩૭) એશ્રીત (૩૮) જવ લગન (૩૯) **વાંસેશ્રી પરશુરામ** (૬) રૂથ (૪૦) જજીઆત (૪૧) કુંભ-હરી (૪૨) અજેપાળ (૪૩) દશરથ (૪૪) **વાંસેશ્રી રામ** (૭) પદમ (૪૫) જસવદણ (૪૬) વીરપાળ (૪૭) વાસુદેવ (૪૮) **વાંસેશ્રી કાન** (૮) પ્રાખત (૪૯) જન્મેજય (૫૦) શિવાનંદ (૫૧) વિણવચ્છરાજ (૫૨) **વાંસેશ્રી બુદ્ધ** (૯) શીશ (૫૩) સામ (૫૪) મલેક (૫૫) ઇસલામ (૫૬) હારામ (૫૭) સામાન (૫૮) આદાન (૫૯) નિઝાર (૬૦) મિંઝાર (૬૧) ઇલીઆસ (૬૨) મલેક (૬૩) ખઝીમ (૬૪) કિનાન (૬૫) મસરત (૬૬) ફઇઆલ (૬૭) ગાલબ (૬૮) લબે (૬૯) કાભ (૭૦) મુરાદ (૭૧) કઝીમ (૭૨) મુંતહર (૭૩) અબ્દુ-લમુનાફ (૭૪) હાસમ (૭૫) મુતલબ (૭૬) તાલબ (૭૭) વાંસેશ્રી મોલા મુરતુઝા અલી (૧૦).

નવમા બુદ્ધાવતાર પછીની પેઢીઓ દાદા આદમની લખી છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પણ એજ પ્રમાણે યોજના કરી છે.

જીરે ભાઇએ આજ કલજુગમાં ઇશ્વર આદમ નામ ભણાયાં,
ગુરૂ બ્રહ્મા તે નબી મહમદ કહાવ્યા હો જીરે ભાઇ.
જીરે ભાઇએ પુરૂષ ઉત્તમ વિષ્ણુજી અલીરૂપે નામ ભણાયાં,
તે તો નામ રખીસરે ધાયાં હો જીરે ભાઇ.

આવી ઝેર જેવી—અને સર્વથા અસત્યમૂલક ભાવના અંધતમ —અજ્ઞાનતમ બુદ્ધિમાંજ રેડી શકાય તેમ છે. આવી માન્યતા જે "જી મહારાજ" કહી સ્વીકારી લે ત્હેની અજ્ઞાનતાનો વિચાર તરત આવી શકે તેમ છે. પીર સદરદીને આવી રીતે યુક્તિથી હિન્દુઓને વટલાવ્યા હતા અને કેટલાક વટલતાં બચી ગયા હતા તો ત્હેમના વિચારોમાં પરિવર્તન કર્યું હતું.

પીર સદરદીનનાં લોહાણા શિષ્યો તે ખ્વાજા કિંવા ખોજા કહેવાયા એમ રા. નાનજીઆણીની માન્યતા છે. એક એમના ભજનમાં એવું કથન છે;—

પીર સદરદીન પંથજ કીયા જાહેર ખાનાં મકાન,
પેલો ખાનો આવી કર્યો કોટડા ગામ નિધાન.
પીર સદરદીન જાહેર થયા હિન્દુ કર્યા મુસલમાન;
લોવાણા ફેરી ખોજા કર્યા, તેને આપ્યો સાચો ઇમાન;
ખોજે ગુલામશા અલીનો કહીએ તે મુરીદ આલનો જાણ.
ત્યાં પથ સમારીને ખાનાં કરીઆં તેને પીરે ઓખ્યા પ્રમાણ;
આગળ ખાનુ સુરજા રાણીનું કહીએ તે તો ગુપ્ત પિછાણ.
સતગુરૂ સદરદીન જ્ઞાન સુણાવ્યા તે કોટડા ગામમાં જાણ.
એજી કોટડા ગામમાં કહીએ, ત્રીકમ રહે તેણે ઠામ;
તે જાહેર છે ઇમામ લાવેઓ અને ખોજા ધરાવ્યેવે નામ,
એવા દીન આલેઆ શ્રી ઇસલામ શા નીવાર.
આજ ઉંચ મૂલક જે કહીએ ત્યાં અમારો ઠાર.

તે ઉપરાંત અમદાવાદ પાસે આવેલા પીરાણા ગામમાં પીરાણા સંપ્રદાયના સ્થાપક હજરત ઇમામશાહ બાવાએ લુહાણા તથા બ્રાહ્મણોને વટલાવી મુસલમાન કીધા અને ખોજા નામ આપ્યાનું એ સંપ્રદાયના

"શ્રી ઇમામશાહ બાવાના પ્રછા" નામના પુસ્તકમાં જણાવેલું છે:—

રહેવાશી લોઢગર શેહેરના, લવાણા બ્રાહ્મણનો સાથજી
તેના ગોરે કામ કેવાં કર્યાં, સુણો મુમન તેની વાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૩

પ્રબોધ દીધો પ્રેમથી, જનોઇ ઉતારી છે ત્યાંયજી
નામરૂપી જનોઇ પેહેરીએ, એવું બોલ્યા સૌ ત્યાંયજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૪

સર્વે જનોઇયું ઉતારીયું, ઉતારા મણ તે સવાએજી
ત્યાંથી સૌએ ગોર થાપીઆ, સેવક બન્યા સૌ ત્યાંયજી
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૫

ગોરે સૌ સેવક તણા, ખોજા ઠક્કર ધરાવ્યા નામજી
જગત તારણ છે રે જાગતો. ધણી મારો કેવાં કરે કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૬

પન્જો ગોરનો જાહેર છે, નાના રોજાની માંહેજી;
હાલ જનોઇ છે કાયમ તંહી, જુઓ સૌ વારંવારજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૭

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ખોજાઓ માત્ર અસલ લુહાણાઓજ હતા? આ પ્રશ્નનો આપણે હાકારમાં જવાબ આપીએ તે પેહેલાં આ બાબત પણ વિચારવા જેવી છે. ખોજા કોમની તવારીખ પૃષ્ટ ૨૬૮ માં પીરનુરૂદીન (નુર સતગુરનુર) સંબંધે લખતાં તવારીખનો લખનાર જણાવે છે કે, હીન્દુઓમાંથી વટાળી ખોજા બનાવનાર પેહેલ વેહેલા એ પીર હતા. તેમણે હિંદુ ધર્મમાંથી વટાળી ખોજા નામ આપ્યાનું ખોજાઓની માનીતી બુક " મોમીન

ચેતામણીમાં" પીર ઈમામશાહના મુખથી કહેવાયું છે. આ પાઠ આ પ્રમાણે છે:—

એજી નુર સતગુરનુર પરથમ જાહેર થયા,
તે પણ પામીઆ એ ઘર મીંજાર
તેણે સેવા કીધી નર અલી તણી,
તારે આલીઓ સત પંથ સાર— ચેતો. ૧૯૮
એજી તારે સતગુર નુર પ્રબોધ કરી,
તેણે આપીઓ ધરમ સંભાર;
એ વીરા મારા ભાઇ તમે સાંભળો,
સતગુર કહે છે પુકાર— ચેતો. ૧૯૯
એજી તેણે બોધીને ખોજા કરીયા,
અને આપીઓ તે ધરમ આચાર;
ત્યાંથી સતપંથ ચાલીઓ,
દસોંદ તણું વેહેવાર— ચેતો. ૨૦૦

ઉપદેશક પીરનુરૂદીન યાને નુરસતગુર નુર પીર સદરદીનથી પેહેલા થઇ ગયા છે, અને તેમણે હિન્દુઓને વટલાવી ખોજા કર્યા એમ ઉપરના પાઠથી બોધ થાય છે. પીર સદરદીનના ભજનમાં પણ "પીર સદરદીન જાહેર થયા, હિન્દુ કર્યા મુસલમાન" એ વાકય "લુહાણા ફેરી ખોજા કર્યા" એ વાકયથી પેહેલાં આવે છે. આ ઉપરથી પણ એમ સિદ્ધ થઈ શકે છે કે માતાપંથી હિન્દુઓને આ ઉપદેશકોએ વટલાવી મુસલમાન બનાવ્યા અને તેમનું નામ ખોજા રાખવામાં આવ્યું હતું. કદાચ આ માતાપંથી હિન્દુઓમાં લુહાણા જ્ઞાતિનો મોટો ભાગ હોય. આ માન્યતા વઢવાણ શહેરવાળા સ્વર્ગવાસી નારાયણજી અમરશી અને ખોજા કોમની તવારીખના કર્ત્તા એદલજી ધનજી અબ્બાની પણ છે. (ખોજા કોમની તવારીખ, પાના ૩૧ અને ૫૧.)

ખોજા માત્ર અસલ લુહાણાઓજ હતા એ માન્યતા લોકમતથી પણ ઘણે દરજ્જે વિપરીત લાગે છે. ખોજાઓ અસલ ભાટીઆઓ હતા અને લોહાણા વટલી મેમણો થયા એવી લોકવાયકા પ્રસિદ્ધ છે.

મેમણો લોહાણામાંથી થયા છે તેને માટે ઘણા સારા પ્રમાણો મળી આવે છે, તેમજ શ્રી દરિયાલાલની ઉત્પતિની વાર્તા પણ મેમણો સાથેજ જોડાયલી છે. આપણે પ્રથમ મેમણોની જનમાન્યતા તપાસી શું. મેમણોની ઉત્પતિ સંબંધમાં મુંબાઇ ઈલાકાના કેમ્પબેલ સાહેબના ગેઝીટીયરના ૯ મા ભાગમાં પૃષ્ટ ૫૦—૫૧ માં લખવામાં આવ્યું છે. ગેઝીટીયરકાર જણાવે છે કે તે વૃત્તાંન્ત એમણે સૈયદ અમીરૂદીન કૃત ઉરદુ ગ્રન્થ નિઝહત—ઉલ—અખબાર માંથી લીધો છે, જે ઇ. સ. ૧૮૭૩ માં કચ્છ મુંદ્રાના મેમણ જાતિના પીર પીર બુઝરગ અલીની ઇચ્છા અને આશ્રયમાં લખવામાં આવ્યો હતો. પુન ગેઝીટીયર જણાવે છે કે આ વૃતાન્ત ત્રણ સાચા હવાલાને આધારે લખવામાં આવ્યો છે.

(૧) સૈદ બુઝરગ અલી—મેમણોના પીરના વંશાવળી (૨) મેમણો વટલ્યા ત્યારે માણેકજી નામના પ્રથમ ઇસ્લામ સ્વીકારનારને જ્ઞાતિનો શેઠ-પદ્દીની જે સનદ આપવામાં આવી તે માણેકજીના વંશજ ભૂજના શેઠ સાહેબદીના પાસે છે. (૩) લોહાણા મેમણ થયા ત્યારે તેમના જ્ઞાતિના ગોર હંસરાજ રામાણીના વંશજ જોશી ભોજરાજ પાસેથી પણ સનદો મળી છે.

આનાથી વધારે સત્ય પ્રમાણો બીજાં શું હોઇ શકે ? ઉપરોક્ત સત્ય પ્રમાણોને આધારે લખાયલો મેમણોની ઉત્પતિની બાબતમાં જણાવવામાં આવે છે કેઃ—

" ઇ. સ. ૧૧૬૮માં મૌલાના પીર અબ્દુલ કાદર મહજદીન બગદાદમાં સ્વર્ગવાસ પામ્યા. મરણ સમયે પોતાના પુત્ર પૈકી એકને હિ-

-દુસ્તાનમા રહેવા અને ત્યાંના લોકોને ઇસ્લામની ખુબી સમજાવવા ની આજ્ઞા કરી. ઇ. સ. ૧૪૨૧ માં એમનાથી પાંચમી પ્હેડીએ પીર યુસુફુદીનને એક આશ્ચર્યકારક સ્વપ્નમાં–તરત સિન્ધમાં જવાની અને ત્યાંના લોકોને ઈસ્લામનો ખરો માર્ગ બોધવાની આજ્ઞા થઇ. જ્યારે સૈયદ યુસુફુદીન સિન્ધમાં દાખલ થયા ત્યારે તેની રાજધાનીનું શેહેર નગરઠટ્ટા હતું અને રાજ્ય કર્ત્તા સમા વંશનો (ઇ. સ. ૧૩૫૧ થી ૧૫૨૦) રાજા, જેનું ઉપનામ મરકબખાન–મૂળનામ ધણું કરી રાય રાયધણુ (ઇ. સ. ૧૪૫૪), હતો. જેણે સૈયદનો સત્કાર કર્યો અને પોતાના મેમાન તરીકે સ્વાગતા કરી. આ વખતે માણેકજી નામે લોહાણો જે જ્ઞાતિમાં–૮૪ નુખોમાં મુખી હતો તેનું મરકબખાનના દરબારમાં સારું માન હતું. મરકબખાન સૈયદનો મુરીદ થયો અને માણેકજી ત્હેનાં બે પુત્રો તથા અન્ય ૭૦૦ લોહાણા કુટુમ્બોએ પોતાનાં રાજ્યકર્તાનું અનુકરણ કર્યું, અર્થાત તેઓએ પણ ઇસ્લામનો સ્વીકાર કર્યો. માણેકજીના મુસલમાન થયેલા બે પુત્રો પૈકી, રવજીને આહમદનુ નામ આપવામાં આવ્યુ તથા રવજીના પુત્રો સુંદરજી અને હંસરાજને આદમ અને તાજમાહમદના નામો આપ્યા. ત્હેમના ઈસ્લામ સ્વીકાર્યા પછી પીર યુસુફુદીને જાતિનું નામ પણ મોટા અને લોહાણા બદલાવી મોઅમીન–અર્થાત–માનનારા (believers) એવું નામ આપ્યું. અને આદમને એક માનદર્શક પોષાક આપી નવીન જ્ઞાતિનો વંશપરંપરા મુખ્ય ઠરાવ્યો. તેઓએ નગરઠટ્ટાની પાસે વાડા ગામમાં મુખ્ય સ્થાન કર્યું."

આ પ્રમાણે ગેઝીટીયરકારે, ઉપરોક્ત નિજ્હત–ઉલ–અખબારને આધારે મેમણોની ઉત્પતિ દર્શાવી છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે જે પ્રમાણોને આધારે એ ઉત્પતિનો વૃતાન્ત લખવામાં આવ્યો છે તે બેશક સબળ અને વિશ્વસનીય છે. રાજા મરકબખાનને નામે સમા-

વંશમાં કોઇ રાજા નથી—ગેઝીટીયરકાર રાજા રાયધણુનેજ મરકબ ખાન ઠરાવે છે અને મરકબખાન એક ઉપાધિ છે. ફેરીસ્તાના પારસી ગ્રન્થમાં (ભા. ૨ જો પૃષ્ટ ૬૧૫–૬૨૦) સિન્ધના સમા રાજાઓના ઉલ્લેખમાં કોઇ પણ સ્થળે મરકબખાનનું નામ જણાતું નથી.

તારીખે મસઉની (ઇ. સ. ૧૬૦૦ સર. એચ. એમ. ઈલીયટ ભા. ૧ પૃષ્ટ ૨૩૧) માંએમ જણાવવામાં આવ્યુ છે કે જામ રાયધણુના સમયમાં નગર ઠઠ્ઠામાં એક ફકીર વારંવાર આવતો જે ન્યાયી બુદ્ધિનો હતો,–તે નગર ઠઠ્ઠાનો પીર પણ કહેવાતો હતો.

સૈયદ યુસુફુદીન અને રાય રાયધણુ સમાના સમયમાં ફક્ત ૩૩ વરસનો અંતર છે તેથી ઐતિહાસિક દૃષ્ટિથી પણ મરકબખાન તે રાય રાયધણુ અને મસુની પ્રમાણે જે ફકીર તે સૈયદ યુસુફુદીન હોવો જોઇએ. મેમણોની નુખો, તેમના રીત રિવાજ, ત્હેમની વ્યાપારી સાહસિકતા વિગેરેથી મેમણો લોહાણામાંથી થયા છે એ વાતને અનુમોદન મળે છે. મેમણો ઇ. સ. ના પંદરમા સૈકામાં આશરે ૧૪૨૫ થી ૫૦ પર્યન્ત વટલ્યા હશે એમ સ્હમજાય છે. એમનો વિશેષ ભાગ લોહાણામાંથી વટલ્યો હશે પરંતુ દંતકથા એમ પણ કહે છે કે તેમની જ્ઞાતિ–મ્હોટા અને લોહાણા, જેમાં મોટા શબ્દ પણ જ્ઞાતિને માટે વપરાયો છે. લોહાણાને માટે મ્હોટા શબ્દ પ્રચલિત હોય અગર મ્હોટા એ લોહાણાનો કોઇ ભાગ પણ 'હોય એમ પ્રસિદ્ધ નથી. ભાટીયાની ઉત્પતિમાં એવી એક વાત છે કે લાહોરના અમુક લોહાણાની મ્હોટી નામે કન્યા સાથે નરપત નામે ભાટીયાનું લગ્ન થયું હતું અને ત્હેના વંશજ મ્હોટા કહેવાયા. ભાટીયા અને લોહાણામાં સૌરાષ્ટમાં આવ્યા પછી–ભાટીઆઓએ વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા પછી જણાય છે તેવો અંતર ઉદ્ભવ પામ્યો હશે. બન્ને પ્રજાઓ ઉત્તર પ્રદેશમાંથી આવી છે અને અનેક કટાકટીના સમયમાં સાથે રહી દુ-

શ્મનોની સામે પોતાના ધર્મનું રક્ષણ કર્યું છે, કારણ કે ઉભયને વિ-ધર્મીઓનાં હલ્લા સામે ટકી રહેવા જરૂર હતી. આવા સંજોગોમાં તે-મને અનેક પ્રસંગોમાં સાથે જોડાયાની અને સાંસારિક સંસર્ગ કર-વાની પણ જરૂર પડી હશે. નગર ઠઠ્ઠા લોહાણાઓનું મુખ્ય સ્થાન છે તેમજ સિન્ધમાં અદ્યાપિ પર્યન્ત ભાટીયાઓનું મૂખ્ય સ્થાન એ-જ છે. આ પ્રમાણે મેમણોમાં અમુક ભાગ ભાટીયાઓનો હોય તો તે પણ બનવાજોગ છે.

મેમણ કોમ સાહસિક વ્યાપારી–સ્વતંત્રતાને ચાહનાર અને નો-કરાની ભાવનાને ધિક્કારનાર છે. ઐતિહાસિક–મુસલમાની કાળમાં આ ઈતિહાસ જણાવે છે તેમ હિન્દુ સમાજને અનેકધા ગેરલાભ થયો છે અને લોહાણા પ્રજાને અતુલ ભોગ આપવો પડ્યો છે. ઇ-તિહાસ પ્રમાણિકપણે એટલું દર્શાવી શકે છે કે મેમણોનો મ્હોટો ભાગ લોહાણામાંથી છે, અને એ માન્યતા ઉભય પ્રજાઓ સ્વીકારે છે એજ સંતોષપ્રદ છે.

અમે ઉપર કહી ગયા છીએ કે મેમણોની ઉત્પત્તિ સાથે શ્રી દરિયાલાલની જીવનકથાનો નિકટ સંબંધ છે; તેનો હવે આપણે વિચાર કરીએ.

દરેક સ્થળે જ્યાં લોહાણાની થોડી પણ વસ્તી હોય ત્યાં દરિયા-લાલનું દેવાલય હોય છે અને બુદ્ધ ધર્માવલંબીઓને બુદ્ધને માટે, વૈષ્ણ-વોને વલ્લભાચાર્ય માટે, શૈવોને શંકરાચાર્ય માટે જેવો પ્રેમ છે તે-વોજ પ્રેમ દરિયાલાલને માટે લોહાણાઓને છે. લોહાણા ઇતિહા-સમાં દરિયાલાલની કથા એ એક મહત્વનો ભાગ છે.

દરિયાલાલના જીવનનો વિચાર કરતાં પ્રથમ તો એજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે દરિયાલાલ કે ઉડેરાલાલ વાસ્તવિક રીતે કોઈ

ઐતિહાસિક વ્યક્તિ છે કે માત્ર કાલ્પનિક સાગરના દેવને એ નામ આપવામાં આવ્યું છે ? આપણે ગત પ્રકરણમાં જોઇ ગયા છીએ કે યુરોપિયન પંડિતો ભગવાન રામચન્દ્રજીને પણ કાલ્પનિક વ્યક્તિ માને છે અને હવે બુદ્ધ ભગવાનને પણ કાલ્પનિક ઠરાવવાને વિદ્યાના વીરો જાગ્યા છે ! આવી વસ્તુસ્થિતિ હોય ત્યાં લોહાણાના દેવ બિચારા દરિયાલાલને ઇતિહાસમાંથી ખસેડી નાંખવા એ કંઇ મ્હોટી વાત છે ?

આપણામાં દરિયાલાલ કે લાલસાંઇના જીવનને માટે અનેક દંતકથાઓ પ્રચલિત છે. સિન્ધમાં એમના નામના–એમની કીર્ત્તિના –એમનાં ચરિત્રનાં ભજનો ગવાય છે. અનેક રીતે પૂજન થાય છે. દર સુદી ૨–ચન્દ્ર દર્શનના દિવસે હૈદ્રાબાદ પાસે નસરપુરમાં યાત્રા ભરાય છે, અને વરસમાં એકવાર ચૈત્ર સુદી ૨ ને દિવસે મ્હોટી યાત્રા ભરાય છે અને લગભગ દોઢ લાખ યાત્રાળુઓ આવે છે.

રા. રા. નારાયણદાસ વિસનજી ચતુર્ભુજ ઠક્કુરના પિતાશ્રી રા. વિસનજીભાઈએ લાલ ઉડેરાનું એક જીવનચરિત્ર હિન્દી ભાષામાં લખ્યું છે, તેમાં ઉડેરાનો સમય અને સંક્ષિપ્ત કથા આ પ્રમાણે છેઃ–

વિક્રમ સંવત ૧૦૦૭ (ઇ. સ. ૯૫૧) માં નગરઠઠ્ઠા નામના શહેરમાં મરખ શાહ નામના બાદશાહને એવી બુદ્ધિ સુઝી કે ખુદા એક છે અને હિન્દુઓ અનેક દેવો તથા ત્હેમની મૂર્તિઓને માનનારા હોવાથી કાફર છે અને તે સર્વને મુસલમાન કરવામાં પુણ્ય છે. આવો વિચાર થતાં પોતાના અહા નામના વઝીરને બોલાવી સર્વ વાત કહી. તેમણે અગ્રેસર હિન્દુઓને બોલાવી સ્હમજાવવા અને ન સ્હમજે તો જુલમ કરવાનો, જનોઈ તોડવાનો–તિલક ભુંસી નાંખી ઈસ્લામ સ્વીકારાવવાનો નિશ્ચય કર્યો. આવો નિશ્ચય કરી તેમણે હિન્દુઓને બોલાવી તેમને કહ્યું કે તમે મુસલમાન થાઓ અગર

તમારા દેવોમાં સત્યતા હોય તો તે પ્રત્યક્ષ દેખાડો; તેમ નહિ કરો તો અમે જુલમ કરી તમને મુસલમાન કરીશું. આવી વાત સાંભળી શુદ્ધ જનોએ વિચાર કર્યો કે હિન્દુમાંથી મુસલમાન થવું તેના કરતાં મરવું બહેતર છે. તેથી તેમણે સાગરદેવ પર સિન્ધુના કિનારા પર બેસી તપશ્ચર્યા કરવાનો સંકલ્પ કરી બાદશાહને કહ્યું કે આપ જે કહોછો કે હિન્દુઓમાં અનેક દેવ છે અને અનેકને તેઓ પૂજે છે એ વાત વાસ્તવિક નથી, કારણ કે દેવ એકજ છે એ વાત સત્ય છે અને એ સત્યતા હિન્દુઓ પણ સ્વીકારે છે. હિન્દુઓ શક્તિ ભાવમાં ઈશ્વરને જોનારા છે અને એક દેવને પૂજી સર્વ દેવોના દેવ પરમાત્મા પ્રત્યે જનારા છે માટે હિન્દુઓ અનેકેશ્વરવાદી છે એમ કહેવું વાસ્તવિક નથી. આ પશ્ચિમ દેશમાં બહુધા સર્વ હિન્દુઓ સાગરદેવને પૂજનારા છે અને અમે પણ દરિયાપૂજક છીએ. અમે અમારા ઉપાસ્ય દેવ ઉપર તપ કરીશું. અમને ફક્ત એક અઠવાડીયાનો સમય આપો તે દરમ્યાન અમારા દેવ પ્રત્યક્ષ થઇ દર્શન આપી આપનો સંશય ટાળે તો સારૂં, નહિ તો અમે આપની ઇચ્છાને આધીન થઇશું.

બાદશાહે એ વાત સ્વીકારી લીધી અને હિન્દુઓને સાત દિવસનો સમય આપ્યો. હિન્દુઓ પ્રેમ અને શ્રદ્ધા રાખી સિન્ધુના તટપર તપ કરવા બેઠા. ત્રીજે દિવસે સિન્ધુના જળમાંથી એવો અવાજ થયો કે આજથી આઠમે દિવસે હું નસરપુરમાં ઠક્કુર રત્નરાયને ત્યાં માતા દેવકીના ઉદરથી જન્મ ધારણ કરીશ. તમે ચિન્તા ન કરો ! હું તમારૂં સર્વ દુઃખ દૂર કરીશ. આ પ્રમાણે સાંભળી સૌ ભક્તોએ દરિયાદેવને નમન કર્યું—પ્રસન્ન થઈ પુનઃ નગરમાં આવ્યા અને વિતેલી વજીરને કહી સંભળાવી, તેણે તે બાદશાહને કહી. બાદશાહે વજીરને નસરપુરમાં મોકલ્યો જે યુક્તિ કરી ઉડેરાને ઠકામાં

લાવો. બાદશાહે ઉડેરાને કેદ પકડવાનો પ્રયત્ન કર્યો પણ તેમ કરવામાં તેની સર્વ યુક્તિઓ નિષ્ફળ ગઇ, ત્યારે બાદશાહે પગે પડી ક્ષમા માગી. ઉડેરાએ તેને જીવ અને ઇશ્વરનો ઉપદેશ આપ્યો. બાદશાહનું માન ઉતરી ગયું અને હિન્દુઓ નિર્ભય થયા. ઉડેરાલાલ પછી નસરપુરમાં ગયા અને ત્યાં પણ ઘણા ચમત્કાર કર્યા. નસરપુરમાં સુન્દર દરિયાસ્થાન બનાવ્યું. પુગરને વરૂણપુરીમાં લઇ ગયા. અનેક લોકો એમના પૂજારી થયા. તદ્પશ્ચાત્ જહેતી નામના સ્થાનમાં જઈ અશ્વ સહીત તે અદશ્ય થઈ ગયા. બાદશાહે ત્યાં કુવો કરાવ્યો છે, જેમાં જયોતિ બળે છે અને કબરની પૂજા પણ થાય છે. હિન્દુ પૂજારી અને મુસલમાન મુજાવર રહે છે. ઉડેરાલાલ સખરબખર પાસે પ્રગટ થયા હતા ત્યાં સિન્ધુ નદીની વચમાં એમનું સ્થાન બનાવ્યું છે અને તેનું નામ જીન્દ પીર રાખવામાં આવ્યું છે.

ઉપરોક્ત કથામાં મૂખ્ય બાબતો આવી ગઈ છે તથાપિ એકાદ બે અગત્યના મુદ્દા રહી ગયા છે. બાદશાહે ઉડેરાને કેદ કરવાનો પ્રયત્ન કર્યો હતો પણ ઉડેરાની મહત્તા અમુક મુસલમાન પીરને શાસ્ત્રાર્થ કરી તેમજ ચમત્કારો કરી હરાવવામાં હતી. શરત એમ થઇ કે મુસલમાન પીર અને ઉડેરો ચાદર (મુસલમાનો એક રંગીન વસ્ત્રનો ફેંટા કે ઉપવસ્ત્ર તરીકે ઉપયોગ કરે છે જેને સિન્ધમાં ચાદર કહે છે)પર બેસી દરિયામાં અધર તરવાનો પ્રયત્ન કરે; જે સત્ય હશે તે તરશે અને અસત્ય ડુબી જશે. મુસલમાન પીરે હિંમત કરી. તે બન્ને ચાદર પર બેઠા. જરાક આગળ વધતાં ચાદરના છેડા પાણીમાં પલળ્યા અને પીર ભય પામવા લાગ્યો. તેણે પોકાર કર્યા અને ડુબી જવાનો ભય બતાવ્યો. ઉડેરાલાલે પીરને બચાવી લીધો. હિન્દુઓ માને છે કે ત્યારથીજ મુસલમાનો ચાદરના છેડામાં રંગનો ઝુમખો પૂરે છે. પીરે સોગન ખાધા અને હિન્દુઓને ન સતાવવા

વચન આપ્યું. આપણા વડીલોમાં એ વાર્તા પ્રચલિત છે, તેમજ સિન્ધમાં પણ એ માન્યતા પ્રચલિત અને સુપ્રસિદ્ધ છે. બર્ટન સાહેબનો સિન્ધના લોકોનો લાંબા વખતનો અનુભવ હતો તે પણ આ પ્રમાણે લખે છે. બર્ટન સાહેબે જણાવેલી વાત ઉપરની માન્યતા સાથે સરખાવતાં કેટલેક સ્થળે પિષ્ટપેષણ થાય છે, તથાપિ તે સિન્ધ લોકમાન્યતાનો પ્રતિધ્વનિ હોવાથી અમે તે અક્ષરસઃ ઉતારી લઇએ છીએ:—

The next in rank to Jendapir the river God is his Vazir (Prime Minister) Udero Lal. The legend told about him by his Hindu votaries runs thus;-In the days of Aurangzeb there was a Moslem Kazi in Sind who resolved by moral and physical means forcibly to propagate his faith througntout the province and such was his success that the worshippers began to fear for the very existence of their religion. At length heaven heard their prayers as the time was come when the persecution grew intolerable.

At Nasarpur (about 90 milesf rom Hyderabad a town built on the Indus which then flowed down the channel now called Phitc) lived an aged Banyan whose name was Puggerwani. Others call him Ratan. All however agree that he and his wife were not only childless but also much too old to hope for the blessing of issue.

He being the head of the caste called together a Punch or meeting of the Banyas requested them to join him in supposition and for that purpose led them down to the riverside where 40 days they preserved in the exercises of praying fasting and vigils. After that period when all began to despair of success a human voice was heard to issue from the stream conveying the gratifying intelligence that the committee of Banyas might be dissolved as the Kazi's persecutions should shortly be changed to a favourable view of the religion against which he was so violent. The Banyas departed, but as after a short time no alteration appeared in the conduct of the Kazi, they returned to the stream and requested that it should be more explicit. The kind hearted river ....informed them that he proposed to manage the matter by means of a child who should be born to Puggarwani and his wife. Again the Banyas returned home in a state of joyfulness In due time a boy appeared and received the propitious name of Mangal-the auspicious one. No account of this wonderful youth's education and occupation is given, except that when he reached his fifth

year his parents used to send him together with the other children of the neighbourhood to sell Kuhar (boiled grain or pulse) in the adjecent villages. Mangal was in the habit of leaving his home every day and after getting rid of his companions by different means of going to the river side alone and occupying himself with prayer to the stream when it was time to return he threw his basket of Kuhar into the waters which requieted him by upheaving the same vessel full of money honey and other delicacies. At length the parents judging by the sum they received from their son suspected that all was not right. No adjurations however could force the secret from the boy. All he said was that he had gained the money honestly. One day Pugarwani resolved to follow his son and watch his proceeding. When Mangal reached the river he performed his orisons, sat down to meditate and finally threw in his offerings. Upon this two men issued from the stream and in presence of the father drew the boy into the water. Pugarwani shrieked in dispair but was presently comforted when he saw his son return from his visit with usual basket upon his arm.

At this time it so happened that in consequence of the Kazi's increased vehemence for converting the Banyas all agreed once more to have recourse to the river. Again their prayers were responded to by a voice which informed them that they might be of good cheer as Mangal was now an efficient protector. The boy undertook this office with pleasure and only requested that whenever a Hindu was chosen out for persecution he might be informed of the event. A few days afterwords the Kazi came to Nasarpur and being in a bigoted frame of mind openly declared his resolution to circumcise the whole place and as he had heard some curious tales about Mangal that he would commence with making an example of him. After summoning the boy the Kazi began by setting forth the advantages of Islam and its superiority to all other faiths, his juvenile auditor however declared himself not to be convinced by unsupported assertions and demanded a polemical discussion to which the Moslem agreed. As is commonly the result of such exercises out of as well as in Sind, neither party at the termination of the argument said any reason to alter his own opini-

on. Mangal then proposed that it should be resumed at the riverside and stated his conviction that no spot could be better fitted than the banks of the Indus for discriminating truth from falsehood. When they arrived at the place appointed the Hindu remarked that on such occasions he was in the habit of casting his white cloth over the water and seating himself upon it as on a carpet. Moreover he opined that if his opponent would only join him the question would easily be settled, as the true religion would swim and other sink. The Moslem was as strong in faith as the Pagan. He instantly accepted the test and only bargained that his own chadar which was stained with indigo should be used instead of the Hindus cloth. When the antagonists reached the middle of the stream the Kazi began to sink. After enduring two or three immersions he lost courage and called to the boy for aid. Mangal nothing loth merely ordered his persecutor to place the lips of his fingers upon the corner of the chadar where five white spots instantly appeared. He obliged the Kazi to swear by that sign, that he would cease his persecutions, and then landed him in safety.

ઝન્દાપીર સાગરદેવના વઝીર રૂપ ઉડેરાલાલ મનાય છે. બર્ટન સાહેબ સમય ઔરંગઝેબનો બતાવે છે અને અમુક બાદશાહ નહિ પણ કાઝી કે જેના ચમત્કારો તથા શાસ્ત્રાર્થ ઉપરથી તે સૈયદ હોવો જોઇએ. રા. વિશનજીની માન્યતા અને આ માન્યતામાં સમયનો ફેર છે. એક ઇ. સ. ૧૦૦૭ જણાવે છે એક ૧૬૫૮–૧૭૦૭ સુધી જણાવે છે. એક મરખખાન બાદશાહનું નામ આપે છે બીજો અમુક કાઝી—સૈયદ જણાવે છે. ઉડેરાના જીવન અને કર્ત્તવ્ય ઉપરથી જણાય છે કે બાદશાહ કરતાં સૈયદ હોવાની વાત વધારે સુઘટિત છે. સ્થળને માટે ઉડેરાનું ઉદ્‌ભવસ્થાન ઉભય માન્યતાઓ પ્રમાણે નસરપુર છે. રા. વિશનજીએ પુગરને ઉડેરાનો સેવક માન્યો છે. બર્ટન સાહેબ પુગર અને ઠક્કર રતન એકજ હોવાનું સ્વીકારે છે. રતન કે પુગર અને ત્હેની સ્ત્રી વૃદ્ધા હતાં અને હવે તેમને સંતતિ થશે એવી જરા પણ આશા નહોતી. સૈયદના જુલ્મ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતાં વાણીયા (લોહાણાને બર્ટન સાહેબ વાણીયા કહે છે) ગભરાયા અને પુગર વાણીયાએ પંચાત બોલાવી. સર્વેએ સાગર દેવની સ્તુતિ કરવાનો વિચાર કર્યો; ચાલીસ દિવસ તેઓ બેઠા અને નિરાશ થયા ત્યારે દેવે ત્હેમને જવાબ આપ્યો અને શાન્ત રહેવા કહ્યું. જુલમથી અકળાયલા તેઓ ફરી દેવ પાસે આવ્યા. દેવે પુનઃ ત્હેમને શાન્ત રહેવા કહ્યું. એવામાં પુગર કે રતનરાયને ત્યાં એક બાલકનો જન્મ થયો જેનું નામ મંગળ રાખવામાં આવ્યું. મંગળને ન્હાનપણથીજ વારંવાર દરિયા કિનારે જવાની અને ત્યાં કલાકોના કલાકો બેસી સ્તુતિ કરવાની ટેવ હતી. જરાક મ્હોટી ઉમર થતાં તેને બીજા છોકરાઓ સાથે અનાજ વેચવા મોકલવામાં આવતો. બીજા છોકરાને થાપ ખવડાવી આ ચમત્કારી બાળક સિન્ધુને કિનારે આવતો અને સાંજનો વખત થાય ત્યારે અનાજની

ટોપલી સાગરમાં પધરાવી દેતો. રહામેથી એક ધનની, મધની, એવી કોઇ સુંદર વસ્તુની ટોપલી મળતી, જે લઇ ઘેર આવતો. ત્હેના માબાપ વિચારમાં પડયા. એક વખતે ત્હેનો પિતા ત્હેની પાછળ ગયો. છોકરાને ટોપલી પધરાવતાં જોયો અને એક આકૃતિ બહાર આવી ત્હેને અંદર ખેંચી ગઇ. ત્હેનો પિતા ગભરાયો પણ ક્ષણવાર રહી મંગળ પોતાના હાથમાં એક ટોપલી લઇ બહાર આવ્યો.

આ બાજુ સૈયદ પણ વધારે વધારે જૂલમ કરવા લાગ્યો. લોહાણા ફરી સાગરદેવ પાસે ગયા, જેમણે કહ્યું કે આ બાળક મંગળ ત્હમને નિર્ભય કરશે. મંગળે પણ પોતાના કર્ત્તવ્યનો સ્વીકાર કર્યો અને હવે જ્યારે કોઇ હિન્દુને ધર્મને માટે મરવાનો વખત આવે ત્યારે પોતાને ખબર આપવા કહ્યું. સૈયદને આ વાતની ખબર પડતાં તે નસરપુર આવ્યો અને આખા હિંદુ સમાજને ધર્મભ્રષ્ટ કરવાનો વિચાર જાહેર કર્યો. પ્રથમ મંગળ બહાર આવ્યો. સૈયદે લોકોના સમૂહ સમક્ષ ઇસ્લામની શ્રેષ્ઠતાના વખાણ કર્યાં. મંગળે તેની સાથે વાદવિવાદ કરવાની માગણી કરી. મુસલમાને તે સ્વીકારી પણ જેમ થવું જોઇએ તેમ કોઇપણ પક્ષે પોતાનો આગ્રહ છોડયો નહિ. આથી વિરોધ વૃદ્ધિ પામ્યો અને ચમત્કારો બતાવવાનો નિશ્ચય થયો. સિંધુના તટપર હજારો હિંદુ મુસલમાનો એકત્ર થયા. સૈયદ અને મંગળ બંને સૈયદની ચાદરપર બેઠા અને સાગરમાં ધકેલાયા. થોડેક દૂર જતાં સૈયદ ગભરાયો, અને મંગળને પોતાના પ્રાણ રક્ષવાની પ્રાર્થના કરી. મંગળે તેની પાસે વચન લીધું—ભવિષ્યમાં હિન્દુ ધર્મને ન ધિક્કારવા કબુલ થયો અને મંગળે તેને સહીસલામત કિનારા પર પહોંચાડયો.

મુસલમાનો આ વાર્તાનો સ્વીકાર કરતા નથી અને ન કરે એ

સ્વાભાવિક છે. તથાપિ એટલી વાત સત્ય છે કે લોહાણા મૂળથીજ—લાંબા સમયથી દરિયાના ઉપાસકો છે; જ્યોતિ સ્વરૂપે તેઓ સાગરને માને છે. ઉડેરાલાલને તેઓ પૂજે છે અને નસરપુર પાસેના ઉડેરાના સ્થાનમાં તેની કબર છે જેને મુસલમાનો પણ પૂજે છે, અને એકજ દ્વારમાંથી જવાય છે. આવી ઘટનાનો કંઇક ઐતિહાસિક સંબંધ હશે એવું આપણે અનુમાન કરીએ તો તે અસ્વાભાવિક નથી. સિન્ધમાં મુસલમાન રાજ્ય હિન્દુસ્તાનના બીજા ભાગો કરતા પહેલાં આવ્યું હતું અને સાથે ધર્મ પણ હતો. સિન્ધના હિન્દુઓને મુસલમાનોને હાથે અનેક સંકટો વેઠવાં પડયાં હતાં એનાં ખોજા તથા મેમણો આપણી પાસે પ્રત્યક્ષ પ્રમાણ છે. જ્યાં બેશક હિન્દુઓની લાજ રહેવી કઠણ હોઇ શકે તેવામાં કોઇ પ્રતાપી પુરૂષે અવતાર ધારણ કરી હિન્દુઓના ધર્મનું રક્ષણ કર્યું હોય એ માન્યતા પણ કાલ્પનિક ન હોય ! હવે વાંધો સમયનો આવે છે. અમારા ધારવા પ્રમાણે ઔરંગઝેબનો સમય વાસ્તવિક નથી. જૂલમને માટે ઔરંગઝેબ પ્રસિદ્ધ હોવાથી જ્યારે જ્યારે હિન્દુઓ પર જૂલમની વાત આવે છે ત્યારે ઔરંગઝેબનું નામ જોડી દેવામાં આવે છે. અહીં પણ તેમ બન્યું હોય તો તેમાં અસંભવ નથી. વળી જો ઉડેરો ઔરંગઝેબના વખતમાં થયો હોય તો કચ્છમાં ઔરંગઝેબના વખતથી પહેલાં જનારા લોહાણામાં ત્હેની પૂજા થાય એ બનવા જોગ નથી. આ ઉપરથી સ્હમજાય છે કે ઉડેરાલાલનો જન્મ ઔરંગઝેબની પૂર્વે હોવો જોઇએ. હવે પુનઃ આપણે મેમણોની ઉત્પત્તિ તરફ દ્રષ્ટિ કરીએ, અને તેમાંથી એ સંબંધી કંઇક વધારે જાણવાનું મળશે;—

The Hindu relatives of the converted Lohanas called on their spiritual guides to pray to Daryapir–the Indus spirit to remove the saint.

Indus spirit heard their prayers.....................

Yussuffudin returned by sea to Erak; before leaving he blessed his people a blessing to which the Memons trace their fruitfulness and their success in trade, (Bombay Gazetteer Vol. IX, pp. 50-51.)

અર્થ:--ધર્મભ્રષ્ટ થયેલા લોહાણાના સંબંધીઓએ આ સંકટના વખતમાં સહાય કરવા—પીરને દૂર કરવા—માટે દરિયાપીરની પ્રાર્થના કરવા તેમના ધર્મગુરૂઓને બોલાવ્યા. સિન્ધુ—સાગર દેવે એમની પ્રાર્થના સાંભળી.

યુસુફુદીન દરિયા માર્ગે ઈરાક તરફ ગયો. હિન્દનો ત્યાગ કર્યા પહેલાં પીરે પોતાના આશ્રિતોને આશિષ આપ્યા, જે આશિષથી મેમણો માને છે કે તેમની વ્યાપારમાં ઉન્નતિ થવા પામી છે.

આ માન્યતામાં ઉડેરાલાલના જન્મનો ગૌણપણે સ્વીકાર થયો છે. લોહાણાઓએ દરિયાની સ્તુતિ કરી—એ સ્તુતિ કરનારા બ્રાહ્મણોના નામ પણ મેમણોની માન્યતામાં આપેલાં છે.

The Lohana priests who prayed to the Indus were Tokmal, Adhanmal Nandmal and Malmal.

અર્થ—લોહાણાના ધર્મગુરૂઓ જેમણે સિન્ધુની એ વખતે ઉપાસના કરી હતી તેમનાં નામ ટોકમલ, અધનમલ, નન્દમલ અને મલમલ છે.

મેમણો જણાવે છે કે આ બ્રાહ્મણોની પ્રાર્થનાથી દરિયા પીર પ્રસન્ન થયા હતા અને સૈયદ યુસુફુદીનને સિન્ધ છોડી દરિયા માર્ગે ઈરાક જવું પડયું હતું.

પ્રશ્ન એ થાય છે કે દરિયા પીરે કેવી રીતે પ્રસન્નતા દર્શાવી

હતી ? પીરને સિન્ધ છોડવાની જરૂર શા માટે પડી ? મેમણોએ આ બીના પ્રમાણિકપણે જણાવી છે અને તે વાસ્તવિક છે એમ દરિયાલાલના ચરિત્ર ઉપરથી જણાય છે. આપણે એમજ માનવું પડશે કે દરિયાલાલની પ્રસન્નતા કોઇ વ્યક્તિ દ્વારા દશ્ય થઇ હશે અને તે ઉડેરાલાલ કે મંગળજ હશે. ભલે તે બાળક ન પણ હોય ! સૈયદ યુસુફુદીનનું જવાનું કારણ પણ હિન્દુ મુસલમાનોમાં સંપ માની શકાય. તે સંપ ઉડેરાની પ્રતિભાશક્તિ અને વિશાળ બુદ્ધિ તેમજ ચમત્કારો કરવાની શક્તિથીજ થયો હોવો જોઇએ. અગર નિરૂપાયે પીરને સિન્ધ છોડવાની જરૂર પડી હોય તોપણ તે કોઇક પ્રસિદ્ધ હિન્દુ વ્યક્તિના બળ-ધર્મબળથીજ. જો સૈયદ સિન્ધ છોડી ગયો એમ ઉત્તર આપીએ તો પ્રશ્ન એ થશે કે દરિયા પીર પ્રસન્ન કેવી રીતે થયા ?

ઐતિહાસિક દષ્ટિથી વિચાર કરવામાં આવે તોપણ બન્નેમાં—મેમણોની માન્યતામાં તેમજ રા. વિશનજી કૃત કથામાં સ્થાન નગરઠઠ્ઠા જણાવવામાં આવે છે. બાદશાહનું નામ એક મકરબખાન જણાવે છે તો અન્ય મરખખાન કહે છે. એકજ હોય એમ માનવામાં જરા પણ સંશય નથી. તારીખે મસુમી પ્રમાણે નગર ઠઠ્ઠામાં રાય રાયધન, મકરબખાન કે મરખખાનના સમયમાં એક મુસલમાન પીર હતો. ત્યારે એ પ્રમાણે પણ બર્ટન સાહેબનો કાઝી અને યુસુફુદીન એકજ થવા જાય છે.

દરિયાલાલ ઈ૦ સ૦ ૧૦૦૭ માં નહિ પણ આશરે ૧૪૫૪ માં થયા છે. એમના પિતાનું નામ પુગર કે રતન અને માતાનું નામ દેવકી હતું. પીર યુસુફુદીને ૭૦૦ લોહાણા કુટુમ્બોને વટલાવી મેમણ કર્યા તેથી લોહાણા પ્રજામાં ત્રાસ વર્તી રહ્યો હોય. લોહાણા પ્રજાને અનિવાર્ય ચિન્તા થઇ હોય અને પોતાના ધર્મનું અસ્તિત્વ ટકાવવા માટે ભયમાં પડયા હોય એ સર્વથા સ્વાભાવિક છે. લોહાણાના ઉપા-

સ્ય દેવ વરૂણ ભગવાન છે અને ભગવતી સિન્ધુ ઉપર તપ કર્યું હોય તો તેમાં પણ સંશય નથી. વરૂણ દેવની કૃપાથી કે લોહાણાની અડગ શ્રદ્ધાથી રતન ઠક્કુરના પુત્ર ઉડેરાએ ત્હેમનું રક્ષણ કરવાનું માથે લીધું હશે. કદાચ વરૂણ ભગવાનની કૃપા પ્રત્યક્ષ દેખાઇ હોય તો તેમાં પણ અમને વધારે સંશય જેવું જણાતું નથી. મેસ્મેરીઝમથી હમણા અસાધારણ પ્રયોગો કરી શકાય છે, તો શ્રદ્ધાથી, તપના બળથી, વરૂણ દેવની મૂર્ત્તિ પણ દેખાઇ હોય, કિંવા શ્રદ્ધાના બળનો અમુક વ્યક્તિમાં આવિર્ભાવ થયો હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું થોડુંજ છે. સ્વામી રામતીર્થ પંજાબની યુનીવર્સીટીમાં એમ. એ. થયા હતા તેમજ આપણા ધર્મશાસ્ત્રોના પ્રખર જ્ઞાતા હતા. તેમણે નામદેવની કથા કહેતાં-શ્રદ્ધાથી શ્રદ્ધાની મૂર્ત્તિનું દર્શન થાય છે એ વાત સ્વીકારી છે. અને હિપ્નોટીઝમના પ્રયોગો જોયા પછી ઇતર વિદ્વાનો પણ તે સ્વીકારવા લાગ્યા છે. આપણે નિઝારી પારોનાં ચરિત્ર જોઇ ગયા છીએ; તેમાં કેવળ ભોળા હિન્દુઓને જાળમાં લેવાનો પ્રયાસ થયો છે. આપણા લોકો જેને ગોપીચંદ સમજી પૂજે છે તેનેજ મુસલમાનો પડોપીર કહે છે. આપણે દરિયા પીર કહીએ છીએ તેને મુસલમાનો ઝીન્દા પીરનું નામ આપી પૂજે છે. આપણામાં રામદે પીરનાં ભજનો ગાય છે. રામદેપીર નિઝારી સમ્પ્રદાયમાં ભળેલ એક રજપુત હતો. નિઝારી સમ્પ્રદાયના પીરો હિન્દુઓમાં એક નામ રાખતા અને મુસલમાનોને અન્ય નામ બતાવતા હતા. પીર સદરદીન મુસલમાનોને સદરદીન નામ જણાવી હિન્દુઓને પોતાનું નામ સહદેવ કે હરિશ્ચન્દ્ર બતાવતા. આવા અનેક કારણોથી એ ભાવના લોહાણાના વિચારો આચારોમાં પ્રવેશ પામી છે. તે સત્ય છે કે અસત્ય એ પ્રશ્નનો ખુલાસો આપવાનું કામ અમારૂં નથી. ઇતિહાસ એટલું બતાવે છે કે એ ભાવના અજ્ઞાનતાના કાળમાં યુક્તિ અને કેટલેક અંશે પ્રપંચથી પ્રવેશ પામી

છે. સત્ય ધર્મનો ઉદય થતાં—લોકની ધાર્મિક બુદ્ધિ જાગૃત થતાં તે ભાવના સ્વયં અદશ્ય થઇ જશે. મુસલમાનોના રાજ્યકાળમાં મુસલમાનોના એક પ્રતિભાસંપન્ન વિદ્વાન સૈયદ સાથે શાસ્ત્રાર્થ કરી તેની આર્યધર્મ વિરૂદ્ધની ભાવનાને શાન્ત કરવી એ સાધારણ બુદ્ધિનું કાર્ય નથી. ઉડેરાની બુદ્ધિ અદ્વિતીય હોવી જોઈએ. તેમજ ધર્મ યુદ્ધ કરનાર તરીકે તેનું ધર્મ જ્ઞાન અસાધારણ હોવું જોઈએ. તેણે સિન્ધના હિન્દુઓના મન મુગ્ધ કર્યાં હતાં. અદ્યાપિ એ મુગ્ધ ભાવ તેના ચરિત્ર વિષયક ભજનોમાં પ્રત્યક્ષ જણાય છે. આ પ્રીતિ, હેનું ચરિત્ર કેવું ઉદાર અને ઉદાત્ત હશે તથા ઇશ્વરમાં કેવી અડગ શ્રદ્ધા હશે તેની સાક્ષી આપે છે.

દુર્ભાગ્યની વાત એટલી જ છે કે એમનું ચરિત્ર આપણે યથાર્થ મેળવી શકતા નથી. હિન્દુસ્તાનમાં ધર્મ વિષયક એટલી અજ્ઞાન દશા હતી કે મહાત્માની વ્યાખ્યા—ચમત્કાર કરી શકે એવી વ્યક્તિ, એજ થવા લાગી અને સાંસારિક, રાજ્યદ્વારી દુઃખોને લીધે લોકદષ્ટિ માત્ર પોતાના સાંસારિક દુઃખ દૂર કરી શકે અને એષણાઓ તૃપ્ત કરી શકે એવા મહાત્માઓને શોધવા લાગી. પરિણામ એ આવ્યું કે ખરા સાધુઓના શુદ્ધ ચરિત્રોનાં સ્મરણો ભુસાઈ ગયાં. ચરિત્રને માટે બેદરકાર થયેલી લોકવૃત્તિ જ્યાં ત્યાં ચમત્કારોને શોધવા લાગી અને ચમત્કારોના બ્હાનાથી અસાધુઓ જેમનું ચરિત્ર એક પિશાચને લજ્જા ઉત્પન્ન કરે એવું હોય તેઓ પણ પોષાવા લાગ્યા.

સમ્પ્રદાયોમાં જે સ્થાન આચાર્યનું હોય તેજ સ્થાન ઉડેરાનું હોય. હા, ઉડેરાએ પ્રસ્થાન ત્રય પર ટીકા નથી કરી, તથાપિ પોતાના ચરિત્ર અને જ્ઞાનથી ઇસ્લામના હલ્લાને હઠાવી હિંદુઓનું રક્ષણ કર્યું છે. હેની પૂજા એક વીર તરીકે થવી જોઇએ અને લોહાણાઓએ એમનું સ્મરણ સાચવવું જોઇએ.

આપણે માત્ર ચરિત્ર નિરૂપણ કરી ગયા; એમનું જીવન જણાય, એમનો ઉપદેશ, એમના ચરિત્રના સ્મરણો મળી આવે તો લોહાણાઓને પોતાની જાતિના જીવન સંબંધમાં ઘણું મળી આવે તેમ છે.

અમારા વાચકો હવે સ્પષ્ટ રીતે સ્હમજી શકશે કે સામ્પ્રત કાળમાં લોહાણાઓમાં જે ઇસ્લામની ભાવના થોડે અંશે પણ ભળી ગઇ તેનાં કારણો કેવાં છે. મુસલમાની રાજ્યકાળમાં જેમ હિન્દુવૃત્તિ ચમત્કારો અને સાંસારિક એષણાઓ તૃપ્ત કરી શકે એવા મહાત્માઓને શોધતી હતી, તેમજ મુસલમાનોના સૈયદો કે પીરોમાં પણ મુખ્યત્વે એજ શક્તિની આવશ્યકતા હતી અને રાજ્યકર્તા પ્રજાના મન રાખવા કે સર્વ સ્થળેથી સારૂં હોય તે ગ્રહણ કરવાની વૃત્તિથી પીરોની ભાવના ભળી હશે.

પ્રકરણ ૯ મું.

દાદા જશરાજ તથા લોહાણાજ્ઞાતિના ઇતિહાસપ્રસિધ્ધ પુરૂષો.

પ્રસિધ્ધ તત્વવેત્તા કાર્લાઇલે એક સ્થળે કહ્યું છે કે, history of nations is the history of heroes, અર્થાત પ્રજાનો ઇતિહાસ તે વીર પુરૂષોનાં જીવનનો ઈતિહાસ છે. આપણા દેશમાં ઇતહાસનાં સાધનો પણ કેટલાંક નાશ પામી ગયાં છે ત્યાં પ્રમાણભૂત શૃંખલા બદ્ધ ઇતિહાસ કયાંથી મળે ? અને પ્રમાણભૂત ઇતિહાસ ન હોવાથી જ્યાં ઈતિહાસની શૃંખલા જોડવા પણ આપણે ફાંફાં મારવાનાં હોય ત્યાં એ ઈતિહાસનાં યોજકો જ્ઞાતિના નેતાઓના જીવન શૃંખલાબદ્ધ કયાંથી મળે ? ઈતિહાસને અંગે આવશ્યકીય હોવાથી જેટલાં ચરિત્રો અમને મળી શકયાં તેટલાનો સંક્ષિપ્ત સારાંશ આપી અમે એક પ્રકારે ફરજ અદા કરવા જેવું કરીએ છીએ.

આપણે જોઈ ગયા છીએ તેમ ક્ષત્રીઓ, અરોરા અને લોહાણા મૂળમાં એકજ પ્રજા છે. અરોરાના મહા પુરૂષો પ્રસિદ્ધિમાં આવ્યા નથી. સિદ્ધ ભોજ અને શુદ્ધ દેપાલ નામે સાધુઓનાં નામ એમના ઇતિહાસમાં આવે છે જેમણે અરોરાની પ્રતિષ્ટાનુ રક્ષણ કરી ત્હેમને ક્ષત્રીય તરીકે સર્વ અધિકાર અપાવ્યા હતા. ક્ષત્રીઓમાં અનેક વીર પુરૂષો અનેક મહાત્માઓ થઇ ગયા છે. શીખોના ધર્મ ગુરૂ નાનક ગોવીંદસીંહજી પર્યંત સૌ ક્ષત્રી હતા. અકબર બાદશાહનો સુપ્રસિધ્ધ પ્રધાન ટોડરમલ તથા રણજીતસિંહના બહુધા બધા સરદારો ક્ષત્રી હતા. સાવનમલ્લ અને મૂળરાજ પ્રસિધ્ધ છે; આ સર્વના જીવન આપણે અવશ્ય જાણવા જેવા છે તથાપિ

લોહાણા શબ્દનો વિચાર કરી આપણે માત્ર લોહાણા નામધારી પ્રસિધ્ધ પુરૂષોનાં જીવનનો ઉલ્લેખ કરીશું.

પ્રથમ દાદા જશરાજનો વિચાર કરીએ; દાદા જશરાજ લોહાણા હતા કે કેમ એ વાત અનિશ્ચિત છે. આપણી વિવાહ વિધિમાં વીર જશરાજના ઘોડાની પુજા થાય છે. પરણનાર તથા તેના મા બાપ બાળકોને ઘોડા રૂપે બોલાવે છે, ગોર જશરાજના છંદ બોલે છે અને છોકરાઓને ઘોડાની પેઠે ખોંખારાવે છે.


વર વધુના પાણીગ્રહણની ક્રિયા વખતે વરરાજા ધોળી વચરાંની પાઘડી પહેરે છે અને કન્યા શ્વેત પાનેતર પહેરે છે.પાઘડી એ શોક ચીન્હ હોયા છતાં લગન જેવા મંગળ પ્રસંગે તે ધારણ કરવાનું કારણ શું હશે? આ રિવાજ ફક્ત લોહાણા જ્ઞાતિમાં ચાલુ છે એટલું જ નહિ પણ ક્ષત્રીઓ અને મુસલમાન ક્ષત્રીઓના કેટલાક ભાગમાં પણ એ પ્રચલિત છે. જશરાજને માટે સામાન્ય દંતકથા આ પ્રમાણે છે:—

વીર જશરાજ જ્યારે પરણવા ગયા અને પાણી ગ્રહણનો સમય થયો ત્યારે જણાયું કે કોઇ લુંટારા લોકો ગાયોનું હરણ કરી જાય છે. લગ્નની અગત્યની ક્રિયા અટકાવી વીર જશરાજ એ લુંટારાઓ પાસેથી ગાયોને મુક્ત કરવા દોડયા. લુંટારાઓ સાથે યુદ્ધમાં જશરાજ ઘાયલ થયા. એમનું મસ્તિક ધડથી જુદું થયું. પાસેજ ઉભેલા એક વીર પુરૂષે એ માથું પુનઃ શરીર પર મૂકયું ત્યારે તે બોલ્યું અને જણાવ્યું કે ત્હેના કુટુમ્બે તેની નિશાની કાયમ રાખવા પરણતી વખતે શોક પાળવો, ધોળાં વસ્ત્ર પહેરવાં અને ઘોડાને મગનું ભેંસાણુ દેવું અને રણુ રૂપ મંડપમાં ઘોડો કુદાવવો. જશરાજ સાથેના તેના વીરોએ આ વચન પાળવા પ્રતિજ્ઞા કરી એટલે તરત ધડ શબવત થઇ ભૂમિ પર પડયું.

જશરાજની પૂજા આપણામાં કંઇક આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી રીતે થાય છે અને લગ્ન વખતે થાય છે તેથી અલબત જશરાજ નામક ઐતહાસિક વ્યક્તિ હશે અને તેને લગ્ન સાથે પણ સંબંધ હશે, પરંતુ તે કયારે થયા, કોની સાથે યુદ્ધ થયું, કયાં થયું એ એક પ્રશ્ન છે.

" વિવાહ દર્પણ "ના કર્ત્તા રા. જોબન પોત્રા એ પુસ્તકમાં ૫૪મા પૃષ્ટમાં જણાવે છે કે વીર જશરાજને કેટલાક લોકો ક્ષત્રીય હતા એમ માને છે પણ ઐતહાસિક બીના વગર દંતકથા ઉપર આધાર રાખી શકાય નહિ. છતાં એકદમ તે વાત માની લેવી એ પણ આશ્ચર્ય જેવી વાત છે. વળી કાર્ય ઉપરથી જો કારણ શોધવામાં આવે તો કોઇ દિવસ પણ ખરી હકીકત ઇશ્વર કૃપાથી મળી શકે. તેવી જ રીતે મને એક વખત એવો ખ્યાલ આવ્યો કે જો વીર જશરાજ ક્ષત્રીય હોય તો આપણા ગોર સારસ્વત બ્રાહ્મણો તેમની પૂજા તેમનામાં લગ્ન હોય છે તે વખતે કરે છે, તેમજ ગામ શ્રી ગઢશીશા, વડાલા વિગેરે ઠેકાણે જ્યાં જશરાજની જગ્યા છે ત્યાં તેના સેવકો બ્રાહ્મણો જ છે. તો બ્રાહ્મણ તે ક્ષત્રીયની પૂજા કરે જ નહિ એવા એવા વિચારો આવતાં એક વખત એક મોલવી ઇસ્માઇલ નામે અહીંના મદ્રેસામાં શિક્ષક છે તેમની પાસે ચચનામું હતું, તેમાંથી થોડીક જશરાજની હકીકત મ્હારા સાંભળવામાં આવી.

રા૦ નારાયણજી ત્યાર પછી ચચનામામાંથી ચચની હકીકત અને ચચની વંશાવળી આપે છે, ચચ જાતે સારસ્વત હતો એમ સિન્ધના બ્રાહ્મણો જણાવે છે, ભાઇ નારાયણજીએ ચચની વંશાવળી આપી છે. તે ચચનામા પ્રમાણે નીચે મુજબ છે:—



રા૦ નારાયણજી જેસેસીઆયાના પુત્રનું નામ જશરાજ જણાવે છે; ચચનામામાં જશરાજનું નામ મુદલ નથી. જસેસીઆના અરબો સાથેનાં યુદ્ધમાં અદ્દભૂત પરાક્રમોનો ઉલ્લેખ ચચનામાનો કર્તા કરે છે અને તેની સાથે ચચનામા સંપૂર્ણ થાય છે.

રા. હિંડોચાના ‘ લુહાણા જ્ઞાતિ હિત વર્ધક ’ પુસ્તક ૩જામાં ૧૧૩મા પૃષ્ટમાં મસ્કતવાળા રા. હંસરાજ મોરારજી તરફથી “ દાદા જશરાજ ” ની હકીકત પ્રસિદ્ધ થઇ છે. એ હકીકત પ્રમાણે દાદો જશરાજ સિન્ધમાં ૧૧-૧૨મા સૈકામાં લોહાણા હતા. ગાયોનું હરણ કરનાર જાટ લોકો જણાવેલા છે. પછીની હકીકત ઉપરોક્ત દંતકથામાં જણાવ્યા પ્રમાણે છે. વિશેષ એ હકીકતમાં જણાવ્યા પ્રમાણે દાદો જશરાજ, ચંગાપીર અને મંગાપીર એક જ હતા.

ચંગાપીર-મંગાપીરનું સ્થાન કરાંચીથી દશ માઇલ દૂર છે, ત્યાં ગરમ પાણીના ઝરણા છે અને થોડેક દૂર એક તળાવમાં કેટલાક

મગર છે. આ મગરોમાં લાલુ અને જશરાજ નામના બે છે. લોકો તેની માનતા કરે છે અને તેને માંસ વગેરે આપે છે. ચંગાપીરનો મુજાર (પુજારી) મુસલમાન છે, અને પુજકો હિન્દુ મુસલમાન ઉભય છે.

ચંગાપીર ઈ. સ.ના તેરમા સૈકાના મધ્યમાં થયા છે, અને તેનાં પ્રતાપથી ગરમ પાણીના ઝરણ પ્રકટ થયાં છે એમ મુસલમાનોની માન્યતા છે (Burton's Sind Revisited, pp. 93). બર્ટન સાહેબ વધુ જણાવે છે કે આ સ્થાન એક પ્રાચીન હિન્દુ યાત્રાનું સ્થળ છે, કારણ કે હિન્દુઓ અદ્યાપિ પર્યન્ત લાલ જશરાજની પૂજા કરે છે. જે પીરની આપણે લગ્નમાં પૂજા કરીએ છીએ તેજ એ જશરાજ હોય એમ માનવાને પ્રમાણો નથી. આપણે જશરાજની વીર તરીકે પૂજા કરીએ છીએ અને અહીં જશરાજની માન્યતા એક સાધુ તરીકેજ ટકી છે.

વિવાહ દર્પણમાં લગ્ન પ્રસંગે જશરાજના છન્દ ગવાય છે. તેમાંથી આપણે કંઇક જૂદીજ માન્યતા દૃઢ કરી શકીએ છીએ. જશરાજ એક વીર પુરૂષ હતો. જશરાજ મુસલમાનો સ્હામે લ્હડયો હતો, જશરાજના પિતાનું નામ દામાવંત હતું.

આપણા માંડવા પ્રસંગે જે જશરાજના છન્દ કવિત બોલાય છે તેમાં જશરાજના વીરત્વનું વર્ણન છે. ત્હેના દુશ્મનો બલુચી વિગેરે બેલા—સિન્ધના ઉત્તર ભાગમાં રહેનારા લોકો છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે જશરાજનું રાજ્ય સિન્ધમાં હશે. ત્હેના પરાક્રમો અદ્ભૂત હતાં, અને લોકો ત્હેને પ્રાતઃસ્મરણીય માનવા લાગ્યા હતા. જશરાજે ગાયો વારી હતી એ વાત કવિતામાં છે પણ લગ્ન વખતે કે કેમ તે જણાતું નથી. અમે એ કવિતનો થોડોક ભાગ અત્રે ઉતારી લઇએ છીએ.—

જસોડ તબ સમરિયે જબે દેસાવર ચલ્લે;
જસોડ તબ સમરિયે દેહે દુ:ખ થાય દલ્લે.
જસોડ તબ સમરિયે જબે અરિવાટ વિરૂધ્ધે;
જસોડ તબ સમરિયે જબે દાણીગણુ લધ્ધે.
જસોડ રાણુ તબ સમરિયે જબ કુંકમ કરવ ધરે;
હાથાં ત્રીસુલ ઝલહલ સદા સમરતાં સંકટ હરે.

... ...

તાસ વિરૂદ્ધી નામે જે જપે જસરાય

... ...

દીલ દયાવંત હીંગોરલા કરી સાર સેવકતણી
નવનિધ સંપન્ન સેવિયા વીર જસા બેલે ધણી.

બેલે ધણી એટલે બેલાનો રાજા.

બરંડે મીર બલોચ ભડ, મન અણુખ્યો અસુરાણુ,
સહે રાજા સંતોષિયા દેશ ધણી દિવાણુ,
જીત જીત જુદ્ધ જોરા કીયા, નવ ખંડ મારી નરેશ
લડ અસુરાં મારે જસા કિયા ફતેગણુ દેશ.
દામાવંત દેવકુ ગમે, આખર એ અણુ ભંગ.

એ પછીની કવિતાનો સારાંશ એવો છે કે જશરાજ મુસલમાનોના પ્રચંડ શત્રુ હતા અને તેમની સાથે અનેક સખ્ત યુધ્ધો કર્યા હતાં.

છત્ર સીંગાસન સોહિયે સહસ્ર જેમ કેડ કટારો,
ગાયો વાળી ઘેર આવીયો સારંગ વિપ્રસુ ઉચરે,
દાનવંતો દયા કરે જશરાજ વીર રક્ષા કરે.

આ ઉપરથી એક મુદ્દો આપણા હાથમાં આવે છે. જશરાજ રજપુત હતા અને તે મુસલમાનોના સમયમાં. અને તેથીજ

આપણે એક ચોક્કસ અનુમાન ઉપર આવી શકીએ છીએ. ઇ. સ. ના તેરમા સૈકામાં નગર ઠઠ્ઠામાં દામાજી પરમારનું રાજ્ય હતું. ત્હેના પુત્રનું નામ જશરાજ હતું. તેણે મુસલમાનો સાથે અનેક યુધ્ધો કર્યાં હતાં. જશરાજના વંશજોનું રાજ્ય દાંતા સ્ટેટમાં અદ્યાપિ પર્યન્ત છે. દાંતા રાજ્યના ભાટોના ચોપડામાં જશરાજની વીરતાના કવિતો છે, જે આપણા કવિતો સાથે અનેક અંશોમાં સમાન છે. અને બીજાં કારણોથી પણ જણાય છે કે જે વીર જશરાજને આપણે લગ્ન પ્રસંગે પૂજીએ છીએ તે એજ હશે.

લીધે નામ જશરાજ દર્દી નર મરદ મનાએ,
લીધે નામ જશરાજ આળસુ ઉદ્યમી થાએ,
લીધે નામ જશરાજ કેદીની બેડી ત્રૂટે,
લીધે નામ જશરાજ દેહથી કર્મ વછુટે,
સ્વારી જાતાં સ્હામી મળે કાર્ય સિધ્ધતો થાય છે.
જશરાજ નામ લીધા થકી ભૂખ્યાની ભાવટ જાય છે.

નીચેના છપ્પય ઉપરથી જશરાજ મુસલમાનો સાથે લડયા હતા તથા તે દિલ્લીરાજ અનંગપાળના સમયમાં—બારમા સૈકાના પ્રારંભમાં હતા એમ જણાય છે.

જન્મ થતાં જશરાજ થરક લાગે સહ થાણે
તરકાણે તરફડે અસુર ગજ હાલાણે,
દિલ્લીરાજ નુઅર અનંગ દીલ બહુ શંકા આણે
સોમેશ્વર સાંભરે ચંદક જીવ જક આંણે,
વહે તો રાજવી ઘણા ડરે ખાગ સોડ લીગે ખડે
જશરાજ બહાર ચડે જરૂર સવા ક્રોડ દલ સાથે ચડે.

(ભારત રાજ્ય મહામંડળ, પૃષ્ટ ૪૭.)

હવે ભારત રાજ્ય મહા મંડળમાંથી એ જશરાજની કેટલીક હકીકત અમે આપીએ છીએ. (પૃષ્ટ ૪૮.)

રાજા વીજભાણુ પછી હંસરાજ નામે રાજા થયા, તેમના પછી રવલાલજી નામે રાજા શ્રીવિક્રમાદિત્યથી ૪૪મી પેઢીએ થયા. તે દ્વારિકાથી જાત્રાએ જઇ ત્યાંથી કચ્છ તરફ ગયા. તેમને એવી બાધા હતી કે શ્રી અંબાજીનું પૂજન કર્યા સિવાય કાંઇપણ ખાવું પીવું નહિ. આ કારણથી એવું કહેવાય છે કે માતાજી તેમને પ્રસન્ન થયાં અને હેમને દર્શન દઇ ' માગ, માગ, જે માગે તે આપું ' એમ કહ્યું. ત્યારે તેમણે એવું માગ્યું કે નગરઠઠ્ઠામાં રાજધાની કરી સિન્ધ ઉપર રાજ્ય કરૂં. માતાજીએ કહ્યું " તથાસ્તુ " પછી તેમણે નગરઠઠ્ઠા બામનવા અને બેલા એ ત્રણ ઠેકાણે રાજ્ય સ્થાપ્યું. (આપણા લગ્નના છંદમાં બેલે ધણી–બેલાના રાજા એવો શબ્દ પ્રયોગ ખાસ લક્ષમાં રાખવા જેવો છે) એમના પછી નગરાજ નામે રાજા થયા, તેઓ ભૂજના ચૂડા સમી ફતેહ કુંવરબા સાથે પરણ્યા. તેમના પછી થનાર શ્રી અંબરાજ નામે રાજા ચાર રાણી પરણ્યા તેમાં એક કનોજના જનક કુંવર રાઠોડજી અને બીજાં ઉદયપુરનાં ઉદય કુંવર સિસોદીણી રાણી હતાં. ત્યાર પછી થનાર વિજયરાજજી નામે રાજા ચાર રાણીઓ પરણ્યા તેમાંથી બુંદીના હાડીજી ઉર્ફે કુંવરબા પટરાણી હતાં. ત્યાર પછી બાગ રાજ, બરીઅચરાય અને ભાણ એ પ્રમાણે ભુપતિઓ થયા.

રવપાળજીથી કેટલીક પેઢીએ દામાજી નામે થયા. તેને કુંવર ન હોવાથી તેમાંના કોઇએ અંબાજીની બાધા રાખી. તેથી એવું કહેવાય છે કે માતાજીએ પોતાની આંગળીમાંથી લોહી કાઢીને પોતાના શરીર ઉપરના મેલ સાથે મેળવી એક કુંવર ઉત્પન્ન કર્યો. તેનું નામ જશરાજ પાડવાની આજ્ઞા આપી. માતાએ વળી એમ

જણાવ્યું કે હાલ જે જગ્યાએ મારૂ સ્થાપન છે અને જ્યાં મ્હારી પૂજા થાય છે તેજ સ્થળનું રક્ષણ કરવા માટે મ્હેં એને ઉપજાવ્યો છે, માટે એક મહા શુરવીર થશે. દામાજીના વખતમાં મુસલમાનોએ નગર ઠઠ્ઠા ઉપર ચઢાઇ કરી નવ વર્ષ સુધી લડાઇ ચલાવી અને તે નગર લીધુ તથા રાજા દામાજીને મારી નાંખ્યા; એમને કનોજનાં રાઠોડ રાણી ફુલ કુંવરબા અને બીજા ચિતોડના સીસોદણી રાણી રાજ કુંવરબા એ નામે બે રાણીઓ હતી. દામાજીના મરણ પછી તેમના કુંવર જશરાજજીને ગાદી મળી તેમણે મુસલમાનો સાથે લડાઇ જારી રાખી અને નગર પાછુ હાથ કરી લીધું. એમને બે રાણીઓ હતી (૧) ચીતોડના સીસોદણી ફુલ કુંવરબા અને (૨) બુંદીના રાણી હર કુંવરબા.

જશરાજજીને કેદારસિંહ અથવા કેશરીસિંહ અને વીરસેન નામે બે કુંવરો હતા. (જશરાજના) રાજ્યમાં મુસલમાનો બીજી વાર ચઢી આવ્યા, વિગેરે.

જશરાજને અદ્વિતીય વીર પુરૂષ હતા અને હિન્દુ ધર્મ તથા હિંદુ પ્રજા ઉપર ત્હેમનો એટલો બધો પ્રેમ હતો કે ગાયોને છોડાવવા લગ્ન વખતે એમણે લગ્ન ક્રિયા અટકાવી રણમાં જવાનું પ્રિય ગણ્યું હોય તો તેમાં શંકાયુકત કાંઇ નથી. લગ્ન વખતે આપણે એની પૂજા કરીએ છીએ તેનું એજ મુખ્ય કારણ હશે.

જશરાજ બ્રાહ્મણ નહિ પણ પરમાર રજપૂત હતા એમ હવે વાંચકને સમજાયું હશે. હવે બ્રાહ્મણો પૂજા કેમ કરે છે એ પ્રશ્ન થશે. જશરાજનાં સ્થાન કોઇક જ સ્થળે છે અને ત્યાં તેની વીર તરીકે નહિ પણ એક સાધુ તરીકે પૂજા થતી હશે. લગ્ન વખતે બ્રાહ્મણો પણ એક વીર પુરૂષનું સન્માન કરે. જશરાજે માત્ર ક્ષત્રીયની નહિ પણ બ્રાહ્મણોની વિશેષતઃ રક્ષા કરી હતી તો તેમાં શું

ઓટું છે ? લગ્ન વખતે લગ્નની પ્રિય ક્રિયાનો ત્યાગ કરી ગાયોની વારે ધાવું એ એક ઉદાર અને વીર આત્માથીજ બની શકે છે અને એવા સંજોગોમાં પ્રાણ અર્પણ કરનાર બેશક એક મહાવીર મનાવો જોઇએ અને સર્વ હીંદુ પ્રજાએ ત્હેનું સ્મરણ જાળવવા આ નિયમ કર્યો હોય તો તેમ માનવાથી પણ સંશયને કારણ રહેતું નથી.

સિન્ધના સુપ્રસિધ્ધ દિવાનો.

આપણે જોઇ ગયા છીએ કે સિંધમાં મુસલમાનો ઇસુના આઠમા સૌકાના પ્રારંભમાં દાખલ થયા હતા અને ત્યારથી હિંદુઓ-નું બળ નરમ પડવા માંડયું હતુ. પણ રાજ્ય કારભારમાં આરબોના વખતમાં પણ લોહાણાનો હાથ હતો. સારા અને પ્રતિષ્ઠીત કારભારીઓ લોહાણા હતા. ત્યાર પછી મુસલમાન લોકો સિંધની ભાષા રીત રિવાજોથી સુપરિચિત થયા છતાં કલ્હોરા અને છેક ટાલપુર મીરોના સમયમાં પણ લોહાણાઓએ પ્રતિષ્ઠા ને હોદ્દા ભોગવ્યા હતા અને રાજ્ય કારભારી તરીકે ઉચ્ચ પ્રકારની કાબેલીયત દર્શાવી હતી.

Under the Kalhora and Talpur rulers Lohana officials who were termed Amils filled many including some of the most important appointments in the civil service. The adoption of this profession though it exposed them to many insults and humiliations quickly conferred on the families concerned a superior status which they signified by differences in dress and which their descendants have never lost.

ભાવાર્થ;—કલ્હોરા અને ટાલપુર રાજ્ય કાળમાં લોહાણા અ-મલદારો જેમને આમિલનું નામ આપવામાં આવતું એમણે રાજ્ય

કારભારમાં ઘણી ઉંચી અને ઉપયોગી જગ્યાઓ પ્રાપ્ત કરી હતી. આ કામથી તેમને તિરસ્કાર પાત્ર થવું પડતું અને કેટલાક સંજોગોમાં તેમની સ્થિતિ દયાજનક થઇ પડતી, તથાપિ એવી ઉંચી પદવી પ્રાપ્ત કરનારનું સામાજીક સ્થાન ઉચ્ચ મનાતું અને તે તેમના પોશાકમાં તફાવતથી જણાઇ આવતું આ તફાવત તેમના વંશજોએ અદ્યાપિ પર્યન્ત જાળવી રાખ્યો છે. (આમિલ લોહાણા અને અન્ય ભાઇબંધ લોહાણાઓના પોશાકમાં દેખીતો તફાવત છે).

મુસલમાન રાજ્યકાળમા સિન્ધમાં બધા ૬ દિવાનો થયાનું જણાય છે.—

૧. દિવાન હોજાસિંહ, ૨ દિવાન ખટણુસિંહ, ૩ દિવાન રામદાસ, ૪ દિવાન જેઠમલ્લ, ૫ દિવાન નૌતનદાસ, ૬ દિવાન ગીડુમલ. એમની રાજ્ય કારકિર્દી વિશેષ જણાઇ નથી. તેમજ તેમણે યુદ્ધવીર તરીકે કીર્તિ પ્રાપ્ત કરી છે કે નહિં તે પણ જણાયું નથી. જ્યારે બાદશાહ ગુલામશાહે કચ્છ પર ચઢાઇ કરી હતી ત્યારે તેનો દિવાન ગીડુમલ નામે લોહાણો હતો અને તે બાદશાહની સાથે કચ્છમાં આવ્યો હતો.

સાધુ હિરાનંદ.

આ સાધુ પુરૂષનો જન્મ સિંધ હૈદ્રાબાદમાં થયો હતો. એઓશ્રી આમિલ હતા અને ખાનદાન કુટુંબના હતા, એમને અભ્યાસ અર્થે કલકત્તામાં જવું પડયું હતું, જ્યાં બ્રહ્મોસમાજના સાધુ ઉપદેશક બાબુ કેશવચન્દ્રનો એમને સમાગમ થયો હતો. કેશવચન્દ્રને હિરાનંદ બહુ પ્રિય લાગતા અને હિરાનંદ પણ કેશવને ગુરૂ તરીકે માન આપતા. હિરાનંદને ન્હાનપણુથીજ ધર્મ તરફ પ્રીતિ હતી અને કેશવચન્દ્રના સમાગમથી તે વિકાસ પામી હતી. પચીસ વરસની ઉમ્મરે એઓશ્રી કલકત્તા યુનીવરસિટીમાં બી. એ. ની પરિક્ષા

પસાર કરી કરાંચીમાં પાછા ફર્યા હતા. એમની વાતમાં એમના વર્ત્તનમાં ઉદારતા અને પવિત્રતા પળે પળે દૃષ્ટિગોચર થતાં હતાં, અને સદ્ગુણોથી તે જ્યાં જતા ત્યાં માન પામતા અને વર્ત્તનથી પોતાના વિચારોની કેટલાક વિદ્વાન અને અગ્રેસરો ઉપર સારી અસર કરી હતી અને એમના સુપ્રયત્નથી જ કરાંચીમાં પ્રાર્થના સમાજની સ્થાપના થઇ હતી. કરાંચીના પ્રાર્થના સમાજમાં ઘણા સારા અને પ્રતિષ્ઠીત માણસો ભાગ લે છે. સાધુ હિરાનંદે પછી પોતાના વતન હૈદ્રાબાદમાં જઇ નવલરાય હિરાનંદ એકડેમી નામે વિદ્યાલય સ્થાપી હતી. એ નામ એમના સ્વર્ગવાસ પાછળ અપાયું હોય એમ જણાય છે. આ વિદ્યાલય હમણા સિન્ધ પ્રાંતમાં એક પ્રતિષ્ઠીત વિદ્યાલય ગણાય છે અને તેમાં લગભગ ૧૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

હિરાનંદને સિન્ધ પ્રાંતની હિન્દુ પ્રજાને સુધારવાની તીવ્ર લાગણી હતી, તેમજ નિઃસર્ગ તરફથી જ એમને માણસનું મન હરી લેવાની શક્તિ પ્રાપ્ત હતી. પણ હિન્દના દુર્ભાગ્યે આ યુવાન સાધુની જીવન દોરી એમના ભર યૌવનમાં તુટી ગઇ. આપણા દેશના દુર્ભાગ્ય છે કે ઉગતા કોમળ વૃક્ષો તરત કપાઇ જાય છે. કરાંચીની ડી. જે. સિન્ધ કોલેજમાં પ્રોફેસર વાસ્વાંનીએ આ સાધુ પુરૂષના ચરિત્ર સંબંધી વ્યાખ્યાન કર્યાં હતાં અને ત્હેના સ્મરણમાંથી એમના જીવન સંબંધી આટલી હકીકત લખી છે.

હિરાનંદ માત્ર મીઠું બોલનાર નહિ પણ પ્રસંગ આવે પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુનો ભોગ આપવા તૈયાર થતા. ઇ. સ. ૧૮૯૫ માં હૈદ્રાબાદમાં કોલેરાનો ઉપદ્રવ ફાટી નીકળ્યો ત્યારે હિરાનંદે એક ડોકટર પાસે મફત નોકરી કરવાનું કબુલ્યું. સરત એજ કે પોતે ઇચ્છે તેને મફત દવા આપે. ડોકટરે એ વાત કબુલ રાખી. આ વખતમાં હિરાનંદ કોઈ કોઇ વાર તો રાત અને દિવસ રંક માણ-

સોના મહોલ્લામાં ફરતા હતા. તેમને જમવાનો પણ વખત નહોતો મળતો. એકવાર તેઓ જમવા બેઠા હતા, કોઇ માણસ તેમને બોલાવવા આવ્યો. ત્હેનું નાનું બચ્ચું માંદુ હતું. હિરાનંદની માતાએ તેમને પુરૂં જમવા કહ્યું પણ ત્હેનાથી જમાયું નહિ, આ બચ્ચાને પોતાની ગોદમાં લઇ તેણે દવા પાઇ હતી.

સિન્ધના આમિલ વર્ગમાં અનેક પુરૂષરત્નો વિદ્વાન છે કે જેમનાં જીવન આપણને અનુકરણીય છે. અને તેઓ લોહાણા છે એટલું પણ આપણે જાણીએ તોએ સંતોષની વાત છે.

ઓનરેબલ મી૦ હરચન્દરાય વીશનદાસ કરાંચીના રહીશ અને પ્રતિષ્ઠા પામેલા વકીલ છે. એઓશ્રી કરાંચી તરફથી નામદાર મુંબાઈના ગવર્નર સાહેબની ધારાસભામાં બિરાજે છે તથા કરાચીમાં કોન્ગ્રેસને આમંત્રણ કરનાર તથા કામ કરનાર મુખ્યત્વે ઓ૦ મી૦ હરચન્દરાય છે.

મી૦ મોતીરામ આડવાની, એઓ સખ્ખરમાં સબજજ છે. મી૦ રાજુમલ ઇસરદાસ બી૦ એ૦ એલ એલ૦ બી૦ હાલ હૈદ્રાબાદમાં મેજીસ્ટ્રેટ છે એમને ઇતિહાસ વિષયનો સારો શોખ છે અને વાંચક જોઈ શકયા હશે કે આ લેખમાં પણ એમના લેખોમાંથી કેટલીક સહાયતા લેવામાં આવી છે.

શેઠ ચેલારામ ધલુમલ—સાતા જ્ઞાતિના લોહાણા છે. એઓશ્રીનું નામ એક ધરમાત્મા ઉદાર ગૃહસ્થ તરિકે સિન્ધમાં સુપ્રસિદ્ધ છે.

પ્રોફેસર વાસ્વાના—મી૦ થાઉંમલ લીલારામ વાસ્વાની હૈદ્રાબાદના આમિલ છે. એમણે કલકત્તામાં અભ્યાસ કર્યો હતો. પ્રાર્થના સમાજમાં સભાસદ થયા હતા. એમનાં અનેક વ્યાખ્યાનો સાંભળવાનું આ લેખકને ભાગ્ય પ્રાપ્ત થયું છે. એઓશ્રીનું જીવન સાદું અને સાત્વિક છે. વિચારો બહુધા વેદાન્તા

ફંડ કર્યો જમાં રૂ. ૩૦૦ ના પગારથી એમને પ્રોફેસર તરીકે નોકરી હતી. હમણા લાહોરની મેયો કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કરે છે. ઇ૦ સ૦ ૧૯૧૦ માં સર્વ ધર્મ પરિષદ માટે એઓશ્રી વિલાયત ગયા હતા અને ત્યાં પણ પોતાની બુદ્ધિ–ચરિત્ર અને વક્તૃત્વ શક્તિથી પ્રસિધ્ધ થયા હતા,

દિવાન નવલરાય, સાધુ હિરાનન્દના બન્ધુ અને સહચારી હતા. હિરાનંદને એમણે અનેક શુભ કાર્યોમાં સહાયતા કરી હતી. અને એઓશ્રી હિરાનંદના જ્યેષ્ટ બન્ધુ હોવાથી હૈદ્રાબાદની એકેડેમીનાં એમનું નામ પ્રથમ મૂકવામાં આવ્યું છે.

સિન્ધમાં આપણી જ્ઞાતિ કેળવણી વિવષયમાં આગળ વધેલી છે. ગુજરાતના નાગરો અને સિન્ધના આમિલોને કેટલાક લેખકો સમાન માને છે, અને એ ઉભય પ્રજાઓમાં કેટલાક વ્યવહારિક ગુણો છે કે જેથી એ માન્યતા વ્યાજબી જણાય છે. શરીર સૌન્દર્યમાં પણ આમિલો નાજુક બાંધાના ઘણા જ સ્વરૂપવાન અને રસીક છે.

કચ્છના લોહાણા રાજય નેતાઓ.

ઇ૦ સ૦ ના તેરમા, ચૌદમા સૈકામાં લોહાણા પ્રથમ કચ્છમાં દાખલ થયા, ધીરે ધીરે કચ્છમાં એ પ્રજાની જેમ સંખ્યામાં વૃદ્ધિ થતી ગઇ તેમ સમૃધ્ધિમાં પણ વૃદ્ધિ થતી ગઇ. સોળમા અને સત્તરમા સૈકામાં લોહાણાઓએ કચ્છમાં સારી નામના મેળવી અને પોતાના બુધ્ધિપ્રભાવથી રાજ્યમાં પણ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. અઢારમા સૈકામાં એ જ્ઞાતિના દિવાનો થયા, જેમણે કચ્છ રાજ્યને અનેક રીતે ઉપયોગી સહાયતા આપી હતી.

જગતમાં નિર્દોષ કોઇ નથી. તેમ એ દિવાનોમાં–ત્હેમની રાજ્ય કારકીર્દીમાં પણ કેટલાક દોષો હશે, તથાપિ કોઈ પ્રસિધ્ધ પુરૂષના દોષોનો વિચાર કરતાં ત્હેના દેશકાળનો બારિક વિચાર પણ

આવશ્યકીય છે અને એ ન્યાયે કચ્છના લોહાણા દિવાનોનાં ચરિત્ર કદાચ સર્વથા નિર્દોષ ન પણ જણાય તથાપિ તે પ્રતિભાસંપન્ન અને યશસ્વી તો જણાશે જ. આપણે પ્રથમ

દેવકરણ શેઠ.

ના જીવન સબંધી વિચાર કરીશું. દેવકરણ શેઠ રાવશ્રી દેશળ પહેલાના સમયમાં દિવાન થવા પામ્યા હતા. ઈ. સ. ૧૫૩૮થી ૧૭૧૮ સુધી કચ્છ મુગલ રાજ્યના અંગ તરીકે ગણાતુ અને બાદશાહ જહાંગીર સાથેના કરાર પ્રમાણે કચ્છમાંથી જતા હાજીઓ પાસેથી રાવશ્રી કર લેતા નહોતા અને તેના બદલામાં મૂગલો એમની પાસેથી ખંડણી લેતા નહોતા. આ ખંડણીને માટે મુગલ રાજ્યના ગુજરાતના હાકેમે કચ્છ પેર હુમલો કર્યો. રાવશ્રીએ એ હુમલા ની સ્હામે પોતાનું લશ્કર મોકલ્યું અને દિલ્લીના બાદશાહને જહાંગીરના સમયના કરારનું સ્મરણ દેવડાવ્યું. પરિણામ રાવના તરફેણમાં આવ્યું. લશ્કર પાછું ફર્યું. મુગલો કરાર પાળી શકયા નહિ; તેમને પૈસાની જરૂર હતી. બીજી વાર હુમલો કર્યો પણ તેમાં તેમને હારવું પડયું. રાવે ભૂજનો કિલ્લો બંધાવી લીધો. મોગલોએ ત્રીજીવાર સરદાર શેર બુદલખાનની સરદારી તળે ૫૦૦૦૦ પચાસ હજાર માણસના સૈન્ય સાથે કચ્છપર ત્રીજીવાર હુમલો કર્યો. જાડેજા ભાયાતો ઐકયના ઝુંડા તળે ભૂજમાં એકઠા થયા પણ આટલા મ્હોટા સૈન્યની સ્હામે થવા જેટલા તેઓ બળવાન નહોતા, તેમ વધારે સાધનો ખરીદી શકે અને માણુસો રોકી શકે એટલું તેમની પાસે ધન પણ નહોતું. મુગલો સાથે મોરબીનો ઠાકોર કાનીઓજી પણ હતો. તે કચ્છ પર પોતાનો હક છે એમ કહેતો હતો.

રાવ દેશળની એક માનીતી રાણી હતા, જેને રાવશ્રીએ પુષ્કળ ધન આપ્યું હતું; તેની પાસેથી માગણી કરી. રજપુતાણીએ પતિની

ઇચ્છાનો આદર સત્કાર કર્યો દેવકરણ શેઠ આ રાણીના કારભારી હતા. આ વખતે એમણે રાવશ્રીને મદદ આપવાની ઇચ્છા દર્શાવી. જો આપ મ્હને નોકરી આપો તો હું રાજ્યને આ સંકટમાંથી મુક્ત કરવાનું કાર્ય માથે લઉં છું ચાણાકય નીતિમાં એક વાક્ય છે કે પોતાની અને પોતાના મિત્રોની ઉન્નતિ કરવા અને પોતાના શત્રુઓને દંડ દેવા પ્રતિભાસંપન્ન પુરૂષો રાજાનો આશ્રય શોધે છે. આ પ્રમાણે દેવકરણ શેઠે પણ પ્રધાન થવાની મહેચ્છા દર્શાવી હોય તો તેમાં સ્વાર્થ નથી.

દેવકરણ શેઠને પ્રધાન બનાવવામાં આવ્યા. પોતાના જ્ઞાતિ ભાઇઓ પાસેથી લાગવગ લગાડી એમણે ખુબ ધન એકઠું કરી લીધું અને દેશના સર્વ લડાયક પુરૂષોને ધન તથા અફીણની લાંચ આપી ભૂજમાં એકઠા કરી લીધા.

લશ્કરના બે ભાગ પાડવામાં આવ્યા. એક ભૂજના રક્ષણ માટે રાખવામાં આવ્યો અને બીજો શત્રુઓની સ્હામે થવા ભૂજના કિલ્લાનું રક્ષણ કરવા રહ્યો. બીજે દીવસે મુસલમાન સૈન્ય આવી પહોચ્યું. પ્રથમ દિવસના યુદ્ધમાં કચ્છના લશ્કરે બે બુરજો ગુમાવ્યા પણ બીજે દીવસે ફત્તેહમંદ ધસારો કરી એ બુરજો શત્રુઓ પાસેથી લઈ લીધા. આ યુદ્ધમાં મુસલમાન સૈન્યનો એક સરદાર માર્યો ગયો. રાવ આથી અત્યંત આનંદ પામ્યા અને દુશ્મનો પર ત્રણ હજારના લશ્કર સહિત તૂટી પડયા, અને સખ્ત હાર ખવરાવી. રાવના મિયાણ સરદારોએ શત્રુઓની છાવણી લુંટી લીધી. મોરબીનો ઠાકોર પણ ગભરાયો. તેણે રાવશ્રીની માફી માગી.

આ સર્વમાં દેવકરણ શેઠનો હાથ હતો. રાવશ્રી બહુ જ પ્રસન્ન થયા અને દેવકરણને રાજ્યનો સઘળો કારભાર સોંપ્યો. દેવકરણે રાવને લાખો કોરીની ઉપજ વધારી આપી અને જ્યાં જ્યાં

ખરચ કરવાનો વખત આવતો ત્યાં તે પોતાનું ધન વાપરતા. વ્યાપારને ઉત્તેજન આપ્યું, જમીનની વસુલાતની આવક નિયમિત થાય અને વધે તેટલાં માટે મહેસુલના ચોપડા રાખ્યા. રાજ્યમાં દરેક મોટા ભાગમાં–ગામમાં આડતીઆ રાખી ખેડુતોને જોઇતા નાણાં પૂરા પાડવાની વ્યવસ્થા કરી. (આવી વ્યવસ્થા કરવાને Agriculture Banks સ્થાપવા આપણી બ્રિટીશ સરકારનો પ્રયત્ન ચાલુ છે.) આ પ્રમાણે સુધારા કરવાથી દરબારમાં ઉપજ વધીને અઢાર લાખ કોરીની થઇ. પ્રધાનની આવક એથી જૂદી દશ લાખ કોરીની હતી. ભૂજ પ્રાન્ત વિશેષ સમૃદ્ધિવાન થયો. ભૂજના કિલ્લાને મજબુત કર્યો. પરદેશી હુમલા સ્હામે નિર્ભય બનાવ્યો, અને રાજધાનીની આસપાસનો કોટ પણ મજબુત કર્યો. અંજાર, મુદ્રા, અને રાપુરના કિલ્લા બાંધ્યા. દેશના દરેક કિલ્લામાં નિયમિત લશ્કર રાખ્યું. રાજ્યમાં લશ્કરી વિભાગ જૂદો કર્યો.

દેવકરણ શેઠે એક લશ્કર લઇ સિન્ધના પૂર્વ–ઉત્તર ભાગમાં થરપારકરના પ્રદેશ ઉપર હુમલો કર્યો. ત્યાંના સોઢાઓને દાબમાં રાખી કચ્છની સરહદ ઉપર લુટફાટ કરતા અટકાવ્યા. પશ્ચિમ કાઠીયાવાડમાં ઓખામંડળના ચાંચીઆ માંડવીના વ્યાપારને અડચણ કરતા હતા તેમને શિક્ષા કરી અંકુશમાં રાખ્યા. રાજદ્રોહી કાનીઆજીના રાજ્યમાંથી બાલંભ અને બીજાં કેટલક ગામડાં પડાવી લીધાં. સિન્ધમાં જાડેજા–મુસલમાન રઇશ્રા નામના લોકોએ દેવકરણ શેઠને મદદ માટે તેડાવ્યા. દેવકરણ શેઠે તેમનું રક્ષણ કર્યું અને કેટલીક જમીન જીતી લઈ તેનું રક્ષણ કરવા રાયયા બજાર આગળ એક કિલ્લો બાંધ્યો.

દેવકરણ શેઠ એક કાર્યદક્ષ રાજનીતિજ્ઞ પુરૂષ હતા, અને હમણાના સમયમાં જો કોઇ રાજ્યની સેવામાં તેઓ જોડાયા હોત તો

ત્હેમની બુદ્ધિ અને શક્તિની કીંમત કંઈક જૂદીજ અંકાત. તેમણે આ સુધારા કરી જમીનદારો, રાજ્યના ભાયાતો તથા સાધારણ લોકોના સુખ અને સગવડોમાં અનેકધા વૃદ્ધિ કરી હોવાથી તેઓ સર્વ રાવશ્રી ઉપર પ્રેમ અને પૂજ્ય ભાવ રાખતા થયા હતા. ભાયાતો આજ્ઞા થતાં સેવામાં હાજર થઇ જતા.

દેશળજીના પુત્ર લાખાજીનો સ્વભાવ કંઈ જૂદો જ હતો. તે ઉડાઉ અને ટુંકી બુદ્ધિનો હોવાથી કેટલાક મતલબી લોકો ત્હેના મિત્ર મંડળમાં ભળ્યા હતા અને તેમણે રાજા વિરૂદ્ધ કુંવરને ઉશ્કેર્યો હતો. કેટલીક ખટપટ પછી લાખાજીને કેટલાક હક્ક પણ મળ્યા પણ તેથી તે સંતોષ પામ્યો નહિ. ત્હેને દેવકરણ શેઠ શત્રુ સમાન ભાસતા હતા અને ત્હેને દુર કરવા તે પ્રયત્ન કરવા લાગ્યો. કહેવાય છે કે પ્રધાન અને માતાની પ્રીતિ પાપમય હતી એમ ત્હેની માન્યતાથી તે દેવકરણ શેઠને મારી નાંખવા પ્રયત્ન કરતો.

એકવાર પ્રસંગ સાધી તેણે પ્રધાનના ઘરની પાસે એક ટંટો કરાવ્યો જે સમાવવા જેવા પ્રધાન બહાર આવ્યા કે કુંવરના એક ભાડુતી મિત્રે એમને ઓચિન્ત્યા કતલ કરી નાંખ્યા. આ રીતે કચ્છના એક કાર્યદક્ષ પ્રધાન અને લોહાણા જ્ઞાતિના પ્રકાશમાન રત્નના જીવનનો અન્ત આવ્યો.

દેવકરણ શેઠ માટે કચ્છ વૃત્તાન્તમાં લખે છે કેઃ—

દેવ પ્રભુ કણ સૂચવે અંશ અર્થ આ ઠામ,
દેવાંશી નર તું હતો દર્શાવે તુજ નામ.

પુંજો શેઠ (અને જીવણ શેઠ.)

ઈ. સ, ૧૭૪૧ માં લાખાજીએ પોતાના પિતાને કેદ કરી રાજસત્તા પોતાના હાથમાં લીધી અને દેવકરણના પુત્ર પુંજા શેઠને પ્રધાન નીમ્યા. પુંજા શેઠે અમુક વખત સુધી રાવ શ્રી ને

ધન પુરૂ પાડયું પણ તેમ તે વધારે વખત કરી શકયા નહિ અને લાખાજી બેહદ ઉડાઉ હતો અને રાજ્યની પેદાશ ઉપરાંત તેણે પિતાનો ખજાનો પાંચ વરસમાં ઉડાવી દીધો. આવા સંજોગોમાં ત્હેને પુંજા પર અણગમો ઉત્પન્ન થયો અને તેને રજા આપી વીશ લાખ કોરી દંડ કર્યો. રૂપશીશા નામના વાણીઆને પ્રધાન બનાવ્યો. રૂપશીએ પુંજા શેઠ અને એમના કુટુંબને કેદ કરી અનહદ કુરતા વાપરી જેથી તે પૈકી પાંસઠ માણસો સ્વર્ગવાસ પામ્યા. ત્રીશ લાખ કોરી બાકીના પાસેથી કઢાવી. કચ્છના દરબારમાં આ વખતે એક એવો નિયમ જ પડી ગયો હતો કે જે પ્રધાન પૈસાની ઉપજ વધારી આપે તે હુશીઆર અને કોઈ કારણવશાત ત્હેને દુર કરવામાં આવે ત્યારે દંડ કરવા વિના ત્હેને મુક્ત કરવો નહિ. આ ન્યાય પુંજા શેઠને પણ મળ્યો, તેમને જ્યાં સુધી રૂપસિંહની દીવાનગીરિ રહી ત્યાં સુધી ચાર વરસ સુધી કેદમાં રાખવામાં આવ્યા. ચારવરસે રાવની ઇતરાજી રૂપસિંહ ઉપર ઉતરી અને પુંજો શેઠ ફરીથી દિવાન થયા. રૂપસિંહના બધા સગાની કતલ કરાવી અને રૂપસિંહને પણ રીબાવાની ખાતર કેદમાં રાખ્યો.

પુંજા અને રાવશ્રીનું વધારે બન્યું નહિ તેથી ગોવર્ધન મહેતા નામના ગૃહસ્થને દિવાનગીરિ આપી પુંજાને રજા આપી.

પુંજા શેઠનું સખ્ત અપમાન થયું અને તેનું વેર લેવા સંકલ્પ કર્યો. રાવના ગાદીના હક્કદાર પુત્ર ગોડજી સાથે પુંજો શેઠ મળી ગયા અને ત્હેને રાવની વિરૂદ્ધ ઉશ્કેર્યો. ગોડજીની માતાએ પણ ત્હેના વિચારને ઉત્તેજન આપ્યું, તેથી ગોડજીએ પોતાના પિતા પાસેથી હક્ક માગ્યા. તેની ઉમર સોળ વર્ષની હતી તથાપિ લાખાજીએ દેશળજી સાથે જે વર્ત્તન કર્યું હતું તે તેના સ્મરણમાં હતું. રાવે તેની ઇચ્છાનો અનાદર કર્યો. પુંજા શેઠે ત્હેને રાવ સાથે ખુલ્લી

રીતે વિરોધ દર્શાવવાને ઉશ્કેર્યો. ગોડજીએ પોતાને મળેલ મુંદ્રા નામના ગામમાં પુંજા સાથે જઈ રહેવા પોતાની માતાની સંમતિથી નિશ્ચય કર્યો.

ભૂજ છોડી જવા પહેલાં પુંજા શેઠે યુકિત કરી. ગોવર્ધન મહેતાને મળ્યા બે કલાક ત્હેની સાથે ગાળ્યા–ગામ ગપાટામાં કહાડ્યા, પણ મલવાનો પ્રસંગ એવો યોજ્યો કે જે વધારે લોકો જાણી શકે તથા વધારે શંકા ઉત્પન્ન કરી શકે. ધારણા પ્રમાણે થયું. રાવને ખબર મળ્યા કે પુંજો શેઠ, રાણી અને કુંવરને નસાડી ગયા છે અને જતાં પહેલાં તે પ્રધાનને મળ્યા હતા. આ સાંભળી રાવના ક્રોધનો પાર રહયો નહિ. તેણે તત્કાળ ગોવર્ધનને દેહાન્ત દંડની શિક્ષા ફરમાવી દીધી; પછી પુનઃ રૂપસિંહશાને મુક્ત કરી દિવાન બનાવ્યો પણ દોઢ વરસે ત્હેને પણ રજા મળી અને તુલસીદાસ ગૃહસ્થને દિવાન બનાવ્યો.

ગોડજી મુદ્રામાં રહી પુંજા શેઠની સલાહ પ્રમાણે વર્ત્તન કરતો હતો, તોપણ મિરઝા અમીરબેગ નામના એક જમાદારને તે પોતાનો મિત્ર સ્હમજતો અને તેની સલાહ પણ માનતો. જમાદારની સલાહ પ્રમાણે મુંદ્રાના વેપારી માંડણશાહની કાણે આવેલ વાણીયા વ્યાપારીઓને કેદ કરી ત્હેમની પાસેથી ભારે ધનની માગણી કરી. પુત્રના આવા વર્ત્તનથી રાવને ઘણું માઠું લાગ્યું, અને મુંદ્રાપર એક લશ્કર મોકલ્યું. ગોડજી નાસી જઈ મોરબીમાંથી એક લશ્કર લાવ્યો અને મુંદ્રાને ઘેરાથી મુક્ત કર્યું. આ વખતે તુલસીદાસને રજા આપી દેવજી નામના ગૃહસ્થને દિવાન બનાવ્યા. ગોડજી અને રાવની સલાહ થઇ ગઇ અને ગોડજીએ પુંજા શેઠને દૂર કરી મુનરા સાચવવાની કબુલાત આપી. પુંજો શેઠ મોચાળે ગયા, ત્યાં તેને ગોતરફથી માસિક એક હજાર કોરી પેન્શન મળતું હતું.

ઈ૦ સ૦ ૧૭૬૧ માં રાવશ્રી સ્વર્ગવાસ પામ્યા અને ગોડજી રાજા થયો. પુંજો શેઠ આ વખતે જુનાગઢમાં હતા, તે દિવાનગીરિની આશામાં ત્યાંથી પાછા ફર્યા. રાવશ્રીએ જીવણુશેઠ નામે એક લોહાણાને દિવાન બનાવ્યા. જીવણુ શેઠ પ્રથમ પુંજા પાસે નોકર હતા, અને તેને દિવાન બનાવવામાં આવે એ પુંજા શેઠથી સહન થઇ શકયું નહિ. જીવણુશેઠે પણ વિચાર કર્યો કે પુંજો આવશે તો કંઈક ખટપટ ઉભી થશે, તેથી તેણે એવી ખટપટ રચી કે પુંજો શેઠ ભૂજમાં આવવાજ પામ્યા નહિ. કંથકોટમાં ગયા ત્યાં પણ રાવની બીકથી ત્યાંના મુખીએ પુંજા શેઠનો સત્કાર કર્યો નહિ. ત્યાંથી નાગવાળા ગયા ત્યાં એમને પકડવા જીવણુશેઠે ૨૦૦ ઘોડેસ્વારો મોકલ્યા, પણ ત્યાંનો ઠાકોર પુંજાશેઠનો સ્નેહી હોવાથી એમને નસાડી મૂકવાનો પ્રબંધ કર્યો. વીરાવાવ નામના ગામમાં પુંજા શેઠનો સત્કાર થયો.

હવે જીવણુશેઠનું વૈર વાળવા એમણે યુક્તિ કરવા માંડી. આ વખતે સિન્ધમાં ગુલામશકાલોરા રાજ્ય કરતો હતો. ઘણા વખતથી તેની ઇચ્છા કચ્છ ઉપર હુમલ્લો કરવાની હતી અને તેની પુંજાને ખબર હોવાથી, ગુલામશાહના દિવાન ગીડુમલ જે પણ જાતે લોહાણો હતો ત્હેની સાથે પત્ર વ્યવહાર કર્યો. ગીડુમલે પુંજા શેઠના શાહ પાસે વખાણ કર્યા; અને ગુલામશાહે તેને બોલાવવા એક પાલખી એક હજાર મહોર અને એક સો માણસો મોકલ્યાં. પુંજો શેઠ શાહના દરબારમાં જતાં એમનો ઘણોજ સારો સત્કાર થયો. શાહે કચ્છ જીતવાનો અને કચ્છની રાજકન્યા સાથે લગ્ન કરવાનો પોતાનો વિચાર વ્યક્ત કર્યો. પુંજા શેઠે લગ્ન માટે આશા આપી. અને ગુલામશાહ તૈયારીઓ કરવા લાગ્યો. પુંજા શેઠે રાવશ્રીને પ્રધાનને સ્હામે લ્હડવા મોકલવા કહી મોકલાવ્યું. રાવે તાબાના સર્વ ગરાસીઆઓને એકઠા કર્યા. મોથારાનો ઠાકોર પુંજાશેઠના પક્ષમાં

હોવાથી તે આવ્યો નહિ. જીવણુશેઠની સરદારી નીચે એક મ્હોટું લશ્કર સિન્ધી લશ્કર સ્હામે લ્હડવા મોકલ્યું, અને નવાનગરમાંથી એક હજાર સ્વારો હુસેનમીયાંની સરદારી નીચે બોલાવ્યા જેઓ ભુજનું રક્ષણુ કરવા રહ્યા. રાવે રાયધણુપરના નવાબ પાસેથી ચાર માસ માટે નવ લાખ કોરીના પગારથી એક ઘોડેસ્વારની ટુકડી બોલાવી.

ગુલામશાહ ૭૦ હજાર માણુસના લશ્કર સહિત નરા પાસે આવી પહોંચ્યો. કચ્છી સેનાની જીવણુશેઠે એ તરફ સઘળા કૂવા પૂરી મૂકાવ્યા હતા અને દુશ્મનો પાણી માટે ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યા હતા. કહેવાય છે કે રૂપીએ લોટો પાણી મળવું મુશ્કેલ હતું. આવા સંકટના વખતમાં જીવણુશેઠ જો એ સૈન્ય પર તૂટી પડયા હોત તો બેશક તે ફત્તેહ મેળવત પણ એમને પોતાના બળ અને દમામ ઉપર વિશ્વાસ હતો અને એક સેનાની તરીકે યુક્તિ, કળા, પ્રપંચનો ન્યુન ઉપયોગ કરી શકતા તેથી ઝારાની ટેકરી પર છાવણી નાખી પડી રહ્યા. સિન્ધી લશ્કર ત્યાં આવી પહોંચ્યું.

યુદ્ધની શરૂઆતમાં જ ટેકરીના રક્ષણ માટે મૂકેલી એક મ્હોટી તોપ ફૂટી તેથી ચારે તરફ ગભરાટ અને અવ્યવસ્થા થઈ રહી. સિન્ધીઓને લાગ ફાવ્યો, તેઓ વિકાળ થઈ નેતૂટી પડયા. બન્ને તરફના યોદ્ધાઓ મરણીઆ થઈ લ્હડવા લાગ્યા. ઝારાની લડાઇ કચ્છના જાડેજા ઇતિહાસમાં એક યાદગાર બનાવ મનાય છે. આના જેવી લડાઇ પૂર્વે થઇ નહોતી. ઝાકડનું અંધારૂં હોવાથી પોતાનું પારકું કોઇ ઓળખી શકતું નહોતું. આ યુદ્ધમાં કચ્છ તરફથી નરાના ઠાકોર ભીમજીએ અદ્વિતીય વીરત્વ બતાવ્યું હતું. અદ્યાપિ પર્યન્ત કચ્છી સ્ત્રીઓ, ભીમજી અ ઝારો મલાયો—અર્થાત ઝારાના યુદ્ધમાં રંગ રાખનાર ભીમજી હતો, એમ રાસડો ગવાય છે. આ બ-

-યંકર યુદ્ધમાં બન્ને પક્ષના અનેક શૂરવીર સરદારો માર્યા ગયા અને લગભગ એક લાખ માણસોની કતલ થઇ એમ કહેવાય છે. લોક માન્યતા એવી છે કે ઝારાના યુદ્ધમાં લોહીની નદીઓ વહી હતી અને તેમાં સવાશેરનો પથ્થર તર્યો હતો. સ્વલ્પમાં ઝારાની લ્હડાઇથી કચ્છમાં ત્રાસ વર્તી રહ્યો. જીવણશેઠ પણ એ યુદ્ધમાં પડયા. ગુલામ-શાહ કચ્છમાં આગળ વધ્યો અને તેરા તથા કોઠારાના ઠાકોર પાસેથી દંડ લીધા, કેટલાંક ગામડાં બાળી નાંખ્યાં તથા કતલ ચલાવી. રાવ શ્રી ગભરાયા અને પુંજાને પત્ર લખી ગુલામશાહ સાથે સલાહ ક-રવાની ઇચ્છા બતાવી. પુંજોશેઠ જે શરતો કરે તે કબુલ રાખવી તથા પુંજાને ફરી દિવાન બનાવવાનું પણ વચન આપ્યું.

પુંજાશેઠને એટલુંજ જોઇતું હતું. પણ ગુલામશાહને પાછો મોકલવો એ કામ જરા મુશ્કેલ હતું. ભૂજના માર્ગના બધા કુવામાં ઝેર નાંખવામાં આવ્યું હતું. ગુલામશાહે બીજો રસ્તો લીધો. કેટલાક ઠાકોરો પાસેથી દંડ લીધા પણ સાંધાણના ઠાકોરે ત્હેના લશ્કરને હાર આપી પાછું ધકેલ્યું. આથી શાહ જરા ગભરાયો તેમાં પુંજાશેઠે પ્રપંચનો પાઠ ભજી ત્હેની બ્હીકમાં વૃદ્ધિ કરી અને જ-ણાવ્યું કે એ રસ્તે ૩૬૦ કિલ્લા છે અને રાવની મદદમાં નવાનગરનું તેમજ રાયધનપુરના તાબાનું લશ્કર હાજર છે; આપણે ફત્તેહ મે-ળવી છે માટે હવે જો આપ જાઓ તો હું ભૂજમાં જઇ આપના લગ્નનો બંદોબસ્ત કરીશ. ગુલામશાહે આ વાત માન્ય રાખી અને પુંજાશેઠના પુત્ર દેવજીને સાથે બેઆના (Hostage) તરીકે લઇ તે સિન્ધમાં ગયો. પુંજાશેઠનો ભૂજમાં સારો સત્કાર થયો અને પ્ર-ધાન પદ્વી પાછી મળી. પુંજાશેઠે પ્રથમ રાયધનપુરના લશ્કરને પગાર આપી વિદાય કરી દીધું કારણ કે એ લશ્કર કંઇક સત્તા પણ ચલાવતું હતું. પછી એ વર્ષ વાગડીની સ્વારીમાં ગાળ્યાં. કંથકોટ વિગેરેના ઠાકોરોને

દંડ કર્યો. ગુલામશાહના રાવની બ્હેન સાથેના લગ્નની વાત પુંજાશેઠના લક્ષ બહાર નહોતી અને ત્હેને માટે રાવને પણ વારંવાર કહેવામાં આવતું. રાવ ગોડજીને એ વાત સર્વથા અરૂચિકર હતી તેમજ પુંજાના પ્રયત્નથી કચ્છને જે નુકશાન સહન કરવું પડયું હતું તેથી પણ અંદરખાનેથી રાજ્યની વૃત્તિ શિથીલ અને તિરસ્કારયુક્ત હતી. તેણે પોતાના રાજ્યના તૂટેલા કિલ્લાઓ સમારી લીધા. લશ્કર એકઠું કર્યું અને પોતાની સત્તા પણ બરાબર જમાવી ત્યારે પ્રધાનનો ઘાટ ઘડવાનો નિશ્ચય કર્યો. પુંજાશેઠને પકડી દશ દિવસ કેદમાં રાખવામાં આવ્યા. અને રાવ ગોડજીએ પોતાને હાથેજ એમને ઝેરનો પ્યાલો પાયો. (ઈ. સ. ૧૭૬૫.)

પુંજાશેઠના આગ્રહને માટે અનેક દંતકથાઓ પ્રચલિત છે એમના ભાઇને કોઇએ મારી નાખ્યો ત્યારે પુંજાશેઠે પોક ન મૂકી. પૂછવામાં આવતાં જણાવ્યું કે મ્હારા ભાઇને મારનારના શબ ઉપર ઉપર ઉભો રહી હું પોક મૂકીશ. અન્તે તે શખ્સને તેણે માર્યો અને તેના શબ ઉપર ઉભા રહી પોક મૂકી.

સારસ્વત બ્રાહ્મણોએ એમની માતાના કારજ પ્રસંગે વાંધો નાંખ્યો હતો. એમણે જમણને બહાને ભૂજમાં વસતી સારસ્વત જ્ઞાતિ સમસ્તને પોતાના ડહેલામાં બોલાવી પુષ્કળ ઘી આપી પાણી બંધ કર્યું હતું અને દરવાજા બંધ રાખ્યા હતા. છેવટે જ્યારે એમણે માફી માગી અને કેટલાક કરો ઓછા કર્યા ત્યારે તેમને છોડયા એમ કહેવાય છે.

પુંજાશેઠને ત્હેના ગોરો સાથે ગોરની કન્યાના લગ્ન પ્રસંગે ખરડામાં કોરી ભરવા માટે તકરાર થઈ હતી. જ્યારે પુંજાશેઠનો યજમાનહક પાંવૈઆને કોરી ૨૦૦૦૦) માં વેચી નાંખ્યો—કચ્છ રાજ્ય પ્રમાણે પાંવૈઆનો કર હોય છે. તેમણે પુંજાશેઠના ઘર પાસે

તકાદો કર્યો. પુંજાશેઠે કોરી ૨૦૦૦૦) આપી તે હક લઇ લીધો હતો. પોતાના એક જ્ઞાતિ ભાઇના વૈરને લઇ સિંધમાં જઇ યુક્તિથી ત્યાંના શાહને કચ્છમાં તેડી આવી કચ્છની પ્રજાને અત્યન્ત ત્રાસ આપવાનું પુંજા શેઠનું કામ કોઇ પણ રીતે સ્તુતિ પાત્ર નહોતું. આપણે એમના જીવનની બીજી બાજુ તરફ દૃષ્ટિ કરવાની છે; એમના આગ્રહ અને પુરૂષપણામાંથી સદ્બોધ લેવાનો છે.

દેવજી શેઠ.

પુંજાશેઠના ખુનના સમાચાર સાંભળી ગુલામશાહ ૫૦૦૦૦નું મ્હોટું લશ્કર લઈ પાછો ચ્હડી આવ્યો. નરાનો પ્રદેશ ઉજ્જડ હતો. મુરૂના કિલ્લામાં ૮૦ રજપુતો સ્હામે થયા પણ તેઓ માર્યા ગયા અને નિર્વિઘ્નંએ તે ભૂજ આવી રાવ ગોડજીના બ્હેનનું માગું કરવા દિવાન ગીડુમલ અને અન્ય સંભાવિત ગૃહસ્થોને મોકલ્યા. રાવે તેમનો ઉપલા મનથી સત્કાર કર્યો. રાતના ભૂજની જેટલી તોપો હતી તે છોડવાની આજ્ઞા કરી. તેમ થતાં ગુલામશાહના માણસો બહુજ ભય પામ્યા અને તેમણે કચ્છના બળ વિષે શાહ પાસે અતિશયોક્તિ ભરેલું વર્ણન કર્યું શાહે યુદ્ધ કરવાનો વિચાર માંડી વાળ્યો, અને સલાહની વાત ધ્યાનમાં લીધી. રાવની બ્હેનને બદલે એમના એક દુરના સંબંધી ખાખર ઠાકોરની પુત્રી ગુલામશાહને આપી. કેટલોક વખત તે કચ્છમાં પડી રહયો, પણ પછી લખપત પાસે ૫૦૦ માણસનું એક થાણું બેસાડી તે સિન્ધમાં ગયો. ઇ. સ. ૧૭૭૨ માં તે સ્વર્ગવાસ પામ્યો અને ત્હેનો પુત્ર સરફરાજ તખ્તનશીન થયો. તેને કેટલાક આંતરિક કજીઆ સમાવવાની હોવાથી કચ્છમાંથી થાણું પણ ઉઠાવી લીધું અને દેવજી શેઠને પણ રજા આપી દીધી. ભૂજમાં આવતાં રાવે દેવજી શેઠનો સારો સત્કાર કર્યો અને પ્રધાન પદવી આપવાની માગણી

કરી પરંતુ દેવજીશેઠે પોતાના પિતા અને પિતામહની સ્થિતિ જોઇ હતી અને રાજ્ય પ્રપંચથી દુર રહેવું એજ ઠીક લાગવાથી લખપત બંદર પુનઃ વસવવા દેવાની રાવ પાસેથી માગણી કરી જે સ્વીકારવામાં આવી. લખપત બંદરને થોડા વખતમાં એવી સ્થિતિમાં લાવી મૂકયું કે રાવને ત્હેમની બુદ્ધિ અને કાર્ય કરવાની શક્તિ માટે સારો અભિપ્રાય બંધાયો. ત્હેમને દિવાન બનાવવા બોલાવ્યા ભૂજમાં જતાં એમના પાસવાનોએ ઝેર પાવાથી મરણ પામ્યા.

દેવચંદ શેઠ.

ગોડજી પછી ઇ. સ. ૧૭૭૮ માં રાવ રાયધણુ ગાદીપર આવ્યા આ વખતે દેશમાં અનેક રીતે અંધાધુંધી પ્રસરી ગઇ હતી. રાયધણજીના માતુશ્રીના સ્હમજાવવાથી તેણે દેવચંદશેઠને દિવાન નિમ્યા. દેવચંદને રાજ્ય કારભારનો સારો અનુભવ હતો, ત્હેમની પ્રમાણિક્તા અદ્વિતીય મનાય છે. રાવના ખોટા કામમાં તે જોડાતા નહિ અને ખુલ્લી રીતે ત્હેનો યોગ્ય ઉત્તર આપતા. દેવચંદને રાજ્યમાતાનો ટેકો દરેક પ્રસંગે સ્હાયકર્તા થતો તથાપિ, વધારે વખત તે ટકી શકયા નહિ. એમણે પ્રમાણિકતા અને કાર્યદક્ષતાથી થોડો વખત રાજ્યની લગામ હાથમાં રાખી પણ રાવના ઉપર ત્હેના દુશ્મનોના પ્રપંચથી અસર થઇ. એકવાર દેવચંદ રાજ્ય મહેલમાં ગયા; અચિન્તા એમને પકડી મંગાવવામાં આવ્યા; એમના સગા પાસેથી દંડ લેવામાં આવ્યો અને દેવચંદ શેઠને મારી નાંખવામાં આવ્યા.

કેટલાકો માને છે કે રાવને ખબર આપ્યા વિના પ્રધાનના દુશ્મનોએ એમને મારી નાંખ્યા. કેટલાકોની માન્યતા એવી છે કે રાજ્યનો એમાં હાથ હતો અને તેનું કારણુ એ હતું કે પ્રધાન અને ત્હેની માતાનો સંબંધ પાપમય છે એવી લોકોક્તિ હતી, તેમજ રાવના સ્વર્ગવાસી પિતાએ પણ એમ કહ્યું હતું.

મેઘજી શેઠ.

કચ્છના દિવાનો કરતાં મેઘજી શેઠનું જીવન કંઇ જૂદાજ પ્રદેશમાં વિહરતું હતું. એમની મહત્તા કંઇકિ જૂદાજ પ્રદેશમાં હતી. મેઘજીશેઠ રાઓશ્રી રાયધણ (ઇ. સ. ૧૭૭૯થી ૧૮૧૪)ના સમયમાં થયાછે. એમનો જન્મ નખત્રાણાપાસે રતળીઆ નામના ગામમાં થયો હતો. મેઘજીશેઠ સત્તાવાનઅને લડવામાં પણ બહાદુર હતા. પોતાની સત્તા અને લાગવગથી અંજાર લખપત અને મુંદ્રાના ધણી થઇ પડયા હતા. મેઘજીશેઠે રાવશ્રી ગોડજીના સમયમાં સારા કારભારી હોદ્દા ભોગવ્યા હતા. દંતકથા એમ છે કે રાજ્યપર રાયધણજી કરતાં એમના ભાઇ જે વડીલ હતા તે પૃથ્વિરાજ ઉર્ફે બાવાભાનો વધારે હક્ક હતો અને મેઘજી શેઠે રાજ્ય અપાવવા પણ વચન અપાવ્યું પણ તેણે અનીચ્છા દર્શાવી.

રાવ રાયધણને પૈસાની તંગી હતી અને મહમદ પન્ના નામના મુસલમાન સૈયદે એમને મુસલમાની ધર્મના સંસ્કારો નાંખ્યા. રાવના મગજની સ્થિતિ સારી નહોતી. તેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો અને પોતાની સઘળી રૈયતને મુસલમાન કરવા જુલમ વાપરવા લાગ્યા. ઓધવજી નામના એક રાજગોર બ્રાહ્મણને પકડયો. ત્હેના જ્ઞાતિ બંધુઓએ ત્હેને મુક્ત કરવા લાંગા કર્યા. શરીરમાંથી લોહી કહાડયાં પણ રાવે પોતાના માણસોને એમને મારવાનો હુકમ કર્યો. ત્રણ જણ માર્યા ગયા. ત્હેમના ઘર લુંટી લેવાની આજ્ઞા કરી. રાવશ્રીને કેદ કરવા અંજારથી પ્રધાન વાઘજીનો ભાઇ કોરજી આવ્યો. રાવે તે ૪૦૦ માણસોને મારી નંખાવ્યા. હવે એમનો ક્રોધ વધ્યો અને જબર જસ્તીથી લોકને વટલાવવા માંડયા. માંડવીપર હુમલો કરી એક મંદિરમાં મૂર્તિ તોડવા પેઠા. ત્યાં લોકો સ્હામે થયા અને રાવની ટુકડીમાંથી એક બે માણસને મારી નાંખ્યા. ભૂજમાં આવી રાઓશ્રી ફરી વધારે ને વધારે જૂલમાત કરવા લાગ્યા, શહેરની બધી

મૂર્તિઓનો નાશ કરવાનો સંકલ્પ કર્યો. હવે પ્રજાના ત્રાસનો પાર રહ્યો નહિ. પોતાની લાજ રાખવા તેમણે મેઘજી શેઠને બોલાવ્યા. મેઘજીશેઠ આવ્યા અને ભૂજના બધા દરવાજા ત્હેમને સ્વાધીન કરવામાં આવ્યા. રાણીઓ ભયથી ધ્રુજવા લાગી અને રાઓ, પોતાના પઠાણો સહીત મહેલમાં ભરાઇ રહ્યા. મેઘજીએ ત્રણ દિવસ મહેલને ઘેરો ઘાલ્યો. પઠાણો તાબે થયા અને રાવશ્રી કેદ પકડાયા પૃથ્વિરાજને ગાદીએ બેસાડવામાં આવ્યા અને મેઘજીશેઠ—આણ રાવની મેઘજી શેઠના હુકમથી–એ પ્રમાણે સહી કરી કામ ચલાવવા લાગ્યા.

મેઘજી શેઠ અને ત્હેના મદદગારો જે કોઇ વખતે અગીઆર કે ઓછા થતા પણ તેમની મંડળીને બાર ભાઇની મંડળી કહેવામાં આવતી, તે રાજ્ય કરવા લાગી.

મેઘજી શેઠને માટે અનેક વાતો કહેવાય છે; કહે છે કે એમની પાસે કેટલાક ખાસ સામંતો જેમાં મારવાડી, રજપુતો તથા સીદીઓ પણ હતા. તેઓ હંમેશાં બખ્તર પહેરી રાખતા. એમના ત્રાસથી એમના ભયથી મ્હોટા મ્હોટા રજપુતો પણ એમને ખંડણી આપતા. એમને માટે કહેવાય છે કે:—

પડ જાતે દેવલ ઓર દેશમે મસીદ હોત,
દેવહુકી મૂરતી સો ધરાઇ લોક ધરતે,
પડતે કલમા સબ અલલ્લા મહમદ હુ કે,
હિન્દુ મુસલમાન હોકે ટારે હુ ન ટરતે.
રાઓ કુ બોલાય કે દારૂ મેં દિવાના કર,
લાખા આ દેશલકે ખજાન સબ હરતે,
કા કચ્છ વાલે રજપુત તુમ ગુમરાઇ કરો,
મેઘજી ન હોતે તો મ્લેચ્છ રાજ્ય કરતે.

વળી કોઇ કવિએ કહ્યું છે કે:—

મેઘજી ખરો વંકારે,
જેથી વાગ્યો દેશમાં ડંકો.

આણુ ભાઇજી બાવાના ચાલતી. ભાઇજી બાવાના માતા આઇમા બાઇના કોઇ સંબંધી સ્ત્રી રોહાના ઠાકોરની પત્ની થતી હતી. પતિ પત્નીનો બનાવ ન હોવાથી આઇમાબાઇએ રોહાણા ઠાકોર સ્હામે લ્હડવા મેઘજી શેઠને મોકલ્યા. ઠાકોર ગભરાયો અને તે બાઇને જ્યારે માસિક પગાર આપવા કબુલ થયો ત્યારે મેઘજી શેઠ ભૂજ તરફ વળ્યા, પણ આ બનાવથી બાર ભાઇની મંડળીમાં કુસંપ દાખલ થયો. બીજબાનીમાં અમુક ભોજનમાં ઝેર મેળવવાનો આરોપ મેઘજી શેઠ પર આવ્યો, જેથી મેઘજી કંટાળી અંજારમાં ગયો. કહેવાય છે કે મેઘજી શેઠ લીંબડી ગયા હતા, જ્યાંના ઠાકોર સાહેબે એમને પ્રધાન બનાવ્યા હતા. દંતકથા એવી છે કે ભાઇજી બાવાના સ્વર્ગવાસના સમાચાર સાંભળી મેઘજી ભૂજ આવ્યા અને પ્રથા એવો છે કે દ્વાર પાસેથી જ માથે ફાળીયું મૂકવું, જેમ કરવા જતાં કોઈ દગાખોરે એમને અચિન્ત્યો તરવારનો ઘા કરી મારી નાંખ્યા. એમનું સ્મરણસ્થંભ ભૂજમાં વાણીઆના નાકા પાસે છે, આ માન્યતાનો ઉલ્લેખ ઇતિહાસમાં કોઈ પણ સ્થળે નથી. મેઘજી શેઠના હાથ ગુંટણ સુધી પહોંચતા હતા.

કલ્યાણજી કમલાણી.

કચ્છના લોહાણામાં કમલાણીનું નામ પ્રસિદ્ધ છે. આપણા ભાયો એમની વીરતા અને ઉદારતાના યશોગાન અદ્યાપિ પર્યન્ત ગાય છે.

એમના મૂળ પુરૂષનું નામ કરમસી કોઠારી હતું. રાવશ્રી લખપતજીના સમયમાં કલ્યાણજી કમલાણી હતા, જેમને રાજ્ય દરબારમાં સારૂં માન હતું. આપણે જોઇ ગયા છીએ કે કુમાર ગોડજી

નાદાન બુદ્ધિના હતા અને એમના પિતાથી જૂદા પણ રહ્યા હતા. કલ્યાણજી સભામાં આવે ત્યારે ગોડજીને સલામ કરતા નહિં. આનું ગમે તે કારણ હોય પણ ગોડજીને તેથી માઠું લાગતું અને કલ્યાણજી તરફ એમની મમતા પણ નહોતી. આવા સમયમાં કલ્યાણજીના બે પુત્રોના લગ્ન નક્કી કર્યાં, અને દરબાર ગઢમાંથી એમણે ત્રાંબા નાણું લીધું પૂછવામાં આવતાં જણાવ્યું કે ખારેકને બદલે અમે ત્રાંબા નાણું આપીશું. તેથી પણ કુમારને માઠું લાગ્યું અને લગ્નમાં વિઘ્ન નાંખવાનો બંદોબસ્ત કર્યો. પોતાના સીદી જમાદારને કહ્યું પણ તે કમલાણીના કુટુમ્બનો રૂણી હતો. તેણે લ્હડવા સાફ ના પાડી. ત્યારે ત્હેના પુત્રને ઉશ્કેર્યો. આ બાજુ લગ્નની તૈયારી થઈ રહી હતી ત્યાં બીજી બાજુએ એમના ઘરને ઘેરી લેવામાં આવ્યું. કમલાણીઓ પાંચ ભાઇઓ બહાર આવ્યા અને સવા પ્રહર દિવસ ચઢે ત્યાં સુધી સખત યુદ્ધ થયું, જેમાં સઘળા કમલાણીઓ માર્યા ગયા. માત્ર બે પુત્રોને નસાડી મૂકવામાં આવ્યા. એક વિશ્વાસુ મિત્રે આ બન્ને જણનાં લગ્ન કર્યાં. તેઓ નિડર થઈ પુનઃ ભૂજમાં આવ્યા. ગોડજીની દૃષ્ટિ એમના પર પડી અને એમને પજવવા લાગ્યા. ભૂજમાંથી નાસવું પડયું. કોઇ ગરાસીઆઓએ એમને સંગ્રહ્યા નહિ ત્યારે વાગડમાં ગયા અને ગોડજી જ્યારે ગાદીએ બેઠા ત્યારે બહારવટું લીધું. એમની લુંટથી ત્રાસ વર્તી રહ્યો. કહેવાય છે કે એમણે દરરોજ ભૂજમાં આવવાનું પણ લીધું હતું. ગોડજી આ વખતે રાજ્યાસન પર હતા. આ ભાઇઓને પકડવા એક ખાઈ ખોદાવી. મ્હોટા ભાઇએ ખુબ જોરથી ઘોડો દોડાવી ખાઇ કૂદી ગયા પણ ન્હાનો પડયો. તેણે મ્હોટાને ધીરજ આપી અને પોતાને હાથે પોતાનું શિર કાપી નાંખ્યું. મ્હોટાભાઇએ કચ્છનો ત્યાગ કર્યો અને જુનાગઢમાં રહ્યા.

કહેવાય છે કે કેટલાક વખત પછી રાવ ગોડજીને કેટલાક દસ્તાવેજોની જરૂર પડી. આ દસ્તાવેજો કમલાણીઓ પાસે હતા તેથી તે મ્હોટાભાઇને બોલાવ્યો. રાજા પર ત્હેને વિશ્વાસ ન હતો તેથી આવવા ના કહી. રાવશ્રીએ પોતાના પ્રતિષ્ટાત અમલદારોને મોકલ્યા ત્યારે તે આવ્યો. ત્હેનો સત્કાર કર્યો અને દિવાનગીરિ આપવાનું જણાવ્યું, પણ કમલાણીએ તેનો ઉપકારસહ અનાદર કર્યો.

(મેઘજીશેઠનું જીવનવૃત્ત રા. રા. ભવાનજી કુંવરજી બારોટ તરફથી મળ્યું છે તથા કમલાણી કુટુમ્બનો વૃતાન્ત રા. રા. ગોવિન્દજી રામજી શેઠ એમની નોટસમાંથી લીધો છે. એ સિવાયના ચરિત્રો ભારત મહામંડળને આધારે લેવામાં આવ્યાં છે.

કાઠીઆવાડના ઇતિહાસપ્રસિદ્ધ પુરૂષો.

જનરલ કર્નીંગહામના Men of active minds will always find employment for themselves, અર્થાત્ ચંચળ બુદ્ધિના મનુષ્યો હમેશાં પોતાને માટે કામ શોધી લે છે. એ વાક્ય આપણા ઈતિહાસ પરત્વે પુનઃ પુનઃ મનનીય છે. લોહાણાઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં તેમની ચંચળ બુધ્ધિએ અને સાહસિકતા-કાર્યદક્ષતાએ તેમને સમાજમાં ઉચ્ચ સ્થાન અને રાજ્ય દરબારમાં નામાંકિત પદવીઓ મેળવવા ભાગ્યશાળી કર્યા છે. કાઠીયાવાડમાં પણ લોહાણાએ દિવાનનો ઉચ્ચ સ્થાન મેળવ્યાં હતાં.

પોરબંદરમેં પ્રેમજી જૂનેગઢ દિવાન,
નગરે તો પંજુ વસે કચ્છે કમલો જાણ.

આનો અર્થ એવો થાય છે કે પોરબંદરમાં પ્રેમજી, જુનાગઢમાં દિવાનનું નામ નથી પણ કાનજી કે કલ્યાણજી શામજી નામ છે, જામનગરમાં પંજુ ચંદ્રિઆણી અને કચ્છમાં કમલો—કરમસી નામે

લોહાણા દિવાનો થયા છે. આમાં પોરબંદરના પ્રેમજી શેઠનું નામ અધિક પ્રસિદ્ધ છે.

પ્રેમજી શેઠ.

પ્રેમજી શેઠ કાઠીઆવાડના સંસ્થાન પોરબંદરમાં ઇ. સ. ૧૭૭૮ ના અરસામાં રાજ્યમંત્રી થયા હતા. પ્રેમજી શેઠ કાર્યદક્ષ અને સાહસિક હતા. પોરબંદરનું રાજ્ય પહેલાં વિશાળ હતું પણ જામનગરની સત્તા પ્રબળ થતાં તેમાં એમનો કેટલોક ભાગ ખવાઇ ગયો છે. પ્રેમજી શેઠના સમયમાં રાવલ ગામ પાસે કેટલીક જમીનને માટે નગરના જામ સાહેબ તથા પોરબંદરના રાણાશ્રી વચ્ચે વાંધો ઉઠયો. કહેવાય છે કે આ વખતે રાણાશ્રીના હકનું સુરક્ષણ કરવા પ્રેમજી શેઠે ઉચ્ચ પ્રકારની કાર્યદક્ષતા દર્શાવી હતી.

પ્રેમજીશેઠ મહા બુદ્ધિવાન હતા. ત્હેના દાખલા કેટલીક દંતકથાઓને આધારે મળે છે. કહેવાય છે. કે કોઇ શુભ પ્રસંગે દિલ્હીના બાદશાહી દરબારમાં અનેક દેશોના પ્રધાનો બાદશાહને નજરાણા આપવા ગયા હતા. પ્રેમજી શેઠ પોતાના નજરાણામાં એક અત્તરની શીશી લઈ ગયા હતા. કોઇ એમના પાસવાને અત્તર કાઢી લઈ તેમાં રાખ ભરી દીધી. આ વાત એક અણીના સમયપર બાદશાહ પાસે હાથ લંબાવતાં જણાઇ. બાદશાહની દૃષ્ટિ પણ એ વસ્તુ તરફ ખેંચાઇ, એટલે પ્રેમજી શેઠે બહુજ યુકિતપૂર્વક ખુલાસો કર્યો કે જુમીયલશાહ નામનો પીર મુસલમાનોના ઓલીઆ તરીકે પ્રસિદ્ધ છે, તેની આ ભભૂતિ મહા મુશ્કેલીથી પ્રાપ્ત કરી છે. બાદશાહનો સંશય ટળ્યો અને સાથે એક હિન્દુની ઇસ્લામ તરફ શ્રધ્ધા જોઇ સંતોષ થયો.

પ્રેમજી શેઠ પાસે એક બ્રાહ્મણ નોકર હતો, ત્હેનું લગ્ન નક્કી થયું હતું પણ બ્રાહ્મણોમાં એ વખતે એવો રિવાજ હતો કે લગ્ન

વખતે જે વધારે રૂપીઆ આપે તે પરણી જાય. લગ્ન એકી વખતે ઘણા થતાં હોવાથી ત્હેનો દેખાવ એક પ્રકારના લીલાઉં જેવો થઇ રહેતો. પ્રેમજી શેઠે દરેક કન્યા પર એવા ચ્હડાવા કર્યા—એટલી મ્હોટી કીંમત દર્શાવી કે બીજો કોઇ પરણી જ ન શકે. પરિણામ એ આવ્યું કે બ્રાહ્મણોમાંથી એ રિવાજ નાશ પામી ગયો. (રા. દ્વારકાદાસ વ્હાલજી.)

બાપા જલારામ.

લોહાણા જ્ઞાતિમાં આ પરમ સાધુ પુરૂષ માટે અનેક દંતકથાઓ કહેવાય છે. જલ્લા કાં અલ્લા ! અર્થાત જલારામ તો અલ્લા પરમાત્મા જેવા છે એમ એમના મુસલમાન શિષ્યો પણ કહેતા હતા. એઓશ્રી કાઠીઆવાડમાં સંસ્થાન વીરપુરમાં નિવાસ કરતા હતા. એમનો પ્રેમ શ્રી રામચન્દ્ર નામમાં હતો અને રામના રસમાં આ સર્વ સંસાર એમને નિરસ લાગતો. ન્હાનપણથી જ આ ભક્તિ કે અંતરની રસના જાગૃત થઈ હતી. જાપ અને તપથી એમનું અંતઃકરણ બાળકના જેવું નિર્મલ અને નિષ્પાપ થઇ ગયું હતું, તેથી તેઓ દરેક સાથે ભળી શકતા અને દરેકને પ્રિય લાગતા હતા. સત્સંગથી એમનું ઇશ્વર સંબંધી જ્ઞાન પણ જાગૃત થયું હતું. કહેવાય છે કે યોગની ક્રિયાઓ પણ કરતા હતા અને પરિણામે એવા ચમત્કારો કરતા કે જેથી રંક લોકોનું કલ્યાણ થતું. એમના આશ્રમમાંથી કોઇ પણ અતિથિ તે હિન્દુ હો કે મુસલમાન, રંક હો કે રાય પણ ભોજન પામ્યા વિના જતો નહિ.

જલારામ બાપાની સ્વાર્થત્યાગ વૃત્તિની પરીક્ષા લેવા એમના એમના ઈષ્ટદેવ પોતે પધાર્યા હતા અને એમના ધર્મપત્ની સતી વીરબાઇની યાચના કરી હતી. ભક્તરાજે ત્હેનો ખુશીથી સ્વીકાર કર્યો અને સતીને એ સાધુની સેવા કરવાને કહ્યું. સાધુ થોડેક સુધી વી-

રબાઇ માતાને તેડી ગયા અને પછી અદશ્ય થઇ ગયા. માતુશ્રી પાછાં આવ્યા. જણાયું કે એ પોતે જ ભગવાન હતા, પુજા-ઉપાસના કરી અને ભગવાનનાં દર્શન થયાં. વીરપુરમાં એમના આશ્રમમાં યાત્રા ભરાય છે જેમાં હિન્દુ મુસલમાન સર્વ સમાન રીતે ભાગ લે છે. એમની ગાદીના ભક્તરાજ હરિભાઇ ગત વર્ષમાં સ્વર્ગવાસ પામ્યા છે.

મહાત્મા મોરાર સાહેબ અને રવિ સાહેબ.

આ ધાર્મિક સંપ્રદાયના સાધુઓ સાહેબ નામે ઓળખાય છે. એમનું સ્થાન જામનગર પાસે છે. આ ઉભય મહા પુરૂષો તત્વજ્ઞાની અને ઉત્તમ પ્રકારના ભકતો હતા. અદ્યાપિ પર્યન્ત એમનાં ભજન ગવાય છે.

દાસ મોરાર સંતો રવિજીના ચરણોમાં
કર બંદા બંદગી તો હોવેગા કલ્યાના,
મહોબત છોડી દે મનરે જો મરી જાનાજી.

ધર્મસિંહ ભકત.

આ મહાત્માનું સ્થાન જોડીઆ પાસે છે. એઓશ્રી ભક્તિ પરાયણ પુરૂષ હતા. જોડીઆમાં જ્ઞાતિ ભોજન પ્રસંગે અદ્યાપિ પર્યન્ત એમનાં સદાવ્રતમાં અપાય છે.

જાદવજી ભકત.

એઓશ્રી કચ્છ અંજારના હતા. મુમ્બાઇથી દ્વારકાં જતાં હતા ત્યાં વહાણુ ડુબી ગયું; એમની પ્રભુશ્રધ્ધાથી ૧૪ જણુ બચવા પામ્યા. એમને ત્યારથી હરિની ધુન લાગી. અન્ય જનો જ્યારે ચાલ્યા ગયા ત્યારે જાદવજી દ્વારકાં જ રહ્યા હતા. પોતાની પાસે જે કંઇ ધન હતું તે એમણે દાનમાં આપી દીધું. કહે છે કે એમના અન્નમાંથી કોઇ વાર ખુટતું નહિ અને ગમે તેટલા માણુસો પણુ જમી જતા.

મેઘજી રૂપા ભેંડા (ભીંડે).

શેઠ મેઘજી રૂપા કાઠીઆવાડના રહીશ હતા અને શિવાજીના સમયમાં થયા હતા. એમને ન્હાનપણથી જ ઘોડેસ્વાર થઇ ફરવાનો, શિકાર કરવાનો અને પ્રસંગ હોય તો કાઠી લોકો સાથે–એમના શત્રુઓ સાથે લ્હડવાનો શોખ હતો. એઓશ્રી કેટલાક પોતાના મિત્રો સહિત સુરતમાં આવ્યા. કાઠીઆવાડી રૂવાબ છૂપી શકયો નહિં. સુરતના નવાબે એમને બોલાવ્યા અને ત્યાં કેટલીક ઘોડાદોડની, નિશાન તાંકવાની શરતો કરાવી, જેમાં મેઘજી શેઠે નવાબનું મન હરી લીધું. એમને પોતાની નોકરીમાં રાખવા ઇચ્છા દર્શાવી. મેઘજી શેઠ પોતાના પિતાને પૂછયા વિના કશું કરતા નહિ તેથી પાછા કાઠીઆવાડ આવ્યા. પ્રથમ ત્હેમને જમાદારની જગ્યા આપવામાં આવી. નવાબને એક ખરી આફતમાંથી પોતાની બહાદુરીથી બચાવ્યો, તેથી એમને નાયબ દિવાન બનાવવામાં આવ્યા. આ પ્રસંગે નવાબે એમનાં ખૂબ વખાણ કરી પોતાના ગળામાંથી એક મોતીની માળા કહાડી આપી. કહેવાય છે કે ઇ૦ સ૦ ૧૬૬૨ માં જ્યારે શિવાજી મહારાજ સુરત લુંટવા આવ્યા ત્યારે નવાબ તરફથી સેનાની મેઘજી શેઠ હતા. ત્યાર પછી નવાબના સાળા સાથે ખટપટ થવાથી એમણે સુરત છોડયું અને જામ સાહેબનાં ચેલામંગા નામનાં ગામમાં આવી રહ્યા. વૃધ્ધાવસ્થા શાન્તિમાં ગુજારતા હતા પણ ગામમાં એકવાર લુંટારા આવ્યા. મેઘજી શેઠનું લોહી ઉકળી આવ્યું; ત્હેમને ઘાયલ કર્યા અને પોતે પણ ઘાયલ થયા.

જુનાગઢના દિવાન કલ્યાણજી શેઠ.

કલ્યાણજી શેઠ ઇ૦ સ૦ ૧૭૯૬માં જુનાગઢના દિવાન હતા. ઇ૦ સ૦ ૧૭૯૯ માં બળવો કરી એમણે કુતિયાણા તાબે કર્યું હતું.

(હિન્દ રાજ્યસ્થાન, પૃષ્ટ ૨૦૩.) એ શિવાય એમના જીવન સંબં- ધમાં વિશેષ હકીકત મળતી નથી.

પંજુ ચિન્દ્રિઆણી.

પંજુમલ્લ એમનું ખરૂં નામ છે અને ભાટોના ચોપડા પ્રમાણે એમનો જન્મ સિન્ધમાં થયો હતો. જામનગરમાં દિવાન પદવી જામ- રાવળના પૌત્રના સમયમાં પ્રાપ્ત કરી હતી. એમણે લોહાણાઓમાં અભક્ષ્ય અહારનો ત્યાગ કરાવ્યો હતો અને બદલામાં વાણી- આએ લોહાણાઓને વાણીઆપ્રાઇ ઉંચી પાઘડી બાંધવાની પરવા- નગી આપી હતી. એમના જીવનનાં, વીરતાનાં, સ્મરણો કરતાં ધર્મનાં સ્મરણો સવિશેષ પ્રસિધ્ધ છે.

પંજુમલ્લ......ચંદ્રિયા સુતનને
સએ કામ ઉત્તમ કીયે, કાશી પિતા ચલાએ,
જાત્રના સફળ કેલાઇ કૃષ્ણ ક્ષેત્ર (દ્વારકાં)
ગોમતીમાં તુલા તુલાઇ.
*મહાજન કે શિરો મોડ દીએ જીએ છાડીએ દાન,
કોએ હરખાને બાંજીએ માલયુક્ત કીયે સુજશ લીએ.
કરે વિવાહ પકવાન મોટાં કરે જુવન સુભાગ
ભંડાર રહીઆં ભરે...........
એમ મનમાં ધરે આજ સૌ. લોહાણા મિષ્ટાન્ન ઉજળાં
પંજુપર ખડપર વાત પરવરી તે દી
છાડીઆં (બકરી)
ગળે ટુંટ રાખી છરી.

---

* મહાજનને વાંકી પાઘડી પહેરાવી.

પ્રાત:સ્મરણીય શેઠ હંસરાજ કરમસી જે. પી.

હંસ તે હંસ! અર્થાત હંસરાજ જેવા જ્ઞાતિરત્ન મુમ્બાઇની જ્ઞાતિમાં બીજા થયાજ નથી. હંસરાજના કામોનું સ્મરણ કરી અનેક જનોને નિસાસા નાંખતાં અમે જોયા છે. સ. ૧૭૯૯ માં એમનો જન્મ થયો હતો અને ૧૮૨૭માં આ નરરત્ને સંસારમાંથી પ્રયાણ કર્યું. અઠાવીસ વર્ષની ન્હાની ઉમરમાં એમણે જે કામો કર્યાં તેનો વિચાર પણ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો છે. એમના સ્વર્ગવાસ પછી 'હંસવિરહ' નામે પુસ્તક અંજારના બારોટ લાધારામે રચ્યું હતું. તેના પ્રથમ શ્લોકમાં આ પ્રમાણે છેઃ—

થયો નહિ હંસ જેવો રે
દેહ ધારી માનવી એવો !

હંસરાજને માટે દલપતરામે લખ્યું છે કે,

પ્રેમ બાઇનો પુત્ર છે કર્મસિંહ કુળ ભાણ
હંસરાજ હોંસી ભલો લાયક જાત લુવાણ !

લાયક લવાણા જાત કરમસી રણમલ,
મુંબાઇના મહાજન કૈલાસ મુકામ છે.
સુત તેનો હંસરાજ હોંસીલો હરેક વાતે,
સદ વિદ્યા શોખી તત્વ ગ્રાહક તમામ છે.
પુસ્તક આ ત્હેને ભેટ કીધું માટે પુસ્તકનું,
નિરધાર્યું હંસ કાવ્ય શતક એ નામ છે.
વાગદેવી આપનાં વદનમાં વિશેષ વસો,
હંસ તણા તનપર તે વસે છે તેટલી;
ઉજ્વળતા પામો પૂરી હંસના અરેવ તણી,
નીર ક્ષીર ન્યારા કરવાની કળા કેટલી.

સંતતિ તથા સમૃદ્ધિ તણી ઘણી વૃદ્ધિ થાય,
હંસને સદને થાય જળ વૃદ્ધિ જેટલી;
કર્મસિંહ સુત સુણો કહે દલપતરામ,
આશીષ અમારી અંગીકાર કરો એટલી.

હંસ વંશ અવતંશ છો દિલ દયાળુ દિનનીશ
મુદિત રહો મુમ્બાઈ તણા જસ્ટીસ ઓવ ધી પીસ.

કવિશ્રી દલપતરામે "હંસ કાવ્ય શતક" નામે પુસ્તક લખી હંસરાજ શેઠને અર્પણ કર્યું હતું, તેમાંથી ઉપરના ઉતારા કર્યા છે. કવિશ્રી અને હંસરાજ શેઠની પ્રીતિ હતી. શેર સટ્ટામાં કવિશ્રીએ પણ ઝંપલાવ્યું હતું, અને તેમાં એમને મ્હોટી ખોટ ગઇ હતી. હંસરાજ શેઠે આ વખતે એમને અનેક સંભાવિત પારસી તેમજ હિન્દુ ગૃહસ્થો સાથે ઓળખાણ કરી આપી હતી. કવિશ્રી હંસરાજ શેઠની સાથેની એમની પ્રીતિનું વર્ણન હંસ કાવ્ય શતકમાં આ પ્રમાણે કરે છેઃ—

અંતર હેત તણા રસ આગળ
ખાંડ ખજુર તણી ખૂબી ખોટી,
અંતર હેતની કીંમત આગળ
માણુક મોતી મતા નથી મોટી.

અંતર હેત તણા ધન આગળ
કોણ ગણે ધન લાખ કે કોટી,
હંસ સુણો દલપત કહે
દિલ હેતની નિર્મળ નેણુ કસોટી.

હંસરાજ શેઠને પોતાને પણ કાવ્ય કરવાનો શોખ હતો.

કવિત.

આજ કવિરાજ વિદા કાયેકો સમાજ કીનો
સોતો હે રિવાજ એસો મનકી મે માનીઓ,
જાનીઓ ન માસે કછુ પ્રીતકી વિદાય ભઇ,
અંતરકી પ્રીત બડી હોયગી પ્રમાનીઓ,
જ્યોં જ્યોં હમ પ્રીતકો નિવાયગે સુરીતિ કરી,
ત્યોં ત્યોં તુમ પ્રીતકો નિવાસ ઈકુ ઠાનીઓં
પ્રીતિ ઉર ધરી આનો જાનો નિસ દીન કરો
મનમેં ન જાનીઓ જો મોયકો વિદાય કીનો.

એમણે પાંડવ પ્રસ્થાન નામે કાવ્ય લખ્યું હતું, બારોટ લાધારામનો તે છપાવવાનો વિચાર હતો પણ અદ્યાપિ તે છપાયું નથી. એમણે ઇંગ્રેજી, મરાઠી, અને ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો. તથા નિઘંટ રત્નાકર નામે પ્રાચીન વૈદકનો ગ્રન્થ સંશોધન કરાવી પ્રસિદ્ધ કર્યો હતો. લોહાણા જ્ઞાતિમાં સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપવાનુ પ્રથમ માન એમને ઘટે છે. એમણે એક કન્યાશાળા સ્થાપી હતી. ત્રંબકેશ્વરમાં ઉપર જતાં એમના પિતાશ્રીને શ્રમ થવાથી એક લાખ રૂપીઆ ખર્ચી એમણે પગથીઆ બંધાવ્યાં હતાં (૨) ધારાપુરીમાં પગથીઆ બંધાવ્યાં, (૩) પનવેલીમાં સુંદર તળાવ તથા એક બંગલા આફારમાં ધર્મશાળા બંધાવી, (૪) કલ્યાણીમાં વિઠોબાના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, (૫) અંધેરીમાં શ્રી મારૂતીનું મંદિર અને ધર્મશાળા બંધાવ્યા. (૬) ભાયખલામાં મંદિર ને બંગલો બંધાવ્યાં, (૭) મજગામ માનકેશ્વરના પગથીઆં તથા ધર્મશાળા તથા એક સુંદર હવાડો બંધાવ્યાં, (૮) વાલુકેશ્વરમાં પગથીઆં કરાવ્યાં, (૯) દ્વારકામાં ધર્મશાળા બંધાવી, (૧૦) કચ્છ મરકામાં સેલોર વાવ અને સદાવ્રત ચાલુ કર્યું, કોટ (મુમ્બાઇ)માં કુવા

ખોલાવ્યા હતા. એમના માણસો કચ્છમાંથી આવતા દરેક વહાણપર જતાં તેમાં આવનાર દરેક લોહાણાને તેડી લાવતા. શેઠશ્રી તેનો યોગ્ય સત્કાર કરી ધંધે લગાડી દેતા. આ પ્રમાણે અનેક ગરીબ અને મુમ્બાઇમાં અપરિચિત લોહાણાને એમણે ધંધે લગાડ્યા હતા. એમના ઘરમાં આવનાર કોઇ પણ જ્ઞાતિ બંધુ ભલે તે મોટીઆ ઉપાડનાર મજુર હોય પણ શેઠશ્રી તેને પોતાની પાસે બેસાડી જરા પણ ભેદભાવ વગર જમાડતા હતા. એમને શંકર ઉપર અતુલ શ્રદ્ધા હતી અને કહેવાય છે કે હંસરાજ શેઠને શંકરે અનેકવાર દર્શન આપ્યા હતાં; એમનું નામ લોહાણા જ્ઞાતિને પ્રાતઃસ્મરણીય થઇ પડયું હતું અને એમના માનમાં કચ્છી લોહાણાઓએ કેટલોક વખત મહાજનના શેઠની ગાદી ખાલી રાખી હતી. શ્રીયુત શેઠ દામોદરદાસ ગોવર્ધનદાસ સુખડવાળા શેઠશ્રીના તરફના પ્રેમને લીધે અનેકવાર હંસરાજ શેઠને નામે રકમો દાન કરે છે.

શેઠ ખટાઉ રવજી.

શેઠ ખટાઉ રવજી કિંવા ખટાઉ મડાઇ એ પણ કચ્છી લોહાણા જ્ઞાતિના સાત વિભાગ પૈકી એકના શેઠ હતા. મુમ્બાઈમાં એમનું જીવન એક વીર પુરૂષ તરીકે પ્રસિદ્ધ છે.

ખોજા મહોલ્લામાં કચ્છી જૈન વાણીઆની વાડી છે અને એ વખતના કેટલાક ખોજા છોકરાઓ કોઈક પ્રસંગે વાણીઆની સ્ત્રીઓની ઠેકડી કરતા હતા. ખટાઉ શેઠે પોતાની લુહાણા ટોળકી સાથે ખોજા ગલીઓમાં દાખલ થઇ ખોજાઓને ખૂબ માર્યા હતા. લગભગ એક દિવસ સુધી ખોજા મહોલ્લાનો સર્વ વ્યવહાર બંધ રહ્યો હતો.

રવજી કરી એમના કોઇ મિત્રે કોઇ લોહાણા બાઇની ઠેકડી કરી હતી. બાઇની સાસુ ખટાઉ શેઠ પાસે ગઈ. ખટાઉએ પોતાનો મિત્ર જે પણ એક બળવાન પુરૂષ હતો ત્હેની સાથે ત્રણ કલાક લઙ-

ડયા હતા. લ્હડાઇ એવી સખત જામી હતી કે સેંકડો લોક એકઠા થયા હતા. પોલીસની સત્તા વચ્ચે પડવાની નહોતી. છેવટે રવજીને મુમ્બાઇ છોડવાની જરૂર પડી હતી.

ખટાઉ મકાઇનું સૌથી મહત્વનું કામ દરિયાસ્થાનનું છે. મુમ્બાઇમાં હમણા જ્યાં વડગાદીનો લતો છે ત્યાં એ વખતમાં ઇસરાયેલ લોકોનો વિશેષ ભાગ હતો. દરિયાસ્થાનની જમીન પણ એમની અને વાંધાયુક્ત હતી. ખટાઉ શેઠે તે બળથી એક રાતમાં પોતાને કબજે કરી લીધી અને ઇસરાયેલોનું કશું વળ્યું નહિ.

ખટાઉ શેઠની નીતિ પ્રશંસાપાત્ર ગણાય છે. એમણે લોહાણા ભાઇઓને ઘણીવાર ખાનગી તેમજ જાહેર સહાયતા કરી હતી.

શેઠ કુંવરજી પ્રાગજી.

શેઠ કુંવરજી પ્રાગજી પણ હંસરાજ શેઠના સમકાલીન હતા. એમનું મુખ્ય કામ નાનાભાઈની વાડીનો કજીઓ છે. પારસીઓના દોખમા (સ્મશાન ભૂમિ)ની ઉપર કુંવરજી શેઠની જમીન હતી. પારસીઓએ ત્હેની માગણી કરી. કુંવરજી શેઠની ઇચ્છા નહોતી–તેને માટે કજીઓ થયો. શેઠે આ કેસમાં જાહેર હીંમત બતાવી સ્હામા પક્ષ વાળાને પાછા પાડયા હતા. એ વખતે સાત તડ બંધાતા હતાં. કુંવરજી શેઠની ઇચ્છા પણ એક તડ બાંધવાની હતી. હંસરાજ શેઠની સાથે કંઇ તકરાર થઇ પણ હંસરાજ શેઠના માતુશ્રીએ વચ્ચે પડી એમને જ્ઞાતિ ભોજન કરવાની આજ્ઞા કરી; લગભગ ત્રીસ ત્રીસ સાત તડાં દરેક જણે કર્યાં પણ કોઇ હડી આપે એમ નહોતું. આથી કુંવરજી શેઠની ઇચ્છાનો અમલ થયો. એમણે પણ ગરીબ ભાઇઓને અનેક ખાનગી સહાયતાઓ કરી હતી.

શેઠ પેરાજ રવજી.

એમને માટે કહેવાય છે કે એમનાં છુપાં માણસો ફરતાં અને

કોઇ પણ લોહાણાનું ઘર ગરીબ જણાય તો નામ કે ઠામ જણાવ્યા વિના અનાજ વિગેરે ઉપયોગી સાધનો મોકલી આપતા હતા.

શેઠ પારપ્યા પ્રધાન.

જ્ઞાતિના મહા પુરૂષોમાં શેઠ પારપ્યા પ્રધાનની પણ ગણના થવી જોઇએ; એમના કેસ ઉપરથી એમનું નામ એટલું બધું પરિચિત થઈ ગયું છે કે તેના સંબંધમાં વિશેષ લખવું એ કેવળ પિષ્ટ પેષણ છે. એમણે આત્મપ્રયત્નથી લાખો રૂપીઆ જમાવ્યા હતા. એમના સમયમાં કેળવણીનો પ્રસાર નહોતો તેમજ કેળવણી તરફ લક્ષ ઓછું હતું, તથાપિ એમણે પોતાનું સઘળું ધન પરમાર્થના કામ માટે અને વિશેષ ભાગ પોતાની જ્ઞાતિના હિત માટે રાખવાનું વિલ કર્યું હતું. આ વિલની રૂએ એ પૈસાનો કેળવણીમાં સદુપયોગ થાય તેટલા માટે સ્વ. હરિરામ ભીમજી અને પાછળથી એમના ભત્રીજા રા. શીવદાસ ચાંપશી તથા રા. દેવજી ત્રીકમદાસ બી. એ. એલ. એલ. બી., એમણે પ્રયત્નો કર્યા હતા તે પ્રસિદ્ધ છે, પણ કોર્ટમાં મરનારની ઈચ્છા જેને વિલ (Will) કહે છે ત્હેનું માન રાખવામાં આવે છે અને તેથી એ ભાઇઓને જોઇએ તેવી ફતેહ મળી નથી, તથાપિ ટ્રસ્ટીઓની ઇચ્છા હશે તો એમાંથી પણ કાંઇક સારૂં થશે એવી આશા છે.

શેઠશ્રી ગોવિન્દજી ભાણજી.

આપણા હાલાઈ વર્ગે પણ મુમ્બાઇમાં વ્યાપારી પ્રજા તરીકે વિજય મેળવ્યો છે અને એમણે પણ નરરત્નો ઉત્પન્ન કર્યા છે. શેઠ ગોવિન્દજી ભાણજી મુમ્બાઇના હાલાઇ ભાઇઓમાં પ્રિય હતા. દેશમાંથી આવેલા જ્ઞાતિજનોની પરોણાગતનું મુખ્ય સ્થાનજ એમનું ઘર હતું. ગોવિન્દજી શેઠ ગરીબ જ્ઞાતિ ભાઇઓને ઉતારા, ખાનપાનની સવડ ઉપરાંત તેમને ધંધે લગાડવાની અને તે પ્રસંગમાં જાતીકી મદદ આપવા પણ ચૂકતા નહિ. કદાચ કોઇ ભાઈ ધંધામાં ન ફાવ્યો તો

મુશ્કેલી પ્રસંગે પોતાના ખરચથી દેશમાં પહોંચાડતા હતા. તેઓનો વિવેક અને દયાળુ બુદ્ધિ ઉચ્ચ પ્રકારની હતી, તેથી એવા લાચાર બંધુને દેશમાં વિદાય કરતી વખતે તેના બાળ બચ્ચાં માટે મેવાની ચીજો અને વસ્રો પણ તે ન જાણે તેવી રીતે સાથે બંધાવી દેતા હતા. (રા. દ્વારકાદાસ વ્હાલજી વકીલ.)

શેઠ ગીરધરદાસ જેઠાભાઇ જે. પી.

શેઠ ગીરધરદાસ જેઠાભાઈ જે. પી. નો સ્વર્ગવાસ ચાલુ વર્ષના માર્ચ માસમાં થયો હતો અને તે વખતે એમની ઉમર લગભગ સાઠ વર્ષની હતી. એમના સ્વર્ગવાસ પ્રસંગે મુમ્બાઇની કાપડ માર્કેટો બંધ રાખવામાં આવી હતી અને આપણી જ્ઞાતિની તેમજ જાહેર કેટલીક સંસ્થાઓએ એ પ્રસંગે શોક દર્શાવ્યો હતો તથા એમના જીવનનાં સ્મરણો અનેક દૈનિક તેમજ સાપ્તાહિક પત્રોમાં પ્રસિદ્ધ થયા હતાં. એ સ્મરણો તાજાં છે છતાં આ જ્ઞાતિશુભચિન્તક નરરત્નનું નામ આ જ્ઞાતિના પુસ્તકમાં પણ એક સ્મરણ તરીકે રહે તેટલા માટે બહુજ સંક્ષિપ્તમાં એમના જાહેર જીવનનું સ્મરણ માત્ર અમે અત્રે આપીએ છીએ.

એમણે ગુજરાતી, ઇંગ્રેજી અને થોડોક સંસ્કૃત ભાષાનો અભ્યાસ પણ કર્યો હતો. સત્સંગ અને શાસ્ત્રો તરફના એમના પ્રેમને લીધે એમની સંસ્કૃત સંસ્કારી બની હતી અને ગીતાના શ્લોક એમના મુખમાં શોભતા હતા. એઓશ્રી ન્હાની ઉમરમાંજ કાપડના વ્યાપારમાં જોડાયા હતા અને પોતાની ગ્રાહક બુદ્ધિ તેમજ વ્યાપારી કુનેહથી થોડા વખતમાંજ પોતાના વ્યાપારની અનેક અંગોમાં વૃદ્ધિ કરી શકયા હતા અને સહચારી વ્યાપારીઓના માનપાત્ર થઈ શકયા હતા. કાપડની વ્યાપારી મંડળીના એઓશ્રી પ્રમુખ હતા અને એમની શુભ-જાહેર પ્રવૃત્તિને લીધે નામદાર સરકારે પણ એઓશ્રીને જે. પી. (જસ્ટીસ

ઓફ ધી પીસ)નું માન આપ્યું હતું. મુમ્બાઇની હાલાઇ, કચ્છી તેમજ ઘોઘારી જ્ઞાતિના દરેક શુભ કાર્યમાં ગીરધરદાસભાઇ ઉત્સાહ પૂર્વક ભાગ લેતા હતા અને પોતાથી બનતી દરેક પ્રકારની સહાયતા કરતા હતા. માતુશ્રી કાનબાઇના એઓશ્રી ટ્રસ્ટી હતા અને માતુશ્રી કાનબાઇના પારમાર્થિક કામોમાં એમની સલાહ-સંમતિ અત્યન્ત ઉપયોગી હતી. મુમ્બાઇની હાલાઇ લોહાણા જ્ઞાતિના ઉદ્ધાર અને ઉન્નતિ માટે એમણે વારંવાર પ્રયત્નો કર્યા હતા. તેમજ આપણી જ્ઞાતિની કોન્ફરન્સમાં પણ એમણે ઉપયોગી સહાયતા આપી હતી. ગીરધરદાસભાઈનું જીવન સાદું સરળ અને ધર્મપ્રેમી હતું, વિચારો ઉચ્ચ શ્રેણીના અને સુધારા-ખરા સુધારા તરફ ઢળતા હતા. એમણે અનેક પ્રસંગોમાં કર્ત્તવ્યની દૃઢતા અને ચરિત્રની ઉદારતાના અપ્રતિમ ગુણો દર્શાવ્યા હતા, જે એમના સંસર્ગમાં આવનારના સ્મરણમાં અવશ્ય રહેશે. એમણે પોતાને નામે દ્વારકામાં એક બોર્ડીંગ હાઉસ ઉઘાડ્યું છે.

રા. શેઠ દામોદરદાસ ગોવર્ધનદાસ સુખડવાળા, સખાવતે બહાદુર શેઠ ખીમજી દયાળ, બોર્ડીંગોના પિતા શેઠ ચનાભાઇ પેરાજ, ઉદારતાની મૂર્તિ માતુશ્રી કાનબાઇ, વિદ્દદ્રત્ન શ્રીયુત મોરારજી આણંદજી તન્ના, શ્રીયુત હરજીવન ભવાન કોટક, એ સર્વ મહાજનોનાં ચરિત્રો આપણી પાસે આદર્શરૂપ છે. ભવિષ્યના ઇતિહાસમાં એમનું સ્થાન ઉચ્ચ છે. અમારે તો એ જ્ઞાતિરત્નોના નામ ઉચ્ચારણ—નામ સ્મરણ જેટલુંજ ઇષ્ટ કર્ત્તવ્ય પ્રાપ્ત થાય છે અને ત્હેની સાથેજ આ પ્રકરણની સમાપ્તિ કરીએ છીએ.

પ્રકરણ ૧૦ મું.

લોહાણા ક્ષત્રિય જ્ઞાતિની ઉત્પત્તિ અને ઇતિહાસની રૂપરેખા.

આ પ્રસ્તુત પુસ્તક જો માત્ર ધર્મ શ્રદ્ધાળુ અને એકમાર્ગાવલંબી જ્ઞાતિભાઇઓને માટે હોત તો જે કહેવામાં આવ્યું છે તે બસ છે. વિશેષની જરૂર નથી. પણ આ જમાનો તર્કનો છે અને વાંચનારા પૈકી ઘણા એવા પણ હશે જેમને આ માન્યતાનું મૂળ પણ નહિ દેખાતું હોય. જ્યાં પિતામહના પિતામહ હશે કે કેમ ત્હેને માટે પણ તર્કનો આશ્રય કરવામાં આવે ત્યાં લવની સાથેના ક્ષત્રિઓ લોહાણા કહેવાયા એ વાત એકાએક કેમ માની શકાય ?

"बाबा वाक्यं प्रमाणम्"ના ન્યાયે દરેક વાત માત્ર શ્રદ્ધાથી સ્વીકારી લેવી એવો અમારા કથનનો ભાવાર્થ નથી. તર્ક એ બુદ્ધિનું જીવન છે, તર્કનો આશ્રય કરવો જોઇએ, પણ એ તર્ક કરનારાનો મુખ્ય ભાગ—મોટો ભાગ યુરોપીય પંડિતોની શિક્કા છાપ ન પડે ત્યાં સુધી કંઇ પણ વાત સ્વીકારવાની ના પાડે છે, એજ એમના તર્કની ખૂબી છે. અંધ શ્રદ્ધા કોને કહેવી એ એક પ્રશ્ન છે.

યુરોપીય પંડિતોના ન્યાયપર કે તર્કની સત્યતાપર આધાર રાખનારા કેટલાક છે અને તેઓ આપણા ઇતિહાસને માટે જે પ્રયત્ન કરે છે તે અનેક રીતે આપણા દેશને માટે આશિર્વાદ રૂપ છે તથાપિ વિશેષ ભાગનો પ્રયત્ન ફક્ત આપણી પ્રજાને હલકી પાડવાનો જ છે. શિષ્ટાચાર—વિજ્ઞાન—તત્વશાસ્ત્ર—સર્વ જાણે આ વીશમી સદીમાં પશ્ચિમમાંજ જન્મ પામ્યા હોય ! અને ભૂતકાળમાં પણ સદ્વિદ્યા ઉપર યુરોપનો જાણે પરંપરાનો હક્ક હોય એવીજ ત્હેમની માન્યતા

છે. મહાભારત ઓડીશીયસનું રૂપાંતર છે, ગ્રીક પંડિતોની બુદ્ધિ અને કળાનું પરિણામ, અર્થાત મહાભારત ઐતિહાસિક ગ્રન્થ નથી, છતાં દ્રૌપદીના પાંચ પતિઓ હશે કારણ કે એથી હિન્દુઓ કેવા જંગલી હતા તે જણાય છે. (સિદ્ધાન્ત સાર.) રામાયણના, મહાભારતના રૂષિઓ, ત્હેમનું ચારિત્ર, એ તો સૌ કલ્પના. બાકી અશ્વમેધ યજ્ઞ ઇત્યાદિમાં પ્રાણી વધ થતો હતો એ વાત ખરી, કારણ કે તેથી હિંદુઓ માંસાહારી ઠરે છે. જ્ઞાતિઓને પણ આ પંડિતોએ એવોજ ન્યાય આપ્યો છે. રજપુતો શક પ્રજામાંથી છે. બીજો કહે છે કે દક્ષિણીઓ પણ શક જાતીના છે. (માર્સડનનો ઇતિહાસ.) ક્ષત્રિઓ સત્રય નામના શક વિભાગના, અરોરા સફેદ હુણ જાતિમાંથી (Gazetteer Vol ix pp. 450-453.) લોહાણા અફગાનિસ્તાનમાંથી અને ભાટીઆ તુર્કસ્તાનના—સાક્ષી કોણ? તેમના ભાઇઓજ. તેવી રીત હિન્દુઓનું તત્વજ્ઞાન ગ્રીકલોકો પાસેથી આવ્યું. બીજગણિત ભૂમિતિ અરબસ્તાનમાંથી અને યોગનું જ્ઞાન ઇજીપ્તમાંથી આવ્યું. કલમ હાથમાં હોય અને કોરા કાગળ પાસે પડયા હોય ત્યાં સુધી કાયદાની સ્વતંત્રતાના આ સમયમાં કોઈ કોઇને અટકાવી શકે તેમ નથી.

અફસોસની વાત એટલીજ છે કે આવા અપરિપક્વ અને એકમાર્ગી સિદ્ધાન્તોનું ઝેર આપણા વિદ્યાર્થીઓના કોમળ મગજમાં રેડવામાં આવે છે. અલબત એ સિદ્ધાંતોના પક્ષમાં જો સત્ય હોય તો લાભાલાભનો પ્રશ્ન પણ કદાચ પડતો મૂકાય, પરંતુ એ કથન સત્ય છે ત્હેને માટે વિરૂદ્ધ પક્ષ શ્રીમાન રમેશચન્દ્ર દત્ત, સ્વ. તેલંગ, શ્રીયુત પ્રોફેસર રામદેવ, એમની દલીલોનો વિચાર સરખો કરવા પણ અધિકારીઓએ લક્ષ આપ્યું છે?

આટલી ચર્ચા કરવાનું કારણ એજ કે આપણે આપણી સર્વ

ચર્ચાના મૂળમાં ભગવાન રામચન્દ્રજીના પુત્ર લવ સુધી જવું પડે છે, અને જો તર્કવાદીઓ લવની હસ્તીનોજ સ્વીકાર ન કરતા હોય તો આપણી માન્યતા ક્યાં ટકી શકે છે? એક કહે છે કે વાલ્મિકીએ એક પક્ષીના જોડાનો અસહ્ય વિયોગ જોવાથી તેમને એક વિયોગનું ચિત્ર રચવાની ઇચ્છા થઈ આવી, અને પરિણામે રામાયણ રચાયું બીજો કહે છે કે સીતા એટલે હળ અને રામ એટલે હળ ચલાવનાર, આ પ્રમાણે રામાયણ એક હિન્દીની સાદી જીંદગીનું કાવ્યમય નિરૂપણ છે. ત્રીજો માને છે કે સીતા એટલે શાન્તિ, રામ એટલે ઇશ્વર, રાવણ એટલે અહંકાર, હનુમાન એટલે ઇશ્વરાભિમુખ મન, આ પ્રમાણે રામાયણ એક આધ્યાત્મિક ઘટના છે.

શું, રામાયણ ત્યારે એક કવિની કલ્પનાજ છે? કલ્પના ભલે તે ગમે તેવી સુન્દર અને હૃદયગમ્ય હોય, તથાપિ શું તેમાં એટલું સામર્થ્ય આવી શકે કે તે હજારો નહિ બલ્કે લાખો, કરોડો મહાન પ્રજાઓના જીવનમાં ફેરફાર કરી શકે? પ્રજાના હૃદયના ઉંડા વ્યાપારો સાથે ગુંથાઇ જાય? હિન્દુસ્તાનમાં આજે એક પણ એવો પુરૂષ, સ્ત્રી, કે બાળક નહિ હોય કે જેણે રામનું નામ પ્રેમ અને શ્રદ્ધાથી ન લીધું હોય! એક વાર પણ એ પવિત્ર મહાત્માનું પ્રેમથી શ્રવણ અને સ્મરણ નહિ કર્યું હોય! અને આ પ્રેમ અને શ્રદ્ધા એ પણ કલ્પનાનુંજ પરિણામ? શું બુદ્ધ ધર્મના તત્વજ્ઞાન, વિદ્યા અને સાત્વિકતામાંથી એક બુદ્ધના જીવનને ખેંચી લઇએ તો તે સર્વ એક ક્ષણભર પણ ટકી શકે છે? રામનો જન્મ ઉત્સવ આજે હિન્દુસ્તાનમાં થાય છે. અમેરિકાની મેકસીકન પ્રજામાં પણ રામ અને સીતવનો મહોત્સવ થાય છે. શું આ સર્વ કલ્પનાનું પરિણામ? અમે પૂછીએ છીએ કે ગુડ ફ્રાઇડે, ઇસ્ટર અને ક્રીસ્ટમસના ઉત્સવો પણ કોઇ કવિની કલ્પનાના પરિણામ છે એવો વિચાર ખ્રીસ્તને માનનારા વિ-

દર્શનોને આપ્યો છે? ચારિત્ર વિના કલ્પના નિર્જીવ છે, પ્રત્યક્ષ અનુભવ વિના કલ્પના, મનુષ્ય જીવનના ઉત્તમોત્તમ મર્મ ભાગના વ્યાપારો સુધી નથી પહોંચી શકતી. મનુષ્ય સ્વભાવનું ચિત્ર ઉંડા અનુભવ વિના આલેખવું અશક્ય વાત છે.

अबकी रामायणकी कथाको सत्य माननेवाली करोडों भारतीय प्रजा अब तक स्थित हय। जबकी राम सीताको अपना पूज्य माननेवाली एवं राम सीतवके नामसे उत्सव मनाने वाली एक प्राचीन जाती अमेरिका—पाताऴमें भी विद्यमान हय तो कैसे कोइ सिध्ध कर सक्ता हय कि रामायणकी कथा काल्पनिक हय ? क्या संसारका इतिहाससे एक भी एसा प्रमाण प्रस्तुत कीया जा सक्ता हय के काल्पनिक कथाओंके पीछे करोडों मनुष्य एसें लट्टु बन गये हों के उस कथनानुसार अपने अनेक बडे बडे उत्सव मनातें हो ? यदि श्री राम सीतादि कल्पित पुरुष होते तो क्या कभी संभव था कि संस्कृ। साहित्य के पच्चासों ग्रन्थ उनके यशसें परिपूरित होते ? ओर उनके पीछेकी आर्य सन्तान उनके नामोंका बराबर गौरव के स्मरण करती जाती ?

બુધ્ધ ધર્માનુયાયીઓએ બુધ્ધને રામના અવતાર માન્યા છે અને એમને અહિંસાધર્મપાલક વર્ણવ્યા છે. આ વર્ણન બૌધ્ધોના દશરથ જાતક નામના ગ્રન્થમાં છે. જૈનોએ પણ થોડા ફેરફાર સાથે રામાયણની કથા પોતાની બતાવવાનો યત્ન કર્યો છે, એ શિવાય સંપ્રદા-

થવાળાઓએ પણ પોતાના સિધ્ધાન્તોના પ્રમાણે રામ અને સીતાના જીવનમાંથી લીધાં છે. અમે વાચકનેજ પ્રશ્ન કરીએ છીએ કે આ બધો કલ્પનાનો પ્રભાવ હોઇ શકે કે?

રામાયણમાં પ્રસંગો તેમજ સ્થળોનું વર્ણન પણ એવા પ્રકારનું છે કે જે જાણે આર્યોને નવીન જણાતું હોય, અર્થાત્ દક્ષિણનો પ્રદેશ એમને બેશક નવોજ હતો કેટલાંક ઐતિહાસિક સ્થળો અદ્યાપિ પર્યન્ત દેખાય છે--આ સર્વ પણ કલ્પનાને પ્રભાવે પવિત્ર મનાયાં હોય અને પંચવટી, રામેશ્વર ઇત્યાદિ યાત્રાના સ્થળો ઠર્યાં હોય એ પણ શું માનવા યોગ્ય છે? સિસોદીઆ ઇત્યાદિ રાજપુતો પોતાની ઉત્પત્તિ રામમાંથી માને છે અને એ માન્યતા તેઓ શ્રધ્ધા અને ઐતિહાસિક પ્રમાણોથી દૃઢ કરે છે. જો રામાયણ ઐતિહાસિક ગ્રન્થ ન હોય તો બાઇબલ કે ઝન્દ અવસ્થા ઇત્યાદિ ઐતિહાસિક ગ્રન્થો છે એમ માનવાને સબળ પ્રમાણો કયાં છે?

રામાયણના અસ્તિત્વ સંબંધમાં આટલી ચર્ચા કરી હવે આપણે રામાયણના સમયનો વિચાર કરીશું. રામાયણના સમયને માટે જૂદા જૂદા વિદ્વાનોના જૂદા જૂદા અભિપ્રાય છે. મેકસમુલર વિગેરે પાશ્ચાત્ય પંડિતો માને છે કે મહાભારત કરતાં રામાયણ અર્વાચીન છે અને એ પંડિતોની માન્યતા પ્રમાણે મહાભારત લગભગ ઇ० સ० પૂર્વે બારમી શતાબ્દિમાં લખાયું છે. આવો અભિપ્રાય અનેક ગ્રન્થકારોનો છે અને શ્રીયુત રમેશચંદ્ર દત્ત પણ પોતાના History of Ancient Civilizationમાં એ માન્યતાનો સ્વીકાર કરી ઇંગ્રેજી પંડિતોની દલીલો રજુ કરે છે.

(૧) મહાભારતમાં જે આર્યજીવન યુધ્ધમાં ઉત્સાહી અને સાહસિક જણાય છે તે રામાયણકાળમાં કાયદાને માનનાર અને શાન્ત તથા દુઃખથી કે દુઃખના અનુભવથી ઠરી ગયું હોય એવું જણાય છે.

(૨) ઉપનિષદ કાળમાં અને મહાભારત કાળમાં બ્રાહ્મણો અને ક્ષત્રિઓના જે કલહ જણાય છે તે રામાયણના પ્રારંભમાંજ પરશુરામે સમાવી દીધા હોય—ક્ષત્રિઓએ બ્રાહ્મણોને જન્મથીજ બ્રાહ્મણતાના હકદાર માની લીધા હોય તેમ રામાયણ ઉપરથી જણાય છે, વિગેરે વિગેરે.

રામાયણ મહાભારતથી અર્વાચીન છે એમ માનવા કે મનાવવાને માટે ઉપરોક્ત અને એવાજ બીજા અંતર્ગત પ્રમાણો શિવાય બીજી દલીલો નથી. અંતર્ગત પ્રમાણો એવાં પણ મળે છે કે જેથી રામાયણ મહાભારતથી વધારે પ્રાચીન હોવનું પણ સિદ્ધ થાય છે.

(૧) આપણી દરેક આર્ય જાતિ કે વિદ્વાનની એવીજ માન્યતા છે કે રામાયણ વિશેષ પ્રાચીન છે અને એક માન્યતા સર્વત્ર માન્ય થવામાં કેટલા સમય અને સંજોગોની જરૂર છે તે રામાયણની સત્યતાના સંબંધમાં જે દલીલો અમે ઉપર જણાવી છે તેના ઉપરથી સ્હમજાશે.

(૨) રામાયણે હિન્દુસ્તાનના લોકો ઉપર ઘણી અસર કરી છે. રામાયણની વાત મહાભારતની વાત કરતાં અધિક લોકવિખ્યાત છે. કદાચ એ માન્યતાની વિરૂધ્ધ એમ કહેવાય કે તે સાદી અને લોકગત—વ્યવહારગત, નીતિની શિક્ષક હોવાથી તેમ થવા પામી હશે, પરંતુ અમેરિકા અને ઇજીપ્ત સુધી પણ એ સાદાઇને લીધે ત્હેનો પ્રભાવ પડે તો એ સાદાઇ પણ ઘણી પ્રાચીન હોવી ઘટે છે.

(૩) રામાયણના ૠષિઓ વસિષ્ઠ અને વિશ્વામિત્ર, વાલ્મિકી ભારદ્વાજ વિગેરેમાં પ્રથમ બેના નામો ૠગ્વેદમાં વારંવાર આવે છે તેમજ અત્રિ વિગેરે પણ વૈદિક ૠષિઓ છે.

રામાયણનો સંસાર શાન્ત અને કાયદાને તાબે રહેનાર છે તેથી શું થયું ? બ્રાહ્મણોની ગુરૂ તરીકેની માન્યતા મહાભારતમાં પણ સ્થળે

સ્થળે જણાય છે—દ્રોણ કૃપાચાર્ય અશ્વત્થામા અને દુર્વાસા વિગેરેના ચરિત્રો ઉપરથી શું સ્હમજાય છે?

યુરોપીયન પંડિતો અને એમના અત્રદેશીય શિષ્યોની આવી માન્યતા દઢ થવાનું મુખ્ય કારણ ત્હેમની સૃષ્ટિને ઉત્પન્ન થયે ફક્ત ૬૦૦૦ વર્ષ થયા છે, અને "સૃષ્ટિ સમે સૌ માનવી વસતા વન મોઝાર, લ્હડતા એક બીજા થકી નહોતો સંપ લગાર," અર્થાત પ્રાચીન કાળમાં લોકો અર્ધજંગલી સ્થિતિમાં હતા, સૂર્ય, ચન્દ્ર, સાગર વિગેરેને દેવો તરીકે માનતા અને દુઃખ વખતે એ દેવોની મદદ માગતા, એ માન્યતા છે.

સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક બાઇબલની માન્યતાને ભૂસ્તર વિદ્યાના વિદ્વાનોએ તદ્દન પોકળ અને અર્થશૂન્ય ઠરાવી છે. સૃષ્ટિની ઉત્પત્તિ અનાદિ છે. લેમુરીઆમાં ઘણા પ્રાચીન કાળમાં માણસ જાતની વસ્તી હતી. તે ખંડ કોઈ મહાપ્રલયમાં નાશ પામવાથી બીજે બધે તે વસ્તી પ્રસરેલી હતી. આપણા ધર્મશાસ્ત્રોમાં કલ્પની માન્યતા પણ માનવા જેવી ઠરે છે. (સિધ્ધાન્ત સાર, પૃષ્ટ ૧૬ ઉપરથી.)

વેદકાળમાં લોકો અર્ધ જંગલી હતા કે કેમ-એ પ્રશ્નનો ઉત્તર આપણા દર્શનશાસ્ત્રોજ આપી રહે છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમિમાંસા અને વેદાન્ત, આ છ દર્શનોમાં જે બુદ્ધિ અને જે વિચાર શક્તિ દેખાય છે તે કોઇને પણ આશ્ચર્ય પમાડે તેવી છે, અને એટલા ઉચ્ચ જેના વિચાર હોય ત્હેમને અજાન-જંગલી કહેવાનું સાહસ કોણ કરી શકશે? આ બુદ્ધિના ભંડાર રૂપ દર્શનોમાં-ન્યાય શાસ્ત્રોમાં વેદવાક્યને આપ્ત વાક્ય કહેલ છે, અર્થાત્ વેદ સ્વતઃ પ્રમાણ છે.

અમારા કથનનો આશય એ છે કે જો પ્રાશ્ચાત્ય વિદ્વાનોની જગતની ઉત્પત્તિ વિષયક અને તે વખતની પ્રજા જંગલી હતી

એ માન્યતાજ અસત્ય ઠરે તો રામાયણ મહાભારતથી પ્રાચીન છે એ સિદ્ધાન્ત ફલિત થવામાં અન્યથા વિવાદ ન રહે. મહાભારતના કાળ માટે પણ મતભેદ છે.

૧ કેટલાક યુરોપીયન પંડિતો તે ઈ. સ. પૂર્વે ૧૪૦૦ માં રચાયલું માને છે. પ્રસિદ્ધ બંગાળી ગ્રન્થકાર બંકીમચન્દ્ર ચટોપાધ્યાય પણ જ્યોતિષ ગ્રન્થોના પ્રમાણો આપી લગભગ એજ કાળ નક્કી ઠરાવે છે. (કૃષ્ણ ચરિત્ર.)

૨ પ્રોફેસર રામદેવ કેટલાક શાબ્દિક અને સિકન્દરના ઇતિહાસના પ્રમાણથી મહાભારતનો કાળ ઈ. સ. પૂર્વે લગભગ ૩૦૦૦ માને છે.

આમાં એકનો સ્વીકાર કરીએ તો રામાયણનો કાળ ઇ. સ. પૂર્વે ૨૦૦૦ અને બીજા પ્રમાણે ૩૫૦૦ નો થવા જાય છે.

ત્રીજી એક વાત પણ રામાયણના કાળના વિચારમાં ભૂલવી જોઈતી નથી. સિસોદીઆ વિગેરે રાજ્ય કુટુમ્બો પોતાની ઉત્પત્તિ લવમાંથી માને છે, અને ભાગવત કે વિષ્ણુ પુરાણમાં જે કુશની વંશાવળી સુમિત્ર સુધી છે તેજ વંશાવળીને લવની માની સુમિત્ર પછી સાતમો રાજા કનકસેન પોતાનો મૂળ પુરૂષ જણાવે છે અને કનકસેને મહારાજ લવનું લોહાવર્ણ કે લોહગઢ ત્યજી વલ્લભીપુર વસાવ્યું. વલ્લભીપુરના વસાવનારનું નામ અને હેનો કાળ ઇંગ્રેજી પેઢી (Generation) પ્રમાણે ૩૦ વર્ષ અને આપણી માન્યતા પ્રમાણે પ્રાચીન કાળમાં મનુષ્યની ઉમ્મર મ્હોટી માનીએ તો ૪૦ વર્ષ લગભગ મનાય. આમ ગણતાં રામાયણનો કાળ લગભગ ઈ. સ. પૂર્વ ૨૫૦૦ વર્ષ થવા જાય છે.

આ ગ્રન્થના ચોથા પ્રકરણમાં જોયું છે તેમ વિષ્ણુ પુરાણનો સમય મોડામાં મોડો ઇ. સ. પૂર્વે ૩જા કે ૪થા સૈકાનો ઠરે

છે અને એજ કાળમાં ઇક્ષ્વાકુવંશના સુમિત્ર રાજાનો રાજ્યકાળ હોય તો પણ રામાયણનો સમય એજ ઠરે છે. પરંતુ ટોડ સાહેબ, સર એચ. ઇલીયટ વિગેરે વિદ્વાનો માને છે કે પુરાણોની વંશાવળીમાં માત્ર પ્રસિદ્ધ રાજાઓના નામ છે. આ માન્યતા પ્રમાણે રામાયણ ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી પણ પૂર્વે લખાયું હોય.

આ વિષય વિવાદગ્રસ્ત છે અને સમયનો અંતર લગભગ ૧૦૦૦ વર્ષનો છે. અમારો અભિપ્રાય રામાયણનો કાળ ઈ. સ. પૂર્વ ૩૫૦૦ વર્ષનો છે એ સિધ્ધાન્ત તરફ વિશેષ ઢળે છે, અને તેના કારણો ઉપર દર્શાવ્યાં છે. આપણા ઇતિહાસ સાથે તેને વિશેષ સંબંધ નથી અને રામાયણનો કાળ ઇ. સ. પૂર્વે ૩૫૦૦ અગર ૨૫૦૦ હોય તો પણ તેથી આપણી માન્યતાને હરકત જેવું કશું નથી.

રામાયણમાં એવો એક ઉલ્લેખ મળી આવે છે કે ભગવાન રામચન્દ્રજીએ ઉત્તર પ્રદેશનું રાજ લવ મહાજનને આપ્યું હતું અને તેથી લવ ભગવાને લોહાવર્ણ—લવાલકા કે લવગઢ વસાવ્યું હશે એ વાત પણ સપ્રમાણ છે. એમના સાથે કેટલાક પુરોહિતો, કેટલાક એમના સમીપસ્થ સંબંધીઓ અને જાતિ બન્ધુઓ પણ હશે, તેમજ કેટલાક વૈશ્યો અને શુદ્રો પણ કદાચ હોય. ક્ષત્રિઓ મધ્ય હિન્દુસ્તાનમાંથી કાશ્મીર, પંજાબ ઇત્યાદિ પ્રદેશોમાં ગયા હોવાના પ્રમાણો પુરાણોમાં છે અને સર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટન સાહેબ પણ યાદવો સિન્ધુના પશ્ચિમ ભાગમાં ગયા હોવાની માન્યતાનો સ્વીકાર કરે છે. આ રીતે પોતાના નુતન સંસ્થાનને વ્યવસ્થિત અને નિવાસયોગ્ય કરવા માટે પણ આઆવનારાઓ—ત્હેમના સંતાનોને બસો કે ત્રણસો વર્ષ લાગ્યા હશે. ત્યારેજ એ સંસ્થાન લોહાવર્ણ અને ત્હેની પ્રજા લોહાવર્ણી કહેવાઇ હશે.

આવી રીતે શાન્તિમાં આ લોહાવર્ણ પ્રજા પણ ઘણો

વખત રહી હોવી જોઇએ અને સમય જતાં તેમાં વૃધ્ધિ થતાં તે આસપાસના પ્રદેશમાં પણ પ્રસાર પામી હોવી જોઇએ. કાશ્મીરની લોહર અને લવણ્ય પ્રજાને અફ્ગાનિસ્તાનની લમ્બાટી પ્રજાને અને સિન્ધની લોહાણા પ્રજાને એની સાથે સંબંધ છે–હોવો જોઇએ, એ માન્યતા સંશય ઉત્પન્ન કરે તેવી નથી.

આ પ્રજા ક્યાં સુધી પોતાની મૂળ ભૂમિમાં શાન્તિથી રહી શકી અને ક્યારે પોતાની નિવાસભૂમિનો ત્યાગ કર્યો એ કહી શકાય તેમ નથી, તથાપિ ત્હેને પોતાની જન્મભૂમિનો ત્યાગ કરવાનું કારણ, કોઇ ઇતર સમર્થ પ્રજાનો પ્રવેશ કિંવા હુમલો હોય, એવું અનુમાન થાય છે. સિકન્દરના સમયમાં અફ્ગાનિસ્તાન અને સિન્ધમાં લોહાણા હતા, પણ પંજાબમાં લોહાણા નામે કોઈ પ્રજા હોય એમ સિકન્દરના ઇતિહાસકારોએ કોઈ પણ સ્થળે જણાવ્યું નથી.

આપણે એવા અનુમાન ઉપર આવી શકીએ છીએ કે બુદ્ધ ધર્મના પ્રભાવથી ઉત્તર હિન્દુસ્તાનમાં અનેક રાજકિય ફેરફારો થવા પામ્યા હતા. તેમજ કેટલીક સમર્થ વિદેશીય પ્રજાઓ પણ આ દેશમાં આવી હતી અને કેટલીક શુદ્ર પ્રજાઓ સામર્થ્યવાન થઇ હતી. આજ કાળમાં પુરાણકારો ક્ષત્રિય પ્રજાનો, ક્ષત્રિઓના રાજ્યકાળનો અન્ત આવેલો જુએ છે અને એજ સમયમાં લોહાવર્ણનું રાજ્ય છિન્ન ભિન્ન થઈ ગયું હોવું જોઇએ અને રાજ્યકર્ત્તા શુદ્ધ ક્ષત્રિય લોહાવર્ણાએ સ્વદેશનો ત્યાગ કર્યો હોવો જોઇએ. કોઇક યુથને અન્યત્ર અવકાશ મળતાં સંસ્થાન સ્થાપ્યું હોવું જોઇએ–કોઇકે પરાધીનતાનો સ્વીકાર કરી લઇ ક્ષાત્ર કર્મનો ત્યાગ કર્યો હોય તો તે પણ સ્વાભાવિક છે. એ દિવસથી ધીમે ધીમે ક્ષત્રિય શ્રીએ આપણાથી મુખ ફેરવવાનું મન કર્યું હોય એમ સ્હમજાય છે. સિકન્દરના સમયમાં લોહાવર્ણ પ્રજાએ સર્વથા ક્ષત્રિય કર્મનો ત્યાગ કર્યો નહોતો. સિન્ધમાં ત્હેનું સં-

સ્થાન હતું અને સિકંદરની સામે તેણે લ્હડવાની હિંમત કરી હતી. આ વખતે સિન્ધમાં યાદવ કુળની સમા પ્રજા રહેતી હતી. લોહાણા શુદ્ધ ક્ષત્રિય હોવાથી તેમજ તે પ્રજા સમથ હોવાથી સમા ક્ષત્રિઓ તેમની સાથે એક પેટા જાતિ તરીકે ભળ્યા હતા. સિકન્દરના સમયમાં લોહાણા અને સમાનો સારો સંબંધ હશે એમ સીન્ડોમાના (સમાનગર) અને હરમાટેલીઆ (બ્રહ્મસ્થળ) વચ્ચે એક બાંધેલો માર્ગ અને એ ઉભય પ્રદેશોના રાજાઓએ એકજ રીતે સિકન્દરને તાબે થવાની દર્શાવેલી ઇચ્છા વિગેરે ઉપરથી સ્હમજાય છે.

અત્રે અમારા કેટલાક વાંચનારાઓને સંશય ઉત્પન્ન થશે કે યદુકુળના સમા અને રઘુકુળના લોહાણા એક બીજામાં કેવી રીતે ભળી શકે ? પ્રાચીનકાળમાં આમ જૂદી જૂદી પ્રજાઓ એક બીજામાં ભળતી નહોતી પણ બુદ્ધ ધર્મના જાતિભેદક વાદ–પ્રજાવાદથી જાતિઓનું એ અભિમાન ઘણે દરજ્જે શિથીલ થઇ ગયું હતું અને ત્યાં વિદેશીઓને અને વિધર્મીઓને પણ બુદ્ધ ધર્મના ઝુંડામાં આશ્રય શોધવાની સંપૂર્ણ અને સર્વથા સ્વતંત્રતા હતી તેમજ બુદ્ધ ધર્મના સખ્ત અને સર્વ તરફના હુમલા સ્હામે ટકી શકવા માટે આર્ય ધર્મને પણ અનેકધા એવા પ્રકારની છૂટ મૂકવાની ફરજ પડી હતી ત્યાં એકજ દેશમાં આવી વસતાં શુદ્ધ ક્ષત્રિય પ્રજાઓ અન્યોન્યમાં ભળી ગઇ હોય તો તેમાં સંશય જેવું શું છે ?

લોહાણાઓ ઉપર બુદ્ધ ધર્મે સબળ અસર કરી હતી. તેઓ સર્વથા બૌદ્ધ થઇ ગયા હતા એમ ચોક્કસ કહી શકાતું નથી, તથાપિ તેમણે બુદ્ધ ધર્મના ઘણા અંશોનો સ્વીકાર કર્યો હતો. બુદ્ધ ધર્મમાં પણ ક્ષત્રિઓ અને બ્રાહ્મણોનું સ્થાન ઉચ્ચ મનાતું.

Buddhism has always respected the high position and character of the Brahman. At first

admission to the Buddhist order was conferred to Brahmans and Kshatriyas. (Rook Hill's Life of Buddha.)—Bombay Gazetteer, Vol IX. p. 434.

બ્રાહ્મણના ઉચ્ચ દરજ્જાને અને ચરિત્રને બુદ્ધ ધર્મમાં હમેશાં માન આપ્યું છે. બુદ્ધ ધર્મમાં પહેલાં ફક્ત બ્રાહ્મણો અને ક્ષત્રિઓનેજ દાખલ કરવામાં આવતા.

બ્રાહ્મણો અને ક્ષત્રિઓ બૌધ થતા તથાપિ ત્યાં પણ તેમનો દરજ્જો ઉચ્ચ મનાતો અને ત્હેમનું જાતિ વાચક નામ પણ કાયમ રહેતું. બુદ્ધ ધર્મનો પ્રભાવ પંજાબ, અફગાનિસ્તાન અને સિન્ધમાં વિશેષ હતો અને એ ભાગોમાં વસતી પ્રાચીન કે નવીન આવેલી દરેક પ્રજાને થોડા કે ઘણા અંગમાં એ પ્રતાપી ધર્મનો રંગ લાગ્યો હતો. લોહાણાઓ ઉપર બુદ્ધ ધર્મનો પ્રભાવ છેક સાતમા સૈકાના પ્રારંભ સુધી રહ્યો હતો કારણકે ચચનામામાં આપણે વાંચીએ છીએ કે અગમસિંહ સમાણીને એક ખરા સાધુ તરીકે માનતો અને પોતાના ધર્મગુરૂ તરીકે ત્હેની પ્રતિષ્ઠા કરતો હતો. સમાણી એક શ્રદ્ધાવાન બૌદ્ધ સાધુ હતો.

લોહાણા મૂર્તિપુજક નથી એનું પણ કદાચ એજ કારણ હોય. મુમ્બાઇ, ગુજરાત, કાઠીઆવાડ અને કચ્છમાં વસતા આપણા જ્ઞાતિ બન્ધુઓમાં જૂદા જૂદા સંપ્રદાયો અને મંદિરોને માનનારા જોવામાં આવે છે અને રામાનુજ સંપ્રદાયના આચાર્યજી મહારાજ આપણા ધર્મગુરૂ મનાય છે, તથાપિ લોહાણા પ્રજા એ સંપ્રદાયમાં તેમજ અન્ય સંપ્રદાયોમાં હમણાજ ભળી હોય એમ જણાય છે. સિન્ધમાં વસ્તીની ગણત્રી વખતે નિયમ પ્રમાણે તમે કયા સંપ્રદાયના છો એવો સવાલ પૂછવામાં આવે છે અને બહુધા બધા લોહાણા અને સારસ્વતો પોતાને દરિયાપંથી લખાવે છે. મુમ્બાઇના કચ્છી લોહાણા ભાઇઓનાં દરિયા

સ્થાનમાં મુમ્બાઇના લોહાણાઓ આવે છે પણ કેટલાક મુલ્તાની (મુમ્બાઇમાં સિન્ધીઓને મુલ્તાની કહે છે.) લોહાણાઓ નિયમિત દરિયાલાલના દર્શન અર્થે આવે છે. દરિયાલાલના ઉપાસકો એક જ્યોતિ પ્રકટેલી રાખે છે અને જ્યોતિની ઉપાસના કરે છે. જ્યોતિ પણ સાકાર અને એક નહિ તો બીજે પ્રકારે મૂર્તિ જં છે. તેમજ મૂર્તિપૂજા ન કરવી કે એ ઉપાસના દોષયુક્ત છે એવો અમારા કહેવાનો ભાવાર્થ નથી. અમારૂં કહેવું એજ છે કે લોહાણા મૂર્તિપૂજક પણ હોય તથાપિ ત્હેમની મૂર્તિપૂજા અને અન્ય હિન્દુ પ્રજાઓની મૂર્તિ પૂજામાં ભેદ છે. જ્યોતિઃ પૂજા બુદ્ધ ધર્મના શિક્ષણથી કે સંસર્ગથી આપણે કરવા લાગ્યા એમ માનવાને કોઇ ઐતિહાસિક પ્રમાણો નથી, તેમજ બુદ્ધ ધર્મના ઉદય પહેલાં પણ ક્ષત્રિઓ વરૂણને પૂજતા હતા. અમારા કહેવાનો ભાવાર્થ એટલોજ છે કે લોહાણાઓમાં મૂર્તિપૂજા ન્યુન અને અન્ય હિન્દુઓ કરતાં જૂદા પ્રકારની છે અને તેમ હોવામાં બીજાં કારણો સાથે બુદ્ધ ધર્મનો લાંબા વખતનો સંસર્ગ એ પણ કદાચ એક હોય !

લોહાણાઓમાં વિધવાવિવાહની છૂટ છે અને તે છૂટ પણ લાંબા વખતથી છે. ચચનામામાં આપણે વાંચીએ છીએ કે અગમસિંહની વિધવા સાથે ચચે લગ્ન કર્યું હતું, તેમજ એ વખતે સારસ્વતોમાં પણ વિધવાવિવાહની છૂટ હોય એમ જણાય છે. ચચે રાજા સાહસીની વિધવા સુહન્દી સાથે પણ પુનર્લગ્ન કર્યું હતું. પુનર્લગ્નનો સવાલ એક વિવાદગ્રસ્ત સવાલ છે અને તે શાસ્ત્રસંમત છે કે કેમ ત્હેને માટે પણ વિદ્વાનોમાં મ્હોટો મતભેદ છે. ક્ષત્રિઓમાં વિધવા વિવાહની સર્વથા છૂટ નહોતી તેમજ સતી થવાનો ચાલ પણ ચાલ તરીકે માન્ય નહોતો; પ્રસંગે વિધવાનું લગ્ન પણ થતું અને પ્રસંગે તે સતી પણ થતી.

દેહલગ્નની વિધવાને પુનર્લગ્ન સમ સુખ નથી,
સ્નેહલગ્નની વિધવાને પુનર્લગ્ન સમ દુઃખ નથી.

આવો કંઇક સ્વાભાવિક માર્ગ ગ્રાહ્ય હોય એમ ઇતિહાસો ઉપરથી જણાય છે. બુદ્ધ ધર્મમાં પણ આવુંજ હતું—સ્મૃતિકારો—મનુ વિગેરેએ શુદ્રોને માટે સર્વથા અને વૈશ્યોને માટે અનેક સંજોગોમાં વિધવાવિવાહ ધર્મ્ય છે એમ સ્વીકાર્યું છે. પારાશરે કળીયુગમાં ચારે વર્ણોને પુનર્લગ્ન ધર્મ્ય છે એમ જણાવ્યું છે. લોહાણાઓએ બુદ્ધ ધર્મના સંસર્ગથી અને વૈશ્યવૃત્તિ ધારણ કરવાથી કોઇ મહાન આપત્તિની સ્હામે ટકી રહેવા કદાચ વિધવાવિવાહ ધર્મયુક્ત માન્યો હોય, કારણકે આપણામાં હમણા પણ જે સંજોગોમાં પુનર્લગ્ન થાય છે તથા પુનર્લગ્ન કરનારી વિધવા સાથે જે વર્તન ચલાવવામાં આવે છે તે જોતાં આવી પદ્ધતિનો સ્વીકાર આપત્તિધર્મ તરીકે થયો હોય એમ સ્પષ્ટ સ્હમજાય છે. લોહાણા જ્ઞાતિ સર્વથા નાતરીઆ જ્ઞાતિ નથી. આપણામાં સતીઓ પણ થઇ છે. કાઠીઆવાડના કેટલાક ભાગમાં અને કચ્છ લખપત પાસે સતીઓના સ્થાનો છે અને લોકો તેની માનતા પણ કરે છે.

વિધવાવિવાહ કરનાર જ્ઞાતિઓએ પણ વૈષ્ણવ ધર્મના સંસર્ગથી કે પોતાની જ્ઞાતિને ઉત્તમ જ્ઞાતિમાં ખપાવવા પુનર્લગ્નનો પ્રતિબંધ કર્યાના જોઇએ તેવા દાખલા મળે છે. (જુઓ જ્ઞાતિબંધારણ.)

વિધવાવિવાહ અને સ્પર્શ્યા સ્પર્શ્યના કેટલાક નિયમો ઉપરથી જ્ઞાતિની પ્રાચીન ઉચ્ચતા વિગેરેનું માપ કરવું મુશ્કેલ છે.

ચચના સમયમાં (ઇ. સ. ૬૩૦) લોહાણાની સત્તા છિન્ન ભિન્ન થઇ ગઇ હતી, તથાપિ ક્ષત્રિયતાનું તેજ થોડા અંશમાં પણ દેખાતું હતું અને થોડા અંશમાં છતાં તેથી શત્રુઓને ભય થતો હતો. આ વખતે ઉત્તર હિન્દુસ્તાનના બીજા ભાગો કરતાં સિન્ધમાં લોહાણા પ્રજા વિશેષ અને સબળ હતી. પ્રથમ ચચને તાબે ન થવાથી

તેમજ સત્યાગ્રહને લીધે ચચને નમી ન દેવાથી, લોહાણા જ્ઞાતિની ક્ષત્રિયતાનો સૂર્ય હમેશને માટે અસ્તાચળમાં ગયો છે. ચચ પોતાના સામર્થ્ય માટે આગ્રહ રાખનાર અને સ્વાર્થને માટે ગમે તેવું સાહસ કરી શકે તેવો પુરૂષ હતો. તેણે લોહાણાને હરાવ્યા અને ત્હેમને પજવવા જેટલા સાધ્ય પ્રયત્નો જણાયા તે સર્વનો તેણે ઉપયોગ કર્યો. તેણે ત્હેમને જાટની પાયરીએ પહોંચાડી દીધા અને જે નિયમો જાટોને લાગુ પડે તેજ લોહાણાને લાગુ પાડયા, તે એટલે સુધી કે કાસીમે ઈ. સ. ૭૧૨-૧૩ માં જ્યારે સિન્ધનો કબજો લીધો ત્યારે લોહાણા અને જાટમાં તેને જરા પણ ફેર જણાયો નહિ. (જુઓ ચચનામા પૃષ્ટ ૧૭૦). આવા અસહ્ય ત્રાસથી કેટલાક લોહાણાઓ સિન્ધ ત્યજી જઈ હિન્દુસ્તાનના જૂદા જૂદા દેશોમાં વસવા લાગ્યા. આ ત્રાસથી સ્વદેશનો ત્યાગ કરનારાની સંતતિમાં આપણે પૃથ્વિરાજના સૈન્યમાં મહાવીર અજાનબાહુને જોઇએ છીએ. ભોળા ભીમના સૈન્યમાં કતારીઆ વિગેરે વીર લોહાણાના નામ વાંચીએ છીએ. પૃથ્વિરાજ રાસા ઉપરથી જણાય છે કે અજાનબાહુ એક મહાવીર હતો અને તે સોરઠમાંથી આવ્યો હતો-સોરઠ કે સૌરાષ્ટ્રમાં ગુજરાતના કેટલાક ભાગ અને કાઠીઆવાડનો સમાવેશ થતો હતો. એટલે પૃથ્વિરાજના સમયમાં પણ લોહાણા કાઠીઆવાડ વિગેરેમાં રહેતા હતા, ત્હેમની વસ્તીનું પ્રમાણ વિગેરે આપણે કંઇ જાણતા નથી. મહારાજ પૃથ્વિરાજે અજાનબાહુને સૌરાષ્ટ્રની આસપાસનો કેટલોક પ્રદેશ ઇનામમાં આપ્યો હતો પણ પાછળથી રજપુત ઇતિહાસમાં આપણે એ લડાયક જાતિના સંબંધમાં કશું વાંચતા નથી. આપણે એવા અનુમાન ઉપર આવી શકીએ છીએ કે એ છૂટી પડી જૂદા જૂદા દેશોમાં જઈ વસેલી આપણી જ્ઞાતિની ટુકડીઓ સમય જતાં પોતાના લડાયક સ્વભાવને લઇ જૂદી જૂદી રજપુત શાખાઓમાં

ભળી ગઈ હશે. તેમણે પોતાનું નામ કેમ ત્યજ્યું એ એક ગંભીર પ્રશ્ન છે, તથાપિ વસ્તી પ્રમાણ ઓછું હોય તો સંસર્ગને ખાતર-લગ્નાદિ સુલભ કરવાને ખાતર ન્હાની જાતિઓને મ્હોટીમાં ભળી જવા વિના બીજો માર્ગ રહેતો નથી.

જાટોની સ્થિતિમાં મૂકાયલા અન્ય વર્ગને માટે પોતાની ઉન્નતિનો માર્ગ વ્યાપાર શિવાય નહોતો. કેપ્ટન કનીંગહામના શબ્દોમાં કહીએ તો Men of active minds will always find employment for themselves અર્થાત ચંચળ બુદ્ધિના મનુષ્યો ગમે તે સ્થિતિમાં પણ પોતાને માટે ઉદ્યોગ શોધી કાઢે છે. રાજકિય પતિત સ્થિતિને પામેલા ક્ષત્રિઓએ વૈશ્ય વૃત્તિનો સ્વીકાર કેવા સંજોગોમાં કર્યો હશે ત્હેનો વિચાર આપણે સંપૂર્ણપણે કરી શકીએ તેમ નથી. પોતાના સ્વભાવનો ત્યાગ એકાએક થઇ શકતો નથી. જેણે ઉચ્ચ સ્થિતિમાં દુઃખના વાદળો વરસતાં જોયાં હશે ત્હેનેજ તે વખતની સ્થિતિનો કંઇક વિચાર આવી શકે તેમ છે. છતાં વ્યાપારીઓ તરીકે પણ તેઓ નિર્વીય નહોતા, પ્રસંગ આવતાં તેમણે રાજ્યોમાં પ્રવેશ કર્યો હતો અને સિન્ધના સમા અને કલ્હોડાના વખતમાં રાજ્યના મ્હોટા હોદ્દા લોહાણાના હાથમા હતા. કચ્છમાં ઇ. સ. ના સોળ, સત્તર અને અઢારમાં સૈકાના સમયમાં પ્રસિદ્ધ પુંજો શેઠ લોહાણો જ્યારે સિન્ધમાં ગયો ત્યારે સિન્ધ રાજ્યનો દિવાન ગીડુમલ લોહાણો હતો.

હમણા પણ આમિલોનો મ્હોટો ભાગ રાજ્યની નોકરીમાં છે. સિન્ધના રાજ્ય કારભારીઓનો દેશી વર્ગ બહુધા એમનોજ છે. સિન્ધના લોહાણાઓમાં આમિલ વર્ગનો ઉદ્યોગ બહુધા નોકરી છે અને શેક્સપીઅરના શબ્દોમાં જેનું શરીર નિર્બળ અને પરાધીનતામાં

રહેવા સ્જાયલું હોય ત્હેનું મન ચંચળ અને ખટપટી થાય છે. તેમ આ વર્ગને માટે પણ કેટલેક અંશે છે અને તેથીજ બર્ટન સાહેબે પોતાના Sind and the people that inhabit the valley of the Indus નામના ગ્રન્થમાં આ લોકો ઉપર સખત ટીકા કર્યા છે, પણ થોડા વરસમાં રાજ્યના સેવકો તરીકે આમિલોએ ઉચ્ચ રાજ્યનિષ્ઠા અને પ્રમાણિકતા દર્શાવી બર્ટન સાહેબનો અભિપ્રાય ખોટો પાડયો છે. કરાંચી, હૈદ્રાબાદ, સિન્ધ અને શિકારપુરના વકીલો, ગ્રેજ્યુએટોનો નેવું ટકા ભાગ એ આપણા જ્ઞાતિ બન્ધુઓનો છે, તેમજ સ્ત્રી શિક્ષણ તરફ પણ સારૂં લક્ષ અપાય છે. હૈદ્રાબાદની હિરાનન્દ એકેડેમીના સંસ્થાપક સાધુ હિરાનન્દ, સિન્ધમાં બ્રહ્મોસમાજની સ્થાપના કરનાર નવલરામ, કરાંચીની કોલેજના સ્થાપક શ્રીયુત દયારામ જેઠમલ, મુંબઇ ઇલાકામાં સુપ્રસિધ્ધ શ્રીયુત દયારામ ગીડુમલ, લાહોર કોલેજના પ્રોફેસર અને સુપ્રસિધ્ધ વક્તા સાધુ થાઉંમલ વાસ્વાની, એ સર્વ એ આમિલ વર્ગના નરરત્નો છે અને આપણા અત્રસ્થ ત્રણ વર્ગમાં કેળવણી નથી એમ માની નિરાશ થનારાઓ આ વિદૂર રહેલા આપણા જ્ઞાતિ બન્ધુઓને પણ પોતાના સ્હમજે તો બેશક ત્હેમને તે સંતોષપ્રદ જણાય તેમ છે.

ઇ. સ.ના તેરમા, ચૌદમા સૈકામાં લોહાણા સિન્ધમાંથી કચ્છમાં આવ્યા હતા. આમ આવવાનું કારણ રાજકિય દુઃખજ હશે એમ જણાય છે. સિન્ધમાં મુસલમાનો આઠમા સૈકાના પ્રારંભમાં આવ્યા હતા અને તે પછીનો કે કોઇક વખત હિન્દુ પ્રકાશ સિન્ધના રાજ્યકિય વાતાવરણમાં જણાયો હતો. પણ ઇસ્લામનું બળ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતુ જતુ હતું અને હિન્દુઓની અવનતિના પ્રયત્નો પણ નવા નવા થતા હતા. આ અરસામાં સિન્ધમાં એક ધાર્મિક વિપ્લવ થવા પામ્યું હતુ જેને પરિણામે લોહાણાની શ્રદ્ધા કાયમ

અને અડગ થઈ હતી. ત્હેમના પૂજ્ય સાગર દેવનો લાલ ઉડેરા રૂપે અવતાર થયો હતો, જેમણે લોહાણાની જતી લાજ રાખી ત્હેમને મુસલમાન થતા અટકાવ્યા હતા. અદ્યાપિ પર્યન્ત એ મહાપુરૂષની જ્યોતિ રૂપે લોહાણાની વસ્તીવાળા દરેક શહેર કે નાના ગામડામાં પૂજા થાય છે.

લોહાણાની લજ્જા–ત્હેમની શ્રી–ત્હેમના વીર્યનું કંઈક અંશે રક્ષણ થવા પામ્યું હતું પણ વારંવારના હુમલાથી ત્હેના નિર્બળ અંગો વધારે નિર્બળ થયા અને પરિણામે કેટલાક વર્ગને સિન્ધનો ત્યાગ કરવાની જરૂર પડી હતી.

કચ્છમાં લોહાણા પ્રજાનો ઇતિહાસ અનેક પ્રકાશમાન સત્વોથી ભરપુર છે, તથાપિ પ્રકાશતાં પ્રકાશતાં પણ અમારે કહેવું જોઇએ કે તે પ્રકાશ એક હોલાતા દીપકનો હોય તેવોજ જણાયો છે. જરામાં પ્રકાશતાં–જરામાં નીચે જતાં–એ પ્રકાશે અન્તે અંધકારનો આશ્રય લીધો છે. લોહાણાઓએ દિવાનપદ ભોગવ્યા છે, પણ વાણીઆ બુદ્ધિનો ઉપયોગ ન કરી શકવાથી પોતાના આગ્રહ અને કોઈક પ્રસંગે અંધ દુરાગ્રહથી તેમણે પોતાની સત્તાનો દુરૂપયોગ કર્યો છે, અને જોકે આપણે ભૂતકાળના ઇતિહાસની આંટી ગુટી ઉકેલી શક્યા નથી તથાપિ વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે મનુષ્યનો તેમજ જાતિનો સ્વભાવ ઘણી ધીમી ગતિથી પરિવર્તન પામે છે અને તેમજ હોય તો આપણું મૂળ વતન ત્યજવામાં થોડે અંશે એ દુરાગ્રહનો ભાગ હશે.

પ્રિય પાઠક ! જેજે સાધનો ઉપલબ્ધ છે તેથી અમે એક ઝાંખી રૂપરેખા દોરી શક્યા છીએ અને વિવેકયુક્ત દષ્ટિથી જોનાર દૂર દષ્ટિ ફેંકનારને ઘણેજ દૂર જરૂર પ્રકાશનું ભાન થશે. આ

પ્રકાશ બહુજ દૂર દેખાય છે; જેમ જેમ દૃષ્ટિ સમીપ આવે છે તેમ તેમ કંઇક અંધકારના સત્વો કંઇક અજ્ઞાનના સત્વો છેક સમીપ આવતાં સંશય અને પરધર્મના હુમલાઓથી એ પ્રકાશ આવૃત થતો ગયો છે.

અમારા આ પ્રયત્નથી એ પ્રકાશની ઝાંખી રેખા દેખાઈ યત્કિંચિત્ પણ કર્ત્તવ્યભાવના જાગૃત થતી હોય તો અમારો પ્રયત્ન અમે સફળ માનીશું.

સમાપ્ત.

પરિશિષ્ઠ ઞ.

શ્રી નારાયણથી ભગવાન રામચંદ્ર પર્યન્ત પુરાણોક્ત વંશાવલી. *

શ્રી નારાયણ
બ્રહ્માજી
મરીચી
કશ્યપ
વિવસ્વત
વિવસ્વત મનુ
૧ ઇક્ષ્વાકુ
૨ વિકુક્ષી—શશાદ
૩ પુરંજય
૪ અતપૃથુ
૫ વિશ્વગંદિ
૬ આદ્ર
૭ યવન
૮ શ્રાવસ્ત
૯ બૃહદસ્વ
૧૦ ધુધુમાર
૧૧ દઢાશ્વ
૧૨ હર્યશ્વ
૧૩ નિકુંભ
૧૪ બહર્ણાશ્વ (બહુલાશ્વ)
૧૫ સેનજીત
૧૬ યુવનાશ્વ
૧૭ માન્ધાતા
૧૮ પુરૂકુત્સ
૧૯ અરણુ
૨૦ ત્રિધન્વા
૨૧ અત્રારૂણ
૨૨ સત્યવૃત
૨૩ ત્રિશંકુ
૨૪ હરિશ્ચન્દ્ર
૨૫ રોહિત
૨૬ હરિત
૨૭ ચમ્પ
૨૮ વિજય
૨૯ ભરૂક
૩૦ વૃક
૩૧ બાહુક
૩૨ સાગર
૩૩ કેશી
૩૪ અસમંજસ
૩૫ અંશુમાન
૩૬ દિલીપ
૩૭ ભગીરથ
૩૮ શ્રૂતસેન
૩૯ નાભાગ
૪૦ અંબરિષ
૪૧ સિન્ધુદીપ
૪૨ અયુતાપુ
૪૩ ૠતુપર્ણ
૪૪ નલ
૪૫ સીર ચાહ—સર્વકામ
૪૬ સુદાર
૪૭ અસ્મક
૪૮ મૂલક
૪૯ સત્યવ્રત
૫૦ ચેદવીડ
૫૧ વિશ્વસહ
૫૨ ખટવાડ્ંગ
૫૩ દીર્ઘ બાહુ
૫૪ દિલીપ
૫૫ રઘુ
૫૬ અજ
૫૭ દશરથ
૫૮ શ્રીરામ

* ટોડ રાજસ્થાનના હિંદી ભાષાંતરમાંથી.

પરિશિષ્ઠ આ.

મહારાજ લવથી સુમિત્ર અને કનકસેન પર્યન્તની વંશાવલી. *

૧ અતીત
૨ નિસીદ
૩ નલ કે નાભ
૪ પુંડ્રિક
૫ મેઘધન્વા
૬ બલ
૭ સુલ
૮ વજ્રનાભ
૯ સોજીબ્સ
૧૦ વિશીત્સવ
૧૧ વિદ્રીત
૧૨ હિરૂઆબ
૧૩ પુષ્પક
૧૪ સુદર્શન
૧૫ ઉગ્રવર્ણ
૧૬ સીગ્ર
૧૭ મરૂ
૧૮ પ્રીસીસુત
૧૯ સેતસુન્દ
૨૦ અમરસુદ
૨૧ અવસ્વન
૨૨ વિશ્વાસવ
૨૩ પ્રિસનજીત
૨૪ તથયક
૨૫ વ્રેહીદબલ
૨૬ વ્રેહીતવીર
૨૭ ઉરૂક્રિમ
૨૮ વૃચાવૃદ્ધ
૨૯ પ્રિથીત
૩૦ ભાનુ
૩૧ સીદિવ
૩૨ વ્રેહીદિશ્વ
૩૩ વાહુમન
૩૪ પ્રિતિકુશ્વ
૩૫ સુપ્રિતિક
૩૬ મુરોદેવ
૩૭ સોવીક્ષેમ
૩૮ પુષ્કર
૩૯ રેખ
૪૦ સુથ
૪૧ ઉમીત્રજીત
૪૨ વ્રેહીતરાજ
૪૩ વરીકેતુ
૪૪ ક્રીતાંજય
૪૫ રણવિજય
૪૬ સંજય
૪૭ સક્ય
૪૮ સુદીપ
૪૯ સાંગળ
૫૦ અસ્મન્જીત
૫૧ રોનુક
૫૨ સુરીત
૫૩ સુમિત્ર
૫૪ થી ૫૮નાં નામ નથી.
૫૯ મહારત
૬૦ અંતરીત
૬૧ અકીલેશ્વ
૬૨ કનકસેન.

---

* હિંદી રાજસ્થાન. (જે વંશાવલી પુરાણકારો કુશમાંથી દર્શાવે છે તે રજપુતોના ભાટો લવમાંથી દર્શાવે છે.)

પરીશીષ્ઠ ૬.

૮૪ ગોત્ર તથા અવટંક (ટુંખ).*

અરૂણુ	આથા
અગ્નિવર્ણુ	આઇઆ
અતિથી	આસરપોત્રા
અંબરિષ	આદોરા
અંશુમાન	અનુડ અઢીઆ
ઇક્ષ્વાકુ	આડ ઠક્કર આસર
ઈંદ્રસેન	અનડ કાઠ
ઉત્કલ	ચંદે ભંભોર
ઋતુપર્ણુ	છતા, છાબડા, છાબડીઆ.
કશ્યપ	કૌતક—કોટક
કુશ	કારીઆ
કકુસ્થ	કાઠ
કેવલ	કોટેચા
કપિલાશ્વ	કેસરીઆ
કૂર્મ	કેકડ
કાશ્ય	કાનાબાર
કુંતી	કતીડા
ખેમવાન	ખખ્ખર, ખીઆ, ખોડા, ખીરસરા, ખાટ
ગય	ગંધા, ગીધા, ગાણેત્રા, ગઢીઆ
મિત્રસેન	ચંદે, ચંદન

* વ્યાસ શીવજી ભાગ્યચંદના સારસ્વતોપાખ્યાનમાંથી.

જયસેન	જોબન પોત્રા
દીર્ઘબાહુ	દૈઆ.
દિલીપ	દાવડા
દક્ષ	દોડીઆ
દતિ	ધણુ
ધ્રષ્ટિ	ધબણુ
ધ્રષ્ટ	ધંધુ
નરિષ્યંત	નેન સોનૈયા, નેંધ
નંદી વર્ધન	નરમ, નાસા.
પુંડરીક	પોપટ
પુરૂકુત્સ	પોઅ
પુષ્ય	પાંધિ
પુષ્કર	પોંદા
પ્રતિક	ચનારાણા, ચુગ
પ્રદિપક	ચંડોરા, ચોરા
પ્રતિકાસ્વ	ચંદે ભમર
પુરંજય	પલણ
પુરંજન	પંડિત
પૃથુ	પંડિત પોત્રા
પૃષધ્ર	પછમ ગાણેત્રા, દક્ષણુ ગાણેત્રા
પ્રાસુ	પાબારી
બ્રહદસ્વ	બાટ, બારૂ, બરછા, બાવડીઆ
ભાનુમાન	ભલા
ભાનુ	ભગદે
ભાગીરથ	ભીંડે

ભદ્રાશ્વ	ભજાજી
માંધાતા	માણેકરામ, મશરૂ
મહાધૃતિ	માણુકરાવ, મંડા
મુચકુંદ	માણુક મૈઠિઆ, મસલા
મરૂદેવ	મામોટીઆ, માખેચા,
મરૂ	મંગીઆ, મુરીઆ
મૂલક	મહીધર, મંડા
યુવનાશ્વ	યાદુવા
રોહિત	રૂપારેલ, રાછ, રાએ ઠઠ્ઠા
રઘુ	રવસિઆ, રતન ધાએરા, રાડ-મંગેઆ.
રથીતર	રા. કુંડલીઆ, રા. ગંગધર, રા. અના
વિમલ	સોનપાર
વસુ	સોનાગેલા
વત્સ	સોનેતા, સોનેજા
વિશ્વસદ	સોનાગન્ન
સગર	સોમૈઆ
સુરથ	સાએતા
સુચી	સોતા, છાબડીઆ
સુકેતુ	શિવ સુધાર
સહદેવ	સોમેશ્વર
સુમી	સચદે
સુદેવ	સોમ પલણુ
સંધી	સેજપાર

સર્વકામ	સજા
સત્યશ્રવા	સોનેઆ
સોનવંત	સોતા
સુમતિ	સોઢા
સુદર્શન	સ્વાર
હર્યશ્વ	ટાટરીઆ, ટોલા
હરિશ્ચન્દ્ર	હિંડોચા
હરિત	હુરમતિઆ
હૈહય	ઠાકરા, ઠકરાળ
હિરણ્યનાભ	ઠકરેચા
હેમચન્દ્ર	તના, થારી, ઠકરાળ
સુધર્મા	ચુચક
હવાક્ષ	ચંદિઆ, ચંદિબાર
ક્ષેમવર્મા	ચના ભટા
ક્ષેમક	ચોલેરા
ક્ષેમધન્વા	કુલ ભંધુવા.

પરિશિષ્ઠ ૬.

લોહાણાઓનું વસ્તી પત્રક.*

(સને ૧૯૧૧ની ગણત્રી પ્રમાણે.)

		પુરૂષો	સ્ત્રીઓ
સિંધ.			
હૈદ્રાબાદ	જીલ્લો	૭૨૮૩૪	૬૩૯૨૭
કરાંચી	,,	૨૭૦૫૬	૨૦૭૦૭
લારકાના	,,	૪૭૧૦૫	૫૭૮૫૮
સકર	,,	૬૪૦૦૫	૫૭૮૫૮
થર પારકર	,,	૧૪૭૪૦	૧૮૦૧૬
ઉત્તર સિન્ધ સરહદ		૧૦૪૮૮	૮૧૨૬
ખૈરપુર સંસ્થાન		૧૬૯૯૬	૧૬૮૧૩
	કુલ	૨૫૩૨૨૪	૨૧૯૨૪૬
મુમ્બાઈ શહેર.		૧૦૧૦૭	૪૨૫૭
મુંબાઇનો ઉત્તર પ્રદેશ.			
અમદાવાદ	,,	૨૩૭૬	૨૩૨૬
ભરૂચ	,,	૩૦૨	૩૨૭
ખેડા	,,	૧૪૦૫	૧૪૪૪
પંચમહાલ	,,	૨૯૨	૨૪૧
સુરત	,,	૪૮૦	૩૩૭
થાણા	,,	૬૨૯	૭૫૩
	કુલ	૫૪૮૪	૫૪૫૧

---

* આ પત્રક અમોને ઘણુંજ ખામીવાળું લાગે છે, છતાં પણ એથી કાંઇક આધાર મળશે એમ સમજી આ પુસ્તકમાં દાખલ કીધું છે.

(લેખક.)

મુમ્બાઇના પુર્વ તથા દક્ષિણ પ્રદેશ.

	પુરૂષો	સ્ત્રીઓ
અહમદનગર	૪	૦
પૂર્વ ખાનદેશ	૮	૨૩
પશ્ચિમ ખાનદેશ	૪	૦
નાસિક	૧૨૧	૭૮
પુના	૨૨	૧૩
સતારા	૦	૩
કામારા	૧	૫
કોલાબા	૯૨	૯૭
રત્નાગીરિ	૩	૧
કોકણ	૧	૦
કુલ	૨૫૬	૨૨૦

દેશી રાજ્યો.

કચ્છ	૧૨૦૮૪	૧૩૩૫૯
કાઠીઆવાડ	૩૨૭૦૦	૩૨૧૨૨
પાલણપુર એજન્સી	૨૦૦૮	૨૦૨૧
મહિકાંઠા ,,	૮૫	૫૩
રેવાકાંઠા ,,	૩૪૭	૩૧૪
ખંભાત	૧૨૪	૧૧૫
કુલ	૪૭૩૪૮	૪૭૯૮૪
ઉપરના સઘળા પ્રદેશોની એંકદર વસ્તી	૩૧૬૪૧૯	૨૭૭૧૫૮
	૫૯૩૫૭૭	
ઇ. સ. ૧૯૦૧ ના વસ્તી પત્રક પ્રમાણે કુલ લોહાણા	૫૬૨૦૦૦	
દશ વર્ષમાં વધારો	૩૧૫૭૭	

લોહાણાઓ વ્યાપાર ધંધા અર્થે અરેબીઆ, અફગાનિસ્તાન, બલુચિસ્તાન તથા આફ્રિકામાં પણ જાય છે, ત્હેમની ગણત્રી આ વસ્તી પત્રકમાં થવી અશક્ય છે.

આ લેખકનાં બીજાં પુસ્તકો.

પાપ અને પશ્ચાત્તાપ—એક રસમય નવલ કથા ગમે તેવા પાષાણ હૃદયને પણ પીગળાવી નાંખે એવા કરૂણારસથી ભરપૂર અનેક ચિત્રો આ કથામાં આળેખવામાં આવ્યાં છે. એક પાપી મનુષ્ય કેવી રીતે મુંઝાય છે, તેનું પાપ, કર્મસત્તા કેવી રીતે પ્રસિદ્ધ કરે છે, પશ્ચાતાપ અને છેવટે પવિત્ર ધર્મનો વિજય, એ આ કથાનો મુખ્ય ઉદ્દેશ છે.

રા. રા. વયોવૃદ્ધ સાક્ષર શ્રી રણછોડભાઇ ઉદયરામ, તે ચોથી સાહિત્ય પરિષદના પ્રમુખ, શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તે સ્મોલ કોઝ કોર્ટના જજ અને 'શ્રી કૃષ્ણ ચરિત્ર' વિગેરે ગ્રંથોના કર્ત્તા, શ્રીયુત હાજીમહમદ અલારખીયા શીવજી તે રશિદા વિગેરેના કર્ત્તા, શ્રીયુત મોરારજીભાઇ આણંદજી તન્ના તે લોહાણા પ્રથમ પરિષદના માન્યવર પ્રમુખ સાહેબ, એ સર્વે સુપ્રસિદ્ધ વિદ્વાનોએ ઉપરોકત પુસ્તકને માટે ઉત્તમોત્તમ અભિપ્રાય આપ્યા છે. બે ભાગ સોનેરી નામવાળું પુઠું રૂા. ૧-૮-૦

વસંત કુમારી—એક પતિવ્રતા હિન્દુ બાળાનું આદર્શ ચરિત્ર. પ્રથમ આવૃતિ સંપૂર્ણ થઈ ગઈ હોવાથી ગ્રાહકો મળતાં બીજી આવૃત્તિ છપાવવામાં આવશે.

કથા વિનોદ—ટુંક ૧૧ કથાઓનો અપૂર્વ સંગ્રહ જેને માટે વર્તમાન પત્રોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે. બીજી આવૃત્તિ ગ્રાહકો થતાં છપાશે. મૂલ્ય ૦-૬-૦

ચારૂ શીલા—એક રસમય સાંસારિક નવલ કથા, થોડીજ નકલો બાકી છે. મૂલ્ય ૦-૮-૦

ઉધ્ધવજી તુલસીદાસ ઠક્કર.
ઠે. ધી. ૨. ચ. કચ્છી લોહાણા ઓર્ફનેજ,
કાંદાવાડી—ગીરગામ, મુંબાઇ.